

# જોડિયા અવતારો



રુહિ સંસ્થા





પુસ્તક ૪

# જોડિયા અવતારો

રૂહિ સંસ્થા

**આ શ્રેણીના પુસ્તકો :**

રૂહિ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલા વર્તમાન શિર્ષકો નીચે મુજબ છે. આ પુસ્તકોનો ઉદ્દેશ યુવાનો અને વયસ્કાને તેમના સમુદાયોની સેવા કરવા માટેની તેમની ક્ષમતાનો વિકાસ કરવાના પધ્ધતિસર પ્રયત્નમાં પાઠયક્રમોની મુખ્ય શ્રેણી તરિકે ઉપયોગ કરવાનો છે. રૂહિ સંસ્થા પાઠયક્રમોના એક એવા સેટનો પણ વિકાસ કરી રહેલ છે જે બહાઈ બાળવર્ગના શિક્ષકોની તાલીમ માટે આ શ્રેણીના ત્રીજા પુસ્તકમાંથી શાખાના રૂપમાં વિકાસ પામે છે, તેની સાથે કિશોર જૂથોના અનુપ્રેરકો તૈયાર કરવા માટે પાંચમાં પુસ્તકમાંથી બીજા એક સેટનો શાખાના રૂપમાં વિકાસ થાય છે. આ બધાનો પણ નીચેની સુચિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક વાતની નોંધ લેવી જોઈએ કે, ક્ષેત્રમાંથી પ્રાપ્ત અનુભવને આધારે સુચિમાં ફેરફાર થઈ શકે છે, અને જેમ જેમ વિકસિત થઈ રહેલા અનેક પાઠયક્રમો એવા તબક્કે પહોંચતા જાય કે જયારે તેને વિશાળ પાયે ઉપલબ્ધ કરાવી શકાય તેમ તેમ, તેમાં નવા શિર્ષકોનો ઉમેરો કરવામાં આવશે.

| | |
|---|---|
| પુસ્તક ૧ | દિવ્ય જીવન : એક ચિંતન |
| પુસ્તક ૨ | સેવા માટે ઉત્થાન |
| પુસ્તક ૩ | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૧ |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૨ (શાખા પાઠયક્રમ) |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૩ (શાખા પાઠયક્રમ) |
| | બાળ વર્ગનું આયોજન, ધોરણ ૪ (શાખા પાઠયક્રમ) |
| પુસ્તક ૪ | જોડિયા અવતારો |
| પુસ્તક ૫ | કિશોરોની શક્તિઓને વિમુક્ત કરવી |
| | પ્રારંભિક જુસ્સો : રૂહિ ૫ નો પહેલો શાખા પાઠયક્રમ |
| | વર્તુળનું વિસ્તરણ કરવું : રૂહિ ૫ નો બીજો શાખા પાઠયક્રમ |
| પુસ્તક ૬ | પ્રભુધર્મનું શિક્ષણ |
| પુસ્તક ૭ | સેવાના માર્ગ પર સાથે મળીને ચાલવું |
| પુસ્તક ૮ | બહાઉલ્લાહની સંવિદા |
| પુસ્તક ૯ | ઐતિહાસિક દ્દષ્ટિકોણ પ્રાપ્ત કરવો |
| પુસ્તક ૧૦ | જીવંત સમુદાયોનું નિર્માણ |
| પુસ્તક ૧૧ | ભૌતિક સાધનો |
| પુસ્તક ૧૨ | પરિવાર અને સમુદાય |
| પુસ્તક ૧૩ | સામાજિક ક્રિયામાં સંલગ્ન થવું |
| પુસ્તક ૧૪ | જાહેર સંવાદમાં સંલગ્ન થવું |

Copyright © 2022 by the Ruhi Foundation, Colombia
All rights reserved. Edition 2.1.1.PE published in March 2022
Printed in India

Originally published in Spanish as *Las Manifestaciones Gemelas*
Copyright © 1987, 1997, 2021 by the Ruhi Foundation, Colombia
ISBN 978-958-53332-2-2

Permission for a limited printing of this book in Gujarati has been granted to Baha'i Training Institute of Gujarat by the Ruhi Institute.

Ruhi Institute
Cali, Colombia
Email: instituto@ruhi.org
Website: www.ruhi.org

Baha'i Training Institute of Gujarat
Baha'i Bhavan, Plot 395, Sector 30,
Gandhinagar, Gujarat - India 382030
Email: tibgujarat@ibnc.in

# અનુક્રમણિકા


ટયુટર માટે થોડા વિચારો .......................... v

આ યુગની મહાનતા ................................ ૧

બાબની જીવનગાથા ...............................૧૫

બહાઉલ્લાહની જીવનગાથા ......................  ૭

## ટ્યુટર માટે થોડા વિચારો

સહભાગીઓ રૂહિ સંસ્થા દ્વારા પ્રસ્તુત આ ચોથા પાઠયક્રમમાં પહોંચે ત્યાં સુંધી, તેમણેં તેની મુખ્ય શ્રેણી દ્વારા ખોલવામાં આવતા સેવાના માર્ગ પર નોંધપાત્ર પ્રગતિ કરી હશે. પુસ્તક ૧ માં પ્રવેશ કરતી વખતે તેમની પૃષ્ઠભૂમિ ગમે તે હોય છતાં, તેઓ હવે બહાઉલ્લાહના લખાણોંમાં વર્ણવેલ વ્યક્તિગત અને સામુહિક પરિવર્તનની પરિકલ્પના પ્રત્યે કટીબધ્ધ હશે. તેના સંદર્ભમાં, તેમણેં દરરોજ તેમના શબ્દો વાંચવાની આદત બનાવવાનું શરૂ કર્યું હશે અને તેઓ ભક્તિસભાઓ અને શાંત ચિંતનની ક્ષણોમાં, બહાઉલ્લાહ દ્વારા પ્રગટ કરેલી પ્રાર્થનાઓ અને ઉપદેશોમાંથી આધ્યાત્મિક પોષણ મેળવવા લાગ્યા હશે. તેઓ મિત્રો અને પરિચિતો સાથે તેમના દ્વારા પ્રતિપાદિત આધ્યાત્મિક સિધ્ધાંતો પરના વાર્તાલાપમાં જોડાવાનું શીખ્યા હશે અને વિશ્વનું નવનિર્માણ કરવાના હેતુથી તેઓ જે ઉપદેશો લાવ્યા છે તેની ચર્ચા કરવા માટે તેમના ગામ કે મહોલ્લામાં ઘરોની મુલાકાત કરી રહ્યા હશે. કેટલાક લોકો બાળકોના આધ્યાત્મિક શિક્ષણ માટે વર્ગો ચલાવશે. આ બિંદુએ સેવાના માર્ગ પર, તેના પછી તેઓ એવી વિભૂતિ, જેમના ઉપદેશોએ તેમને એટલી ગહન રીતે પ્રભાવિત કરેલ છે તેના જીવન વિશે સંપૂણ રીતે સુપરિચિત થવા માટે અને એવી ઐતિહાસિક પરિસ્થિતિઓ જેમાં તેમના પ્રગટીકરણનો જન્મ થયો હતો અને ધીરે ધીરે તેનો વિકાસ થયો હતો, તેની ગહન સમજ મેળવવા માટે તેઓ તૈયાર હશે -વાસ્તવમાં તેઓ આતુર હશે. પુસ્તક ૪ ની રચના કરતા ત્રણ એકમોનો ઉદ્દેશ સહભાગીઓને આ અવસર પૂરો પાડવાનો છે.

નિઃશક, ઈશ્વરના અવતારનું જીવન બીજા મનુષ્યોના જીવનથી મૂળભૂત રીતે અલગ હોય છે, અને માત્ર તેમની આસપાસની ઘટનાઓના અભ્યાસ દ્વારા જ તેમની મહાનતા સમજી શકાતી નથી. તે ધરતી પર જીવે છે તે વર્ષો દરમિયાન, તેમની અસાધારણ શક્તિઓ સમગ્ર ગ્રહ પર ફેલાય છે, જે તમામ સર્જિત વસ્તુઓની વાસ્તવિકતામાં ગહન પરિવર્તન લાવે છે અને માનવતાને વિકાસના નવા ચરણમાં આગળ ધપાવે છે. બાહ્ય દૃષ્ટિએ તેમનું જીવન દુઃખોથી ભરેલું દેખાતું હોવા છતાં, આધ્યાત્મિક આંખ દરેક ઘટનામાં તેમની મહિમા અને વૈભવના દર્શન કરે છે. બાબ અને બહાઉલ્લાહનો જીવનના ઈતિહાસ જેની અનુક્રમે બીજા અને ત્રીજા એકમમાં ચર્ચા કરવામાં આવી છે, તેના અભ્યાસ માટે સહભાગીઓને તૈયાર કરવા, પહેલો એકમ તેમને એવા યુગનું મહત્વ વિશે વિચાર કરવાનું કહે છે જેમાં આપણે જીવીએ છીએ, એવો યુગ જે ઈશ્વરના બે અવતારોના સાક્ષાત્કારના સાક્ષી છે.

આ એકમ પ્રમાણમાં ટૂંકો છે. તેમાં થોડા સરળ સ્વાધ્યાયની સાથે, બહાઈ લખાણોમાંથી કેટલાક અવતરણોનો સમાવેશ થાય છે જે આ યુગની મહાનતાની વાત કરે છે. તે સાથે મળીને, સહભાગીઓને ઈતિહાસમાં માત્ર આ ક્ષણની પ્રકૃતિ પર જ નહિ જયારે એટલા લાંબા સમય પછી અંતે માનવજાતની એકતા શક્ય છે, પરંતુ એવી જવાબદારીઓ જેને લગતું આ જ્ઞાન આપણા પૈકી દરેકની જવાબદારી પર ભાર આપે છે તેના પર ચિંતન કરવામાં પણ સક્ષમ બનાવશે. જેઓ પુસ્તક ૪ ના ટયુટર તરીકે સેવા આપે છે તેમણેં જાણવું જોઈએ કે, આ એકમ ધારી લે છે કે સહભાગીઓ પહેલાંથી જ પ્રભુધર્મના કેટલાક મૂળભૂત ખ્યાલોની સમજ ધરાવે છે, જે તેમણેં શરૂઆતના પાઠયક્રમોના તેમના અભ્યાસ અને તેમના સમુદાયના જીવનમાં તેમની સહભાગીતા -બંન્ને દ્વારા પ્રાપ્ત કરી છે. કે ભૂતકાળના તમામ ધાર્મિક પુસ્તકોએ ઈશ્વરના પ્રતિક્ષિત યુગનો ઉલ્લેખ કર્યો છે જયારે ધરતી પર શાંતિ અને ન્યાયની સ્થાપના થશે, કે બહાઉલ્લાહે વિશ્વ શાંતિનો ધ્વજ ફરકાવ્યો છે અને તેના માટે આવશ્યક એકત્વના જ્ઞાન માટે માનવજાતને આહ્‌વાન કર્યું છે, કે તેમણે તેમના અનુયાયીઓના સમુદાયની દૃષ્ટિ એક નવી વિશ્વ વ્યવસ્થાના ધ્યેય પર કેન્દ્રિત કરી છે -આ એવા કેટલાક આધારભૂત ખ્યાલો છે જેની આ એકમ, ‘‘આ યુગની મહાનતા’’માં ચર્ચા કરવામાં આવી છે.

પછીના બે એકમો, ૧૮૪૪ ની તે ભાગ્યશાળી રાત્રી જયારે બાબે તેમના જીવનધ્યેયની ઘોષણા કરી હતી ત્યારથી, લગભગ પચાસ વર્ષ પછી જયારે વહેલી સવારે બહાઉલ્લાહના આત્માએ અસ્તિત્વના આ દુન્યવી જગતમાંથી સ્વર્ગારોહણ કર્યું ત્યાં સુંધીની પ્રભુધર્મની કાળાનુક્રમ ઘટનાઓનું વર્ણન કરે છે.

આ કાળાનુક્રમ વર્ણન, ખાસ કરીને બહાઉલ્લાહના જીવનને લગતા ત્રીજા એકમમાં, લખાણોમાંથી એવા અવતરણો દ્વારા પૂરક છે જે અવતારી પુરૂષ સાથે સંકળાયેલી કેટલીક આધ્યાત્મિક હકીકતોને પ્રકાશિત કરે છે. તેમાંથી કેટલાક અવતરણો પછી સ્વાધ્યાય આપવામાં આવ્યા છે; જયારે બીજા અવતરણો તેનું વારંવાર વાંચન કરવા અને વ્યક્તિગત ચિંતન કરવા માટે આહ્વાન કરે છે. જયારે સહભાગીઓ આ એકમોનો અભ્યાસ કરશે ત્યારે એક ટયુટર સુનિશ્ચિત કરવા માંગશે કે સહભાગીઓ બાબ અને બહાઉલ્લાહના જીવન વિશે ગહન અને વ્યવસ્થિત જ્ઞાન મેળવે, તે ગહન આધ્યાત્મિક હકીકતો છે જેનું તેમાં વર્ણવેલા પ્રસંગોમાંથી પ્રાપ્ત કરી શકાય છે જે મૂળભૂત રીતે મહત્વનું છે.

તેથી, જૂથને બીજા અને ત્રીજા એકમો દ્વારા આગળ લઈ જવા માટે તૈયાર કરતી વખતે, ટયુટરે તેમાં સંબોધિત આધ્યાત્મિક વિષયો પર કાળજીપૂર્વક વિચાર કરવો જોઈએ. ઉદાહરણ તરીકે તેમાં નીચે આપેલા કેટલાક વિષયોનો સમાવેશ થાય છે, કે દરેક દિવ્ય અવતારને તેની પોતાની ઈચ્છાથી નહિ, પરંતુ ઈશ્વરની ઈચ્છાથી પ્રગટ કરવામાં આવે છે, અને તે જન્મજાત જ્ઞાનથી સંપન્ન હોય છે; કે જેઓ તેમના સ્થાનને પહેલાં ઓળખે છે તેમને મહાન વીરતાપૂર્ણ કાર્યો કરવા માટે આહ્વાન કરવામાં આવે છે, એવા કાર્યો જે તેમના ધર્મની પરિવર્તનશીલ શક્તિની સાક્ષી આપે છે; કે તે માનવતાને સત્ય તરફ માર્ગદર્શન આપવા તથા તેની સૃષ્ટિને ઈશ્વરની ઈચ્છા અને ઉદ્દેશથી પરિચિત કરવાના હેતુથી યાતનામય જીવન સહન કરવાનું સ્વીકારે છે; અને ધરતી પરની કોઈ પણ શક્તિ, ભલે તે ગમે તેટલી શક્તિશાળી હોય છતાં, તેમના પ્રભાવને ઘટાડવામાં કે તેમને જે મિશન સોંપવામાં આવ્યું છે તેને હાંસલ કરવાથી રોકવામાં સફળ થઈ શકશે નહિ. તેના સંદર્ભમાં, ત્રીજા એકમમાં એક મહત્વના ખ્યાલની ચર્ચા કરવામાં આવી છે, તે છે કટોકટી અને વિજયનો ખ્યાલ. આ ખ્યાલની એવી સમજ -કે ઈશ્વરના ધર્મમાં, દરેક કટોકટી તેમાં વિદ્યમાન શક્તિને મુક્ત કરવાનું એક નવું પ્રગલું (પ્રમાણ) તરીકે કાર્ય કરે છે -જે સેવાના માર્ગ પર ચાલતા તમામ લોકો માટે આવશ્યક છે, જેથી તેઓ પ્રભુધર્મની પ્રશંસા કરી શકે એટલું જ નહિ પરંતુ તેઓ તેમના મહોલ્લા અને ગામોમાં તેના સતત વિકાસમાં યોગદાન આપી શકે, જે એક એવી પ્રક્રિયા છે જે હંમેશા કટોકટી અને વિજયની શ્રેણીમાંથી પસાર થાય છે.

આવા વિષયો પરનું ચિંતન સહભાગીઓને બાબ અને બહાઉલ્લાહના જીવન સાથે સંકળાયેલી ઘટનાઓમાંથી માનવતા પ્રત્યેના તેમના પ્રેમની સુગંદ માણી શકે અને તેમના ક્રમિક મિશનના વૈભવશાળી સ્વરૂપની સમજ મેળવી શકે. તે તેમના હૃદયોને ઈશ્વરના અવતારની નજીક લાવવાનું કામ કરશે અને તેમના ધર્મની સેવાના માર્ગ પર તેમના પગલાંને મજબૂત કરશે. તે બહાઉલ્લાહનું વ્યક્તિત્વ અને તેમના પ્રગટીકરણ વિશે બીજા લોકો સાથે વાર્તાલાપ કરવાની તેમની ક્ષમતામાં વધારો કરશે, એક એવી ક્ષમતા જેનો તેમણેં પુસ્તક ૨ માં, તેમના જીવનનો અભ્યાસ કર્યો છે ત્યારથી વિકાસ કરી રહ્યા છે. કારણકે, તેમના જીવનનો ઈતિહાસ અને તેમના અગ્રદૂતના જીવનના ઈતિહાસનું એવી રીતે વર્ણન કરવાની ક્ષમતા કે જે શ્રોતાઓના હૃદયોને સ્પર્શી જાય, તે સૌથી ઉપર, વર્ણન કરવામાં આવતા પ્રસંગોના આધ્યાત્મિક મહત્વની સમજ પર નિર્ભર છે. નિ:શક, મોટા પ્રમાણમાં પ્રેકિટસની પણ જરૂર પડે છે, અને ટયુટરે ખાતરી કરવી જોઈએ કે સહભાગીઓને જોડિયા અવતારોના પ્રસંગોની એકબીજા સમક્ષ વર્ણન કરવાની પૂરતી તક આપવામાં આવે છે. કેટલાક સહભાગીઓ માટે, તેમના ઘરની મુલાકાતોની શ્રેણીના ભાગરૂપે મિત્રો અને પડોશીઓ સાથે થતા વાર્તાલાપમાં તેઓ જે શીખી રહ્યા છે તેનો પરિચય આપવાનું શક્ય બની શકે છે. આ અને બીજા પ્રસંગોએ તેમને મદદ કરવા માટે, થોડી માહિતી સાથેના ચિત્રોની એક પુસ્તિકાનો ઈતિહાસના આ બે એકમોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જરૂર મુજબ પુસ્તિકાઓની નકલ કરી શકાય છે, અથવા રૂહિ સંસ્થાની જાહેર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

અહિં એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે જોડિયા અવતારોના જીવનની ઘટનાઓ ઘટીત થઈ હતી તે મુજબ ગ્રેગોરિયન કેલેન્ડરની તારીખો અનુસાર તેનો આ એકમોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આજે બદી કેલેન્ડરની જોગવાઈઓ અનુસાર, બહાઈ તારીખ મુજબ સૌથી મહત્વની ઘટનાઓની વર્ષગાંઠોની ઉજવણી કરવામાં આવે છે, અને તેથી દર વર્ષે તેને સમકક્ષ ગ્રેગોરિયન તારીખો બદલાઈ શકે

છે. ટયુટરે આ બાબતે જૂથના સભ્યો સાથે ચર્ચા કરવાની જરૂર નથી; તેઓ જેમ જેમ તેમના સમુદાયમાં પવિત્ર દિવસોની ઉજવણીમાં ભાગ લેશે તેમ તેમ ધીરે ધીરે તેમના માટે સ્પષ્ટ થશે. ખરેખર, આ અને બીજી સામુહિક પ્રવૃતિઓ દરમિયાન, અવતારોના જીવનના પ્રસંગો અને પ્રભુધર્મના શરૂઆતના દિવસોનું વર્ણન કરવામાં આવે છે, અને તે સહભાગીઓને એવી ઐતિહાસિક પરિસ્થિતિઓમાં વધુ અંત:દૃષ્ટિ પૂરી પાડશે જેણેં, તેઓ તેમના ગામ કે મહોલ્લામાં જે પ્રક્રિયાઓને આગળ વધારી રહ્યા છે તેને પ્રારંભિક પ્રેરણા આપી છે.



# આ યુગની મહાનતા

## ઉદ્દેશ

આ યુગનું મહત્વ અને માનવજાતિ માટે આ યુગમાં આપવામાં આવેલા વચનો વિશે અંત:દ્રષ્ટિ પ્રાપ્ત કરવી.

## વિભાગ ૧

આપણને માનવ ઈતિહાસના એવા વિશેષ સમયગાળો -એક એવા યુગમાં જીવન જીવવાનો આશીર્વાદ મળ્યો છે જેનું ઈશ્વરના બે અવતારો, બહાઉલ્લાહ અને તેમના અગ્રદૂત બાબ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, જેઓ સમસ્ત સર્જિત ચીજોનું નવસર્જન કરવા આવ્યા છે. આપણે આપણી આંખે જોઈ શકીએ છીએ કે કેવી રીતે તેમના દ્વારા મુક્ત કરેલી શક્તિઓ સમાજમાં પરિવર્તન લાવી રહી છે, કેવી રીતે એક જૂના વિશ્વનો અંત આવી રહ્યો છે અને તેની જગ્યાએ નવા વિશ્વની સ્થાપના થઈ રહી છે. નિ:શક, આ સાચું છે કે જૂની વ્યવસ્થાનો અંત સાથે અકથનીય યાતનાઓ જોડાયેલી છે. એટલા મોટા પ્રમાણમાં વિનાશ અને યાતનાઓથી આપણે પ્રભાવિત અને દુ:ખી થયા વગર રહી શકતા નથી. પરંતું, આપણે શોકમાં ડુબેલા નથી, કારણકે આપણે જાણીએ છીએ કે આ વિશ્વ બહાઉલ્લાહ દ્વારા પરિકલ્પિત ભવ્ય સંસ્કૃતિ તરફ ઝડપથી સતત આગળ વધી રહ્યું છે.

આ ઈશ્વરનો યુગ છે. ઈશ્વરના યુગમાં જીવન જીવવું એ અમાપ કૃપા છે; પરંતુ તે ભારે જવાબદારીઓ પણ સૂચવે છે. આ કૃપાની વિશાળતા વિશે સમજવા અને આપણાં કર્તવ્યોનું અસરકાસક રીતે પાલન કરવા, આપણે આ યુગનું મહત્વ અને તેની મહાનતા વિશે વારંવાર ચિંતન કરવું જોઈએ અને માનવજાત માટેના ઈશ્વરના ઉદ્દેશથી ઉત્તરોત્તર વધારે પ્રમાણમાં જાગૃત થવું જોઈએ. આ એકમ જે પ્રમાણમાં ટૂંકો છે, તેનો ઉદ્દેશ તમને બહાઈ લખાણોમાંથી થોડા અવતરણોથી પરિચિત કરવાનો છે જે, આપણે જે યુગમાં જીવીએ છીએ તેનું મહત્વ દર્શાવે છે. આ ફકરાઓનો અભ્યાસ કરતાં પહેલાં અને તેના અર્થ ઉપર ચિંતન કરતાં પહેલાં, તમારા જૂથના બીજા સભ્યો સાથે એવી કેટલીક સિધ્ધિઓ શોધી કાઢવું તમારા માટે ઉપયોગી પૂરવાર થશે જે આજે માનવજાત માટે ઈશ્વર દ્વારા ઉદ્દેશિત છે. આપણે જાણીએ છીએ કે, વિશ્વના બધા લોકોની એક વિશ્વ પરિવારમાં એકતા એ એવા ઉદ્દેશો પૈકી એક છે જેને આ યુગમાં હાંસલ કરવાનો છે. બીજા કેટલાક ઉદ્દેશો કયા છે ?

__________________________________________________________

__________________________________________________________

__________________________________________________________

__________________________________________________________

__________________________________________________________

__________________________________________________________

## વિભાગ ૨

બહાઉલ્લાહ કહે છે:

**"ખરેખર હું કહું છું, આ એવો યુગ છે જેમાં માનવજાત પ્રતિજ્ઞાપિત અવતારના મુખારવિંદનું દર્શન કરી શકે છે, અને તેની વાણી સાંભળી શકે છે. ઈશ્વરે આહ્વાન કર્યું છે, અને તેના મુખારવિંદનું તેજ માનવજાતને પ્રકાશિત કરી રહ્યું છે. દરેક મનુષ્ય માટે શોભનીય છે કે તે પોતાના હૃદય-પટલ પરથી દરેક નિરર્થક શબ્દનું નામોનિશાન મીટાવી દે, તથા ખુલ્લા અને પૂર્વગ્રહરહિત મનથી, તેના પ્રગટીકરણના ચિન્હો, તેના (જીવન) ધ્યેયના પ્રમાણો, અને તેની મહિમાના પ્રતિકો ઉપર તેમનું ધ્યાન કેન્દ્રિત કરે."**[૧]

૧. નીચેના વાક્યો પૂરા કરો:

ક. આ યુગમાં આપણે પ્રતિજ્ઞાપિત અવતારના______________ નું દર્શન કરી શકીએ છીએ, અને તેની ____________ સાંભળી શકીએ છીએ.

ખ. ___________ આહવાન કર્યું છે, અને તેના ___________ નું ___________ માનવજાતને પ્રકાશિત કરી રહ્યું છે.

ક. આપણું કર્તવ્ય છે કે આપણેં આપણા __________________ પરથી દરેક __________________ નું નામોનિશાન મીટાવી દઈએ, તથા ___________અને ___________મનથી, ઈશ્વરના પ્રગટીકરણના ___________, તેના (જીવન) ધ્યેયના ___________અને તેની મહિમાના___________ ઉપર આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ.

૨. નીચેના પૈકી એવા વિચારો છે જે લોકોને બહાઉલ્લાહના પ્રગટીકરણનો સ્વીકાર કરવાથી દૂર રાખે છે ?

— "મારા માતા-પિતાનો ધર્મ મારા માટે સારો છે."
— "માનવજાતને એક આધ્યાત્મિક વસંતઋતુની જરૂર છે."
— "ધર્મની જેને જરૂર હોય તેના માટે તે સારો છે."
— "ધર્મ તો કેવળ સંઘર્ષનું કારણ છે, તેથી આપણે તેનાથી દૂર રહેવું જોઈએ."
— "હું સમજુ છું ત્યાંસુંધી, બધા ધર્મો વત્તા-ઓછા પ્રમાણમાં એક સરખા જ છે, તેથી તમે કયો ધર્મ અપનાવો છો તેનાથી કોઈ ફેર પડતો નથી."
— "પરમેશ્વરે માનવજાતનો ત્યાગ કરી દીધો છે."
— "ધર્મ સહિત, બધી ચીજોને નવી બનાવવાની જરૂર છે."
— "વિજ્ઞાન સાબિત કરે છે કે ઈશ્વર નથી. જો આપણે તર્કશક્તિનો ઉપયોગ કરીશું તો આપણી બધી સમસ્યાઓનો ઉકેલ મળી જશે."
— "હું મારી જાતને કોઈ ધર્મને હવાલે કરવા ઈચ્છતો નથી."
— "દરેક વ્યક્તિને પોતાની રીતે પરમેશ્વરને ઓળખવાની છૂટ આપવી જોઈએ. આપણને અવતારની શું જરૂર છે ?"
— "આપણી પાસે આપણા ધર્મના પવિત્ર ગ્રંથો છે. એક નવા અવતારની કોઈ જરૂર નથી."

૩. નીચેના પૈકી કઈ બાબતો બહાઉલ્લાહની મહિમાના ચિન્હો છે ?

— તેમની વાણીની છટ્ા
— તેમના શબ્દોની વેધક શક્તિ
— એવા લોકોના હૃદયમાં થતું પરિવર્તન જે તેમના લખાણોંના સંપર્કમાં આવે છે
— લોકોના વિચારો અને કાર્યો પર તેમના શિક્ષણોનો પડતો પ્રભાવ
— ઈતિહાસની દિશા પર તેના ઉપદેશોનો પડતો પ્રભાવ
— માનવજાતના ભવિષ્ય માટેની તેમની પરિકલ્પનાની ઉત્કૃષ્ટતા
— માનવજાતને ખાતર તેમણેં સહન કરેલી વેદના અને યાતના
— દુન્યવી તાકાતોના અત્યાચારનો શિકાર બનવા છતાં તેમની સર્વોપરિતા
— દરેક ધર્મ અને પૃષ્ઠભૂમિના લોકોને એક કરવાની તેમના ઉપદેશોની શક્તિ

— તેમના અનુયાયીઓના સમુદાયનો સતત વિકાસ

— દરેક અવરોધને દૂર કરવાની અને તેમના ધર્મની એકતા જાળવી રાખવાની તેમની સંવિદાની શક્તિ

— તેમની વ્યવસ્થા પ્રણાલીની ભવ્યતા

— જેની તેમણેં પરિકલ્પના કરી છે તેના તરફ જેવી રીતે વિશ્વ આગળ વધી રહ્યું છે તે

## વિભાગ ૩

બહાઉલ્લાહ કહે છે :

**“ખરેખર મહાન છે આ યુગ ! બધા પવિત્ર ગ્રંથોમાં ઈશ્વરના યુગ તરીકે કરવામાં આવેલો સંકેત (ઉલ્લેખ) તેની મહાનતા પ્રમાણિત કરે છે. પરમેશ્વરના દરેક અવતાર, દરેક દિવ્ય સંદેશવાહકના આત્માએ આ અદ્‌ભૂત યુગની ઝંખના કરી છે. એવી જ રીતે ધરતીના બધા દિવ્ય બંધુઓએ, આ યુગમાં જીવવાની ઝંખના કરી છે. આમ છતાં, થોડા જ વખતમાં, જ્યારે પ્રભુ-ઈચ્છાના સ્વર્ગમાંથી તેના પ્રગટીકરણના દિવ્ય-કિરણનું અવતરણ થયું ત્યારે, સર્વશક્તિમાનની ઈચ્છા દ્વારા માર્ગદર્શન પામેલા લોકો સિવાયના, બધા લોકો ઉદાસિન અને બેદરકાર જોવા મળ્યા.”**[૪]

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. ખરેખર ____________ છે આ યુગ! બધા ________________________ માં ________________ તરીકે કરવામાં આવેલો સંકેત તેની ________________ પ્રમાણિત કરે છે.

ખ. પરમેશ્વરના ______________________, દરેક ______________________ ના આત્માએ આ _____________ યુગની _________ કરી છે.

ગ. એવી જ રીતે, ધરતીના બધા ______________________ એ આ યુગમાં __________ ની ____________ કરી છે.

ઘ. આમછતાં, થોડાજ વખતમાં, જ્યારે ___________________ માંથી તેના પ્રગટીકરણના ____________________ નું ____________ થયું ત્યારે, _________________________ દ્વારા ____________ પામેલા લોકો સિવાયના, બધા લોકો _____________અને _____________ જોવા મળ્યા.

૨. ઉપરોક્ત અવતરણ પરથી સ્પષ્ટ થાય છે કે, આ પરિપૂર્ણતાનો યુગ છે. પરમેશ્વરના બધા અવતારો અને સંદેશવાહકોએ એક એવા યુગની ભવિષ્યવાણી કરી છે જ્યારે ધરતી પર શાંતિ અને સંવાદિતાની સ્થાપના થશે. બહાઉલ્લાહે આ અવતરણમાં એવા લોકોનો ઉલ્લેખ કર્યો છે જેઓ પ્રતિજ્ઞાપિત અવતારની આતુરતાથી રાહ જોતા હોવા છતાં, જયારે તેમણેં તેમના આગમનની ઘોષણા કરી ત્યારે તેમને સ્વીકાર્યા નહિ. એક વ્યક્તિ જયારે એવા આત્મા વિશે વિચારે છે જેણેં બહાઉલ્લાહને ઓળખ્યા છે ત્યારે ઘણી છબીઓ તેના મનમાં આવે છે. યોગ્ય શબ્દ વડે નીચેની ખાલી જગ્યા પૂરો : સભાનતા, યકીન, જાગૃતિ, વિશ્વાસ, આશા.

ક. ઊંઘમાંથી ____________ તરફ ગમન

ખ. બેદરકારીથી ____________ તરફ ગમન

ગ. નિરાશાથી દ____________ તરફ ગમન

ચ. અવિશ્વાસથી ____________ તરફ ગમન

છ. શંકાથી _________ તરફ ગમન

૩. તમારા મતે કઈ બાબત એક હૃદયને બહાઉલ્લાહના પ્રગટીકરણ તરફ ખોલે છે ?

## વિભાગ ૪

બહાઉલ્લાહ કહે છે :

**આ એવો યુગ છે, જેમાં માનવજાત ઉપર ઈશ્વરની સર્વશ્રેષ્ઠ અનુકંપાઓ વરસાવવામાં આવી છે, એવો યુગ કે જેમાં તેની અતિશક્તિશાળી કૃપાનો સમસ્ત સર્જિત વસ્તુઓમાં સંચાર કરવામાં આવ્યો છે. દુનિયાના બધા લોકો માટે અનિવાર્ય છે કે તેઓ તેમના મતભેદોનું સમાધાન કરીને, સંપૂર્ણ એકતા અને શાંતિપૂર્વક ઈશ્વરની સંભાળ અને પ્રેમાળ-કરૂણાના દિવ્ય વૃક્ષની છત્રછાયામાં નિવાસ કરે. તેમના માટે શોભનીય છે કે તેઓ, આ યુગમાં જે કંઈપણ તેમના સ્થાનની શ્રેષ્ઠતા અને તેમના સર્વોચ્ચ હિતોની અભિવૃધ્ધિ માટે ઉચિત હોય તેને વળગી રહે.”**[૨]

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. આ યુગમાં, માનવજાત ઉપર ઈશ્વરની સર્વશ્રેષ્ઠ ____________ ____________ માં આવી છે.

ખ. આ યુગમાં, ઈશ્વરની ____________________________ નો સમસ્ત સર્જિત વસ્તુઓમાં __________ કરવામાં આવ્યો છે.

ગ. દુનિયાના બધા લોકોએ તેમના ___________ નું ___________ કરીને, સંપૂર્ણ _________ અને _________ પૂર્વક ઈશ્વરની __________ અને ____________ ના ______________ ની છત્રછાયામાં નિવાસ કરવો જોઈએ.

ઘ. દુનિયાના લોકોએ, આ યુગમાં જે કંઈપણ તેમના _________ ની _________ અને તેમના ________________ ની __________ માટે ઉચિત હોય તેને વળગી રહેવું જોઈએ.

૨. એવી કઈ “સર્વશ્રેષ્ઠ અનુકંપાઓ” છે જે આ યુગમાં પરમેશ્વરે માનવજાત ઉપર વરસાવી છે ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૩. “ઉચિત” શબ્દોનો અર્થ શું છે ? ________________________________________

________________________________________________________

૪. માનવજાતના સર્વોચ્ચ હિતોની અભિવૃધ્ધિ માટે તમે કરી શકતા હોય એવા કાર્યોની યાદી બનાવો.________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

________________________________________________________

## વિભાગ ૫

બહાઉલ્લાહ કહે છે :

**“આ એવો યુગ છે જેમાં માનવી સમક્ષ પરમેશ્વરની દયાનો મહાસાગર પ્રગટ કરી દેવામાં આવ્યો છે, એવો યુગ જેમાં તેની પ્રેમાળ-કરૂણાંના દિવ્ય-કિરણે માનવી ઉપર તેનો પ્રકાશ ફેલાવ્યો છે, એવો યુગ જેમાં પ્રભુની ઉદાર કૃપાના વાદળોએ સમસ્ત માનવજાતને તેની છત્રછાયાંમાં આવરી લીધી છે. હવે આ સમય છે પ્રેમ અને ભાઈચારાની ચેતનામય વાયુલહેરો તથા મિત્રતા અને ઉદારતાના જીવન જળ દ્વારા દુ:ખી લોકોને આનંદિત અને પ્રફૂલ્લિત કરવાનો”**[૩]

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. આ યુગમાં પરમેશ્વરની ____________નો મહાસાગર ____________કરી દેવામાં આવ્યો છે.

ખ. આ યુગમાં પરમેશ્વરની __________________ ના દિવ્ય કિરણે માનવી ઉપર તેનો ____________ ફેલાવ્યો છે.

ગ. આ યુગમાં પ્રભુની ____________ ના વાદળોએ સમસ્ત માનવજાતને તેની ________________________ લીધી છે.

ઘ. ___________ આ સમય છે ___________ અને ____________ ની ચેતનામય વાયુલહેરો તથા ___________ અને ____________ ના જીવન-જળ દ્વારા દુ:ખી લોકોને ____________ અને ____________ કરવાનો.

૧. નીચેના પૈકી કઈ બાબતો દુ:ખી લોકોને આનંદિત અને પ્રફૂલ્લિત કરે છે ?

— શિક્ષણનો અવસર પ્રાપ્ત કરવો.

— પરામર્શ કરવાની ક્ષમતામાં વધારો કરવો

— તેમને દયાની નજરે જોવામાં આવે છે

— વૈજ્ઞાનિક પ્રગતિમાંથી લાભ પ્રાપ્ત કરવો

— એક અથવા બીજા રાજકીય પક્ષ કે જૂથને ટેકો આપવા માટે પ્રેરણા આપવી

— ઈશ્વરના શબ્દોનું વાંચન કરવું અને તેની બીજા સાથે આપ-લે કરવી

— તેમને જરૂર ન હોય, એવી વસ્તુની ઉધાર ખરીદી કરવા માટે તેમની સાથે વાત કરવી.

— પ્રાર્થનાનું મહત્વને લગતી જાગૃતિમાં વધારો કરવો.

— તેમના પ્રયત્નોમાં પ્રોત્સાહન પ્રાપ્ત કરવું

— કાયદેસરના માધ્યમો દ્વારા અધિકારીઓ સમક્ષ તેમની ફરીયાદોની છટ્દાર રીતે રજુઆત કરવા માટે સશક્ત બનવું

— વિરોધ કરતા આંદોલનોમાં ભાગ લેવો

— તેમની સમસ્યાઓને ભૂલી જવા માટે દારૂ પીવો

— સ્વાસ્થ્યને લગતી વ્યવસ્થાનો લાભ પ્રાપ્ત કરવો

— નજીકમાં નાઈટ કલબની વ્યવસ્થા કરવી જયાં તેઓ મઝા કરી શકે

— આજના યુગના ઈશ્વરના અવતારને ઓળખવું

— દિવ્ય સહાયતાની શક્તિ પર ભરોસો રાખવો

## વિભાગ ૬

બહાઉલ્લાહ કહે છે :

**"આ પરમ મહાન, આ નવી વિશ્વ વ્યવસ્થા પ્રણાલીની કંપારીના પ્રભાવથી દુનિયાની સમતુલા ખોરવાઈ ગઈ છે. આ અદ્વિતિય, આ અદ્ભૂત વ્યવસ્થા-પ્રણાલી દ્વારા માનવજાતના વ્યવસ્થિત જીવનમાં કાંતિકારી પરિવર્તન સર્જાયું છે-તેના જેવી વ્યવસ્થાનું નશ્વર આંખે કદી દર્શન કર્યું નથી.**

**"મારી શબ્દોના મહાસાગરમાં તમારી જાતને ડુબાડી કરી દો, જેથી તમે તેના રહસ્યો ઉકેલી શકો અને તેની ગહેરાઈઓમાં છુપાયેલા વિવેકના મોતી શોધી શકો. સતર્ક રહો કે, આ પ્રભુધર્મના સત્યનો સ્વીકાર કરવાના તમારા નિશ્ચયથી તમે વિચલિત નહિ થાઓ-એવો ધર્મ જેના દ્વારા પ્રભુ શક્તિનું સામર્થ્ય પ્રગટ થયું છે અને તેની સાર્વભૌમિક્તા સ્થપાયેલી છે."**[૫]

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. આ પરમ મહાન, આ ________________________________ ની કંપારીના ___________ થી દુનિયાની _______________________ગઈ છે.

ખ. આ__________________, આ અદ્ભૂત ____________________ દ્વારા માનવજાતના _____________________ માં ________________ સર્જાયું છે.

ગ. આપણેં આપણી જાતને પરમેશ્વરના શબ્દોના___________ માં ___________ દેવી જોઈએ, જેથી આપણે તેના ______________________ શકીએ, અને તેની ગહેરાઈઓમાં છૂપાયેલા ___________ ના મોતી શોધી શકીએ.

ઘ. આ પ્રભુધર્મના ___________ નો સ્વીકાર કરવાના આપણા ___________થી આપણે ___________થવું જોઈએ નહિ.

ચ. આ એવો ધર્મ છે જેના દ્વારા પ્રભુની___________ નું ___________ પ્રગટ થયું છે, અને તેની ____________ સ્થપાયેલી છે.

૨. ‘‘સમુતલા’’ શબ્દનો અર્થ શું છે ?_______________________________________

_______________________________________________________________

૩. દુનિયાની સમતુલા શેનાથી ખોરવાઈ ગઈ છે ?______________________________

_______________________________________________________________

૪. એવા કેટલાક ચિન્હો કયા છે, જે દર્શાવે છે કે દુનિયાની સમતુલા ખોરવાઈ ગયી છે ?

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

૫. એવા કેટલાક ચિન્હો કયા છે, જે દર્શાવે છે કે માનવજાતના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે ?_____________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

_______________________________________________________________

૬. બહાઉલ્લાહ કઈ અદ્‌ભૂત વ્યવસ્થા પ્રણાલીની વાત કરે છે ? ____________________

____________________________________________________________

૭. આપણે કેવી રીતે બહાઉલ્લાહના શબ્દોના મહાસાગરમાં આપણી જાતને ડુબાડી શકીએ છીએ ?

____________________________________________________________

____________________________________________________________

૮. જયારે આપણે આપણી જાતને ઈશ્વર શબ્દોના મહાસાગરમાં ડુબાડી દઈએ છીએ ત્યારે આપણાં વિચારો કેવી રીતે પ્રભાવિત થાય છે ? ____________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૯. જયારે આપણે આપણી જાતને ઈશ્વરના શબ્દોના મહાસાગરમાં ડુબાડી દઈએ છીએ ત્યારે આપણા કાર્યો કેવી રીતે પ્રભાવિત થાય છે ? ____________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૧૦. બહાઉલ્લાહની વિશ્વ વ્યવસ્થા પ્રણાલીની સ્થાપના માટે કાર્ય કરવા આપણે કયાંથી આધ્યાત્મિક ઉર્જા પ્રાપ્ત કરીએ છીએ? ____________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૧૧. "વિચલિત" શબ્દનો અર્થ શું છે ? ____________________

____________________________________________________________

૧૨. જયારે આપણે પ્રભુધર્મને તેની સંપૂર્ણતામાંમાં સ્વીકાર કરવા વિચલિત થઈ જઈએ ત્યારે, તેની આપણી આધ્યાત્મિક ઉર્જા પર કેવી અસર થાય છે ? ____________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ-૭

અબ્દુલબહા કહે છે :

**“હે પ્રભુના પ્રિયજન ! આ યુગ મિલનનો યુગ છે, સમસ્ત માનવજાતના એકત્રિકરણ (એકતા)નો યુગ છે. સત્યત: પરમેશ્વર તેમને ચાહે છે જેઓ એક મજબૂત દિવાલની જેમ હારબંધ ઊભા રહીને પ્રભુધર્મ માટે યુધ્ધ કરે છે ! ધ્યાન આપો કે, તેમના મતે ‘હારબંધ ઊભા રહેવું-એટલે એકજૂટ થઈને, સાથીઓને સહયોગ આપીને એકજૂટ અને બીજા સાથે જકડાયેલા રહેવું. પવિત્ર શ્લોક મુજબ, બધા યુગો માંથી સર્વોત્તમ એવા આ યુગમાં યુધ્ધ કરવું એટલે તલવાર અને ભાલા, બરછી અને અણીદાર તીર કામઠા લઈને નહિ પરતું શુધ્ધ આશય સાથે, સદ્દાચારી ઉદ્દેશ સાથે, સહાયક અને પ્રભાવશાળી પરામર્શ સાથે, સ્વર્ગીય ગુણોં સાથે ચઢાઈ કરવાનો છે. તે આખી માનવજાત માટે કેળવણી, બધા લોકો માટે માર્ગદર્શન, પ્રભુ ચેતનાની મધૂર સુરભીને દૂર દૂર સુધી ફેલાવવાનો, ઈશ્વરના પ્રમાણોની ઘોષણા કરવાનો, નિર્ણાયક અને દિવ્ય દલીલો રજુ કરવાનો, પરોપકારી કાર્યો કરવાનો છે.”[૬]**

૧. નીચેના વાક્યો પુરા કરો :

ક. અબ્દુલબહા આપણને કહે છે કે આ યુગ __________ નો યુગ છે, સમસ્ત __________ના __________________નો યુગ છે.

ખ. તેઓ સમજાવે છે કે પરમેશ્વર તેમને __________છે જેઓ__________________ ની જેમ ________________ રહીને પ્રભુધર્મ માટે __________કરે છે.

ગ. અબ્દુલબહા સમજાવે છે કે, હારબંધ ઊભા રહેવું એટલે __________થઈને, સાથીઓને __________ આપીને__________ અને અને બીજા સાથે ______________રહેવું.

ઘ. બધા __________માંથી સર્વોચ્ચ એવા આ યુગમાં પ્રભુધર્મની સેવામાં યુધ્ધ કરવું એટલે __________ અને __________, __________અને__________________ લઈને નહિ પરંતું __________________ સાથે, ______________________ સાથે, ______________ અને __________________________સાથે, ______________ સાથે ચઢાઈ કરવાનો છે.

૨. આ યુગ માનવજાતની એકતાનો યુગ છે. આ કાર્ય કેટલું મહત્વનું છે તેના વિશે સમજવા માટે, એવા અસંખ્ય વિભાજનો વિશે વિચાર કરો જેનાથી માનવજાત નાના ટૂકડાઓમાં વિભાજિત થઈ ગઈ છે. તમે વિચારી શકતા હોય એટલા કારણોની યાદી બનાવો.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૩. કઈ શક્તિ આ બધા વિભાજનોને મીટાવી શકે છે? ____________________

______________________________________________

૪. આપણે જે યુધ્ધમાં સામેલ છીએ, તે કયા પ્રકારનું યુધ્ધ છે ? ? ____________________

______________________________________________

૫. નીચેના પૈકી કયા સાધનો આ યુધ્ધમાં વપરાતા સાધનો છે ?

_____ શુધ્ધ આશય
_____ સારા ગુણો
_____ સદાચારી ઉદ્દેશ
_____ નેતૃત્વની ઝંખના
_____ ઘમંડ અને અભિમાન
_____ ન્યાય માટે લગન
_____ સ્વ-પ્રમાણિકતા
_____ બંદુક
_____ છરી
_____ ઈશ્વરના શબ્દની શક્તિ
_____ આત્મ-સંતોષ
_____ સ્વ-ઉન્નતિ
_____ ગુસ્સો
_____ ઉદારતા
_____ પ્રાર્થનાની શક્તિ
_____ પ્રસંસનીય કાર્યો
_____ ઈશ્વરનો પ્રમ
_____ માનવજાત માટેનો પ્રેમ
_____ ઈશ્વરમાં ભરોસો
_____ ઉપયોગી અને અસરકારક સલાહ
_____ એકતાની શક્તિ
_____ પૈસા
_____ આસ્થા
_____ વિનમ્રતા

૬. શું ન્યાયની સ્થાપના કરવા માટે બીજા ઉપર વર્ચસ્વ જમાવવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે ? _____

૭. જયારે આપણે માનવજાતને એક કરવા માટે આધ્યાત્મિક યુધ્ધમાં જોડાઈએ છીએ ત્યારે આપણે નીચેના પૈકી કયા કાર્યો કરીએ છીએ ?

_____ શિક્ષણનું પ્રવર્તન કરવું

_____ આપણી ઈચ્છા મુજબ કાર્ય કરવા બીજાને ફરજ પાડવી.

_____ પ્રભુધર્મનું શિક્ષણ આપવું

_____ પ્રભુધર્મની જાહેરાત કરવી.

_____ આપણાં પોતાના સ્વાર્થ મુજબ જૂથોમાં વિભાજિત થવું.

_____ આપણા જૂથના સ્વાર્થ માટે લડવું.

_____ પરોપકારી કાર્યો કરવા

_____ બહાઉલ્લાહના પ્રગટીકરણના સત્યની નિર્ણાયક દલીલો કરવી.

_____ આપણી જાતને ઈશ્વરના શબ્દોના મહાસાગરમાં ડુબાડવું

_____ કમજોર અને કચડાયેલા લોકો ઉપર જુલ્મ કરવો.

_____ દિલથી પ્રાર્થના કરવી.

_____ લોકોની સંપતિ લુંટવી.

_____ બીજા પાસેથી ચોરી કરીને ધનનો સંગ્રહ કરવો.

## વિભાગ-૮

આ યુગની મહાનતા વિશેની જાગૃતિમાં થયેલો વધારો આપણાં બધામાં ઊભા થઈને શિક્ષણ આપવાની, સેવા કરવાની અને ત્યાગપૂર્ણ કાર્યો કરવાની ઈચ્છાનું નિર્માણ કરે છે. તેથી, જે પ્રભુધર્મના સેવા-કાર્યમાં આપણેં હંમેશા વ્યસ્ત રહેવું જોઈએ, તેની તાકીદની જરૂરીયાત પરથી આપણું ધ્યાન નહિ હટાવવા માટે ધર્મસંરક્ષક દ્વારા લેખિત એક પત્રનો નીચેનો ફકરો મોઢે કરી લો.

> **"ગુમાવવા માટે સમય નથી, દ્વિધા માટે કોઈ કારણ નથી. જીવનની રોટી માટે અનેક લોકો ભૂખ્યા છે. મંચ તૈયાર છે અચલ ને અટલ વચન અપાઈ ગયું છે. પરમેશ્વરની પોતાની યોજના ગતિમાન થઈ ગઈ છે. પસાર થતા દરેક દિવસ સાથે તે સંવેગ પકડી રહી છે. તેના સંચાલનમાં ધરતી અને સ્વર્ગની શક્તિઓ રહસ્યમય રીતે મદદ કરી રહી છે. આવો અવસર ફરી કદી મળવાનો નથી. શંકાશીલોને જાતે ઊભા થઈને આવા કથનોની સત્યતા ચકાસવા દો. પ્રયત્ન કરવો, સતત મંડયા રહેવું એ અંતિમ અને સંપૂર્ણ વિજય સુનિશ્ચિત કરે છે."[૭]**

## સંદર્ભસૂચિ


૧. ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૭

૨. ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૭

૩. ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૪

૪. ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૫

૫. ગ્લીનિગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ, નં. ૭૦

૬. સિલેકશન્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ અબ્દુલબહા, નં. ૨૦૭.૨

૭. શોધી એફેન્દી દ્વારા ઉત્તર અમેરિકાના બહાઈઓને લેખિત તા. ૨૮ જાન્યુઆરી ૧૯૩૯ ના એક પત્રમાંથી



# બાબની જીવનગાથા

**ઉદ્દેશ**

બાબના ટૂંકા અને નાટકીય કાર્યકાળની શક્તિની સમજ પ્રાપ્ત કરવી અને તેમની જીવન ગાથાનું વર્ણન કરવાનું શીખવું

## વિભાગ-૧

સને ૧૮૪૪માં બાબના ધર્મકાળની શરૂઆત થઈ અને માત્ર નવ વર્ષ ચાલ્યું. તેનો મૂળભૂત ઉદ્દેશ બહાઉલ્લાહના પ્રગટીકરણ માટે માર્ગ તૈયાર કરવાનો હતો. બાબનો કાર્યકાળ ખૂબજ ટૂંકો હોવા છતાં, તેમના પ્રગટીકરણ દ્વારા વિમૂક્ત શક્તિઓ એટલી તીવ્ર હતી કે આવનાર સેંકડો પેઢીઓ સુધી તેના પ્રભાવની અનુભૂતિ કરવામાં આવશે.

બાબ, જેમનું મૂળ નામ સૈયદ અલી-મહમદ હતું, અને ૨૦ ઓકટોબર ૧૮૧૯માં દક્ષિણ ઈરાનમાં આવેલા શિરાઝ નામના એક શહેરમાં તેમનો જન્મ થયો હતો, ઈરાન પહેલાં ફારસ નામથી પણ ઓળખાતું હતું. ઈરાનમાં મોટાભાગના લોકો મુસલમાન ધર્મના એવા એક સંપ્રદાયના અનુયાયી હતા, જેઓ 'કાઈમ' તરીકે પરમેશ્વરના પ્રતિક્ષિત અવતારના આગમનની પ્રતિક્ષા કરી રહ્યા છે. 'કાઈમ' એટલે તે જે પ્રગટ થશે.

બાબ એક એવા વિશિષ્ટ અને ઉમદા કુળમાં જનમ્યા હતા, જેના પૂર્વજોનો મુસલમાન ધર્મના અવતાર હજરત મહમદ સાથે સંબંધ હતો. તેઓ નાના હતા ત્યારે જ તેમના પિતાનું અવસાન થયું હતું અને તેમના મામાએ તેમનો ઉછેર કર્યો હતો. બાબ જન્મજાત જ્ઞાનથી વિભૂષિત હતા અને તેમને શાળાના શિક્ષણની જરૂર નહિ હોવા છતાં, તેમણે તેમના મામાની ઈચ્છાનું પાલન કરીને, તેઓ બાળપણમાં શાળામાં ગયા. પરંતું, તેમના શિક્ષકને તરત જ બાબની મહાન ક્ષમતાનો ખ્યાલ આવી ગયો અને તેઓ સમજી ગયા કે આ અસાધારણ બાળકને શીખવવા જેવું તેમની પાસે કશું હતું નહિ. તેમણે બાબના શાળાના દિવસોની નીચેની વાર્તા કહી છે :

> "એક દિવસ, મેં બાબને કુરાનના શરૂઆતના વચનોનું પઠન કરવાનું કહ્યું... તેઓ અચકાયા, અને તેમણેં આગ્રહ કર્યો કે તેમને આ વચનોનો અર્થ સમજાવવામાં આવે નહિ ત્યાં સુધી તેઓ તેનું પઠન કરવાનો પ્રયત્ન કરશે નહિ. મેં બહાનું કર્યું કે હું તેનો અર્થ નથી જાણતો. મારા શિષ્યએ કહ્યું, 'હું જાણું છું કે આ વચનોનો અર્થ શું છે,' 'આપની અનુમતિ હોય તો, હું તેનો અર્થ સમજાવીશ.' તેમણે એટલી વિદ્વતાથી અને કડકડાટ વર્ણન કર્યું કે હું આશ્ચર્યચકિત થઈ ગયો... તેની વાણીની મીઠાસની યાદ હજુ મારા કાનમાં ગુંજી રહી છે. બાબને તેમના મામા પાસે લઈ જઈને, તેમણે મને સોંપેલી અમાનત તેમને પાછી આપવા હું મજબૂર થઈ ગયો. આ અદ્ભૂત બાળકને શીખવવા માટે હું મારી જાતને અયોગ્ય અનુભવતો હતો તેના વિશે તેમની સાથે વાત કરવાનો મેં સકલ્પ કરી લીધો. હું તેમને મળવા ગયો ત્યારે તેઓ તેમના કાર્યાલયમાં એકલા હતા. મેં કહ્યું, 'હું તેને પાછો તમારી પાસે લઈ આવ્યો છું અને તેને તમારી સચેત સુરક્ષા હેઠળ સમર્પિત કરૂં છું.' તેને માત્ર એક બાળક તરીકે સમજવું જોઈએ નહિ, કારણ કે હું તેનામાં એવી રહસ્યમય શક્તિનું દર્શન કરી રહ્યો છું જે માત્ર કાઈમનું પ્રગટીકરણ જ પ્રગટ કરી શકે છે. તમારા માટે આવશ્યક છે કે તમે તેને તમારી પરમ પ્રેમાળ સંભાળની છત્રછાંયામાં રાખો. તેને તમારા ઘરે જ રાખો, કારણ કે તેને મારા જેવા શિક્ષકની કોઈ ગરજ નથી. તેના મામાએ બાબને સખત ઠપકો આપ્યો. 'શું તું મારી સૂચના ભુલી ગયો? શું મેં તને તારા સહધ્યાયીઓના ઉદાહરણનું અનુસરણ કરવાની, શાંતિ જાળવવાની અને તારા શિક્ષકની દરેક વાત સાંભળવાની સલાહ આપી નથી?' બાબ પાસેથી સંપૂર્ણ વફાદારીથી તેના શિક્ષકની આજ્ઞાનું પાલન કરવાનું વચન લઈને, તેના મામાએ તેને શાળામાં પાછા જવાની ફરજ પાડી. આમ છતાં, આ બાળકનો આત્મા તેના મામાની કડક ચેતવણીઓના અંકુશમાં રહી શકયો નહિ. કોઈ શિસ્ત તેના

અંત:જ્ઞાનની ધારાને રોકી શકયું નહિ. દિવસે-દિવસે અલૌકિક વિદ્વતા વિવેકના અદ્ભૂત પ્રમાણો પ્રગટ કરતી ગઈ જેનું વર્ણન કરવા હું અસમર્થ છું"[૧]

અંતે બાબને શાળા છોડવાની મંજૂરી આપવામાં આવી. તેના પછી તેઓ શિરાઝની દક્ષિણ-પશ્ચિમમાં બુશીર નામના શહેરમાં એક વેપારી તરીકે તેના મામા સાથે કામ કરવા લાગ્યા. તે સમયગાળા દરમિયાન બાબનો વિવાહ થયો. તેઓ અને તેમના પત્નીને એક પુત્ર હતો, અને બાબે પોતાની જાતની પ્રતિક્ષિત કાઈમ તરીકે ઘોષણા કરી, તેના એક વર્ષ પહેલાં બાળપણમાં જ તેનું અવસાન થયું.

એક યુવાન તરીકે, બાબે એવી શક્તિ અને મહાનતાના ચિન્હો પ્રગટ કર્યા કે કોઈ તેની બરાબરી કરી શકતું નથી. તેમના વેગીલા અને કરૂણ કાર્યકાળને વિશિષ્ટતા પ્રદાન કરતા અલૌકિક ગુણો પહેલાંથી જ તેમના જીવનમાં પ્રગટ થવા લાગ્યા હતા. ધર્મસંરક્ષક તેમનું,"સૌમ્ય, યુવા, અત્યંત મોહક વ્યક્તિ તરીકે વર્ણન કરે છે, જેઓ તેની વિનમ્રતામાં અતુલ્ય, તેની નિર્મળતામાં સ્થિતપ્રજ્ઞ, તેની વાણીમાં મોહક હતા." આગળના વિભાગો તેમના જીવનના પ્રસંગોનું વર્ણન કરે છે, પરંતું તે અપુરતું હશે. આમ છતાં, આ સંક્ષિપ્ત જીવનગાથાનું વર્ણન બાબે તેમના હજારો અનુયાયીઓના હૃદયોમાં પ્રગટાવેલી પ્રેમની જ્વાળામાંથી, આપણા હૃદયોમાં ચિનગારી પ્રગટાવવા માટે પયાપ્ત છે.

૧. બાબનું મૂળ નામ શું હતું ?______________________________

૨. બાબનો જન્મ કયાં અને કઈ તારીખે થયો હતો ? ____________________

__________________________________________

૩. "કાઈમ" શબ્દનો અર્થ શું છે ? _____________________________

૪. બાબના પૂર્વજ કોના વંશજ હતા ? __________________________

__________________________________________

૫. બાબના પિતાના અવસાન પછી ઉછેરની જવાબદારી કોની હતી ? ___________

__________________________________________

૬. "બાબ જન્મજાત જ્ઞાનથી વિભૂષિત હતા", આ વિધાનાનો અર્થ શું છે ? ________

__________________________________________

૭. બાબના શિક્ષકને તેમની મહાન ક્ષમતાનો પરિચય થયો ત્યારે તેમણે શું વિચાર કર્યો ?

__________________________________________

૮. "અલૌકિક વિવેક" આ રૂઢિપ્રયોગનો અર્થ શું છે ?___________________

__________________________________________

૯. શાળા છોડયા પછી બાબે શું કર્યું ?___________________________

__________________________________________

૧૦. ધર્મસંરક્ષક કયા શબ્દોમાં બાબનું વર્ણન કરે છે? ______________________

______________________________________________

૧૧. બાબના શિક્ષકે, બાબના શાળાના દિવસોની વાર્તાનું વર્ણન કર્યું છે, તેનું તમારા શબ્દોમાં વર્ણન કરો. ______________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## વિભાગ-૨

બાબે તેમના જીવન-ધ્યેયની ઘોષણા કરી તેના પહેલાં, દુનિયાભરમાં અનેક લોકોને તેમના હૃદયમાં આભાસ થવા લાગ્યો હતો કે ટૂંક સમયમાં ઈશ્વરના નવીન યુગનો ઉદય થવાનો હતો. આવા સંત-મહાત્માઓમાં એક હતા સૈયદ કાસીમ, જેઓ ઈરાકના કરબલા શહેરમાં રહેતા હતા. સૈયદ કાસીમના ઘણાં શિષ્યો હતા, અને તેમણેં લાંબા સમયથી પ્રતિક્ષિત એવા 'કાઈમ'ના આગમન માટે લોકોને તૈયાર કરવામાં તેમનું જીવન સમર્પિત કરી દીધુ. તેઓ વારંવાર તેમના શિષ્યોને કહેતા કે તેમના મૃત્યુ પછી તેમણેં તેમના ઘરબાર છોડી દેવા જોઈએ, અને દુન્યવી ઈચ્છાઓથી મુક્ત હૃદય સાથે પ્રતિજ્ઞાપિત પરમપ્રિયની શોધમાં લાગી જવું જોઈએ.

સૈયદ કાસીમના સ્વર્ગવાસ પછી, તેમના એક સૌથી વિશિષ્ટ શિષ્ય મુલ્લા હુસૈને ચાળીસ દિવસ સુધી સતત પ્રાર્થના અને ધ્યાન કર્યું, આ સમયમાં પરમેશ્વરની પ્રેરણાથી તેના હૃદયના દ્વાર ખુલી ગયા. તેના પછી બે સાથીઓ સાથે તેમણેં ઈરાક છોડી દીધુ અને પ્રતિક્ષિત અવતારની શોધમાં નિકળી પડયા. સૌપ્રથમ તેઓ બુશીર ગયા. પરંતું તેઓ અહિં લાંબો વખત રહ્યા નહિ, તેમને કંઈક ઉત્તરમાં શિરાઝ તરફ

ખેંચી રહ્યું હોય એવું લાગ્યું. તેઓ જયારે નગરમાં પહોંચ્યા ત્યારે, તેમણે તેમના બે સાથીઓને એક ચોક્કસ મસ્જિદમાં જવાની અને ત્યાં તેમની રાહ જોવાની સૂચના આપી.

તેજ દિવસે સુર્યાસ્ત થવાના થોડા કલાકો પહેલાં, નગરના દ્વારની બહાર જ, તેઓ એક યુવાન મહાપુરૂષને મળ્યા જેમણે તેમનું સ્વાગત કર્યું અને તેમના ઘરે પધારવા આમંત્રણ આપ્યું, જેથી તે તેમની લાંબી અને કઠીન મુસાફરીનો થાક ઉતારીને તાજગી મેળવી શકે. આ અસાધારણ યુવાનના વિનમ્ર, છતાં ફરજ પાડતા શબ્દોથી મુલ્લા હુસૈન ખૂબ પ્રભાવિત થઈ ગયા. તેઓ તેમની સાથે ગયા, અને શીઘ્ર તેઓ એક સુંદર ઘરના દ્વારે પહોંચી ગયા. તેમણે ઘરમાં પ્રવેશ કર્યો અને ઉપરના એક ઓરડામાં ગયા. કૃપાળુ યજમાને પાણીનો જગ લાવવાનું કહ્યું, જેથી તેમનો મહેમાન તેમના હાથ-પગ ધોઈને મુસાફરીની ધૂળ-માટી સાફ કરી શકે. તેના પછી, તેમણેં જાતે જ ચા બનાવીને મુલ્લા હુસૈનને આપી. આ મહેમાનગીરી પછી, તેમણેં વાતચિત શરૂ કરી. પછીથી મુલ્લા હુસૈને આ ઐતિહાસિક વાર્તાલાપનું નીચે મુજબ વર્ણન કર્યું હતું :

> “મારા યુવાન યજમાને મારી સાથે વાત કરવાની શરૂઆત કરી ત્યારે સુર્યાસ્ત પછી લગભગ એક કલાકનો સમય પસાર થઈ ગયો હતો. તેમને મને પૂછયું, ‘સૈયદ કાસીમ પછી તમે કોને તેમના ઉત્તરાધિકારી અને તમારા નેતા માનો છો ?’ મેં જવાબ આપ્યો કે, ‘અંતિમ ઘડીએ અમારા સ્વર્ગસ્થ ગુરૂએ અમને ભારપૂર્વક આદેશ આપ્યો હતો કે અમે અમારા ઘરબાર છોડીને પરમપ્રિય પ્રતિક્ષિત અવતારની શોધમાં દૂર દૂર ફેલાઈ જઈએ. તેમની આજ્ઞા મુજબ મેં ફારસની યાત્રા કરી છે, તેમની ઈચ્છા પૂરી કરવા ઊભો થયો છું અને હજી મારી શોધ ચાલુ છે.’ તેમણે આગળ પૂછયુ, ‘શું તમારા ગુરૂએ પ્રતિક્ષિત અવતારને ઓળખવા માટેના કોઈ વિશેષ ચિન્હો આપ્યા છે ?’ મેં જવાબ આપતા કહ્યું, “હા, તેઓ પવિત્ર વંશના છે, ઉમદા કુળના છે અને ફાતિમાના બીજના છે. તેમની ઉંમરનો સવાલ છે ત્યાં સુંધી, તેમની ઉંમર વીસ વર્ષથી વધારે અને ત્રીસ વર્ષથી ઓછી છે. તેઓ જન્મજાત જ્ઞાનથી વિભૂષિત છે. તેઓ મધ્યમ કદના છે, ધૂમ્રપાન કરતા નથી, અને કોઈપણ પ્રકારની શારીરિક ખોડખાપણથી મુક્ત છે.’ થોડો વિરામ લીધા પછી તેમણેં સ્પષ્ટ શબ્દોમાં ઘોષણા કરતા કહયું, ‘જુઓ, આ બધા ચિન્હો મારામાં પ્રગટ થાય છે !’ તેના પછી તેમણે ઉપરોક્ત દરેક ચિન્હની સ્પષ્ટતા કરી, અને ખાતરી પૂર્વક સાબિત કરી બતાવ્યું કે આ બધા ચિન્હો તેમને લાગુ પડતા હતા.”[૨]

તે રાત્રી દરમિયાન, બાબે સ્પષ્ટ અને અચૂક સાબિતિઓ સાથે મુલ્લા હુસૈન સમક્ષ પ્રદર્શિત કર્યું કે તેઓ પોતેજ ‘પ્રતિક્ષિત કાઈમ’ હતા. તેમણે અસાધારણ ઝડપે કુરાનનું એક મહત્વપૂર્ણ પ્રકરણ, સુરા-એ-જોસેફના વિવેચનનો પહેલો ભાગ પ્રગટ કર્યો. તેના પછી તેમણે મુલ્લા હુસૈનને નીચેના શબ્દોમાં સંબોધન કર્યું :

> “હે તું જે મારામાં વિશ્વાસ કરનાર પ્રથમ છે ! ખરેખર હું કહું છું કે, હું બાબ છું, ઈશ્વરનું દ્વાર છું અને તું બાબુલ-બાબ, તે દ્વારનું દ્વાર છે. શરૂઆતમાં અઢાર આત્માઓએ સ્વયંસ્ફુરિત અને તેમની પોતાની રીતે મારો સ્વીકાર કરવો જોઈએ અને મારા પ્રગટીકરણના સત્યને ઓળખવું જોઈએ. કોઈપણ પ્રકારની ચેતવણી કે આમંત્રણ વગર દરેકે સ્વતંત્ર રીતે મારી શોધ કરવી જોઈએ. અને જ્યારે તેમની સંખ્યા પૂરી થઈ જશે ત્યારે, મક્કા અને મદીનાની મારી તીર્થયાત્રામાં મારી સંગાથે જવા માટે તેમાંથી કોઈ એકની પસંદગી કરવામાં આવશે. ત્યાં હું મક્કાના શરીફને ઈશ્વરનો સંદેશ આપીશ. તેના પછી હું કુફિહ પાછો ફરીશ, જ્યા ફરીથી હું તે પવિત્ર નગરની

મસ્જિદમાં પ્રભુના ધર્મની ઘોષણા કરીશ. તારા માટે આવશ્યક છે કે, તેં જે કંઈપણ જોયું અને સાંભળ્યું છે તેને તારા સાથીઓ કે બીજા કોઈપણ આત્મા સમક્ષ જાહેર નહિ કરે."[૩]

આ મહિમાંવંત પ્રગટીકરણે મુલ્લા હુસૈનના આત્માને ઉત્તેજના અને આનંદ, ભય અને આશ્ચર્યથી ભરી દીધું. "પહેલાં હું મારી જાતને કેટલો અસક્ત અને અસમર્થ, કેટલો નાસીપાસ અને ડરપોક અનુભવતો હતો!" તેમણે આગળ કહ્યું. "તેના પછી હું નહિ તો લખી શકતો હતો કે નહિ ચાલી શકતો હતો, મારા હાથ અને પગ એટલા ધ્રુજતા હતા. આમછતાં, હવે તેના પ્રગટીકરણના જ્ઞાને મારા અસ્તિત્વમાં નવીન ચેતનાનો સંચાર કરી દીધો હતો. હું મારામાં એટલી હિંમત અને શક્તિનો અનુભવ કરતો હતો કે, જો આખુ વિશ્વ, તેના બધા લોકો અને તેના શાશકો મારી સામે ઊભા થાય તો પણ તેમનો સામનો કરવા માટે હિંમત અને શક્તિથી હું સભર હોઉં એવું લાગતું હતું. સમગ્ર વિશ્વ મને મુઠ્ઠીભર ધૂળ જેવી લાગી. મારામાં જાણે ગેબ્રિએલનો અવાજ મૂર્તિમંત થયો હોય એવું લાગ્યું, જે માનવજાતને સંબોધન કરતો હતો કે: 'જાગો અને જુઓ, પ્રભાતનો પ્રકાશ ફૂટયો છે, ઉઠો કારણ કે પ્રભુના ધર્મનું પ્રગટીકરણ થઈ ચૂકયું છે. પ્રભુની દયાનાં દ્વાર ખુલી ગયા છે; તેમાં પ્રવેશ કરો, હે દુનિયાના લોકો! કારણ કે જે તમારા પ્રતિક્ષિત આવતાર છે તે આવી ગયા છે.'"[૪]

૨૩ મે ૧૮૪૪ની પૂર્વસંધ્યાએ બાબે ઘોષણા કરી હતી. તેમની ઉંમર ૨૫ વર્ષની હતી. દશકાઓ પછી બાબની ઘોષણાની વર્ષગાંઠ નિમિત્તે અબ્દુલબહાએ શ્રધ્ધાળુઓના એક જૂથને નીચેના શબ્દોમાં સંબોધન કર્યું:

**"આજે ૨૩ મે છે, બાબનો સંદેશ અને ઘોષણાની વર્ષગાંઠનો દિવસ. આ શુભ દિવસ છે અને પ્રભુના પ્રાગટયનું પ્રભાત છે, કારણ કે બાબનું અવતરણ એ સાચી સવારનો પ્રારંભિક પ્રકાશ હતો... તે આશીર્વાદીત દિવસ છે, સ્વર્ગીય કૃપાની શરૂઆત છે, તે દૈવી આભાનો આરંભ છે. ૧૮૪૪ના આ દિવસે પ્રભુના સામ્રાજ્યની ઘોષણા અને જાહેરાત કરવા તેમજ બહાઉલ્લાહનાં આગમનની ખુશીના સમાચાર આપવા, તેમજ સમગ્ર ઈરાન દેશના વિરોધનો સામનો કરવા માટે બાબને અગ્રદૂત તરીકે મોકલવામાં આવ્યા હતા."[૫]**

૧. સૈયદ કાસીમે તેમના સ્વર્ગવાસ પછી તેમના શિષ્યોને શું કરવાનું કહ્યુ હતું? ____________

______________________________________________________________

______________________________________________________________

૨. સૈયદ કાસીમના સ્વર્ગવાસ પછી મુલ્લા હુસૈને શું કર્યું? ____________________________

______________________________________________________________

______________________________________________________________

૩. બાબ કેવી રીતે જાણતા હતા કે મુલ્લા હુસૈન શિરાઝમાં આવી ગયા હતા? ______________

______________________________________________________________

૪. બાબના ઘરે આવ્યા પછી બાબે મુલ્લા હુસૈનને કયા પશ્નો પૂછયા? ________________

______________________________________________________________

______________________________________________________________

૫. સૈયદ કાસીમે તેના શિષ્યોને કયા ચિન્હો આપ્યા હતા, જેનાથી તેઓ કાઈમને ઓળખી શકે ?

_______________

_______________

_______________

_______________

_______________

_______________

_______________

૬. ફાતીમાં કોની પૂત્રી છે અને "તેમના બીજ"ના શબ્દનો અર્થ શું થાય છે ? _______________

_______________

૭. શું મુલ્લા હુસૈન જે લક્ષણોવાળી વ્યક્તિને શોધી રહ્યા હતા તે લક્ષણો બાબ પાસે હતા ?____

_______________

૮. "બાબ" શિર્ષકનો અર્થ શું થાય છે ? _______________

_______________

૯. બાબે મુલ્લા હુસૈનને કયુ શિર્ષક આપ્યું હતું ? _______________

_______________

૧૦. આ શિર્ષકનો અર્થ શું થાય છે ? _______________

_______________

૧૧.બાબ તેમના ધર્મની જાહેરમાં ઘોષણા કરે તે પહેલા શું થવાની જરૂર હતી ?__________

_______________

_______________

૧૨.જે યાદગાર રાત્રિ દરમિયાન મુલ્લા હુસૈને પ્રતિક્ષિત 'કાઈમ'ને ઓળખ્યા હતા તેના વિશે તેમણેં જે વાત કરી છે તેનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો.

_______________

_______________

_______________

_______________

_______________

_______________

___________________________________________________________

___________________________________________________________

___________________________________________________________

___________________________________________________________

૧૩. બાબે કયારે ઘોષણા કરી હતી? ______________________________

___________________________________________________________

૧૪. બાબે જયારે તેમની ઘોષણા કરી ત્યારે તેમની બાબની ઉંમર કેટલી હતી? __________

___________________________________________________________

## વિભાગ ૩

મુલ્લા હુસૈન પછી, બીજી સત્તર વ્યક્તિઓએ તેમના હૃદયની આરઝુ, બાબની સ્વતંત્ર રીતે શોધ કરી. દરેકને ઈશ્વર દ્વારા નવા જન્મેલા પ્રગટીકરણના સત્યને ઓળખવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું, કોઈને અંત:દૃષ્ટિ કે સ્વપન દ્વારા, કોઈને પ્રાર્થના દ્વારા તો કોઈને ધ્યાનની ક્ષણોમાં માર્ગદર્શન મળ્યું. આ આત્માઓમાંથી એક સિવાયના બધાને શિરાઝમાં બાબને પ્રત્યક્ષ મળવાનો આશીર્વાદ મળ્યો હતો. જે તેમને મળ્યા ન હતા, તે તેજસ્વી અને આશીર્વાદિત સ્ત્રી હતી, જેનું નામ તાહિરા હતું. તેને સ્વપ્નમાં બાબની અનુભુતિ થઈ તથા બાબને પ્રતિક્ષિત વ્હાલા અવતાર તરીકે ઓળખ્યા અને તેમના ધર્મના પ્રખર હીમાયતી બન્યા. તેમના અનુયાયીઓમાં અઢારમાં ક્રમે જોડાનાર વ્યક્તિ બાવિસ વર્ષના યુવાન હતા, જેનું નામ કુદદુસ હતું. યુવાન હોવા છતાં તે ઉદાહરણરૂપ ચરિત્ર્ય ધરાવતા, તેમજ એવી હિંમત અને શ્રધ્ધા ધરાવનાર વ્યક્તિ હતા જેની બરોબરી ભાગ્યે જ કોઈ કરી શકે. મુલ્લા હુસૈન સહિત આ પ્રથમ હરોળના શ્રધ્ધાળુઓને બાબે અઢાર “જીવિત અક્ષરો” તરીકે ઘોષિત કર્યા.

જીવિત અક્ષરોની સંખ્યા પૂરી થયા પછી તરત જ બાબે મુલ્લા હુસૈનને તેમની હાજરીમાં બોલાવીને નીચે પ્રમાણે સુચના આપી: “આપણા મિલનના દિવસો તેના અંત તરફ આગળ વધી રહ્યા છે. તારી સાથેની મારી સંવિદા હવે પરિપૂર્ણ થાય છે. મારા ધર્મને ચોતરફ ફેલાવવા ઉભા થાઓ અને કમર કસીને પ્રયત્ન કરો. વર્તમાન પેઢીની અવનતી અને વિકૃતિના દ્રષ્યથી હતાશ નહિ થાવ, કારણ કે સંવિદાના સ્વામી અવશ્ય તમારી સહાયતા કરશે. ખરેખર, તે તેના પ્રેમાળ કવચમાં આવરી લેશે, અને તમને એક પછી એક વિજયો તરફ દોરી જશે. જેમ વાદળો તેની કૃપાનો વરસાદ પૃથ્વી ઉપર વરસાવે છે અને ધરતીના એક છેડાથી બીજા છેડા સુધી વહાવે છે તેમ સર્વશક્તિમાન તેમના લોકો માટે નિર્ધારિત આશીર્વાદ તમારા ઉપર વરસાવશે... આ તીર્થયાત્રામાં, જે અમે શીઘ્ર શરૂ કરવાના છીએ, તેમાં અમારા સાથી તરીકે કુદદુસની પસંદગી કરેલી છે. ઘાતકી અને નિર્દય દુશ્મનોના હુમલાનો સામનો કરવા અમે તમને પાછળ મૂકતા જઈએ છીએ. ખાત્રી રાખજો કે અવર્ણનીય એવા ભવ્ય આશીર્વાદ તમારા ઉપર ઉતરશે. તમે ઉત્તર દિશા તરફ પ્રવાસ કરો અને રસ્તામાં ઈસ્ફહાન, કાશાન, કયુમ અને તહેરાનની મુલાકાત લો. સર્વશક્તિમાન કૃપા માટે પ્રાર્થના કરો, કે તેઓ તે રાજધાનીમાં, સાચી સર્વોપરિતાનું સિહાંસન શોધવામાં અને અને પરમપ્રિયના ભવનમાં પ્રવેશ કરવા માં તમારી ઉદારપણે સહાયતા કરે. રહસ્ય તે નગરમાં

છુપાયેલું છે. જ્યારે તેને પ્રગટ કરવામાં આવશે ત્યારે તે પૃથ્વીને સ્વર્ગમાં ફેરવી દેશે. મારી આશા છે કે તમે તેની કૃપાના ભાગીદાર બનો અને તેની ભવ્યતાને ઓળખો."[૬]

મુલ્લા હુસૈનને તહેરાન જવાની સુચના આપીને, બાબે બીજા જીવિત અક્ષરોને તેમની પાસે બોલાવ્યા અને દરેકને ખાસ મિશન સોંપવામાં આવ્યું. તેમના આખરી વિદાયના શબ્દોમાં તેમને દરેક પ્રકારની દુન્યવી ઈચ્છાઓને બાજુએ મુકીને તેમના ધર્મનો દૂર દૂર પ્રસાર કરવા જવાનો આદેશ આપ્યો. બાબે તેમને સંબોધીને કહ્યું:

**"હે મારા વ્હાલા મિત્રો! આજના યુગમાં તમે ઈશ્વરના નામના ધારક છો. તેના રહસ્યના ખજાના તરીકે તમારી પસદગી કરવામાં આવી છે. તમારા પૈકી દરેક માટે શોભનીય છે કે તમે ઈશ્વરના ગુણો પ્રગટ કરો, અને તમારા કાર્યો અને શબ્દોમાં તેના ન્યાયીપણાના ચિન્હો, તેની શક્તિ અને કિર્તીનું ઉદાહરણ પુરૂં પાડો. તમારા શરીરના દરેક અવયવે તમારા હેતુની ઉચ્ચતા, તમારા જીવનની સત્યનિષ્ઠા, તમારી આસ્થાની વાસ્તવિકતા અને તમારી ભક્તિની સાક્ષી આપવી જોઈએ. કારણકે ખરેખર હું કહું છું કે, આ એ 'દિવસ' છે જેના વિશે ઈશ્વરે તેમના પુસ્તકમાં કહ્યું છે: 'તે દિવસે અમે તેમના મોં પર સીલ લગાવીશું; તેમ છતાં તેમના હાથ અમારી સાથે વાત કરશે, અને તેમના પગ તેમણેં જે કર્યું હશે તેની સાક્ષી આપશે.' ઈસુએ જયારે તેમના શિષ્યોને તેમના ધર્મના પ્રસાર માટે મોકલ્યા ત્યારે, તેમણેં જે શબ્દોથી તેમનું સંબોધન કર્યું હતું તેના પર વિચાર કરો. આ શબ્દોમાં તેમણે તેમને ઉભા થવા અને તેમનું મિશન પરિપૂર્ણ કરવાની આજ્ઞા આપી: 'તમે એવી અગ્નિ જેવા છો જે રાત્રિના ગાઢ અંધકારમાં પર્વતની ટોચ પર સળગે છે. મનુષ્યોની આંખો સમક્ષ તમારા પ્રકાશને ચમકવા દો. તમારા ચરિત્રની શુદ્ધતા અને તમારા ત્યાગનું સ્તર એવું હોવું જોઈએ, કે જેથી ધરતીના લોકો તમારા થકી સ્વર્ગીય પિતાને ઓળખી શકે અને તેની નજીક આવે જે પવિત્રતા અને કૃપાના સ્ત્રોત છે. કારણકે કોઈએ પિતાને જોયા નથી જે સ્વર્ગમાં છે. તમે જેઓ તેમના આધ્યાત્મિક સંતાન છો તેમણેં સારા કાર્યો દ્વારા તેમના ગુણોનું ઉદાહરણ આપવું જોઈએ., અને તેની મહિમાની સાક્ષી આપવી જોઈએ. તમે ધરતીનું મીઠું છો, પણ જો મીઠું તેની ખારાશ ગુમાવી દે તો તે કયાંથી તેની ખારાશ પ્રાપ્ત કરશે? તમારી અનાસક્તિનું સ્તર એવું હોવું જોઈએ, કે તમે કોઈ પણ શહેરમાં પ્રભુધર્મની ઘોષણા કરવા અને તેનું શિક્ષણ આપવા માટે પ્રવેશ કરો છો તો, તમારે કોઈ પણ રીતે તેના લોકો પાસેથી માંસ અથવા ઈનામની અપેક્ષા રાખવી જોઈએ નહિ. એટલું જ નહિ પણ જયારે તમે તે શહેરમાંથી વિદાય લો ત્યારે, તમારે તમારા પગની ધૂળ ખંખેરી નાંખવી જોઈએ. જેવી રીતે તમે શુદ્ધ અને નિર્મળ પ્રવેશ કર્યો છે, એવી જ રીતે તે શહેરમાંથી વિદાય લેવી જોઈએ. કારણકે ખરેખર હું કહું છું કે, સ્વર્ગીય પિતા હંમેશા તમારી સાથે છે અને તમારી દેખરેખ રાખે છે. જો તમે તેને વફાદાર રહેશો, તો તે નિશ્ચિતપણે ધરતીનો બધો ખજાનો તમારા હાથમાં સોંપી દેશે, અને વિશ્વના બધા શાશકો અને રાજાઓ કરતાં તમને શ્રેષ્ઠ બનાવશે.' હે મારા અક્ષરો! ખરેખર હું કહું છું કે, આ દિવસ જૂના દેવદૂતોના દિવસો કરતાં ખૂબ જ શ્રેષ્ઠ છે. નહિ, અમાપ છે તેનો તફાવત! તમે ઈશ્વરના પતિક્ષિત યુગની પરોઢના સાક્ષી છો. તેના પ્રગટીકરણના રહસ્યમય મદિરાપાત્રના સહભાગી છો. પ્રયત્નની કમર કસી લો, અને તેના ગ્રંથમાં પ્રગટ થયેલા ઈશ્વરના શબ્દો પર ધ્યાન આપો: 'જુઓ, તમારા પ્રભુ પરમેશ્વર આવ્યા છે, અને તેમની સમક્ષ તેમના દૂતો હારબંધ ગોઠવાયેલા છે!' તમારા હૃદયને દુન્યવી ઈચ્છાઓથી શુદ્ધ કરો, અને દેવદૂતોના ગુણોને તમારૂં આભૂષણ બનાવો. પ્રયત્ન કરો કે તમારા કાર્યો દ્વારા તમે ઈશ્વરના આ શબ્દોની સત્યતાની સાક્ષી**

**આપો, અને સાવચેત રહો, એવું ન થાય કે 'વિમૂખ થવા'ને કારણે તે બીજા દ્વારા તમને બદલી દે,' જે તમારા જેવા નહિ હોય અને જે તમારી પાસેથી ઈશ્વરનું સામ્રાજય લઈ લે. એવા દિવસોનો અંત આવ્યો છે જ્યારે નિષ્ક્રિય ભક્તિ પર્યાપ્ત ગણાતી. હવે સમય આવી ગયો છે જ્યારે બેદાગ પવિત્ર કાર્યોવાળા શુદ્ધ આશય સિવાય બીજું કશુજ સર્વોચ્ચ સિંહાસન સુંધી પહોચી શકશે નહિ કે નહિ તેને સ્વીકાર્ય છે. 'સારા શબ્દો તેની તરફ ઉપર ઉઠે છે, અને સદાચારી કાર્યો તેની તરફ ઉન્નત થાય છે.' તમે વિનમ્ર છો, જેમના વિશે ઈશ્વરે તેના ગ્રંથમાં કહ્યું છે : 'અને અમે તેમના પર કૃપા કરવા ઈચ્છીએ છીએ જેમને આ ભૂમિમાં વિનમ્ર બનાવવામાં આવ્યા છે, અને તેમને મનુષ્યો વચ્ચે આધ્યાત્મિક આગેવાન બનાવવા અને અમારા વારસદાર બનાવવા ઈચ્છીએ છીએ.' તમને આ સ્થાન માટે આહ્વવાન કરવામાં આવે છે ; તમે તેને પ્રાપ્ત કરી શકશો, જો તમે પૃથ્વીની દરેક ઈચ્છાને તમારા પગ નીચે કચડી નાખવા ઉભા થશો, અને તેમના એવા સન્માનિત સેવકો બનવાનો પ્રયત્ન કરશો જેઓ, તેમના બોલવા પહેલાં બોલતા નથી, અને જેઓ તેમના આદેશનું પાલન કરે છે.' તમે પહેલા અક્ષરો છો જેને 'આદિ બિંદુ'માંથી ઉત્પન્ન કરવામાં આવ્યા છે, પહેલી વસંત છો જે આ પ્રગટીકરણના સ્ત્રોતમાંથી પ્રવાહિત થઈ છે. તમારા પ્રભુ પરમેશ્વરને વિનંતી કરો કે કોઈ દુન્યવી ગુંચવણ, કોઈ દુન્યવી મોહ, કોઈ ક્ષણિક કાર્ય તમારા થકી વહેતી શુદ્ધતાને કલંકિત નહિ કરી શકે, કે તેને દુષિત નહિ કરે. હું તમને એક શક્તિશાળી દિવસના આગમન માટે તૈયાર કરી રહ્યો છું. તમારા સર્વશ્રેષ્ઠ પ્રયાસ કરો કે, પરલોકમાં હું, જે હમણાં તમને સૂચના આપી રહ્યો છું, ઈશ્વરની દયાના સિંહાસન સમક્ષ, તમારા કાર્યોમાં આનંદ મનાવું અને તમારી સિદ્ધિઓમાં ગૌરવ અનુભવું. આવનાર યુગનું રહસ્ય હાલમાં છુપાયેલું છે. તેને નહિ તો જાણી શકાય છે કે નહિ તેનું અનુમાન કરી શકાય છે. તે યુગનું નવજાત બાળક આ સમયના સૌથી બુદ્ધિશાળી અને સૌથી આદરણીય પુરૂષો કરતાં ચઢિયાતું હશે, તેમજ તે સમયના સૌથી નિમ્ન અને અભણ લોકો સમજદારીમાં તે યુગના સૌથી વિદ્વાન અને સિધ્ધ પુરૂષોને વટાવી જશે. આ ભૂમિની લંબાઈ અને પહોળાઈ સુંધી ફેલાઈ જાઓ, અને સ્થિર પગ અને પવિત્ર હૃદય સાથે, તેના આગમન માટે માર્ગ તૈયાર કરો. તમારી નબળાઈઓ અને કમજોરીઓ પર ધ્યાન ન આપો ; તમારા પ્રભુ, સર્વશક્તિમાન પરમેશ્વરની શક્તિ પર તમારી દૃષ્ટિ કેન્દ્રિત કરો. શું તેણેં ભૂતકાળમાં, અબ્રાહમને તેની દેખીતી લાચારી હોવાછતાં, નિમરોડના સૈન્ય ઉપર વિજય આપાવ્યો નથી? શું તેણેં મુસાને, જેના સાથી માત્ર તેના શિષ્યો જ હતા તેને ફારૂન અને તેના સાથીઓને હરાવવા માટે સક્ષમ બનાવ્યા નથી? શું તેણેં ઈસુને, જેઓ લોકોની નજરમાં ગરીબ અને લાચાર હતા તેની યહુદી લોકોના સંયક્ત દળો પર વર્ચસ્વની સ્થાપના કરી નથી? શું તેણેં અરેબિયાની જંગલી અને લડાયક જાતિઓને તેના અવતાર, મહમદના પવિત્ર અને પરિવર્તનકારી શિસ્તને આધીન કર્યા નથી? તેના નામ પર ઉઠો, તેનામાં તમારો સંપૂર્ણ વિશ્વાસ રાખો અને અંતિમ વિજયની ખાતરી રાખો."[૭]**

૧. બાબને પ્રતિક્ષિત કાઈમ તરીકે ઓળખનારા સૌ પ્રથમ શ્રધ્ધાળુઓને બાબે કયું શિર્ષક આપ્યું હતું? ____________________

____________________

૨. જીવિત અક્ષરો કેટલા હતા? ____________________

____________________

૩. બાબને સહુ પ્રથમ ઓળખનાર કોણ હતા? ______________________________

______________________________________________________________

૪. છેલ્લા જીવિત અક્ષર કોણ હતા? ______________________________

______________________________________________________________

૫. બાબના પ્રગટીકરણના સત્યને ઓળખવા માટે જીવિત અક્ષરોને કેવી રીતે માર્ગદર્શન મળ્યું થયું હતું? ______________________________

______________________________________________________________

______________________________________________________________

૬. જીવિત અક્ષરોમાંથી કોને બાબના દર્શન થયા ન હતા? ______________________________

______________________________________________________________

૭. જીવિત અક્ષરોની સંખ્યા પૂરી થયા પછી તરત જ બાબે મુલ્લા હુસૈનને તેમની હાજરીમાં બોલાવીને નીચે પ્રમાણે સુચના આપી: "આપણા ____________ ના દિવસો તેના ____________ વધી રહ્યા છે. તારી સાથેની મારી ____________ હવે પૂર્ણ થાય છે. મારા ____________ ફેલાવવા ઉભા થાઓ અને ____________ ને પ્રયત્ન કરો. વર્તમાન પેઢીની ____________ અને ____________ થી હતાશ નહિ થાવ, કારણ કે ____________ ના ____________ અવશ્ય મદદ કરશે, ખરેખર, તે તેના પ્રેમાળ ____________ માં આવરી લેશે, અને એક પછી એક ____________ તરફ લઈ જશે. જેમ ____________ તેની ____________ પૃથ્વી ઉપર વરસાવે છે અને ધરતીના એક છેડાથી બીજા છેડા સુધી વહાવે છે તેમ ____________ તેમના લોકો માટે નિર્ધારિત ____________ તમારા ઉપર વરસાવશે...

૮. બાબે તેની યાત્રાના સાથીદાર તરીકે કોને પસંદ કર્યા હતા? ______________________________

______________________________________________________________

૯. બાબે મુલ્લા હુસૈનને કયા જવાની સૂચના આપી હતી? ______________________________

______________________________________________________________

૧૦. મુલ્લા હુસૈન માટે તેમણેં કઈ આશા વ્યક્ત કરી હતી? ______________________________

______________________________________________________________

______________________________________________________________

૧૧. જીવિત અક્ષરોને બાબ દ્વારા કરવામાં આવેલ સંબોધનમાંથી તમે ઓછામાં ઓછો એક ભાગ મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો.

## વિભાગ ૪

ઓકટોબર ૧૮૪૪ માં કુદદુસની સાથે, બાબ મક્કા અને મદીનાની તીર્થયાત્રાએ રવાના થયા. સાઉદી અરેબિયામાં આવેલા આ બે શહેરો ઈસ્લામ ધર્મના અનુયાયીઓ માટે પવિત્ર સ્થળો છે. બાબ અને તેમના સાથીદાર બુશીરથી એક વહાણમાં બેઠા જે તેમને અરબી દ્વીપકલ્પની આસપાસ લઈ ગયું અને લગભગ બે મહિના પછી તેઓ મક્કા નજીક પહોંચ્યા. મક્કામાં હતા ત્યારે, બાબે તે શહેરના વડા અને પવિત્ર સમાધિઓના સંરક્ષક, શેરીફને પત્ર લખ્યો. તે પત્રમાં તેમણે તેના મિશનનું સ્પષ્ટ રીતે વર્ણન કર્યું અને શેરીફને તેમના ધર્મનો સ્વીકાર કરવાનું કહ્યું. પરંતુ શેરીફ જે પોતાના કાર્યમાં વ્યસ્ત હતો, અને તે આ દિવ્ય સંદેશનો પ્રતિભાવ આપવામાં નિષ્ફળ રહ્યા. તેના પછી બાબ તેના સાથીદાર સાથે મક્કાથી મદીના ગયા, જયાં અવતાર મહમદના પાર્થીવ અવશોષોને દફનાવવામાં આવ્યા છે. આ પવિત્ર શહેરના દર્શન કર્યા પછી ઈરાન પાછા ફરવા માટે તેમણેં વહાણમાં મુસાફરી કરી. તેઓ બુશીરમાં ઉતર્યા, અને બાબે કુદદુસને શિરાઝ તરફ જવાની સૂચના આપી.

> “મારી સાથેના તારા મિલનના દિવસોનો પૂરા થઈ રહ્યા છે. વિદાયની ઘડી આવી પહોંચી છે, એવી વિદાય કે જેનું પુનઃમિલન ઈશ્વરના દરબાર સિવાય કયાંય શક્ય નથી... શિરાઝની શેરીઓમાં તમારી સાથે અમાનુષી વર્તાવ થશે અને સખત ઈજાઓ તમારા શરીરને યાતના આપશે. તમે તમારા દુશ્મનોનું શરમ જનક વર્તન સહન કરશો અને તેનું સાંનિધ્ય પ્રાપ્ત કરશો જે તમારી ભક્તિ અને અને પ્રેમનું એક કેન્દ્ર છે. તેના સાંનિધ્યમાં તમારા પર આવી પડેલી બધી હાની અને અપમાન ભૂલી જશો. અદ્રશ્ય દિવ્ય સેના તમારી મદદે દોડી આવશે અને વિશ્વ સમક્ષ તમારી વીરતા અને કીર્તિની ઘોષણા કરશે. પરમ કૃપાળુ પરમાત્માને ખાતર શહાદતનો પ્યાલો ગટગટાવતાં તમને અનેરો આનંદ થશે. હું પણ બલીદાનના માર્ગે ચાલીશ, અને શાશ્વત સામ્રાજ્યમાં તારી સાથે આવીશ.”[૮]

૧. બાબ કયારે તીર્થયાત્રાએ જવા રવાના થયા ? ____________________

____________________

૨. તીર્થયાત્રા માટે બાબ કયા શહેરોમાં ગયા ? ____________________

____________________

૩. મદીનામાં તેમણેં કોને પત્ર લખ્યો ? ____________________

____________________

૪. શા માટે મદીના મુસલમાનો માટે પવિત્ર શહેર છે ? ____________________

____________________

૫. બુશીર પહોંચ્યા પછી બાબે કુદદુશને શું કહ્યું હતું, તેના વિશે નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા પોતાન શબ્દોમાં વર્ણન કરો.

____________________

____________________

૧૯ કુદદુસ કોને મળશે એવું બાબે વચન આપ્યું હતું ? ______________________________

______________________________________________________________

## વિભાગ ૫

શિરાઝમાં કુદદુસે ખૂબ ઉત્સાહથી બાબના સંદેશનો પ્રસાર કરવાનું શરૂ કર્યું. પરંતુ તરત જ તેને ઈસ્લામ ધર્માધિકારી અને તે પ્રાંતના રાજયપાલના વિરોધનો સામનો કરવો પડયો. નિર્દય અને દુષ્ટ રાજયપાલે કુદદુશ અને તેના એક સાથીની ધરપકડ કરવાનો અને તેમને જાહેરમાં સજા આપવાનો હુકમ કર્યો. તેમની દાઢી સળગાવી દેવામાં આવી અને તેમના નાકમાં કાણાં પાડીને દોરી બાંધવામાં આવી, અને શરમજનક પરિથિતિમાં, તેમને શેરીઓમાં ફેરવવામાં આવ્યા. રાજયપાલનો આદેશ હતો કે, "તે શિરાઝના લોકો માટે એક બોધપાઠ બને કે પાંખડીઓને કેવી સજા થાય છે ?"[૯] આવી અપમાનજનક યાતનાઓ પછી કુદદુસ અને તેના સાથીની શહેરમાંથી હકાલપટી કરવામાં આવી અને એવી ચેતવણી આપવામાં આવી કે જો ફરીવખત તેમણેં તે શહેરમાં આવવાની કોશિષ કરી છે તો તેમને જાનથી મારી નાખવામાં આવશે. તેમની આ યાતનાઓથી આ બે વીર આત્માઓએ ઈરાનમાં તેમના ધર્મને ખાતર જૂલમ વેઠનાર પ્રથમ શ્રધ્ધાળુઓ તરીકે સન્માન પ્રાપ્ત કર્યું. તેમના પ્રિયતમ બાબના માર્ગે જતાં હજારોને યાતનાઓ સહન કરવી પડી હતી, તેના સંબધમાં અબ્દુલબહા આ શબ્દોમાં કહે છે :

> **"... તેઓએ અતિ ગંભીર મુશ્કેલીઓ અને આકરી કસોટીઓ ભોગવી. તેઓએ અદ્‌ભૂત શક્તિ અને ઉત્કૃષ્ટ બહાદુરીથી કસોટીઓનો સામનો કર્યો. હજારોને જેલમાં પૂરી દેવામાં આવ્યા, સજા કરવામાં આવી, સિતમ ગુજારવામાં આવ્યો અને શહિદ કર્યા. તેમના ઘરબાર લૂંટી લેવામાં આવ્યા અને તેનો નાશ કરી દેવામાં આવ્યો અને તેમની મિલકતો જપ્ત કરી લેવાઈ. તેઓએ સ્વેચ્છાએ તેમનું જીવન ન્યોછાવર કરી દીધુ અને તેમના ધર્મમાં અંત સુધી અડગ રહ્યા. આ અદ્‌ભૂત આત્માઓ પરમેશ્વરના દિપક અને ઈશ્વર ઈચ્છાની શાશ્વત ક્ષિતિજમાંથી પ્રકાશતા પવિત્રતાના સિતારા છે."**[૧૦]

કુદદુસ અને તેના સાથીદારોને આવી અન્યાયી સજા ફરમાવ્યા પછી રાજયપાલે તેનો ગુસ્સો બાબ ઉપર ઠાલવ્યો. તેણે તેના સિપાઈઓને બાબની ધરપકડ કરીને તેમને સાંકળે બાંધીને શિરાઝ લઈ આવવાના હુકમ સાથે બુશીર મોકલ્યા. તે સમયે બાબ શિરાઝ આવવા માટે બુશીરથી નિકળી ચૂક્યા હતા. આ બે શહેર વચ્ચેના એકાંત જંગલમાં ઘોડેસવાર સિપાઈઓ બાબને મળ્યા. ઘણા સમય પછી, ઘોડેસવારની ટૂકડીના સરદારે આ મુલાકાતનું વર્ણન કર્યું હતું :

“અમે જ્યારે તેમને મળ્યા, ત્યારે તેમણે અમને સલામ ભરી અને અમે કયાં જઈ રહ્યા હતા તેના વિશે પૂછયું. મેં વિચાર્યું કે તેમનાથી હકીકત છૂપાવવાનું શ્રેષ્ઠ હતું, તેથી મેં કહ્યું કે આ વિસ્તારમાં અમૂક તપાસ કરવા અમને રાજયપાલે આદેશ આપ્યો છે. તેમણે હસતે મોઢે કહ્યું કે ‘રાજયપાલે તમને મારી ધરપકડ કરવા મોકલ્યા છે.’ હુ આ રહ્યો; તમારે મારી સાથે જે વ્યવહાર કરવો હોય તે કરો. તમને હું સામેથી મળવા આવ્યો છું, તેથી મેં તમારો પ્રવાસ ટૂંકો કરી નાંખ્યો છે અને મને શોધવાનું સરળ બનાવી દીધું છે. તેમનાં આવા વચનો સાંભળીને હું સ્તબ્ધ થઈ ગયો અને તેમની આવી નિખાલસતાથી નવાઈ પામ્યો. પોતાની જીંદગીની સલામતીના જોખમે રાજયના અફસરોને પોતે સામેથી સમર્પિત થઈને આકરી શિક્ષા વહોરવાની તત્પરતા કેમ દાખવી, તે મને સમજાયું નહિં. મેં તેમની અવગણના કરવાની કોશિશ કરી, અને તેમને છોડી દેવાની તૈયારી કરતો હતો, ત્યારે તેઓ મારી પાસે આવ્યા અને કહ્યું: ‘જેણે મનુષ્યનું સર્જન કર્યું છે અને તેના અન્ય સર્જનોથી વિશિષ્ટ બનાવ્યા છે અને જેણે મારા હૃદયને તેની સર્વસત્તા તથા જ્ઞાનનું સિંહાસન બનાવ્યું છે એવા પરમેશ્વરનાં ન્યાયની સોગંધ ખાઈને કહું છું કે હું મારા સંપૂર્ણ જીવનમાં સત્ય સિવાય એક શબ્દ પણ બોલ્યો નથી. અને મેં મારા માનવ બંધુઓના કલ્યાણ અને વિકાસ સિવાય બીજી કોઈ આશા રાખી નથી. મે મારા પોતાના આરામનો ત્યાગ કર્યો છે અને કોઈના માટે પીડા કે દુ:ખનું કારણ બનવાથી દૂર રહ્યો છું. હું જાણું છું કે તમે મને શોધી રહ્યા છો. મારા લીધે તમને અને તમારા સાથીદારોને અનાવશ્યક તકલીફ પહોંચાડવા કરતાં હું મારી જાતને તમને સોંપી દેવાનું પસંદ કરૂં છું. આ શબ્દોથી મારામાં ગહન પરિવર્તન થયું. હું સહજ રીતે ઘોડા પરથી નીચે ઉતરી ગયો, અને તેના પેગડાને ચુમ્યા પછી આ શબ્દોમાં સંબોધન કર્યું: “હે ઈશ્વરના અવતારના આંખોની જ્યોતિ! જેણેં તમારૂં સર્જન કર્યું છે અને તમને એટલી ઉચ્ચતા અને શક્તિ પ્રદાન કરી છે તેના નામ પર, મારી વિનંતીનો સ્વીકાર કરવા અને મારી પ્રાર્થનાનો જવાબ આપવા હું તમને વિનંતિ કરૂં છું. હું તમને આ પ્રદેશના નિર્દય અને અધર્મી રાજયપાલનાં પ્રાંતમાંથી નાસી જવાની વિનંતિ કરૂં છું. તમારી વિરૂદ્ધના તેના આ કાવતરાને હું ધિક્કારૂં છું; પોતાનો બદ ઈરાદો બર લાવવા ઈશ્વરના અવતારના વંશના એક નિર્દોષ અને ઉમદા માણસને નિમિત્ત બનાવવાના તેના આવા વિચારોનો હું સખત વિરોધ કરૂં છું... મારી નમ્ર વિનંતિનો જવાબ આપતા તેમણે કહ્યું: ‘તમારા પ્રભુ પરમેશ્વર તમને તમારા મહાન અને ઉમદા આશયનો બદલો આપે. મારા ધર્મનું રહસ્ય કોઈ જાણતું નથી; કોઈ તેનું રહસ્ય સમજી શકતું નથી. ઈશ્વરનાં આદેશથી હું કદી પણ મારૂં મુખ ફેરવીશ નહિ. ફક્ત તેજ છે મારો સુરક્ષિત કિલ્લો, મારો આધાર અને મારો આશ્રય. મારા અંતિમ સમય પહેલાં મારા ઉપર કોઈ હુમલો કરવાની હિંમત નહિ કરે, સર્વશક્તિમાનની યોજનાને કોઈ નિષ્ફળ બનાવી શકે નહિ. અને જ્યારે મારી અંતિમ ઘડી આવશે ત્યારે તેના નામે શહાદતના નામનો ઘૂંટ પીવાનો મને કેટલો ભવ્ય આનંદ થશે; હું આ રહ્યો, મને તમારા માલિકના હાથમાં સોંપી દો. ગભરાવ નહિ, કારણ કે કોઈ તમને દોષ દેશે નહિ.’ મે નમન કરીને સંમતિ આપી અને તેમની ઈચ્છાનું પાલન કર્યું.”[૧૧]

બાબે તરત જ તેમની શિરાઝ તરફ જવાની યાત્રા ચાલુ રાખી. કોઈપણ જાતના બંધન કે બેડી વગર તે સૈનિકોની આગળ રહ્યા અને સૈનિકોએ માનભેર તેમનું અનુસરણ કર્યું. શિરાઝ પહોંચતા જ બાબને રાજયપાલ સમક્ષ હાજર કરવામાં આવ્યા, તેમણે બાબ સાથે શરમજનક અને નિર્દય વર્તન કર્યું. તેણે બાબને જાહેરમાં ઠપકો આપ્યો અને તેમની નિંદા કરી. પછી બાબને તેણે તેમના કાકાના તાબામાં રાખ્યા. બાબને તેમના ઘરે પાછા જવાની છૂટ હોવા છતાં તેને અપાતી છૂટછાટ મર્યાદીત હતી. તેના

કુટુંબના સભ્યો અને કેટલાક બીજા લોકોને તેમને મળવાની છૂટ હતી. બાબના પ્રભાવનો અંત લાવવા રાજયપાલ અને ધર્માધિકારીઓના પ્રયાસો હોવા છતાં તેના અનુયાયીઓની સંખ્યામાં તીવ્ર ઝડપે વધારો થવા લાગ્યો.

બાબની મહત્વપૂર્ણ ઘોષણાના સમાચાર એટલા વ્યાપક પ્રમાણમાં ફેલાઈ ગયા કે ઈરાનના રાજાએ આ પરિસ્થિતિની તપાસ કરવા માટે તેના સૌથી વિશ્વસનીય અને જ્ઞાની વિદ્વાનોમાંથી એકને શિરાઝ મોકલવાનું નક્કી કર્યું. તે સ્વયં રાજયપાલના ઘરમાં એક મહેમાન હતા, અને આ વિદ્વાન વ્યક્તિ ત્રણ વાર બાબને મળ્યા હતા. તે બાબની દલીલોનું ખંડન કરવા માટે મક્કમ હતા, પરંતુ દરેક બેઠકમાં તે તેમના જ્ઞાન, વાક્છટા અને શાણપણથી ઉત્તરોત્તર વધારે પ્રભાવિત થવા લાગ્યા. ત્રીજી બેઠક સુંધીમાં વાહીદ -જે નામથી આ વિદ્વાન જાણીતા હતા - તેને આ યુવકના દિવ્ય સ્થાનની સંપૂર્ણ ખાતરી થઈ ગઈ. વાહીદ પછીથી સમજાવે છે કે, બાબ સાથેની તેની મુલાકાત દરમિયાન, તેણેં "તેમના પગ નીચેની ધૂળની જેમ અધમ" હોવાનો અનુભવ કર્યો. તેણેં તરત જ રાજાના દરબારમાં લેખિત અહેવાલ મોકલ્યો અને બાબની સૂચનાથી શિરાઝ છોડી દીધું. તે દિવસથી આગળ, તેણેં તેમના ધર્મના પ્રવર્તન માટે તેની શક્તિઓને સમર્પિત કરી દીધી અને આખરે તેના પ્રિયતમના માર્ગમાં તેનું જીવન અર્પણ કરી દીધું.

બાબની વધતી જતી કિર્તી અને શક્તિ સાથે રાજયપાલનો ગુસ્સો પણ વધતો ગયો. તેણેં ફરીથી બાબની ધરપકડનો હુકમ કર્યો. આ વખતે રાજયપાલનો ઈરાદો બાબને મારી નાખવાનો હતો, અને તેણે અરધી રાત્રે તેના કાકાના ઘરમાંથી બાબને પકડી લાવવા માટે એક પોલીસ અધિકારીને મોકલ્યા. પરંતું તે રાત્રે જ શિરાઝમાં પ્લેગ ફાટી નીકળ્યો અને સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ. થોડા જ કલાકોમાં આ જીવલેણ અને ભયંકર રોગમાં સેંકડો લોકો મૃત્યુ પામ્યા. પીડા અને દુ:ખની ચીસો શેરીઓમાં સાંભળી શકાતી હતી, અને શહેરના રહેવાસીઓ દ્વિધામાં ભટકી રહ્યા હતા. શું કરવું તેની ખાતરી ન હોવાથી, આ અધિકારી બાબને તેના પોતાના ઘરે લઈ ગયા. ઘરે આવતાંની સાથે જાણીને તે દુ:ખના દરિયામાં ડુબી ગયા કે તેનો પુત્ર રોગથી મરી રહ્યો હતો. નિરાશામાં તેણેં પોતાની જાતને બાબના ચરણોમાં ફેંકી દીધી અને તેમની પાસે, તેને ક્ષમા કરવાની ભીખ માંગી. જયારે તેનો પુત્ર ચમત્કારીક રીતે સાજો થઈ ગયો, ત્યારે પ્લેગ ફાટી નિકળવવામાં ઈશ્વરનો હાથ હોય એવું સમજમાં આવ્યું અને તેણે બાબને મુક્ત કરી દેવાની રાજયપાલને વિનંતી કરી. પોતાના કુટુંબીજનો અને શહેરના નાગરીકોની જીંદગીના ભયથી, બાબ શિરાઝ છોડી જાય એ શરતે તેણેં તેની મુક્તિની વાત સ્વીકારી.

ઈ.સ. ૧૮૪૬ ના અંતમાં બાબ શિરાઝની ઉત્તરમાં આવેલા ઈસ્ફહાન શહેર તરફ જવા રવાના થયા. જયારે તેમણે તેમના મામાની વિદાય લીધી ત્યારે તેમણેં તેમના મામાને કહ્યું: "હું તમને આઝરબાયજાનના પર્વતોમાં ફરી મળીશ, જ્યાંથી હું તમને શહાદતનો તાજ મેળવવા આગળ મોકલીશ. હું પોતે પણ મારા એક વફાદાર શિષ્ય સાથે, તમારી પાછળ આવીશ અને શાશ્વત સામ્રાજ્યમાં અમે તમારી સાથે જોડાઈશું."[૧૨]

૧. કુદ્દુસ જયારે શિરાઝ પહોચ્યા ત્યારે તેમણે શું કર્યું ? ____________________

____________________

૨. કુદ્દુસે શિરાઝમાં બાબના સંદેશના પ્રચારની શરૂઆત કરી ત્યારે કોણે તેનો વિરોધ કર્યો ?

____________________

૩. ધર્માધિકારી શબ્દનો અર્થ શું થાય છે ? ____________________

____________________

૪. કયા શબ્દો શિરાઝના રાજયપાલના ચરિત્ર્યનું વર્ણન કરે છે ? ____________________

____________________

૫. રાજયપાલે કુદદુસ અને તેના સાથીદારને કેવી સજા કરવાનો આદેશ આપ્યો ? ______

____________________

____________________

૬. ‘‘પાંખડી’’ શબ્દનો અર્થ શું થાય છે ? ____________________

____________________

૭. કુદદુસ અને તેના સાથીને શિરાઝમાંથી દેશનિકાલ કર્યા પછી, રાજયપાલે તેના સિપાઈઓને શું કરવાનો આદેશ આપ્યો હતો ?____________________

____________________

૮. સિપાઈઓ જયારે બાબને મળ્યા ત્યારે બાબ શું કરતા હતા ? ____________________

____________________

૯. બાબની ધરપકડ કરવા મોકલેલા સિપાઈઓને બાબે કહ્યું કે, __________ તમને મારી __________ કરવા મોકલ્યા છે.’ હુ __________ રહ્યો; તમારે __________ સાથે જે __________ કરવું હોય તે કરો. તમને હું સામેથી __________ આવ્યો છું, તેથી મેં તમારો __________ કરી નાંખ્યો છે અને __________ શોધવાનું __________ બનાવી દીધું છે.’’ સિપાઈઓના સરદારે તેમની અવગણના કરવાની કોશિશ કરી, અને તેમને છોડી દેવાની તૈયારી કરતો હતો, ત્યારે બાબે કહ્યું: ‘‘... મે મારા પોતાના __________ નો __________ કર્યો છે અને કોઈના માટે __________ કે __________ નું કારણ બનવાથી __________ રહ્યો છું. હું જાણું છું કે તમે મને __________ રહ્યા છો. મારા લીધે તમને અને તમારા સાથીદારોને અનાવશ્યક __________ પહોંચાડવા કરતાં હું મારી __________ ને તમને __________ દેવાનું __________ કરૂં છું.

૧૦. બાબે સિપાઈઓની વેરવૃત્તિ કેવી રીતે ભૂંસી નાખી ? ____________________

____________________

૧૧.બાબ શિરાઝમાં કેવી રીતે પહોંચ્યા ? ____________________

____________________

૧૨.બાબની વિરૂધ્ધમાં રાજયપાલે શું કાર્યવાહી કરી ? ____________________

____________________

૧૩. બાબના પ્રભાવનો અંત લાવવાના રાજયપાલ અને ધર્માધિકારીઓના પ્રયત્નોનો, તેના પછીના મહિનામાં શું અસર પડી હતી ? ____________________

____________________

૧૪. વાહીદ કોણ છે ? ____________________

____________________

૧૫. બાબની વધતી જતી ખ્યાતિના સંદર્ભમાં રાજયપાલે શું પગલાં લીધા ? ____________________

____________________

૧૬. કયા સંજોગેમાં રાજયપાલે છેવટે બાબને મુક્ત કર્યા અને તેમને શિરાઝ છોડવાની મંજુરી આપી ?

____________________

____________________

૧૭. શિરાઝ છોડયા પછી બાબ કયાં ગયા ? ____________________

____________________

૧૮.તેમણે કયારે આ પ્રવાસ કર્યો ? ____________________

____________________

૧૯. બાબે વિદાય લેતી વખતે તેમના મામાને શું કહ્યું ? ____________________

____________________

____________________

____________________

____________________

૨૦. તમારા જૂથના સભ્યોની જોડી બનાવો અને બુશીર અને શિરાઝની વચ્ચે જંગલમાં બાબની ઘોડેસવારો સાથેની મુલાકાત વિશેની વાર્તા એકબીજાને વારા પ્રમાણે સંભળાવો.

## વિભાગ ૬

ઈસ્ફાન શહેરની નજીક પહોંચતાં બાબે ત્યાંના રાજયપાલને પોતાના માટે રહેવાની જગ્યા નક્કી કરી આપવાની વિનંતિ કરતો પત્ર લખ્યો. આ રાજયપાલ, જે શુધ્ધ હૃદયના અને ન્યાયી વ્યક્તિ હતા, તેઓ બાબના શિષ્ટાચાર અને તેમના પત્રની શૈલીથી એટલા પ્રભાવિત થયા કે તેણે રાજયના ધાર્મિક વરિષ્ઠ અધિકારીને બાબને તેમના ઘરમાં ઉદારપણે સ્વાગત કરવાની સૂચના આપી.

ઈસ્ફહાનમાં બાબના મુકામ દરમિયાન, દરરોજ લોકોના ટોળેટોળા તેમને મળવા અને તેમના વચનો સાંભળવા આવવા લાગ્યા. પરંતું બાબની વધતી જતી ખ્યાતિથી સ્થાનિક ધર્માધિકારીને ઈર્ષા થવા લાગી, તેને પોતાની સત્તા અને અધિકારનું પદ ગુમાવવાની બીક હતી, જે લાંબા સમયથી તેની પાસે હતું. બાબની વિરૂધ્ધ શંકા ઊભી કરવા તે બાબ વિષે અફવા ફેલાવવા લાગ્યા. જ્યારે તેમાં તે નિષ્ફળ ગયા ત્યારે તેણે તેમને મારી નાખવાની યોજના ઘડી. રાજયપાલને ધર્માધિકારીની આ યોજનાની જાણ થતાં તેમણે નિર્ણય કર્યો કે બાબ પોતાના નિવાસ્થાને જ રહેશે. ત્યાં બાબ સાથેની ચર્ચાઓ દરમિયાન રાજયપાલને ધીરે ધીરે તેમના પ્રગટીકરણની મહાનતા સમજમાં આવી. એક દિવસે, જયારે તેઓ તેમના ઘરના બગીચામાં બાબ સાથે બેઠા હતા ત્યારે, રાજયપાલે બાબને આ શબ્દોમાં સંબોધન કર્યું:

> ‘‘સર્વશક્તિમાન દાતાએ મને અપાર ધન-સંપતિ આપી છે. તેનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો તે હું જાણતો નથી. હવે જ્યારે ઈશ્વરની સહાયતાથી મને આ પ્રગટીકરણ સમજવાની પ્રેરણા મળી છે, ત્યારે મારી આખી સંપતિ તેના હીતની ઉન્નતિ, તેની કિર્તિના પ્રચાર માટે અર્પણ કરી દેવાની મારી પ્રબળ ઈચ્છા છે. તમારી જો મંજૂરી હોય તો તહેરાન જઈને, ત્યાંના રાજા જેને મારામાં દૃઢ અને અઢગ વિશ્વાસ છે તેને આ ધર્મ પ્રત્યે વાળવાના પ્રયત્નો કરવાની મારી ઈચ્છા છે.’’[૧૩]

આ પ્રેમ તથા નિષ્ઠાની લાગણીનો બાબે જવાબ આપ્યો:

> ‘‘ઈશ્વર તમને તમારી ઉમદા નિયતનો બદલો આપે. આટલો મહાન ઉદ્દેશ, મારા માટે કાર્ય કરતાં વધારે મહાન છે. પરંતું, તમારા અને મારા ગણતરીના દિવસો બાકી છે, તે એટલા ઓછા છે કે તમારી ઈચ્છાઓને પરિપૂર્ણ થતાં નહિ તો હું જોઈ શકિશ કે નહિ તમે તેને પ્રાપ્ત કરી શકશો. સર્વશક્તિમાન દાતા તમારી કલ્પના મુજબના સાધનો દ્વારા પ્રભુધર્મને વિજય અપાવશે નહિ. આ ધરતીના ગરીબો અને દલીતો દ્વારા, રક્ત દ્વારા જે લોકો ઈશ્વરીય માર્ગમાં રેલાવશે, તેનાથી સર્વશક્તિમાન સર્વસત્તાધિશ તેના ધર્મના પાયાને સુરક્ષિત અને દૃઢ કરશે. એજ ઈશ્વર, તને પરલોકમાં અમર કિર્તીનો તાજ પહેરાવશે, અને તારી ઉપર અમૂલ્ય આશીર્વાદનો વરસાદ વરસાવશે. તમારા દુન્યવી જીવનના માત્ર ત્રણ મહિના અને નવ દિવસો જ બાકી છે, તેના પછી તમે આસ્થા અને શ્રધ્ધા પૂર્વક શાશ્વત નિવાસ્થાન તરફ પ્રયાણ કરશો.’’[૧૪]

બાબની ભવિષ્યવાણી મુજબ જ બરાબર ત્રણ મહિના અને નવ દિવસ પછી ઈસ્ફહાનના રાજયપાલનું અવસાન થયું. તેના અવસાનના થોડા સમય પછી, તેના અનુગામીએ તહેરાનના રાજાને સંદેશ મોકલ્યો અને હવે બાબનું શું કરવું તે પૂછાવ્યું. રાજાએ બાબને વેશપલટો કરીને રાજધાનીમાં મોકલી દેવાનો હુકમ કર્યો, જ્યાં રાજા બાબને મળવા માંગતા હતા. એવી રીતે, ઘોડેસ્વાર સૈનિકોની સાથે બાબે તહેરાન જવાની યાત્રા શરૂ કરી.

૧. ઈસ્ફહાન શહેરની નજીક પહોંચતાં જ બાબે કોને પત્ર લખ્યો ? ______________________

_____________________________________________________________________

૨. કયા શબ્દો ઈસ્ફહાનના રાજયપાલના ચરિત્રનું વર્ણન કરે છે ? ______________________

_____________________________________________________________________

૩. રાજયના ધાર્મિક વરિષ્ઠ અધિકારીને રાજયપાલે કઈ સૂચના આપી ?

_____________________________________________________________________

_____________________________________________________________________

૪. ઈસ્ફહાનના ધર્માધિકારીને શેનાથી ઈર્ષા થઈ ? __________________________________

_____________________________________________________________________

૫. જો બાબને તેમના સંદેશનો પ્રસાર કરવાનું ચાલુ રાખવા દેવામાં આવે, તો તેનાથી ધર્માધિકારીઓને શું ગુમાવવાની બીક હતી ? __________________________________

_____________________________________________________________________

૬. ધર્માધિકારીની યોજનાથી બાબને બચાવવા માટે ઈસ્ફહાનના રાજયપાલે શું કર્યું ? ________

_____________________________________________________________________

_____________________________________________________________________

૭. બાબના ધર્મ માટે રાજયપાલે શું દરખાસ્ત મુકી ? ______________________________

_____________________________________________________________________

૮. રાજયપાલની દરખાસ્ત (ઈચ્છા) નો બાબે શું પ્રતિભાવ આપ્યો ? ___________________

_____________________________________________________________________

_____________________________________________________________________

_____________________________________________________________________

_____________________________________________________________________

_____________________________________________________________________

_____________________________________________________________________

૯. રાજયપાલને તેમનો પ્રતિભાવ આપતાં બાબે પ્રભુધર્મના વિકાસ વિશેની કઈ ગહન હકીકતની વાત કરી છે ? ________________________________________________________

_____________________________________________________________________

_____________________________________________________________________

૧૦. રાજાએ રાજયપાલના અનુગામીને કયો આદેશ આપ્યો ? __________________________

_____________________________________________________________________

_____________________________________________________________________

## વિભાગ ૭

તે વખતનો ઈરાનનો વડાપ્રધાન સ્વાર્થી અને અસમર્થ હતો. તેને બીક હતી કે, જો બાબ તહેરાન આવીને રાજાને મળશે તો તે પોતાનું સ્થાન અને તેની સત્તા ગુમાવી દેશે. એટલે તેણે રાજાને તેમનો હુકમ બદલીને બાબને દેશની ઉત્તર-પશ્ચિમે આવેલા આઝરબાયજાનના પ્રદેશમાં મોકલવા મનાવી લીધા.

જુન, ૧૮૪૭માં, બાબ જ્યારે આ પ્રદેશનાં પાટનગર તબ્રીઝમાં આવ્યા ત્યારે, તેમને એક ઘરમાં લઈ જવામાં આવ્યા, જે ઘર તેમને બંદી બનાવવા માટે પસંદ કરવામાં આવ્યું હતું. સૈનિકોની ટુકડી ઘરના દરવાજે પહેરો ભરતી હતી. બાબના બે અનુયાયીઓ સિવાય કોઈને બાબને મળવાની મંજૂરી હતી નહિં. શહેરના નાગરીકોને ચેતવણી આપવામાં આવી હતી કે, કોઈપણ વ્યક્તિ બાબને મળવાનો પ્રયાસ કરશે તો તેને જેલમાં પૂરી દેવામાં આવશે અને તેની બધી માલ-મિલ્કત જપ્ત કરી લેવામાં આવશે.

બાબ તબ્રીઝમાં થોડો સમય રહ્યા અને તેને તેના પછી તેમને મોટા શહેરો અને નગરોથી દૂર આઝરબાયજાનના પર્વતોમાં આવેલા માહકુના કિલ્લામાં લઈ જવામાં આવ્યા. વડાપ્રધાને વિચાર્યું કે બાબને આવા દૂર અને બિનઅતિથિ સત્કાર ભાવનાવાળા ખૂણે મોકલવાથી તેમનો પ્રભાવ ઓસરી જશે અને ધીરે ધીરે લોકો તેમના ધર્મને ભૂલી જશે. પરંતુ તેને ખબર ન હતી કે પ્રભુધર્મનો દિપક પ્રગટી ચૂકયો હતો અને તેને કોઈ માનવીય હાથ બુઝાવી શકે નહિ. બાબે તેની મહાનતા અને પ્રેમાળ કૃપાથી થોડા જ વખતમાં કિલ્લાના ફરજ પરના અધિકારીઓ અને તે વિસ્તારના લોકોનો આદરભાવ તથા પ્રશંસા પ્રાપ્ત કરી.

એવી રીતે બાબ પર લાદવામાં આવેલા કઠોર નિયંત્રણો ધીરે ધીરે ઓછા થયા અને તેમના અનુયાયીઓ માટે કિલ્લાના દ્વાર ખૂલી ગયા, જેઓ ઈરાનના જૂદા જૂદા વિસ્તારોમાંથી વધારે અને વધારે સંખ્યામાં બાબની દર્શન કરવા આવવા લાગ્યા. માહકુમાં કારાવાસ દરમિયાન બાબે તેમની સૌથી મહત્વની કૃતિ 'ફારસી બયાન' પ્રગટ કર્યું. તે પુસ્તકમાં તેમણે તેમના ધર્મકાળના નિયમો પ્રસ્થાપ્તિ કર્યા અને સરળ અને સીધી રીતે પોતાના કરતા પણ મહાન એવા બીજા અવતારના પ્રગટીકરણની જાહેરાત કરી અને તેમના અનુયાયીઓને "તેને જેને ઈશ્વર પ્રગટ કરશે," તેની શોધ કરવાનો અનુરોધ કર્યો. તે વખતે તેમની સાથે રહેતા એક અનુયાયીએ 'ફારસી બયાન'નાં પ્રગટીકરણનું આ શબ્દોમાં વર્ણન કર્યું હતું :

> "બાબ પોતાના ધર્મના સિદ્ધાંતો અને ઉપદેશ લખાવતા હતા ત્યારે, તેનો અવાજ પર્વતની તળેટીમાં જે લોકો રહેતા હતા તેમને સ્પષ્ટ રીતે સંભળાતો હતો. તેના ગાનની મધુરતા અને તેના હોઠ દ્વારા વહેતા લયબદ્ધ શ્લોકોનું ગાન અમારા કાનમાં ગુંજી ઉઠતું અને અમારા હૃદય સોંસરવું ઉતરી જતું. તેમના અવાજની મધુરતાથી પર્વત અને ખીણ પણ ગુંજી ઉઠતા. તેમની વાણીના આકર્ષણથી અમારા હૃદયોના ઉંડાણમાં કંપારી ઉત્પન્ન થતી હતી."[૧૫]

જયારે વડાપ્રધાનને ખબર પડી કે બાબે માહકુના લોકોનો પ્રેમ અને સમર્થન જીતી લીધું હતું અને તેમનો ધર્મ સમગ્ર દેશમાં સતત ફેલાઈ રહ્યો હતો, ત્યારે બાબને ચિહરીકના કિલ્લામાં મોકલી દેવાનો હુકમ કરવામાં આવ્યો. પરંતું ત્યાં પણ આજુબાજુનાં નગરજનો તથા કિલ્લાના અફસરો બાબની ચુંબકીય પ્રતિભા તરફ આકર્ષિત થયા. તે વિસ્તારના કેટલાક વિશિષ્ટ ધર્માધિકારીઓએ પણ આ નવો ધર્મ અંગીકર કર્યો અને બાબના અનુયાયીઓમાં સામેલ થવા માટે પોતાના સન્માનિત સ્થાનનો ત્યાગ કર્યો.

ચિહરીકમાં બાબની વધતી જતી ખ્યાતિ વિષે વડાપ્રધાનને ખબર પડતાં જ તેમણે બાબને તરત જ તબ્રીઝ મોકલવાનો હુકમ કર્યો. ત્યાંની સરકારે બાબના પ્રભાવનો અંત લાવવાનો ખૂબ જ અસરકારક માર્ગ શોધી કાઢવા ધર્માધિકારીઓની એક બેઠક બોલાવી. તે લગભગ જૂલાઈ ૧૮૪૮નો સમય હતો, ધર્માધિકારીઓ અને સરકારી અધિકારીઓએ બાબનું અપમાન કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેઓ તેમની પ્રતિભા અને મહાનતાને તાબે થઈ ગયા. જ્યારે બાબને પૂછવામાં આવ્યું કે, તેઓ પોતે શું હોવાનો દાવો કરતા હતા અને તેઓ શું સંદેશો લઈને આવ્યા હતા ? ત્યારે તેમણે ઘોષિત કર્યું :

> **"હું છું, હું છું, હું જ પ્રતિક્ષિત અવતાર, હું જ છું તે જેના નામનું એક હજાર વર્ષથી તમે આહ્વાન કર્યું છે, જેના જયઘોષ માટે તમે ઉભા થયા છો, જેના અવતરણની તમે પ્રતિક્ષા કરી રહ્યા છો, અને જેના પ્રગટ થવાનો સમય નજીક આવે તેની પ્રાર્થના તમે પરમેશ્વરને કરતા રહ્યા છો. ખરેખર હું કહું છું કે પૂર્વ અને પશ્ચિમના બધાજ લોકો માટે અનિવાર્ય છે કે તેઓ મારા શબ્દોનું અનુસરણ કરે અને મારા સ્વરૂપ પ્રત્યે વફાદારીનું વચન આપે."**[૧૫]

આ બેઠક મળી તેના થોડા દિવસો પછી બાબને ફરીથી ચિહરીક લઈ જવામાં આવ્યા. બાબના દુશ્મનોને આશા હતી કે બાબને તબ્રીઝ લાવવાથી તેઓ તેમને તેમના મિશનનો ત્યાગ કરવાની ફરજ પાડી શકશે. પરંતુ અંતે તેઓને ખાત્રી થઈ ગઈ કે જ્યાં સુધી બાબ જીવિત રહેશે ત્યાં સુધી ઈરાનના લોકો વચ્ચે તેમના વધતા જતા પ્રભાવને રોકવાનું અશક્ય હતું.

૧. કયા શબ્દો તે વખતના ઈરાનના વડાપ્રધાનના ચારિત્ર્યનું વર્ણન કરે છે ? ______________

____________________________________________________________________

૨. રાજા બાબને મળે તેનાથી વડાપ્રધાનને કઈ બાબતની બીક હતી ? ___________________

____________________________________________________________________

૩. બાબને રાજા સાથે મળવાથી અટકાવવા માટે વડાપ્રધાને શું કર્યું ? ___________________

____________________________________________________________________

૪. તબ્રીઝમાં બાબ જે ઘરમાં રહ્યા હતા તે ઘરના દરવાજે સિપાઈઓ શા માટે પહેરો કરતા હતા ?

____________________________________________________________________

____________________________________________________________________

૫. શહેરના લોકોને શું ચેતવણી આપવામાં આવી હતી ? _____________________________

____________________________________________________________________

____________________________________________________________________

૬. તબ્રીઝમાં ટૂંકા સમયના રોકાણ પછી બાબને કયાં લઈ જવામાં આવ્યા હતા ? ____________

____________________________________________________________________

૭. એક વાર બાબને માહકુના કારાવાસમાં કેદ કરવામાં આવે પછી તેમના ધર્મનું શું થશે, તે અંગે વડાપ્રધાને શું વિચાર્યું હતું ? ____________________________________________

____________________________________________________________________

૮. વડાપ્રધાનનો વિચાર કઈ રીતે ખોટો પડયો ? ______________________________

______________________________

______________________________

૯. માહ-કુના બાબના કારાવાસના દરવાજા તેમના અનુયાયીઓ માટે કેવી રીતે ખુલી ગયા હતા ?

______________________________

______________________________

______________________________

૧૦. માહ-કુના કિલ્લામાં કેદ હતા તે સમય દરમ્યાન બાબે કયું મહત્વનું પુસ્તક પ્રગટ કર્યું ?

______________________________

૧૧. 'ફારસી બયાન'ની કેટલીક વિષયવસ્તુઓ કઈ છે ? ______________________________

______________________________

______________________________

______________________________

૧૨.બયાનમાં બાબે તેમના અનુયાયીઓને કોની શોધ કરવાનો અનુરોધ કર્યો ? ___________

______________________________

૧૩. જ્યારે વડાપ્રધાનને ખબર પડી કે બાબના ધર્મનો સતત ફેલાવો થઈ રહ્યો હતો ત્યારે, તેણે શું કર્યું ? ______________________________

______________________________

૧૪. બાબનું ચિહરીકમાં સ્થળાંતર કરવાથી તેમના ધર્મકાર્ય ઉપર શું અસર થઈ ? ___________

______________________________

૧૫. બાબને ચીહરીકથી તબ્રીઝ ખસેડવાથી બાબના શત્રુઓએ શું હાંસલ કરવાનો વિચાર કર્યો હતો ? ______________________________

______________________________

૧૬. બાબની પરીક્ષા દરમિયાન ધર્માધિકારીઓએ તેમને કયા પ્રશ્નો પૂછયા હતા ? __________

______________________________

______________________________

૧૭. તેમના પ્રશ્નોના જવાબમાં બાબે કઈ ઘોષણા કરી હતી ? ______________________

## વિભાગ ૮

બાબનો સંદર્ભ આપતાં અબ્દુલ-બહા કહે છે :

**"બાબ માટે-મારો આત્મા તેના માટે બલીદાન બને! - ભર યુવાનીમાં, એટલે કે જ્યારે તેમના આશીર્વાદિત જીવનના પચ્ચીસમાં વર્ષમાં પ્રવેશ્યા ત્યારે તેઓ તેમના ધર્મની ઘોષણા કરવા ઊભા થયા... એકલા હાથે, તેમણેં એક કાર્ય હાથ ધર્યું જેની ભાગ્યે જ કલ્પના કરી શકાય, કારણકે ઈરાનીઓ તેમના ધાર્મિક કટ્ટરવાદ માટે જાણીતા છે. આ પ્રસિધ્ધ વિભૂતિ એવી શક્તિ સાથે ઊભી થઈ કે તેમણેં ઈરાનના ધાર્મિક નિયમો, રીતરિવાજો, રીતભાત, નૈતિકતા અને ટેવોના પાયાને હચમચાવી દીધા અને એક નવો નિયમ, આસ્થા અને ધર્મની સ્થાપના કરી. યદ્યપિ રાજયના પ્રતિષ્ઠિત લોકો, મોટાભાગની પ્રજા અને ધર્મના આગેવાનો તેમનો જડમૂળમાંથી નાશ કરવા માટે એક થઈને ઊભા થયા હોવા છતાં, તેમણેં એકલા હાથે તેમનો સામનો કર્યો અને આખા ઈરાનમાં પ્રક્રિયાને ગતિમાન કરી. કેટલા બધા ધર્મગુરૂઓ, આગેવાનો, અને તે ભૂમિના નિવાસીઓ જેમણેં સંપૂર્ણ આનંદ અને પ્રસન્નતા સાથે તેમના માર્ગમાં તેમનું જીવન ન્યોછાવર કરી દીધું અને શહાદતના ક્ષેત્રમાં ઉતાવળા થયા!**

**"સરકાર, રાષ્ટ્ર, ધર્માધિકારીઓ અને અગ્રણી નેતાઓએ તેમના પ્રકાશને ઓલવવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ ફાયદો થયો નહિ. અંતે તેનો ચંદ્રમાં ઉગ્યો, તેનો તારો ચમકયો, અને તેનો પાયો સુરક્ષિત થયો, અને તેની ક્ષિતિજ પ્રકાશથી છલકાઈ ગઈ. તેમણેં દિવ્ય શિક્ષણ દ્વારા મોટી સંખ્યામાં લોકોને તાલીમ આપી અને ઈરાનીઓના વિચારો, રીતરિવાજો, નૈતિકતા અને રીતભાત પર અદ્‌ભૂત પ્રભાવ પાડયો. તેમણે તેમના અનુયાયીઓ સમક્ષ બહાના સૂર્યના પ્રગટીકરણના શુભ સમાચારની ઘોષણા કરી અને તેમને તેમનામાં આસ્થા અને યકીન માટે તૈયાર કર્યા.**

**"આવા અદ્‌ભૂત ચિન્હો તથા શક્તિશાળી ઉપક્રમોની અભિવ્યક્તિ, લોકોના વિચારો અને મન પર પડેલો પ્રભાવ, પ્રગતિના પાયાની સ્થાપના અને એક યુવાન વેપારી દ્વારા સફળતા અને સમૃદ્ધિની પૂર્વજરૂરીયાતોની સ્થાપના એ સૌથી મોટો પુરાવો છે કે તેઓ એક સાર્વત્રિક શિક્ષક હતા -આ એક એવી હકીકત છે કે કોઈ પણ ન્યાયી વ્યક્તિ તેનો સ્વીકાર કરવામાં કદી ખંચકાશે નહિ."**[૧૭]

તમને પ્રોત્સાહન આપવામાં આવે છે કે, તમે અબ્દુલબહાના ઉપરોક્ત શબ્દો અને અત્યાર સુંધી તમે જે ઈતિહાસનો અભ્યાસ કર્યો છે તેના આધારે, બાબના જીવન ઉપર એક ટૂંકુ વક્તવ્ય તૈયાર કરો અને તેને પ્રસ્તુત કરો.

## વિભાગ ૯

૧૮૫૦ની સાલમાં, ઈરાનના નવા વડાપ્રધાન પહેલાંના વડાપ્રધાનની જેમ જ લોહી તરસ્યો હતો, તેણે બાબના દેહાંતદંડનો હુકમ કર્યો. ફરીથી, બાબને ચિહરીકથી તબ્રીઝ લાવવામાં આવ્યા, જયાં એક ચોકની નજીકમાં આવેલા એક કેદખાનામાં તેમને રાખવામાં આવ્યા જે ચોક તેમની સહાદતનું ઘટનાસ્થળ બનવાનું હતું.

બાબને આ કેદખાના તરફ લઈ જવામાં આવ્યા હતા, એટલામાં એક યુવાન ટોળું વીંધીને ધસી આવ્યો અને બાબના પગમાં પડી ગયો. "હે માલિક, મને તમારાથી દૂર નહિ કરો." તેઓ જ્યાં પણ જાય ત્યાં તેમની સાથે આવવા દેવાની યુવાને બાબને આજીજી કરી. બાબે જવાબ આપતા કહ્યું, "ઊઠો" તમે ખાત્રી રાખજો કે તમે મારી સાથે જ રહેશો. ઈશ્વરે શું ફરમાન કર્યું છે તે આવતી કાલે તમે જોશો."[૧૮] આ યુવાનની, તેના બે સાથીઓ સાથે તરત જ ધરપકડ કરવામાં આવી અને જે કેદખાનામાં બાબ અને તેના મંત્રીને કેદ રાખવામાં આવ્યા હતા તે કોટડીમાં જ તેમને કેદમાં પૂરી દેવામાં આવ્યા. આ યુવાન અનિસ તરીકે જાણીતો થયો.

તે વખતે શહેરના લોકો સાથેના બાબના સંપર્ક માટે એટલા કડક નિયંત્રણો લાદવામાં આવ્યા હોવા છતાં, અનિસ જ્યારે ટૂંક સમય માટે તબ્રીઝમાં હતા ત્યારે તેણે બાબના નવા સંદેશ વિશે સાંભળ્યું હતું. અનિસનાં હૃદયમાં ઈશ્વરના પ્રેમની આગ એટલી મજબૂત હતી કે તેની એકમાત્ર ઈચ્છા તેના નવા ધર્મ માટે ફના થઈ જવાની હતી. પરંતુ તેના સાવકા પિતાએ, તેના પુત્રના વર્તનથી ગભરાઈને, અનિસની અવરજવર પર પ્રતિબંધ મૂકયો અને તેને તેના ઘરમાં કડક દેખરેખ હેઠળ રાખ્યા. ત્યાં અનિસે સપ્તાહો પ્રાર્થના અને ધ્યાનમાં પસાર કર્યા અને ઈશ્વરને વિનંતી કરી કે તેને ફરીથી તેના પ્રિયત્તમના દર્શન થાય. એક દિવસ, જ્યારે તે પ્રાર્થનામાં લીન હતા, ત્યારે તેને અસાધારણ દ્રષ્ટિ મળી. તેણે બાબને તેની સમક્ષ ઉભેલા અને તેને બોલાવતા હોય તેવુ દૃષ્ય જોયું. અનિસ તેમના પગમાં પડી ગયા. "ખુશી મનાવો," બાબે તેને કહ્યું, "સમય નજીક આવી રહ્યો છે જ્યારે આજ શહેરમાં લોકોની મેદનીની આંખો સામે મને મારી નાંખવામાં આવશે અને એ રીતે દુશ્મનોની જવાળાનો હું ભોગ બનીશ. મારી સાથે સહાદતનો પ્યાલો પીવા માટે હું તારા સિવાય બીજા કોઈને પસંદ કરીશ નહિ. ખાતરી રાખજે કે, હું તને જે આ વચન આપું છું તે અવશ્ય પરિપુર્ણ થશે."[૧૯] અને તેથી અનીશ ધીરજપૂર્વક પ્રતિક્ષા કરવા લાગ્યો, એવા વિશ્વાસ સાથે કે એ દિવસ શીઘ્ર આવશે જયારે તે તેમના પ્રિયતમને ફરીથી મળશે ! અને અંતે તેના હૃદયની આરઝુ પુરી થઈ.

તે સાંજે બાબનો આનંદ છલકાતો હતો. તેઓએ ખુશમીજાજથી અનીસ અને તેની સાથે કારાવાસની કોટડીમાં હતા એ ત્રણ વફાદાર સાથીઓને કહ્યું. "આવતી કાલનો દિવસ મારી શહાદતનો દિવસ હશે. કેટલું સારૂં હોત, જો તમારામાંથી કોઈએ ઉભા થઈને પોતાના હાથે મારી જીંદગીનો અંત આણ્યો હોત. દુશ્મનોના હાથે મરવા કરતાં હું એક મિત્રના હાથે મરવાનું પસંદ કરૂં છું. તેમના પૈકી કોઈ એટલી અમૂલ્ય જીંદગીને હણવાનો વિચાર પણ કરી શક્યા નહિ અને તેઓ ચૂપ રહ્યા, તેમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. પછી એકાએક, અનીસ ઝડપથી ઉભો થઈ ગયો અને કહ્યું કે બાબ જે પણ આદેશ આપે તેનું પાલન કરવા તે તૈયાર છે. બાબે ઘોષણા કરી કે, "આ યુવાન, જે મારી ઈચ્છા પૂરી કરવા તૈયાર થયો છે તે મારી સાથે જ શહીદ થશે. મારી સાથે શહાદતનો તાજ પહેરવા માટે હું તેને પસંદ કરીશ."[૨૦]

બીજા દિવસે વહેલી સવારે, ૯ જુલાઈ ૧૮૫૦ના રોજ, બાબ તેમના સચિવ સાથે કામ કરી રહ્યા હતા ત્યારે એક અધિકારીએ અચાનક તેમની વાતચિતમાં ખલેલ પાડી. બાબે અધિકારીને કહ્યું, જ્યાં સુધી

હું ઈચ્છું છું તે બધી જ બાબતો કહું નહિં ત્યાં સુધી દુનિયાની કોઈ તાકાત મને ચૂપ કરી શકે નહિ. ભલે આખું વિશ્વ શસ્ત્રોથી સજજ થઈને મારી સામે આવે તો પણ તેઓ મારો ઉદ્દેશ અને મારા અંતિમ શબ્દો પરિપૂર્ણ કરતાં મને રોકવા અસમર્થ હશે."[૨૧] પરંતુ અધિકારી બાબના શબ્દોનું મહત્વ સમજયા નહિ. તેણે કોઈ જવાબ આપ્યો નહિ અને સચિવને તેનું અનુસરણ કરવાની સૂચના આપી. ત્યાર પછી બાબને તેની કોટડીમાંથી શહેરના સૌથી ઉચ્ચ ધર્માધિકારીઓના ઘરે લઈ જવામાં આવ્યા, જેમણે કોઈ પણ પ્રકારના ખંચકાટ વગર તેમના દેહાંતદંડના આદેશ પર હસ્તાક્ષર કર્યા.

તે દિવસની મોડી સવારે બાબને મેદાનમાં લઈ જવામાં આવ્યા જ્યાં લગભગ દસ હજાર લોકોની ભીડ તેમના દેહાંતદંડની સજા નિહાળવા એકઠી થઈ હતી. બાબને સામખાનને હવાલે કરવામાં આવ્યા, સૈનિકોની ટુકડીના સરદારે બાબને દેહાંતદંડની સજા કરવાનો હુકમ કર્યો. પરંતુ એવા ડરમાં ડુબી ગયા કે તેના આ કૃત્યથી તેના ઉપર ઈશ્વરનો કોપ ઉતરશે. તેણે બાબને કહ્યું, "હું ખ્રીસ્તી ધર્મ પાળુ છું. અને તમારી વિરૂદ્ધ કોઈ ખરાબ કાર્ય કરવાની ઈચ્છા રાખતો નથી. જો તમારો ધર્મ સત્યનો ધર્મ હોય તો મને તમારૂં લોહી વહેવડાવવાની જવાબદારીમાંથી મુક્ત કરો. બાબે જવાબ આપ્યો, "તમારી સૂચનાનું પાલન કરો, અને જો તમારો ઈરાદો નિખાલસ હશે તો સર્વશક્તિમાન અવશ્ય તમને તમારી મૂંઝવણમાંથી મુક્ત કરવામાં સક્ષમ છે.[૨૨]

સામખાને તેના માણસોને દિવાલમાં લોખંડના ખીલા ઠોકવાનું અને તેની સાથે બે દોરડા બાંધવાનો હુકમ કર્યો. આ દોરડાથી બાબ અને અનીસને બાંધવામાં આવ્યા. અઢિસો સૈનિકોની એક એવી ત્રણ ટુકડીઓ ત્રણ હરોળમાં ગોઠવાઈ ગઈ. એક પછી એક ત્રણ ટૂકડીએ ગોળીબાર કર્યો. જયારે સાતસો પચાસ રાઈફલોમાંથી નિકળેલા ધુમાડા સમી ગયા, ત્યારે આશ્ચર્યચક્તિ ટોળાએ એવું દ્રશ્ય જોયું, જેના પર ભાગ્યે જ તેઓ વિશ્વાસ કરી શકતા હતા. અનિશ તેમની સમક્ષ જીવતો અને કોઈપણ ઈજા વગર ઉભો હતો, અને બાબ તેમની દૃષ્ટિથી અદ્રશ્ય થઈ ગયા હતા. રાયફલની ગોળીઓથી માત્ર દોરડા જ તૂટયા હતા જેનાથી બાબ અને અનિશને બાંધવામાં આવ્યા હતા. બાબને શોધવાના મરણીયા પ્રયાસો થયા. આખરે બાબ તેમના કેદખાનામાં બેઠેલા જોવા મળ્યા, તેઓ તેમના સચિવ સાથે વિક્ષેપિત વાર્તાલાપ પૂરો કરી રહ્યા હતા. "મેં મારો વાર્તાલાપ પૂરો કર્યો છે," બાબે કહ્યું. "હવે તમારો આશય પૂરો કરવા માટે તમે આગળ વધી શકો છો."[૨૩]

જે ઘટના બની તેનાથી સ્તબ્ધ થઈને, સામખાને તેના માણસોને ઈજા પહોંચાડવાની મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો અને તેમને ચોક છોડવાનો આદેશ આપ્યો. દેહાંતદંડની સજાનો અમલ કરવા માટે બીજી લશ્કરી ટુકડી બોલવામાં આવી. ચોકમાં ફરી એકવાર બાબ અને અનિશને બાંધવામાં આવ્યા અને સૈનિકોએ ગોળીબાર કર્યો. આ વખતે બંદૂકની ગોળીઓએ તેનું લક્ષ્ય સાધ્યું. બાબ અને અનિશનાં શરીર પરેપૂરા વિંધાઈ ગયા, છતાં તેમના ચહેરા પર કોઈ નિશાન હતુ નહિ. જ્યારે લશ્કરી ટુકડી ગોળીબાર કરવાની તૈયારી કરતી હતી, ત્યારે ત્યાં એકઠી થયેલી જનમેદનીને બાબે આ પ્રમાણે અંતિમ શબ્દોમાં સંબોધન કર્યું :

> **"હે માર્ગ ભટકેલા લોકો ! જો તમે મારામાં વિશ્વાસ કર્યો હોત તો, તમારા પૈકી દરેકે આ યુવકના ઉદાહરણનું અનુસરણ કર્યું હોત, જે તમારા બધા કરતાં ઉચ્ચ સ્થાન ધરાવે છે અને મારા માર્ગમાં રાજીખુશીથી પેતાની જાતનું બલીદાન આપ્યું હોત. એ દિવસ આવશે જયારે તમે મને ઓળખ્યા હશે ; તે દિવસે હું તમારી સાથે નહિં હોઉ"**[૨૪]

૧. કયા શહેરમાં બાબને શહિદ કરવામાં આવ્યા હતા ? ______________________________

૨. કોણે બાબને દેહાંતદંડની સજા ફરમાવી હતી? ______________________________

૩. કેવી રીતે અનિશ પણ બાબની સાથે શહિદ થવા માટે આવ્યા, તેની વાર્તાનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

૪. બાબે અનિસને પોતાની સાથે શહાદતનો તાજ પહેરવા શા માટે પસંદ કર્યા હતા?

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

૫. બાબના દેહાંતદંડની સવારે જયારે અધિકારીએ અચાનક બાબ અને તેમના સચિવની વાતચિતમાં ખલેલ પાડી ત્યારે, બાબે અધિકારીને કહ્યું: "જ્યાં સુધી ______________ તે બધી જ બાબતો કહું નહિં ત્યાં સુધી ____________ કોઈ _____________ મને _____________ કરી શકે નહિ."

૬. જે લશ્કરી ટૂકડીના સરદારે બાબના દેહાંતદંડની સજાનો આદેશ આપ્યો હતો, તેનુ નામ શું હતું?

______________________________________________________________

૭. સામખાને બાબને શું પૂછયું હતું ? ______________________________

______________________________

૮. બાબે સામખાનને શું કરવાનું કહ્યું ? ______________________________

______________________________

______________________________

૯. કેટલા સૈનિકોએ બાબ અને તેમના સાથી અનિશ ઉપર ગોળીબાર કર્યો હતો ? __________

૧૦. રાયફલના ધુમાડા સમી ગયા ત્યારે આશ્ચર્યચકિત થયેલા ટોળાંએ શું જોયું ?

______________________________

______________________________

______________________________

૧૧. જયારે બાબને શોધી કાઢવામાં આવ્યા ત્યારે તેઓ શું કરતા હતા ? __________________

______________________________

૧૨. અંતે જયારે બાબ કેદખાનામાં મળ્યા ત્યારે તેમણેં શું કહ્યું : ________________________

______________________________

______________________________

૧૩. કઈ તારીખે બાબની શહાદાતની ઘટના બની હતી ? ____________________________

______________________________

૧૪. જયારે બાબને શહીદ કરવામાં આવ્યા ત્યારે તેમની ઉંમર કેટલી હતી ? __________

______________________________

૧૫. નીચે આપેલી જગ્યામાં, બાબના દેહાંતદંડની સજા નિહાળવા માટે એકઠી થયેલી જનમેદનીને બાબે જે અંતિમ શબ્દોમાં સંબોધન કર્યું તે શબ્દો લખો.

______________________________

______________________________


______________________________

______________________________

______________________________

## વિભાગ ૧૦

સૂચન કરવામાં આવે છે કે, તમે નીચે આપેલા નકશામાં બાબની મુસાફરી અને દેશનિકાલનો માર્ગ તૈયાર કરો. એવું કરતાં, દરેક જગ્યાએ શું બન્યું હતું તેને યાદ કરવાની અને તેના પર ચિંતન કરવાનો પ્રયત્ન કરો.




## વિભાગ ૧૧

આ એકમમાં, તમે આ યુગના જોડીયા અવતારો પૈકી એક અવતારના જીવન વિશે અભ્યાસ કર્યો છે. તેમના ટૂકા કાર્યકાળ દરમિયાન બાબે ઈરાનમાં આધ્યાત્મિક ક્રાંતિનું સર્જન કર્યુ. હજારોની સંખ્યામાં પવિત્ર આત્માઓએ તેમના સંદેશનો સ્વીકાર કર્યો અને ઈશ્વરના અવતારના આગમન માટે તેમનીજાતને તૈયાર કરવા લાગ્યા, જેનો બાબ દ્વારા "તે જેને ઈશ્વર પ્રગટ કરશે," તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તમે જાણો છો કે, જ્યારે પણ ઈશ્વરના અવતાર પૃથ્વી પર પ્રગટ થાય છે ત્યારે, એવા લોકો જે સત્તા અને નેતાગીરીના ભૂખ્યા હોય છે તેઓ તેમની વિરૂદ્ધ ઊભા થાય છે અને તેમના પ્રગટીકરણના પ્રકાશને ઓલવવાનો પ્રયાસ કરે છે. આ કિસ્સામાં, ઈરાનના અજ્ઞાની નેતાઓ દ્વારા બાબને શહીદ કરી દેવામાં આવ્યા એટલું જ નહિ, પરંતુ તેમના હજારો અનુયાયીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા. આ શરૂઆતના બાબીઓનું પરાક્રમી જીવન, જેમણેં તેમના લોહીથી નવજાત પ્રગટીકરણના વૃક્ષનું ચિંતન

કર્યું, તે આગામી વર્ષોમાં તમારા અભ્યાસનો વિષય બની રહેશે. તમે જેમ જેમ બહાઈ યુગના શરૂઆતના વર્ષોના અસાધારણ ઈતિહાસનો અભ્યાસ કરશો તેમ તેમ, મુલ્લાં હુસેન, કુદદુસ, તાહિરા અને વાહીદ જેવી વિભૂતિઓ, તમારા આખા જીવન માટે પ્રેરણા અને પ્રોત્સાહનનો મહાન સ્ત્રોત બની રહેશે. હાલ પૂરતું એક મૂળભૂત પ્રશ્ન પર ચિંતન કરવું સારૂં રહેશે: આટલા ટૂંકા ગાળામાં, આટલા હજારો લોકોના જીવનમાં કેવી રીતે સંપૂર્ણ પરિવર્તન થયું અને અંધશ્રધ્ધામાં ડુબેલા અને ભ્રષ્ટ નેતાઓના ગુલામ બની ગયેલા લોકોમાંથી, કેવી રીતે આવા પવિત્ર આત્માઓ અસાધારણ પરાક્રમી કાર્યો કરવા માટે ઊભા થયા હશે? તેનો જવાબ માત્ર અલી મહમદ, બાબના વ્યક્તિત્વમાંથી જ મળી શકે છે. તેના પછી, સૂચન કરવામાં આવે છે કે, તમે બહાઉલ્લાહ, અબ્દુલબહા અને ધર્મસંરક્ષકના લખાણોમાંથી આ પવિત્ર વિભૂતિ વિશેના થોડા ફકરાઓનો અભ્યાસ કરો અને તેના પર ચિંતન કરો.

અબ્દુલબહા તેમની વસીયત અને ઈચ્છાપત્રમાં કહે છે:

**"આ બહાના લોકોની આસ્થાનો પાયો છે (મારૂ જીવન તેમના માટે સમર્પિત હો): પરમ પાવન, સ્તુત્ય વિભૂતિ (બાબ) જે ઈશ્વરની એકતા અને એકત્વના અવતાર છે તથા પુરાતન સૌદર્યના અગ્રદુત છે. પરમ પાવન આભા સૌદર્ય (મારૂ જીવન તેમના દૃઢ મિત્રો માટે ફના થઈ જાય) ઈશ્વરના સર્વોચ્ચ અવતાર છે અને તેના પરમ દૈવી સત્વની દિવ્ય-વસંત છે. બીજા બધા તેના સેવકો છે અને તેના આદેશનું પાલન કરે છે."**[૨૫]

ગોડ પાસીસ બાયમાં ધર્મરક્ષક દ્વારા લેખિત આ ફકરો આપણે વાંચીએ છીએ:

**"બહાઉલ્લાહે ઘોષિત કર્યુ છે તે મુજબ, બાબ સમસ્ત સત્વોનું સત્વ, બધા સાગરોનો સાગર, એવું બિંદું જેની આજુબાજુ અવતારો અને સંદેશવાહકોની વાસ્તવિકતા પરિક્રમા કરે છે. "જેનું સ્થાન તેમના પહેલાંના બધા અવતારોથી ચડિયાતું છે." અને જેમનું પ્રગટીકરણ તેના બધા પસંદ કરેલા લોકોની સમજ તથા જ્ઞાનથી ઉપર છે. તેમણે પોતાનો સંદેશ આપ્યો અને તેમનું મિશન પરિપૂર્ણ કર્યું. અબ્દુલબહાના શબ્દોમાં તેઓ 'સત્યની સવાર' અને 'પરમ મહાન શાંતિના અગ્રદૂત' હતા, જેમનું અવતરણ 'ભવિષ્યવાણીના યુગચક્ર' ની સમાપ્તિ અને 'પરિપૂર્ણતાના યુગચક્ર'ની શરૂઆતનો સંકેત છે, તેની સાથે સાથે તેના પ્રગટીકરણથી, તેમના દેશ ઉપર જે રાત્રીનો અંધકાર છવાયેલો હતો તેને દૂર કર્યો અને અદ્વિતિય સિતારાના ઉદયની ઘોષણા કરી જેનું તેજ સમગ્ર માનવજાતને ઘેરી લેવાનું હતું."**[૨૬]

બહાઉલ્લાહ સ્વયં વર્ણવે છે:

**"આટલા ટૂંકા સમયગાળાએ આ સૌથી શક્તિશાળી અને અદ્‌ભૂત પ્રગટીકરણને મારા પોતાના અગાઉના પ્રગટીકરણોથી અલગ કરી નાંખવો જોઈએ, તે એક રહસ્ય છે જેને કોઈ મનુષ્ય ઉકેલી શકશે નહિ અને એક એવું રહસ્ય જેને કોઈ મગજ સમજી શકે નહિ."**[૨૭]

અબ્દુલબહા કહે છે:

**"બાબનું અવતરણ પરોઢ જેવું છે, કારણ કે પરોઢમાં સૂર્યનું વચન છે. બાબની પરોઢે સત્યના સૂર્યના ઉદયનું વચન આપ્યું હતું જે સમગ્ર વિશ્વને આવરી લેવાનો હતો."**[૨૮]

## વિભાગ ૧૨

પૃથ્વી પર ઈશ્વરના અવતાર તરીકેના તેમના ટૂકા જીવન દરમિયાન, બાબે મોટી સંખ્યામાં પુસ્તકો તથા પાતીઓ પ્રગટ કરી. હવે જ્યારે તમે તેમના જીવનને લગતો તમારો અભ્યાસ પૂર્ણ કર્યો છે ત્યારે, ભલામણ કરવામાં આવે છે કે તમે તેમની નીચે આપેલી બે પ્રાર્થના મોઢે કરો.

> **"શું પરમાત્મા સિવાય સંકટોને દૂર કરનાર અન્ય કોઈ છે ? કહી દોઃ એકમાત્ર પરમાત્મા જ સ્તુત્ય છે ! તે જ છે પરમાત્મા ! સર્વ તેના સેવકો છે, અને તેની જ આજ્ઞાના બંધનમાં છે."**[૨૯]


> **"કહો : ઈશ્વર સચરાચરમાં છે. સ્વર્ગમાં કે પૃથ્વીમાં, એવો એકપણ કણ નથી કે જેમાં ભગવાનનો વાસ ન હોય. ખરેખર એ પોતે જ્ઞાતા, પાલક અને સર્વશક્તિમાન છે."**[૩૦]

## વિભાગ ૧૩

પુસ્તક ૨ ના ત્રીજા એકમમાં, તમે તમારા સમુદાયમાં ઘરોના મુલાકાતની શ્રેણી દરમિયાન, ખાસ કરીને પ્રભુધર્મમાં નવા લોકો સાથે, સખ્યાબંધ વિષયો પર કેવી રીતે વાતચિત કરવી, તે શીખવા પર તમારા પ્રયત્નો કર્યા. હવે તમે આ એકમનો અભ્યાસ પૂર્ણ કરી લીધો છે ત્યારે, તમે વિષયોની સૂચિમાં ઉમેરો કરી શકો છો, તમે બાબની જીવનગાથા વિશે ચર્ચા કરવાની ઈચ્છા રાખી શકો છો. દરેક અવસરે, તમે કેટલી વિગતોનો સમાવેશ કરવાનું પસંદ કરશો તે અનેક પરિબળો પર નિર્ભર હશે તેમાં કોઈ શંકા નથી. પરંતુ, સંજોગોને ધ્યાનમાં લીધા વિના, તમારે બહાઉલ્લાહના અગ્રદૂત અને નવા યુગના અગ્રદૂત તરીકે તેમના જીવનની મુખ્ય ઘટનાઓના વ્યાપક અહેવાલની આપ-લે કરવાની આશા રાખવી જોઈએ. ઘણીવાર, આગળ આપેલા પૃષ્ઠો તમારા માટે ઉપયોગી પૂરવાર થઈ શકે છે.

# બાબ

## નવ યુગના અગ્રદૂત




૨૦ ઓકટોબર ૧૮૧૯ ના રોજ ઈરાનની દક્ષિણમાં આવેલા સિરાઝ શહેરમાં બાબ નો જન્મ થયો હતો. હજું તેઓ બાળક હતા, ત્યારે તેમના પિતાનું અવસાન થયું. તેમના મામા દ્વારા તેમનો ઉછેર કરવામાં આવ્યો, જેમણે નાનપણમાં તેમને શાળામાં મુક્યા હતા.




બાબના શિક્ષક તરત જ એમની મહાન ક્ષમતા ઓળખી ગયા અને તેમને અનુભૂતિ થઇ કે તેઓ આવા અસાધારણ બાળકને શિખવવા માટે અસમર્થ હતા. બાબ ઈશ્વર દ્વારા જન્મજાત જ્ઞાનથી સંપન્ન હતા.



તે સમયે  ઇરાનના લોકો ઈશ્વરના એક નવા અવતારના આગમનની પ્રતિક્ષા કરી રહ્યા હતા. તેઓ પ્રાર્થના કરતા હતા કે તે જલ્દી પ્રગટ થાય, અને તેમની સાથે આ ધરતી પર શાંતિ અને ન્યાયના યુગની સ્થાપના કરે. પ્રતિક્ષિત અવતારની શોધમાં અનેક લોકોએ તેમના ઘરબાર છોડી દીધા હતા.



૨૩ મે ૧૮૪૪ ની સાંજે, પ્રતિક્ષિત અવતારની શોધમાં એક યુવક શિરાઝમાં પહોંચ્યો. બાબ તેમને નગરના પ્રવેશ દ્વારે મળ્યા અને તેમની લાંબી યાત્રા પછી તાજગી મેળવવા માટે તેમના ઘરે આમંત્રણ આપ્યું. ત્યાં બાબે ઘોષણા કરી કે તેઓ તે અવતાર છે જેની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.




બાબ નો અર્થ થાય છે દ્વાર. બાબે ઘોષણા કરી કે થોડા વખતમાં ઈશ્વરના બીજા અવતાર પ્રગટ થશે જે દુનિયાના બધા લોકોને એક પરિવારમાં એકીકૃત કરશે. બાબ માનવજાતને એક નવા અને કિર્તીમાન ભવિષ્ય તરફ લઈ જતા દ્વાર સમાન હતા.




બાબના અનુયાયીઓની સંખ્યામાં ઝડપથી વધારો થવા લાગ્યો. તેમણે સમગ્ર ઈરાનમાં બાબ દ્વારા પ્રગટ કરાયેલા દિવ્ય ઉપદેશોનો ફેલાવો કરવાનું શરૂ કરી દીધું.



પરંતુ થોડા વખતમાં જ સરકારી અધિકારીઓ અને ધર્માધિકારીઓ, જેમને લોકો પરની તેમની સત્તા ગુમાવવાનો ડર હતો, તેઓ ઈશ્વરના નવા ધર્મનો વિરોધ કરવા ઊભા થઈ ગયા. તેમણે બાબને તેમના અનુયાયીઓથી ખૂબ જ દુર, દેશના એક વિરાન કિલ્લામાં કેદ કરી દીધા.



બાબના અનુયાયીઓએ સખત યાતનાઓ સહન કરી. તેમના પર હુમલો કરવામાં આવ્યો, તેમને માર માર્યો અને કારાવાસમાં પૂરી દેવામાં આવ્યા. હજારોને મારી નાખવામાં આવ્યાં, છતાં ઇશ્વરનો ધર્મનો ફેલાવો સતત ચાલુ રહ્યો.



ઈ.સ. ૧૮૫૦ માં બાબને શહિદ કરી દેવામાં આવ્યા. સરકારી આદેશ મુજબ, તેમના એક અનુયાયી સાથે એક મેદાનમાં બાંધીને લટકાવવામાં આવ્યા અને સૈનિકોની એક ટૂકડી દ્વારા ગોળીઓ મારવામાં આવી. તે વખતે બાબ ફક્ત ૩૧ વર્ષના હતા.



‘ ઈશ્વરનો મહિમા,’ બહાઉલ્લાહના આગમન માટે માર્ગ તૈયાર કરવા બાબે તેમના જીવનનું બલીદાન આપ્યું, જેના ધર્મનો ધ્વજ નિશ્ચિતપણે, પૃથ્વીના દરેક ખૂણે લહેરાવવા માટે નિયત હતો.

**સંદર્ભસૂચિ :**


૧. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૨. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૩. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૪. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૫. અબ્દુલબહા, ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ માંથી
૬. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૭. બાબ, ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૮. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણનમાંથી
૯. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૧૦. અબ્દુલબહા, ધ પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસ માંથી
૧૧. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૧૨. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૧૩. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૧૪. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૧૫. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૧૬. બાબ, ગોડ પાસીસ બાય માંથી
૧૭. અબ્દુલબહા, સમ આન્સ્વર્ડ કવેશ્ચન્સમાંથી
૧૮. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૧૯. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૨૦. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૨૧. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૨૨. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૨૩. ડોન બ્રકર્સ (શહિદોની ગાથા), બહાઈ પ્રગટીકરણના પ્રારંભિક દિવસોનું નબીલ દ્વારા વર્ણન
૨૪. બાબ, ગોડ પાસીસ બાય માંથી
૨૫. અબ્દુલબહાની વસીયત અને ઈચ્છાપત્રમાંથી
૨૬. ગોડ પાસીસ બાયમાંથી
૨૭. બહાઉલ્લાહ, વોર્લ્ડ ઓર્ડર ઓફ બહાઉલ્લાહ
૨૮. અબ્દુલબહા ઓન ડિવાઈન ફિલોસોફી
૨૯. બાબ, બહાઈ પ્રાર્થનાઓમાંથી
૩૦. બાબ, બહાઈ પ્રાર્થનાઓમાંથી



# બહાઉલ્લાહની જીવનગાથા

ઉદ્દેશ

બહાઉલ્લાહ દ્વારા વિમૂક્ત આધ્યાત્મિક શક્તિઓની
વિશાળતાની સમજ પ્રાપ્ત કરવી અને તેમની
જીવન ગાથાનું વર્ણન કરવાનું શીખવું

## વિભાગ ૧

બહાઉલ્લાહ, જેમનું નામ મીર્ઝા હુસૈન અલી હતું, તેમનો જન્મ તા. ૧૨ નવેમ્બર ૧૮૧૭ના રોજ પર્શીયાના પાટનગર તહેરાનમાં થયો હતો. તેમના પિતા મીર્ઝા બુઝુર્ગ એક વિશિષ્ટ ઉમદા વ્યક્તિ હતા જેઓ ઈરાનના શાહી દરબારમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા. નાનપણથી જ બહાઉલ્લાહે મહાનતાના ચિન્હો તથા અસાધારણ જ્ઞાન અને ડહાપણ દર્શાવ્યા હતા. તેઓ કોઈ નિયમિત શાળામાં ગયા ન હતા અને માત્ર ઘરે જ થોડું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેમના બાળપણના સંદર્ભમાં, અબ્દુલબહા કહે છે :

> **"આશીર્વાદિત પરિપૂર્ણતા, બહાઉલ્લાહ ઈરાનના ઉમદા કુળના હતા. નાનપણની શરૂઆતથી જ તેઓ તેમના સંગાસબંધીઓ અને મિત્રોમાં વિશિષ્ટ હતા. તેઓ કહેતા, 'આ બાળક પાસે અસાધારણ શક્તિ છે.' ડહાપણમાં, બુધ્ધિમાં અને નવા જ્ઞાનનાં સ્ત્રોત તરીકે, તેઓ તેમની ઉમરના પ્રમાણમાં ઘણા આગળ હતા અને તેમની આસપાસના સમુહમાં તેઓ ચડિયાતા હતા. જેઓ તેમને જાણતા તે બધા તેમની સમજદારીથી સ્તબ્ધ હતા. તેમના માટે એમ કહેવું સહજ હતું કે, 'આવું બાળક વધારે જીવશે નહિ,' કારણ કે સામાન્ય રીતે એવું માનવામાં આવતું કે અસાધારણ બાળકો પરિક્વતાની વય સુંધી પહોંચતા નથી."[૧]**

તહેરાનમાં બહાઉલ્લાહના એક ભાઈના લગ્ન પ્રસંગની ઉજવણીમાં પોતે હાજરી આપેલી તે વખતની તેમના બાળપણની વાત તેઓ પોતે તેમની એક પાતીમાં કરે છે. તે વખતે તહેરાનમાં રિવાજ હતો તે પ્રમાણે, સાત દિવસ અને સાત રાત સુધી જમણની મોટી મીજબાનીઓ યોજવામાં આવેલી. છેલ્લા દિવસે મહેમાનોના મનોરંજન માટે એક પ્રખ્યાત રાજા વિશેનો કઠપુતળીનો ખેલ રાખવામાં આવ્યો હતો. ખેલ માટે તંબુ બાધ્યો હતો તે મેદાનની ઉપર આવેલી મેડી ઉપર એક રૂમમાં બહાઉલ્લાહ ખેલ જોવા બેઠા હતા.

તેઓ આપણને કહે છે કે કેટલાક માણસોના સ્વરૂપની ઢીંગલીઓના પ્રવેશથી ખેલની શરૂઆત થઈ જેઓ રાજાનાં આગમનની જાહેરાત કરતા હતા. ત્યારબાદ થોડી વધારે ઢીંગલીઓ આવી. કેટલાક સફાઈ કરતા હતા અને કેટલાક પાણી છાંટીને રાજાનાં આગમનની તૈયારી કરતા હતા. પછી તરત જ ઢંઢેરો પીટવાવાળો દાખલ થયો અને લોકોને રાજાને સાંભળવા માટે એકઠા થવાનું કહ્યું. કેટલાક લોકોનું જૂથ ત્યાં આવ્યું અને યોગ્ય સ્થાને સહુએ બેઠક લીધી. છેવટે રાજાએ રાજવી ઠાઠ સાથે પ્રવેશ કર્યો. તેમણેં માથે તાજ પહેર્યો હતો, તેઓ ધીમે ધીમે અને ભવ્ય ચાલે ચાલતા આવ્યા અને સિંહાસન ઉપર બિરાજમાન થયા. બંદુકો ફોડવામાં આવી, ઢોલ નગારા વગાડવામાં આવ્યા, અને આખો તંબુ ધૂમાડાથી ભરાઈ ગયો.

જયારે ધૂમાડો દૂર થઈ ગયો ત્યારે, રાજા હજુ સિંહાસન પર બેઠા હતા, અને તેમની આજુબાજુ મંત્રીઓ, રાજકુંવરો અને રાજયના અધિકારીઓ તેમની સમક્ષ ધ્યાન આપીને ઉભા હતા. તે વખતે, એક ચોરને રાજાની સમક્ષ લાવવામાં આવ્યો, રાજાએ હુકમ કર્યો કે તેનો શિરચ્છેદ કરવામાં આવે. કોઈપણ જાતના વિલંબ વગર જલ્લાદે આ હુકમનો અમલ કર્યો. તેનો અમલ થઈ ગયા પછી, રાજા તેના મંત્રીઓ અને અધિકારીઓ સાથે પરામર્શ કરવા લાગ્યા. એટલામાં એકાએક ખબર આવી કે રાજયની કોઈ એક સરહદે બળવો ફાટી નિકળ્યો છે. ચઢાઈ કરનારાઓને કચડી નાખવા તરત જ લશ્કરી ટૂકડીઓ મોકલવામાં આવી. થોડી ક્ષણ બાદ, પાછળના ભાગમાંથી તોપ ફૂટવાનો અવાજ આવ્યો અને એવી જાહેરાત થઈ કે રાજાની સેનાએ બળવાખોરોની સામે લડી રહ્યા હતા.

આવી રીતે ખેલ આગળ ચાલુ રહ્યો. બહાઉલ્લાહ ખેલના પ્રકારથી ખૂબ મુંઝવણમાં પડી ગયા. ખેલ પૂરો થયો અને પડદો પાડી દેવામાં આવ્યો પછી, બહાઉલ્લાહએ પડદા પાછળથી એક માણસને

હાથમાં પેટી લઈને બહાર આવતો જોયો. "આ પેટીમાં શું છે" બહાઉલ્લ્લાહે તેને પુછયું, "અને આ નાટકનો અર્થ શું હતો?" તેણે જવાબ આપ્યો, "આ બધો શાહી ભપકો અને વિશાળ ઉપકરણો, રાજા, રાજકુંવરો અને મંત્રીઓ, તેના ઠાઠમાઠ અને સૌંદર્ય, તેમની સત્તા અને શક્તિ, જે કંઈ તમે જોયું તે બધું હવે આ પેટીમાં બંધ છે." આ વિધાનની બહાઉલ્લાહ ઉપર ઉંડી અસર પડી, જેમણેં પછીથી ઘોષણા કરી:

> **"તે દિવસથી અત્યાર સુધી, આ યુવાનની નજરમાં દુનિયાની બધી માયાજાળ આ ખેલ જેવી લાગતી હતી. તેનું કોઈ વજન અને પરિણામ રહ્યું નથી અને કદી રહેશે પણ નહિં, એક રાઈના દાણા જેટલું પણ નહિં....**
>
> **"સમય આવતાં આ બાહ્ય માયાજાળ, દૃષ્યમાન ખજાનાઓ, આ દુન્યવી ક્ષુલ્લકતા, આ સૈન્યની જમાવટ, આ સુશોભિત વસ્ત્રો, આ અભિમાની અને અતિઘમંડી આત્મા, આ બધું પેલી પેટીમાં બંધ છે તેની જેમ જ કબરમાં કેદ થઈ જશે. જેઓ અંતઃદ્રષ્ટિ ધરાવે છે તેમની નજરમાં આ સંઘર્ષ, ઝઘડો, અભિમાન હંમેશા બાળકોના ખેલ અને મનોરંજન જેવા હતા અને રહેશે"**[૩]

બહાઉલ્લાહના બાળપણ સાથે સંકળાયેલી બીજી એક વાર્તા તેમના પિતાશ્રીના સ્વપ્ન સાથે સબંધ ધરાવે છે જેમાં બહાઉલ્લાહ એક વિશાળ મહાસાગરમાં તરતા દેખાયા હતા.

> "વિશાળ અને અસીમ મહાસાગરમાં તરતા હતા. તેમના શરીરના તેજની રોશનીએ સમુદ્રને પ્રકાશિત કરી દીધો હતો. તેમનું માથું પાણીની સપાટી ઉપર સ્પષ્ટ દેખાતું હતું અને તેમની આસપાસ તેના ઘેરા કાળા રંગના વાળ બધી જ દિશામાં પ્રકાશ ફેલાવતા વિપૂલ પાણીની સપાટી ઉપર તરતા હતાં. માછલીઓનો મોટો સમુહ તેમની આસપાસ ભેગો થયો હતો. દરેક માછલીએ વાળનો એક એક છેડો મજબૂત રીતે પકડી લીધો. તેમના તેજસ્વી મુખારવિંદના પ્રભાવથી આકર્ષિત થયેલી માછલીઓ તેઓ જે દિશામાં તરતા તે દિશામાં તેમનું અનુસરણ કરતી હતી. માછલીઓની સંખ્યા વધારે હતી અને તેમણે વાળનો છેડો મજબુત રીતે પકડયો હોવા છતાં તેમના માથામાંથી એક પણ વાળ છૂટો પડયો નહી કે તેનાં શરીરને થોડી સરખી પણ ઈજા થઈ નહી. મુક્તપણે અને કોઈ અવરોધ વિના તેઓ પાણી ઉપર તરતા રહ્યા અને માછલીઓ તેમને અનુસરતી રહી."[૪]

આ સ્વપ્નથી પ્રભાવિત થઈને, બહાઉલ્લાહના પિતાએ એવી વ્યક્તિને બોલાવ્યા જે તેમની અંતઃદ્રષ્ટિ માટે જાણીતા હતા અને તેમને સ્વપ્નનું અર્થઘટન કરવાનું કહ્યું. આ વ્યક્તિ જાણે બહાઉલ્લાહના ભવિષ્યની મહિમાની ઝલકથી પ્રેરિત હોય એવી રીતે કહ્યું:

> "તમે સ્વપ્નમાં જે અસીમ મહાસાગર જોયો તે બીજું કંઈ નહિ પણ માનવ જગત છે. તમારા પૂત્ર એકલે હાથે અને એકલા જ તેના ઉપર સર્વોપરી આધિપત્ય ધરાવશે. કોઈ નડતર વગર તેઓ ઈચ્છે ત્યાં આગળ વધી શકશે. તેમની આગેકુચને કોઈ રોકી નહિં શકે, કોઈ તેમનો વિકાસ રૂંધી નહિં શકે. માછલીઓનો સમુહ એ બહાઉલ્લાહ લોકોમાં અને દુનિયાના સગાંસબંધીઓમાં જે ખળભળાટ જગાવશે તેનો સૂચક છે. તેઓ તેમની આસપાસ જમા થશે અને તેમને દ્રઢપણે વળગી રહેશે. સર્વશક્તિમાનનાં અચૂક રક્ષણની ખાત્રી રાખજો, આ ખળભળાટ તેમના વ્યક્તિત્વને કદી નુકશાન પહોચાડશે નહિ, તેમજ તેમની જીંદગીના સમુદ્ર ઉપરની એકલતા તેમની સલામતીને જોખમમાં મુકશે નહિ."[૫]

૧. બહાઉલ્લાહનું નામ શું હતું ? ____________________________________________

૨. કઈ તારીખે તેમનો જન્મ થયો હતો ?________________________________________

૩. તેમનો જન્મ કયાં થયો હતો ? ____________________________________________

૪. પર્શીયા આજે બીજા કયા નામથી ઓળખાય છે ? _______________________________

૫. બહાઉલ્લાહના પિતાનું નામ શું હતું ? _____________________________________

૬. બહાઉલ્લાહના પિતા કયા પ્રકારનો હોદ્દો ધરાવતા હતા ? __________________________

_________________________________________________________________

૭. એક બાળક તરીકે બહાઉલ્લાહે કઈ નિશાનીઓ પ્રદર્શિત કરી? ____________________

_________________________________________________________________

૮. બહાઉલ્લાહે કયા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતુ ? ______________________________

_________________________________________________________________

૯. બહાઉલ્લાહે બાળપણમાં જે કઠપુતળીનો ખેલ જોયો હતો તેનું વર્ણન કરો.

_________________________________________________________________

_________________________________________________________________

_________________________________________________________________

_________________________________________________________________

_________________________________________________________________

_________________________________________________________________

_________________________________________________________________

_________________________________________________________________

_________________________________________________________________

૧૦. કઠપુતળીના ખેલનો સામાન, રાજા, મંત્રી, સિપાઈઓ, અને રાજદરબાર વગેરે બધું પેટીમાં બંધ હતું તે જાણીને બહાઉલ્લાહે શું વિચાર કર્યો ?__________________________

_________________________________________________________________

_________________________________________________________________

_________________________________________________________________

૧૧. બહાઉલ્લાહે જે દિવસે રાજા, તેના મંત્રીઓ, સૈનિકો તથા રાજસિંહાસનને એક પેટીમાં જોયું તે ત્યારથી તેમણે ઘોષણા કરી કે :

“આ ___________ ની નજરમાં __________ ની બધી ___________ આ _________ જેવી લાગતી હતી. તેનું કોઈ __________ અને __________ રહ્યું નથી અને કદી રહેશે પણ

નહિં, એક __________ ના __________ જેટલું પણ નહિં.... સમય આવતાં આ __________________, આ ______________________, આ ______________________, આ __________________, આ __________________, આ ____________ અને _____________ ____________, આ બધું પેલી પેટીમાં બંધ છે તેની જેમ જ કબરમાં _________ થઈ જશે. જેઓ ____________ ધરાવે છે તેમની નજરમાં આ __________, __________, ____________ હંમેશા __________ ના __________ અને __________ જેવા હતા અને રહેશે"

૧૨.મીર્ઝા બુઝુર્ગના સ્વપ્નનું તમારા શબ્દોમાં વર્ણન કરો :

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

૧૩. સ્વપ્નમાં દેખાયેલા મહાસાગરનો અર્થ શું હતો? ____________________________

________________________________________________________________________

૧૪. સ્વપ્નમાં બહાઉલ્લાહની ચારેબાજુ ભેગી થયેલી માછલીઓના સમુહનો અર્થ શું હતો?

________________________________________________________________________

________________________________________________________________________

૧૫. બહાઉલ્લાહ મુક્તપણે અને કોઈ અવરોધ વિના પાણી ઉપર તરતા રહ્યા, તેનો અર્થ શું હતો?

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

## વિભાગ ૨

દૈવી અવતારો જન્મજાત જ્ઞાનથી સંપન્ન હોય છે અને તેઓને શાળા કે વિશ્વવિધાલયોમાંથી શિક્ષણ પ્રાપ્ત કરવાની જરૂર હોતી નથી. તેઓ દિવ્ય શિક્ષકો છે, શિક્ષિત નહિ, બહાઉલ્લાહ કહે છે :

**"આ મજલૂમ કોઈ શાળામાં ગયા નથી, નહિ તો તેણેં વિદ્વાનોના પ્રવચનમાં ભાગ લીધો છે. મારા જીવનના સોગંદ ! મેં મારી પોતાની ઈચ્છાથી મારી જાતને પ્રગટ કરી નથી, પરતું ઈશ્વરે, તેની પોતાની પસંદગીથી, મને પ્રગટ કર્યો છે."**[૬]

બહાઉલ્લાહના જન્મજાત જ્ઞાનના સંદર્ભમાં અબ્દુલબહા કહે છે :

**"તેમના સામર્થ્યના પ્રભાવથી કોઈ તેમની હાજરીમાં ભયની લાગણી અનુભવ્યા વગર આવી શકતું નહિં. તેઓ કદી નિશાળે નહિં ગયા હોવા છતાં, તેમજ કોઈએ તેમને ભણાવ્યા નહિ હોવા છતાં, જે પંડિતો તેમને મળવા આવતા તે તેમના જ્ઞાનથી દંગ થઈ જતા. તેમના મિત્રો અને તેમનો પરિવાર આ વાતની સાક્ષી આપતા હોવા છતાં, તેમના ઉપદેશો આ યુગનો પ્રાણ છે.**

**"સૂર્ય સ્વયં પ્રકાશિત છે, તે બીજા સ્ત્રોતમાંથી પ્રકાશ મેળવતો નથી. દૈવી શિક્ષકો પાસે જન્મજાત પ્રકાશ હોય છે ; તેમના પાસે બ્રહ્માંડની બધી વસ્તુઓનું જ્ઞાન અને સમજ હોય છે. બાકીનું વિશ્વ તેમની પાસેથી તેનો પ્રકાશ પ્રાપ્ત કરે છે અને તેમના દ્વારા દરેક યુગમાં કલા અને વિજ્ઞાન પુનર્જીવિત થાય છે."**[૭]

૧. નીચેના વાક્યો પુરા કરો :

અ. સૂર્ય ____________________ છે, તે બીજા ____________________ મેળવતો નથી.

બ. દૈવી શિક્ષકો પાસે ________________________________________ હોય છે.

ક. દૈવી શિક્ષકો પાસે બ્રહ્માંડની બધી વસ્તુઓનું ______________ અને ______________ હોય છે.

ડ. બાકીનું વિશ્વ દૈવી શિક્ષકો પાસેથી ________________________________ કરે છે.

ઈ. દૈવી શિક્ષકો દ્વારા __________________ કલા અને વિજ્ઞાન __________________ થાય છે.

૨. "જન્મજાત જ્ઞાન" નો અર્થ અને જનમજાત જ્ઞાન અને અર્જિત જ્ઞાન વચ્ચે શું તફાવત છે તેના વિશે તમારાં જૂથના બીજા સભ્યો સાથે ચર્ચા કરો.

૩. બહાઉલ્લાહના લખાણોમાંથી લેવામાં આવેલું ઉપરોક્ત અવતરણ મોઢે કરો.

## વિભાગ ૩

જેમ બહાઉલ્લાહ ઉંમરમાં મોટા થતા ગયા તેમ તેમની મહાનતાના ચિન્હો વધુને વધુ પ્રગટ થવા લાગ્યા. તેઓ યુવાવસ્થાએ પહોંચ્યા ત્યાં સુંધીમાં તેમની કુશાગ્ર બુધ્ધિ, તેમનું શ્રેષ્ઠ ચરિત્ર્ય, તેમની ઉદારતા અને સહાનુભૂતિ માટે સુપ્રસિધ્ધ થઈ ગયા. તેઓ સૌથી મુશ્કેલ સમસ્યાઓનો ઉકેલ લાવવા અને સૌથી જટિલ સવાલોના જવાબ આપવા સક્ષમ હતા. તેમની પાસે અસાધારણ શક્તિ હોવા છતાં, તેમણે કદી કોઈ પદ કે પ્રતિષ્ઠા મેળવવાની ઈચ્છા રાખી ન હતી. જયારે તેમના પિતાનું અવસાન થયું ત્યારે બહાઉલ્લાહને તેમના પિતાના પગલાનું અનુસરણ કરવા અને રાજાના દરબારમાં તેમના પિતાની જગ્યા લેવા માટે વિનંતી કરવામાં આવી. પરંતુ તેમણે તેનો અસ્વિકાર કર્યો. તેમને આ જગતના ખિતાબો અને સન્માનમાં રસ ન હતો. તેમને ગરીબોના સંરક્ષણ અને જરૂરીયાતમંદોના રક્ષણમાં રસ હતો. અઢાર

વર્ષની ઉંમરે બહાઉલ્લાહે આશિયા ખાનૂમ સાથે લગ્ન કર્યા અને તેમનું ઘર બધા લોકો માટે આશ્રયસ્થાન બની ગયું. કોઈને તેમની મહેમાનગીરીનો ઈન્કાર કરવામાં આવતો નહી.

શિરાઝમાં બાબે જ્યારે ૨૩ મે ૧૮૪૪ ના રોજ મુલ્લા હુસૈન સમક્ષ તેમના જીવનધ્યેય (મિશન)ની ઘોષણા કરી, ત્યારે બહાઉલ્લાહ સતાવીશ વર્ષના હતા. આ ઐતિહાસિક ઘટનાને ભાગ્યેજ ત્રણ મહિના થયા હશે ત્યાં, બહાઉલ્લાહને બાબ તરફથી એક દસ્તાવેજ પ્રાપ્ત થયો જેમાં તેમના કેટલાક પવિત્ર લખાણો હતા. તેમણેં તરતજ બાબના પ્રગટીકરણના સત્યને સમર્થન આપ્યું અને તેમના ઉપદેશોનો પ્રચાર કરવા ઉભા થઈ ગયા. બહાઉલ્લાહે આ દસ્તાવેજ કેવી રીતે પ્રાપ્ત કર્યો તેની વાર્તા નીચે મુજબ છે.

બાબે તેમના ચુનિંદા શિષ્યો, અઢાર જીવિત અક્ષરોની નિમણૂંક કરી તેનાપછી તરત જ, તેમણેં તેમને તેમની ઉપસ્થિતિમાં બોલાવ્યા અને તેમને તેમનાં ધર્મનો પ્રચાર અને ફેલાવો કરવાની સૂચના આપી. તેમણે દરેકને એક ખાસ કામગીરી સોંપી, કેટલાકને તેમની પોતાની જન્મભૂમિના વિસ્તારને તેમની કામગીરીનું ક્ષેત્ર બનાવવાની આજ્ઞા આપી. આ અઢાર નસિબદાર આત્મોમાંથી, કુદ્દુસની પસંદગી તેમની મક્કાની યાત્રા દરમિયાન તેમના સાથીદાર તરીકે થઈ હતી, જ્યાં તેઓ તેમનાં જીવનધ્યેયની ઘોષણા કરવાના હતા. તેમનામાં સૌપ્રથમ વિશ્વાસ કરનાર, મુલ્લા હુસૈનને તેમણે આ શબ્દોમાં સંબોધન કર્યું: ‘‘તને મારી હિજાજની યાત્રામાં સાથે આવવા માટે પસંદ કર્યા નથી, તેથી દુંખી નહિ થા. તેને બદલે, હુ તને એવા શહેરમાં મોકલીશ કે જ્યાં પવિત્રતાનું એવું ગહન રહસ્ય છુપાયેલું છે, જેની બરોબરી કરવાની હિજાઝ કે શિરાઝ આશા રાખી શકે નહિં.’’[૮] તેમણે મુલ્લા હુસૈનને એક દસ્તાવેજ આપ્યો અને તેને તહેરાન તરફ જવાની સૂચના આપી. તેમણેં તેને ઈશ્વરને યાચના કરવાનું કહ્યું કે જેથી તે શહેરમાં છુપાયેલા રહસ્યનો વૈભવ સમજવામાં અને પ્રિયતમની હાજરીમાં પ્રવેશ કરવામાં ઈશ્વર તેની સહાયતા કરે.

મુલ્લા હુસૈન તેના મિશન માટે રવાના થયા, અને કેટલાંક શહેરામાંથી પસાર થયા પછી તહેરાન પહોચ્યાં. ત્યાં તેણે ધાર્મિક અભ્યાસ માટે નિશાળમાં એક ઓરડો ભાડે રાખ્યો. તેનું સૌપ્રથમ એક કાર્ય હતું શાળાના વડાને બાબનો સંદેશો આપવાનું, જેનો શાળાના વડાએ ઘમંડથી અસ્વિકાર કર્યો હતો. પરંતુ શાળાના એક યુવાન વિદ્યાર્થીએ તેમનો વાર્તાલાપ સાંભળ્યો અને આ મુસાફરના શબ્દો દ્વારા તે પ્રભાવિત થયા. તેણે મધરાતે મુલ્લા હુસૈન પાસે જઈને તેમણે અતિ ઉત્સાહથી જાહેર કરેલા સંદેશા વિશે વધુ જાણકારી મેળવવાનું નક્કી કર્યું. મુલ્લા હુસૈને તેનું સ્વાગત કર્યું અને ખૂબ જ વિવેક અને દયાભાવથી તેની સાથે વાત કરી. તેણે વિદ્યાર્થીને કહ્યું કે તેને હવે સમજમાં આવ્યું હતું કે તેઓ અહિં શા માટે આવ્યા હતા. તેઓ જે સંદેશો લાવ્યા હતા તેનો શાળાના વડાએ તિરસ્કારપૂર્વક અસ્વિકાર કર્યો હતો. મુલ્લા હુસૈને કહ્યું કે ‘‘મારી આશા છે કે શાળાનો આ વિદ્યાર્થી શાળાના વડાએ જેનો અસ્વીકાર કર્યો છે તે સંદેશમાં રહેલું સત્ય જરૂર સમજશે.’’[૯]

તેમની વાતચિત દરમિયાન, મુલ્લા હુસૈને તે વિદ્યાર્થીને પૂછયુ કે તે કયાંના રહેવાસી હતા. જવાબ આપતાં તેણે કહ્યું કે તે માઝીન્દરાંન રાજયમાં આવેલ નૂર જિલ્લાના રહેવાસી હતા. ત્યારે મુલ્લા હુસૈને જીજ્ઞાસાપૂર્વક પૂછયું કે, ‘‘શું સ્વર્ગીય મિર્ઝા બુઝુર્ગ-એ-નૂરીના પરિવારમાં એવું કોઈ છે જેઓ તેમની જેમ જ ચરિત્ર્ય અને મોહકતા તેમજ કલાત્મક અને બૌધિક ઉપલબ્ધિઓ માટે જાણીતા હોય, એવું કોઈ જેમણે તે અનુકરણીય ઘરાનાની ઉચ્ચ પરંપરા જાળવી રાખવાની યોગ્યતા પૂરવાર કરી હોય ?’’[૧૦]

તેમણે જવાબ આપ્યો. ‘‘જી હા, તેમના હયાત પૂત્રોમાંથી એક પૂત્ર છે, જેમણેં એવા ગુણોથી પોતાની જાતને વિશિષ્ટ બનાવી છે જેમાં તેમના પિતાના ગુણો દેખાઈ આવે છે. તેમના સદગુણી જીવન, તેમની સર્વોચ્ચ સિધ્ધીઓ, તેમની પ્રેમાળ કરૂણા અને ઉદારતા દ્વારા તેમણે સાબિત કર્યું છે કે તેઓ કુલીન

પિતાના કુલીન વંશજ છે." "તેમનો વ્યવસાય શું છે ? "મુલ્લા હુસૈને પૂછયું. તેઓ નિરાશ લોકોને ખુશી આપે છે અને ભૂખ્યાને ભોજન આપે છે." "તેમનું સ્થાન તથા તેમની પદવી શું છે ?" "ગરીબો તથા અજાણ્યા લોકોને મિત્ર બનાવવા સિવાય બીજું કંઈ નથી." "તેમનું નામ શું છે ?" હુસૈન અલી"[૧૧]

દરેક જવાબ સાથે, મુલ્લા હુસૈન વધુને વધુ પ્રસન્ન્તા અનુભવતા ગયા. "તેઓ તેમનો સમય કેવી રીતે પસાર કરે છે ?" તેણે આગળ પૂછયું. "તેઓ જંગલોમાં ફરે છે અને ગ્રામ્ય સૌંદર્યથી ખુશી પ્રાપ્ત કરે છે." "તેમની ઉંમર શું છે ?" "૨૮ વર્ષ." મુલ્લા હુસૈનનો ચહેરો સંતોષ તથા આનંદથી ચમકી ઉઠયો જ્યારે તેણે પેલા યુવાનને પૂછયું : "મને લાગે છે કે તમે તેમને વારંવાર મળતા હશો ?" "હું ઘણી વખત તેમના ઘરે જાઉં છું," તેણે જવાબ આપ્યો. "શું તમે મારા તરફથી એક અમાનત તેમને આપશો ?" "ખાત્રી પૂર્વક," તેણે જવાબ આપ્યો. તેના પછી મુલ્લા હુસૈને કપડામાં વીટાળેલ એક દસ્તાવેજ તેમને આપ્યો અને બીજા દિવસે પ્રાત:કાળે બહાઉલ્લાહને સુપરત કરવાની વિનંતી કરી. મુલ્લા હુસૈને આગળ કહ્યું, "શું તમે મને તેમનો ઉત્તર આપવાની મહેરબાની કરશો ?[૧૨] વિદ્યાર્થીએ દસ્તાવેજ લીધો અને વહેલી સવારે મુલ્લા હુસૈનની વિનંતી પૂર્ણ કરવા નિકળી પડયો.

તે બહાઉલ્લાહના ઘરની નજીક પહોંચ્યા ત્યારે ઘરના દરવાજે બહાઉલ્લાહના ભાઈ મીર્ઝા મુસાને ઉભેલા જોયા અને તેને પોતાની મુલાકાતનું કારણ દર્શાવ્યું. મીર્ઝા મુસા યુવાનને બહાઉલ્લાહ સમક્ષ લઈ ગયા અને તેમને દસ્તાવેજ સુપરત કર્યો. બહાઉલ્લાહે તેમને બેસવાનું કહ્યું. દસ્તાવેજ ખોલીને તેમાનાં થોડા ફકરા તેઓ મોટેથી વાંચવા લાગ્યા. એકાદ પાનું વાચ્યું હશે ત્યાં, તેના ભાઈ તરફ ફર્યા અને બોલ્યા : "મુસા તમારો શું મત છે ? હું ખાત્રી પૂર્વક કહું છું કે જે કોઈ કુરાનમાં અને તેના પવિત્ર દિવ્ય ઉદ્‌ગમમાં વિશ્વાસ ધરાવે છે તે ભલે થોડીક ક્ષણો માટે પણ, આત્મસ્પર્ષી એવા આ શબ્દો એટલી જ શક્તિ ધરાવે છે એમ કહેતાં અચકાતો હોય તો તે તેનો અભિપ્રાય આપવામાં થાપ ખાઈ ગયો છે અને ન્યાયના માર્ગથી દૂર થઈ ગયો છે."[૧૩] પોતાની પાસેથી રજા આપતા બહાઉલ્લાહે યુવાનને મુલ્લા હુસૈન માટે તેમના તરફથી ભેટ તરીકે ખાંડ અને ચાનું પડીકું લઈ જવા અને તેમના સુંધી આભાર તથા પ્રેમની લાગણી પહોંચાડવાની વિનંતી કરી.

ખુશીથી ભરાઈ ગયેલો યુવાન ઉઠયો અને ઉતાવળે મુલ્લા હુસૈન પાસે જવા રવાના થયો. તેણે બહાઉલ્લાહની ભેટ અને સંદેશો તેને આપ્યાં. મુલ્લા હુસૈને કેટલા આનંદથી તેનો સ્વીકાર કર્યો તેનું વર્ણન કોઈ શબ્દો દ્વારા થઈ શકે નહિ. નત મસ્તકે તેણે ભેટનો સ્વીકાર કર્યો અને હૃદયની ઉષ્મા સાથે તેને ચુમ્યા. પછી તેણે યુવાનને છાતી સરસો ચાંપ્યો અને તેની આંખો ચુમીને કહ્યું "મારા વ્હાલા મિત્ર ! જેવી રીતે તેં મારા હૃદયને પ્રફૂલ્લિત કર્યું છે એવી જ રીતે પરમેશ્વર તને શાશ્વત પરમ સુખ આપે અને તારા હૃદયને અવિનાશી આનંદથી ભરી દે."[૧૪] મુલ્લા હુસૈનના આવા વર્તનથી યુવાન ખૂબ મુંઝવણમાં પડી ગયો. તેને નવાઈ લાગી કે આ આત્માઓ વચ્ચેના ભાઈચારાનું કારણ શું હશે ? તેમના આ પ્રકારના સંબંધનું કારણ શું હશે ? બહાઉલ્લાહ તરફથી મળેલી આટલી નાની ભેટ માટે આટલો બધો આનંદ કેમ વ્યક્ત કર્યો હશે ? યુવાન સામે આવી પડેલું આ એવું રહસ્ય હતું કે જેને તે ઉકેલી શકયો નહિં.

થોડા દિવસ પછી મુલ્લા હુસૈન ઈરાનની ઉત્તર-પૂર્વમાં આવેલા ખુરાસાન રાજયમાં જવા રવાના થયા. નૂરના યુવાન વિદ્યાર્થીની વિદાય લેતી વખતે તેણે કહ્યું કે : "જે કંઈ તમે જોયું અને સાંભળ્યું છે તેના વિશે કોઈને કહેવું નહિં. આ ગુપ્ત વાતને તારા હૃદયમાં જ રાખજે. તેમનું નામ પણ કોઈને કહેતો નહિં કારણ કે જેઓ તેમનીપ્રતિષ્ઠાની ઈર્ષા કરે છે તેઓ તેમને નુકશાન પહોંચાડવા ઉભા થશે. તું જ્યારે ધ્યાન

ઘરે ત્યારે પરમાત્મા તેમનું રક્ષણ કરે તેના માટે પ્રાર્થના કરજે કે જેથી પરમેશ્વર તેમના દ્વારા દલિતોનો ઉદ્ધાર કરે, ગરીબોને ધનવાન બનાવે અને કચડાયેલાને ઊભા કરે. ચીજોનું રહસ્ય આપણી આંખોથી છૂપાયેલું છે. આપણું કર્તવ્ય છે, નવા યુગનો અવાજ ઉઠાવવાની અને આ બધા લોકો સમક્ષ દિવ્ય સંદેશાની ઘોષણા કરવાનું. આ માર્ગમાં, આ શહેરના ઘણા આત્માઓ પોતાનું લોહી રેડશે. એ લોહી પ્રભુના વૃક્ષનું સિંચન કરશે, તેના વિકાસનું કારણ બનશે અને સમસ્ત માનવજાતને તે છાયો પૂરો પાડશે.[૧૫]

૧. અઢાર જીવિત અક્ષરોની નિયુક્તિ કર્યા પછી બાબે શું કર્યું ? ____________________

____________________________________________________________

૨. બાબે તેમની મક્કાની યાત્રાના સાથીદાર તરીકે કોની પસંદગી કરી હતી ? ____________

____________________________________________________________

૩. હિજાઝ કયા દેશનો નિર્દેશ કરે છે ? ______________________________

૪. બાબનો સૌપ્રથમ સ્વીકાર કરનાર મુલ્લા હુસૈનને બાબે આ શબ્દોમાં સંબોધન કર્યું :

"તને મારી __________ની __________ માં સાથે આવવા માટે પસંદ કરેલ નથી, તેથી __________ નહિ થા. તેને બદલે, હુ તને એવા શહેરમાં મોકલીશ કે જ્યાં __________એવું __________છુપાયેલું છે, જેની બરોબરી કરવાની __________ કે __________આશા રાખી શકે નહિં.

૫. બાબે મુલ્લા હુસૈનને શું આપ્યું ?______________________________

____________________________________________________________

૬. તહેરાન પહોંચીને મુલ્લા હુસૈને ધાર્મિક અભ્યાસ માટે શાળાનો એક ઓરડો ભાડે રાખ્યો હતો. તે શાળાના વડાએ બાબના સંદેશાને કેવો પ્રતિભાવ આપ્યો ? ____________________

____________________________________________________________

૭. ઈશ્વરે મુલ્લા હુસૈનને શાળા તરફ શા માટે દોરવણી આપી ? ____________________

____________________________________________________________

૮. બાબના સંદેશનો પ્રતિભાવ આપનાર વિદ્યાર્થી કયાંનો રહેવાસી હતો ? ____________

____________________________________________________________

૯. બહાઉલ્લાહના પૂર્વજોનું ઘર કયાં હતું ? ______________________________

૧૦. મુલ્લા હુસૈનની પૂછપરછના પ્રતિભાવમાં, નૂરના વિધાર્થીએ વર્ણન કર્યું હતું તે મુજબ :

- બહાઉલ્લાહના પિતા કયા ગુણો માટે જાણિતા હતા ? ____________________

____________________________________________________________

- બહાઉલ્લાહનું ધ્યાન શેમાં વ્યસ્ત હતું? ______________________________
______________________________________________________________

- તેમનું પદ અને સ્થાન શું હતું? ______________________________
______________________________________________________________

- તેઓ કેવી રીતે તેમનો સમય પસાર કરતા હતા? ______________________________
______________________________________________________________

૧૧. નૂરના વિદ્યાર્થીને મુલ્લા હુસૈન શેના માટે વિનંતી કરી? ______________________________
______________________________________________________________

૧૨. બાબે મોકલાવેલા દસ્તાવેજનું એક પાનું વાંચીને બહાઉલ્લાહે કહ્યું: "હું ખાત્રીપૂર્વક કહુ છું કે જો કોઈ __________માં અને તેના __________ __________ __________માં વિશ્વાસ ધરાવે છે તે ભલે __________માટે પણ, આત્મસ્પર્ષી એવા શબ્દો એટલી જ __________ધરાવે છે એમ કહેતાં અચકાતો હોય તો તે તેનો અભિપ્રાય આપવામાં ______________ ગયો છે અને __________ __________થી દૂર ગયો છે."

૧૩. મુલ્લા હુસૈને બહાઉલ્લાહની ભેટનો કેવી રીતે સ્વીકાર કર્યો હતો? ______________________________
______________________________________________________________

૧૪. બહાઉલ્લાહ તરફથી ભેટ પ્રાપ્ત કરતાં મુલ્લા હુસૈનના વર્તનથી યુવા વિદ્યાર્થીને શું આશ્ચર્ય થયું? ______________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

૧૫. મુલ્લા હુસૈને નૂરના વિદ્યાર્થીને વિદાય આપતી વખતે જે કંઈ કહ્યું હતું, તેનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

## વિભાગ ૪

બાબ બહાઉલ્લાહનો "તે જેને ઈશ્વર પ્રગટ કરશે" તરીકે સંદર્ભ આપે છે. બાબનો પરમ પાવન ગ્રંથ બયાન સહિત, પવિત્ર લખાણોમાં એવા અનેક સંદર્ભ મળે છે જેમાં તેઓ "તે જેને ઈશ્વર પ્રગટ કરશે" ના વખાણ કરે છે. બાબના પવિત્ર લખાણોમાંથી કેટલાક અવતરણો નીચે આપેલા છે, જે બહાઉલ્લાહનું સ્થાન અને જોડિયા અવતારો વચ્ચેના સંબધની ઝલક પૂરી પાડે છે.

> **"અને તું નિ:શક જાણ કે સ્વર્ગનો અર્થ છે તે જેને ઈશ્વર પ્રગટ કરશે તેને ઓળખવાનો અને તેના પ્રત્યે સમર્પિત થવાનો તથા અગ્નિનો અર્થ છે એવા આત્માઓની સોબત જે ઈશ્વર પ્રત્યે સમર્પિત થવાથી વંચિત રાખે અથવા તેની સુપ્રસન્નતાથી વંચિત રાખે."[૧૬]**
>
> **"...તું તારા કાનને શુધ્ધ કર જેથી તુ ઈશ્વર સિવાય અન્ય ઉચ્ચારણ સાંભળી શકે નહિ, અને શુધ્ધ કર તારી આંખ જેથી તે ઈશ્વર સિવાય બીજું કશું જોઈ શકે નહિ, તારો અંતરાત્મા કે તે ઈશ્વર સિવાય કશુ ગ્રહણ કરી શકે નહિ, અને તારી જીભ કે જે અન્ય કંઈ નહિ પરંતુ ઈશ્વરની ઘોષણા કરે અને તારા હાથ કે જે ઈશ્વરના શબ્દો સિવાય બીજું કંઈ લખે નહિ, અને તારૂ જ્ઞાન કે જેથી તે ઈશ્વર સિવાય બીજુ કશુ સમજી શકે નહિ, અને તારૂ હૃદય કે જેથી તે ફક્ત ઈશ્વરની ઈચ્છા પૂર્ણ કરવા તત્પરતા હોય અન્ય કશુ જ નહિ, અને આ રીતે તારા બધાજ કાર્યો અને પ્રવૃત્તિઓને શુધ્ધ કર જેથી તું પાવન પ્રેમના સ્વર્ગમાં ઉછરી શકે, અને સદનસીબે તે જેને ઈશ્વર પ્રગટ કરશે તેનું સાંનિધ્ય પ્રાપ્ત કરી શકે, એવી શુધ્ધતા આભુષિત કરો જે તેને પ્રિય છે અને જેઓ ઈશ્વરથી વિમુખ થઈ ગયા છે અને તેને સહકાર નથી આપતા એવા લોકોથી શુધ્ધ રહો."[૧૭]**
>
> **"કહો ખરેખર, તે જેને ઈશ્વર પ્રગટ કરશે તેની સુ-પ્રસન્નતા એ ઈશ્વરની સુપ્રસન્નતા છે, જ્યારે તે જેને ઈશ્વર પ્રગટ કરશે તેની નાખુશી એ બીજુ કંઈ નહિ પરંતુ ઈશ્વરની નાખુશી છે."[૧૮]**

૧. "તેને જેને ઈશ્વર પ્રગટ કરશે" કોનો સંદર્ભ આપે છે. ____________________

૨. બાબ તેમના અનુયાયીઓને તૈયાર થવા માટે અનુરોધ કરે છે કે જેથી તેઓ તે જેને ઈશ્વર પ્રગટ કરશે, તેમનું સાંનિધ્ય પ્રાપ્ત કરી શકે. તેમને તેઓ શું કરવાનું કહે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૩. ઉપરોક્ત અવતરણોમાંથી કોઈ એક અવતરણ પસંદ કરો અને તે મોઢે કરો.

## વિભાગ ૫

જે ક્ષણે બહાઉલ્લાહે બાબના પ્રગટીકરણના સત્યને સમર્થન આપ્યું તે ક્ષણથી જ તેઓ તેના પ્રસાર માટે ઊભા થઈ ગયા. સૌથી પહેલાં તેમણેં માઝીનદરાંનના પ્રદેશનાં નૂરમાં આવેલા તેમના પૂર્વજોના ઘર તરફ જવાની મુસાફરી કરી. ત્યાં તેઓ તાકુર ગામમાં આવેલા તેમના પરિવારના ઘરે ગયા.

બહાઉલ્લાહના તાકુરના આગમનના સમાચાર વાયુવેગે સમગ્ર વિસ્તારમાં પહોંચી ગયા. સ્થાનિક અધિકારીઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પૈકીના ઘણા લોકો તેમનું અભિવાદન કરવા અને સાથે સાથે તેમની પાસેથી રાજા, રાજદરબાર અને રાજયની બાબતોની જાણકારી પ્રાપ્ત કરવા આવ્યા. પરંતું બહાઉલ્લાહ આ બધી બાબતોનો જવાબ આપવામાં બહુ રસ લેતા ન હતા, તરત જ તેઓ વિષય બદલીને ખૂબ જ વાચાળ રીતે બાબ દ્વારા ઘોષિત સંદેશ વિશે વાત કરવા લાગી જતા. તેમના શબ્દો એટલા હૃદાય સોંસરા ઉતરી જાય એવા હતા અને દલીલો પણ એટવી આધારભૂત અને નક્કર હતી કે બધા લોકો સ્તબ્ધ થઈ જતા. જેઓ તેમને સાંભળતા તેમને નવાઈ લાગતી કે તેમના જેવા આટલા ઉચ્ચ દરજ્જાના માણસ પાદરી અને ધાર્મિક નેતાઓ જેમાં રસ ધરાવતા હોય તેવી બાબતોમાં આટલો ઉંડો રસ લઈ શકે. તેમનો ઉત્સાહ અને જ્ઞાનની ગહનતાએ ટૂંક સમયમાં કેટલીક અગ્રણી વ્યક્તિઓ અને તેમના પોતાના કુટુંબીજનો સહિત, મોટી સંખ્યામાં લોકોને બાબના ધર્મ પ્રત્યે આકર્ષિત કર્યા. જે કોઈ તેમના સાંનિધ્યમાં આવ્યા તેમાંથી કોઈ તેમના મધૂર શબ્દોના પ્રભાવનો પ્રતિકાર કરી શક્યા નહિ કે તેમના કાકા સિવાય બીજા કોઈએ તેમના કથનની હકીકતનો વિરોધ કરવાની હિંમત કરી નહિં.

બહાઉલ્લાહને અને તેઓ જે સંદેશ લાવ્યા હતા તેના સત્યને બદનામ કરવાનો તેમના કાકાએ શક્ય એટલું બધું કર્યું. પરંતું જ્યારે તેને લાગ્યું કે તેઓ તેમ કરવા માટે સક્ષમ ન હતા ત્યારે તે એક નામાંકીત મુસલમાન ધર્મગરૂ પાસે ગયા અને તેની મદદ માટે વિનંતિ કરી. તેણે ફરીયાદ કરી કે બહાઉલ્લાહ નૂરમાં આવીને, પોતે ધર્મગરૂ નહિ હોવા છતાં ધાર્મિક વિષયો ઉપર ભાષણ આપતા હતા. તેણે ધર્મગુરૂને એમ કહીને ચેતવ્યા કે જે કોઈ બહાઉલ્લાહ પાસે જાય છે તે તેમના મોહમાં આવી જાય છે અને તેમના શબ્દોથી અંજાય જાય છે. તેણે કહયું કે "હું જાણતો નથી કે તે જાદુગર છે કે ભૂવો કે પછી તેની ચા માં કોઈ જાદુઈ વસ્તુ ભેળવે છે કે જેથી જે કોઈ તે પીએ તે તેની મોહકતાનો ભોગ બને છે."[૧૯]

ધર્મગુરૂને લાગ્યું કે તે બહાઉલ્લાહને પડકારવામાં સફળ થશે નહિ અને તેથી તેની દલીલો પર ધ્યાન આપ્યું નહિં. બાબનો સંદેશો જંગલના દાવાનળની જેમ આખા જીલ્લામાં ફેલાવા લાગ્યો. આ વાતથી ચોંકી ઉઠેલા ધર્મગુરૂના અનુયાયીઓ તેમના ઉપર કંઈક કરવા દબાણ લાવવા માંડયા અને છેવટે તેણે તેના બે પ્રખર શિષ્યોને બહાઉલ્લાહ જે સંદેશનો પ્રચાર કરતા હતા, તે કયા પ્રકારનો સંદેશ છે તેની તપાસ કરવા મોકલવાનું નક્કી કર્યું. આ બે પ્રતિનિનિઓ બહાઉલ્લાહની હાજરીમાં ગયા ત્યારે શું બન્યું તેની વાર્તા નીચે મુજબ છે.

ધર્મગુરૂના પ્રતિનિધિઓ જ્યારે તાકુર પહોંચ્યા ત્યારે તેમને જાણવા મળ્યું કે બહાઉલ્લાહ તેમના શિયાળાના ઘરે ગયા હતા, એટલે તેમણે પણ તેમની પાછળ ત્યાં જવાનું નક્કી કર્યું. તેઓ જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે બહાઉલ્લાહ કુરાનના કોઈ એક પ્રકરણ ઉપર વિવેચન કરવામાં વ્યસ્ત હતા. તેઓ ત્યાં બેસી ગયા અને તેમને સાંભળવા લાગ્યા. તેમની છટાદાર રજુઆત તથા તેમની બોલવાની અસાધારણ શૈલીથી તેઓ અત્યંત પ્રભાવિત થયા. તેમાથી એક પ્રતિનિધિ પોતાની જાતને કાબુમાં નહિ રાખી શકયો, એટલે તે ઓરડાની પાછળ બારણા પાસે સમર્પિત ભાવે, માન આપતો હોય તેવી અદાથી સ્થિર ઉભો રહ્યો. આંખમાં આસુ સાથે ધ્રુજતાં ધ્રુજતાં તેણે તેના સાથીને કહ્યું: "હું બહાઉલ્લાહને કશું પૂછવા અસમર્થ

છું. મેં જે સવાલ તેમને પૂછવા માટે નક્કી કર્યા હતા તે મારી યાદદાસ્તમાંથી ભૂંસાઈ ગયા છે. તમારે તમારી તપાસમાં આગળ વધવું હોય કે એકલા પાછા ફરીને આપણા ઉપદેશકને અત્યારે મારી જે હાલત છે તેની જાણ કરવી હોય તો તમે તેમ કરવા સ્વતંત્ર છો. તેમને મારા વતી કહેજો કે હું હવે કદી તેમની પાસે પાછો જઈશ નહિ. હું આ સ્થાન હવે કદી છોડીશ નહિ.'' બીજો પ્રતિનિધિ પણ બહાઉલ્લાહના શબ્દોથી આશ્ચર્યચકિત હતા અને તેણેં પણ તેના મિત્રના ઉદાહરણનું અનુસરણ કર્યું. ''હું મારા ઉપદેશકને હવે માનતો નથી,'' આ તેનો જવાબ હતો. ''આ ક્ષણે જ મેં ઈશ્વરના નામે પ્રતિજ્ઞા લીધી છે કે મારૂં શેષ જીવન બહાઉલ્લાહ કે જે મારા એક માત્ર અને સાચા સ્વામી છે તેમની સેવામાં જ સમર્પિત કરીશ.''[૨૦]

ધર્મગુરૂના શિષ્યોના પરિવર્તનના સમાચાર નૂરના લોકોમાં વાયુવેગે ફેલાઈ ગયા. પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, રાજયના અધિકારીઓ, ધાર્મિક નેતાઓ, વેપારીઓ અને ખેડૂતો બહાઉલ્લાહ પાસે ટોળે વળ્યા. સેંકડો લોકો નવા ધર્મની છત્રછાયા તળે આવ્યા. પરંતું બહાઉલ્લાહ સિવાય આ સમયે લગભગ કોઈ જાણતું ન હતું કે તેમને ટૂંક સમયમાં જ સખત યાતનાનો સામનો કરવો પડશે, એવી યાતના જે આ નવજાત અને કુમળા છોડોમાંથી ઘણાને જડમુળથી ઉખેડી નાંખશે.

૧. બાબના પ્રગટીકરણના સત્યને સમર્થન આપ્યા પછી બહાઉલ્લાહે શું કર્યું ? ____________

______________________________________________________________

૨. નૂરના રહેવાસીઓએ બહાઉલ્લાહનું કેવી રીતે સ્વાગત કર્યું ? ______________________

______________________________________________________________

૩. બહાઉલ્લાહે જે રીતે તેમના સવાલોના જવાબ આપ્યા તેનાથી કેટલાક લોકોને શા માટે આશ્ચર્ય થયું ?__________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

૪. બહાઉલ્લાહે જ્યારે બાબના સંદેશનો પ્રચાર શરૂ કર્યો ત્યારે તેના કાકાએ શું કર્યું ?

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

૫. સુપ્રસિધ્ધ મુસલમાન ધર્મગુરૂએ શા માટે કાકાની દલીલની અવગણના કરી ? ___________

______________________________________________________________

૬. ધર્મગુરૂ ઉપર તેના અનુયાયીઓનું દબાણ આવ્યું ત્યારે છેવટે તેણે શું કરવાનો નિશ્ચય કર્યો ?

______________________________________________________________

______________________________________________________________

૭. ધર્મગુરૂના બે પ્રતિનિધિઓ જેઓ બહાઉલ્લાહની ઉપસ્થિતિમાં ગયા તે વાર્તાનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૮. આ બે પ્રતિનિધિઓના પરિવર્તનની નૂરમાં બાબના ધર્મના વિકાસ ઉપર શું અસર થઈ ?

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

## વિભાગ ૬

બહાઉલ્લાહે નૂર જિલ્લામાં જે કર્યું તે આપણને કરવાનું કહે છે અને તે છે -ઉભા થઈને ધર્મનો પ્રસાર કરવાનું. તેથી, ચાલો આપણે બહાઉલ્લાહના નીચેના શબ્દોનો અભ્યાસ અને મનન કરીએ અને આપણે યાદ રાખીએ કે, બાબના પ્રગટીકરણનો સ્વીકાર કર્યા પછી બહાઉલ્લાહનું પોતાનું પ્રથમ પગલું સેંકડો આત્માઓને પ્રભુધર્મનો સંદેશ આપવાનું હતું.

> **"હે પ્રભુ-માર્ગના પથિક ! તેની કૃપાના મહાસાગરમાંથી તું તારો હિસ્સો પ્રાપ્ત કર અને તારી જાતને એવી ચીજોથી વંચિત ન કર જે તેના ઊંડાણમાં છુપાયેલી છે. તમે તેમના પૈકી બનો જેમણે આ ખજાનામાંથી પોતાનો હિસ્સો પ્રાપ્ત કર્યો છે. આ મહાસાગરનું એક ટીપુંનો પણ જો તે બધા પર છંટકાવ કરવામાં આવે, જે સ્વર્ગમાં અને પૃથ્વી પર છે તો તેમના માટે સર્વશક્તિમાન, સર્વજ્ઞ, ઈશ્વરની કૃપાથી વિભૂષિત થવા માટે પર્યાપ્ત છે. તારા અનાસક્ત હાથે જીવનદાયી જળ પ્રાપ્ત કર અને બધી વસ્તુઓ ઉપર તેનો છંટકાવ કર, જેથી તેઓ બધી માનવ-સર્જિત સીમાઓથી મુક્ત થઈને પ્રભુના શક્તિશાળી સિંહાસન, આ પવિત્ર અને પ્રદિપ્ત સ્થાન સુધી પહોંચી શકે.**

**"જો તને એકલાને જ આ કાર્ય કરવું પડે તો દુ:ખી થઈશ નહિ. ઈશ્વરની સહાયતા તારા માટે પર્યાપ્ત છે. તેની ચેતના સાથે એકતાર બન અને તેનો આભાર વ્યક્ત કર. જેઓ સ્વર્ગમાં અને પૃથ્વી પર છે તેમની સમક્ષ પ્રભુધર્મની ઘોષણા કર. જો કોઈ વ્યક્તિ તારા આહ્વાન તરફ ધ્યાન આપે તો તેની સમક્ષ તારા સ્વામી, તારા ઈશ્વરના પ્રજ્ઞાના મોતી પ્રગટ કર, અને તું તેમાંનો બન જે ખરેખર વિશ્વાસ કરે છે. અને જો કોઈ તારી ભેંટનો અસ્વીકાર કરે તો, તું તેનાથી દૂર જા, અને તારા સ્વામી, તારા પ્રભુ, સમસ્ત લોકોના સ્વામીમાં તું તારો વિશ્વાસ રાખ."**[૨૧]

૧. નીચેના વાક્યો પૂરા કરો:

ક. બહાઉલ્લાહ આપણને ______________________ આપણો હિસ્સો પ્રાપ્ત કરવાનું કહે છે.

ખ. આપણે તેના ______________________ ચીજોથી આપણી જાતને વંચિત રાખવું જોઈએ નહિં.

ગ. આ મહાસગરનું એક ટીપુંનો પણ જો તે બધા પર છંટકાવ કરવામાં આવે જે સ્વર્ગમાં અને પૃથ્વી પર છે તો તેમના માટે ______________________
______________________
__________ __________ પુરતું છે.

ઘ. આપણને ______________________

અને ______________________ છંટકાવ કરવાનું કહેવામાં આવ્યું છે.

ચ. જો આપણને ______________________ આપણે દુ:ખી થવું જોઈએ નહિ.

ચ. આપણે તેની ______________ એકતાર બનવું જોઈએ અને તેનો

__________ જોઈએ.

છ. આપણે ______________________ તેમની સમક્ષ
__________ ______________ ઘોષણા કરવી જોઈએ.

જ. જો કોઈ વ્યક્તિ આપણા આહ્વાન તરફ ધ્યાન આપે તો તેની સમક્ષ
______________________
______________________
______________________.

ઝ. અને જો કોઈ આપણી ભેંટનો અસ્વીકાર કરે તો, ______________________
______________________
______________________
______________________.

## વિભાગ-૭

દિવ્ય પ્રગટીકરણ  પ્રગતિશીલ છે. ઈશ્વર તેની ઈચ્છા પ્રગતિશીલપણે તેના અવતરો દ્વારા પ્રગટ કરે છે તેઓ, જેમ માનવજાત પ્રગતિ કરે છે તેમ વખતોવખત અવતરીત થાય છે. કેટલીક આવશ્યક હકીકતોની પુષ્ટિ કરતાં, દરેક અવતાર માનવજાતની ક્ષમતાને અનુરૂપ કાયદા અને આદેશોનો નવો સંગ્રહ  લાવે છે, તથા એવા બીજા કાયદા અને આદેશો રદ કરે છે જેની હવે જરૂર નથી, જે તેમના પહેલાં આવેલા અવતાર દ્વારા લાવવામાં આવ્યા હતા. જો કે, લોકો માટે ભૂતકાળને છોડવું મુશ્કેલ બની શકે છે, અને ઘણીવાર તેમના એકદ્‌મ નજીકના શિષ્યો પણ શરૂઆતમાં તેમના પ્રગટીકરણનું સંપૂર્ણ રહસ્ય સમજવા અસમર્થ હોય છે. તેઓ એવી ધાર્મિક પ્રથાઓ અને રિવાજોને વળગી રહેવાનું ચાલુ રાખે છે જેનું સેંકડો વર્ષોથી પેઢિઓ દ્વારા અનુસરણ કરવામાં આવે છે. સમય જતાં તેમને સમજમાં આવે છે કે નવા અવતાર માનવજાતિની ઉત્કાંતિના આગળના તબ્બકા માટે નવા કાયદાઓની સ્થાપના કરે છે.

બાબના પ્રગટીકરણ સાથે પણ આવું જ થયું. જે મુસલમાનો વચ્ચે બાબ પ્રગટ થયા હતા, તેઓ એમ માનતા હતા કે દુનિયાના અંત સુંધી મહમદ પયગંબરના શિક્ષણોમાંથી એક ‘‘અક્ષર’’ પણ બદલી શકાશે નહિ. તેથી બાબે તેના સંપૂર્ણ સંદેશને ધીરે ધીરે જાહેર કરવા દીધો. તેમના કાર્યકાળના શરૂઆતના વર્ષો દરમિયાન, ઈસ્લામના કાયદાઓમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. પરંતુ તમે જાણો છો તેમ, પછીથી જયારે તેઓ માહકુના કિલ્લામાં કેદ હતા, ત્યારે બાબે ફારસી બયાનમાં કાયદાનો એક નવો સંગ્રહ પ્રગટ કર્યો હતો. હવે તેમના અનુયાયીઓ માટે ભૂતકાળ સાથેનો સબંધ તોડી નાંખવાનો અને ઈશ્વરના અવતાર તરીકે બાબના સાચા સ્થાનની ઘોષણા કરવાનો સમય હતો. આ બદસ્તના સંમેલનમાં કરવામાં આવ્યું હતું.

બદસ્ત તહેરાનથી થોડુ દૂર દેશના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં આવેલુ એક ગામ છે. જુલાઈ ૧૮૪૮માં બદસ્તનું સંમેલન થયું હતું. બાબના સૌથી વિશિષ્ટ એકયાંસી અનુયાયીઓ આ સંમેલનમાં ભેગા થયા હતા. તેમા ભાગ લેનારાઓમાં બહાઉલ્લાહ, કુદદુસ અને તાહીરા મુખ્ય હતા.

જો કે, બહાઉલ્લાહને તેમના સાથી બાબીઓ દ્વારા પહેલેથી જ ઉચ્ચ સન્માન આપવામાં આવ્યું હતું, જેમણેં તેમના જ્ઞાન અને શાણપણને ઓળખી લીધું હતું અને માર્ગદર્શન માટે તેમના તરફ જોયું હતું, પરંતુ સંમેલનમાં તેમની મહાનતા અને મહિમા વધુ પ્રમાણમાં પ્રગટ થઈ હતી. ખરેખર, ત્યાં તેમની ભૂમિકા નિર્ણાયક હતી. તેમણે બગીચા ભાડે લીધા રાખ્યા હતા જેમાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, અને બાવીશ દિવસ સુધી, જેઓ ત્યાં ભેગા થયા હતા તે બધાએ તેમની ઉદાર મહેમાનગતિનો આનંદ માણયો હતો. દરરોજ બહાઉલ્લાહએ એક એક તકતી (પાટી) પ્રગટ કરી હતી જેનું એકત્રીત અનુયાયીઓ સમક્ષ વાંચન કરવામાં આવતું. દરેકને તેમણે નવું નામ આપ્યું હતું. તાહિરા અને કુદદુશને તેમણે એવા શીર્ષકો આપ્યા કે જેના દ્વારા તેઓ ઈતિહાસમાં હંમેશા જાણીતા થશે. તાહિરાનો અર્થ છે ‘‘નિર્મળ’’ અને કુદદુશનો અર્થ છે ‘‘પવિત્ર’’. તે સમયથી આગળ, તેઓ પોતે પણ ‘બહા’ના નામથી જાણીતા થયા. ત્યાર પછી બાબ દ્વારા આ સંમેલનમાં સહભાગી થયેલા દરેકને, તે પ્રસંગે તેમને મળેલા નામથી સંબોધન કરીને એક એક પાતી પ્રગટ કરવામાં આવી હતી.

એક દિવસ બહાઉલ્લાહ માંદગીને કારણે પથારીવશ હતા, અને બધા તેમની હાજરીમાં ભેગા થયા હતા. ત્યારે અચાનક, શુધ્ધતા અને પવિત્રતાના સાર તરીકે જાણીતી એવી તાહિરા, બુરખો પહેર્યા વગર તેમની સમક્ષ આવી ગઈ, ઈરાનના મુસ્લમાનોમાં રિવાજ મુજબ, જાહેરમાં બધી સ્ત્રીઓએ બુરખો પહેરવાનો હતો. ત્યાં હાજર કેટલાક બાબીઓને લાગ્યું કે તાહિરાએ તેનું પોતાનું અને નવા ધર્મનું

અપમાન કર્યું હતું. કુદદુશ દેખીતી રીતે ગુસ્સે હતા. પરંતુ તાહિરાએ જરાયે ખંચકાટ વગર, આનંદ વિભોર થઈને, વાકછટ્ટાથી તેના સાથીઓ સાથે સંબોધન કર્યું. તેણે તેમને ભૂતકાળ સાથે -તેની ધાર્મિક માન્યતાઓ સાથે, તેના રૂઢિ-રીવાજો સાથે છેડો ફાડી નાંખવાનું આહ્‌વાન કર્યું. બહાઉલ્લાહના હસ્તક્ષેપથી કુદદુસ અને તાહિરા વચ્ચેનો તણાવ શાંત થયો. આ ઘોષણાને પરિણામે બાબના કેટલાક અનુયાયીઓએ આ ધમર્નો ત્યાગ કરી દીધો, જયારે મોટાભાગમાં દૃઢ રહ્યા અને નવીન ઉત્સાહથી તરબોળ થઈ ગયા. બહાઉલ્લાહે કુશળતાપૂર્વક આ પ્રસંગનો નવા યુગના પ્રભાતની ઉજવણી તરીકે ઉપયોગ કર્યો. તાહિરાએ, તેના નિડર કાર્યથી જૂના ધર્મનો અંત અને નવા ધર્મની શરૂઆતનો શંખનાદ વગાડયો.

બદસ્ત સંમેલનથી બાબી ધર્મના વિકાસનો એક તોફાની તબક્કો શરૂ થયો. તરત જ તેના અનુયાયી ઉપર જુલ્મ અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગયો અને અનેક અનુયાયીઓએ શહાદત વહોરી. જાણે કે આ સંમેલન એક વિદાય સમારંભ હતો, જ્યાંથી તેઓ આભાના સામ્રાજ્યમાં ફરી મળવાની ગણત્રીએ મહાન વીરતાપૂર્ણ કાર્યો કરવા નિકળી પડયા.

આ સંમેલનમાં જેઓ હાજર હતા તેઓ બધા એક સાથે માઝીન્દરાંન જવા રવાના થયા. પરંતુ રસ્તામાં એક ગામની બહાર તેઓ આરામ કરવા રોકાયા ત્યારે, ગામના લોકોએ તેમના પર હુમલો કર્યો, જેઓ તેમના સાચા ઉદ્વેશથી અજાણ હતા. આ બાબીઓને ભાગવું પડયુ અને જૂદી જૂદી દિશામાં વિખેરાઈ ગયા. બહાઉલ્લાહએ માઝીન્દરાંનમાં આવેલા નૂર તરફ જવાની મુસાફરી ચાલુ રાખી.

બદસ્તના સંમેલનના સમાચાર તરત જ તહેરાન પહોંચી ગયા, ત્યાં બનેલી ઘટનાઓથી અને તેમાં બહાઉલ્લાહે ભજવેલી ભૂમિકાથી રાજા અને તેના મંત્રીઓ વાકેફ થયા. રાજા, જેઓ એવી માંદગીમાં સપડાયા હતા કે જેનાથી તેનું મૃત્યુ નજીક લાગતું હતું, તેણેં પ્રધાનમંત્રીની સલાહથી બહાઉલ્લાહની ધરપકડ કરવાનો આદેશ આપ્યો. તે મુજબ માઝીન્દરાંનના એક અધિકારીને આદેશ મોકલવામાં આવ્યો અને તેને બહાઉલ્લાહની ધરપકડ કરીને રાજધાનીમાં લાવવાનો આદેશ આપવામાં આવ્યો. અહીં બન્યુ એવુ કે, આ અધિકારી જે દિવસે શહેરમાં બહાઉલ્લાહનું સ્વાગત કરવાના હતા, તેના એક દિવસ અગાઉ તેમની પાસે આદેશ આવ્યો, તેઓ બહાઉલ્લાહ પ્રત્યે નિષ્ઠાપૂર્વક લાગણીશીલ હતા. તેથી તેઓ અત્યંત દુ:ખી થયા અને તેમણે આ આદેશની કોઈને જાણ નહિ કરવાનો નિશ્ચય કર્યો. બીજા દિવસે માઝીન્દરાંનમાં ખબર આવી કે રાજાનું અવસાન થયું હતું; તેથી ધરપકડનો આદેશ હવે માન્ય ન હતો.

૧. બદસ્તના સંમેલનનો ઉદ્વેશ શું હતો ? ____________________

____________________

૨. બદસ્તનું સંમેલન કયારે થયું હતું ? ____________________

૩. તે કેટલા દિવસ સુંધી ચાલ્યું હતું ? ____________________

૪. બાબના કેટલા અનુયાયીઓએ આ સંમેલનમાં ભાગ લીધો હતો ? ____________

૫. ભાગ લેનારાઓમાં મુખ્ય કોણ હતા ? ____________________

____________________

૬. સંમેલનમાં ભાગ લેનારાઓમાં સૌથી મહત્વની વ્યક્તિ કોણ હતી? ________________

૭. ''તાહિરા'' શીર્ષકનો અર્થ શું છે? ________________________________________

૮. ''કુદદુશ'' શીર્ષકનો અર્થ શું છે? ________________________________________

૯. તાહિરા બુરખા વગર આવી હતી તે દિવસે સંમેલનમાં જે ઘટનાઓ ઘટી હતી તેનું તમારા શબ્દોમાં વિગતવાર વર્ણન કરો.

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૧૦. સંમેલનમાં તાહિરાનું બહાદુરી પૂર્વકનું કાર્ય કઈ બાબતનો સંકેત હતો? ____________

____________________________________________________________

૧૧. જયારે સરકારને બદસ્તમાં સંમેલનનાં સમાચાર મળ્યા ત્યારે તેમણેં શું કર્યું?

____________________________________________________________

૧૨. વર્ણન કરો કે, સરકારે બહાઉલ્લાહની ધરપકડનો હુકમ કર્યો તેના પછી શું થયું હતું.

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## વિભાગ ૮

બદસ્ત સંમેલન જુના સાથેનો સંબંધ તોડવાનો અને નવા સાથે સંબધ જોડવાનો સંકેત હતો. વખતોવખત દરેક યુગમાં ઈશ્વરીય ધર્મની કેવી રીતે પુન:સ્થાપના કરવામાં આવે છે, તેનું અબ્દુલબહા દ્વારા નીચેના ફકરામાં વર્ણન કરવામાં આવ્યું છે. બદસ્તના સંમેલન વિશે તમે જે અભ્યાસ કર્યો છે તેના પ્રકાશમાં તેના અર્થ વિશે ચિંતન કરો.

> **"વાસ્તવિકતાના બીજમાંથી ધર્મ એક વૃક્ષ રૂપે વિકાસ પામ્યું છે, જેણે તેના પાંદડા અને શાખાઓ, ફુલો તથા ફળ આપ્યા છે. સમય જતાં આ વૃક્ષ સડી જવાની સ્થિતિમાં આવી ગયું છે. તેના પાંદડા અને ફુલો કરમાઈને નાશ પામ્યા છે; વૃક્ષ ક્ષિણ અને ફળહિન થઈ ગયું છે. તે વાજબી નથી કે માણસ જૂના વૃક્ષને પકડી રાખીને એવો દાવો કરે કે તેની જીવનદાયી શક્તિઓ કદી ઓછી નહિ થાય તેવી છે, તેના ફળ અજોડ છે, તેનું અસ્તિત્વ શાશ્વત છે. વાસ્તવિકતાના બીજને ફરીથી મનુષ્યના હૃદયોમાં રોપવું જોઈએ કે તેમાંથી એક નવું વૃક્ષ ઉગી નીકળે અને નવા દિવ્ય ફળો દુનિયાને તાજગી આપે. તેનો અર્થ થાય છે કે દેશો અને લોકો અત્યારે ધર્મના કારણે જુદા થઈ ગયા છે તેઓમાં એકતા આવશે, અનુકરણ કરવાનું છોડી દેશે, અને સાચા અર્થમાં સાર્વત્રિક ભાઈચારો સ્થપાશે. માનવજાત વચ્ચેના યુધ્ધો અને ઝઘડાનો અંત આવશે; બધા ઈશ્વરના સેવકો તરીકે સુમેળથી સાથે રહેશે. કારણકે બધા તેની કૃપા અને દયારૂપી વૃક્ષ નીચે આશરો પામે છે. ઈશ્વર બધા પ્રત્યે કૃપાળુ છે; તે બધાને એક સરખી રીતે તેની કૃપા પ્રદાન કરનાર છે, ઈસુ ખ્રિસ્તે પણ કહ્યું છે કે ઈશ્વર 'ન્યાયી તેમજ અન્યાયી ઉપર વરસાદ મોકલે છે' - એટલે કે, ઈશ્વરની કૃપા સાર્વત્રિક છે. સમસ્ત માનવજાત તેના પ્રેમ અને કૃપાના રક્ષણ હેઠળ છે, અને બધાને તેણે માર્ગદર્શન અને પ્રગતિનો માર્ગ બતાવ્યો છે."**[૨૨]

## વિભાગ ૯

નાસીરુદ્દીન શાહ ૧૮૪૮માં રાજા તરીકે રાજગાદીએ આવ્યા, તે તેના પહેલાના રાજા, તેના પિતા કરતાં અત્યંત નિર્દયી હતા. તેના શાસનની શરૂઆતથી જ બાબીઓ પરના જુલમોમાં નાટકીય રીતે વધારો થયો. ખુદ બાબને પણ જુલાઈ ૧૮૫૦માં તબ્રીજ માં શહીદ કરી દેવામાં આવ્યા. તેમના અત્યાચાર સહન કરતા અનુયાયીઓ, જેમણે તેમના હજારો સાથી શ્રધ્ધાળુઓના કરૂણ મોત જોયા હતા, તેમણેં હવે તેમના હૃદયના સૌથી પરમપ્રિયને પણ ગુમાવી દીધા હતા. તેમના પૈકી કેટલાક લોકોએ એટલા વર્ષોની આવી કૃરતાના પહાડ માટે તેમના વિચારોમાં રાજાને દોષી ઠેરવ્યા. આવી લાગણીઓ હોવા છતાં, તેઓ "સરકાર તથા લોકો"ના શુભ ચિંતક બની રહ્યા. તેમણે તેમના સારા કાર્યો તથા વિશ્વસનીય દલીલો દ્વારા તેમની પૂરી શક્તિ નવા ધર્મના ફેલાવા માટે લગાવી દીધી. પરતું એક નાનું જૂથ હતું, જે ગુસ્સાની આગમાં બળી રહ્યું હતું, અને જે જાખમી વિચાર કરી રહ્યું હતું. હતાશાની સ્થિતિમાં, આ કેટલાક મુર્ખ લોકો માનતા હતા કે જુલ્મના મૂળ પર પ્રહાર કરીને તેઓ બાબી સમાજનું ભાવિ બદલી નાંખશે. તેઓ રાજાને મારી નાંખવાની યોજના ઘડવા લાગ્યા.

આ જૂથના એક નેતાએ આ ઈરાદાથી જાણ બહાઉલ્લાહને કરી. બહાઉલ્લાહએ તેમને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે તેમણે તેમની યોજના છોડી દેવી જોઈએ. તેમણે ચેતવણી આપી કે આવું કૃત્ય બાબના શોકમાં ડુબેલા અનુયાયીઓ ઉપર નવી આફતો નોતરશે. પરંતુ આવું ષડયંત્ર ઘડનારાના હૃદયમાં એટલી બધી કડવાશ અને બદલાની આગ ભભૂકતી હતી કે બહાઉલ્લાહની સલાહ પણ તેમને રોકી શકે તેમ ન

હતી. બાબી ઈતિહાસ જે નિઃસ્વાર્થ અને વીરતાપૂર્ણ કાર્યોથી સુશોભિત હતો તેના પૃષ્ઠોમાં કાયમ માટે કંલકરૂપ બની રહે તેવું કૃત્ય કરવા તેઓ આગળ વધ્યા.

૧૫મી ઓગષ્ટ ૧૮૫૨ના રોજ તહેરાન પાસેના તેમના નિવાસસ્થાનથી રાજા ઘોડા ઉપર સવારે ફરવા નિકળ્યા. તેના અંગરક્ષકો તેનાથી થોડા ડગલા આગળ હતા. વાતાવરણ શાંત હતું, બધુ ક્ષેમકુશળ હતું. ત્યારે બધાને આશ્ચર્ય પમાડે તે રીતે, રસ્તાની બાજુમાં કોઈ અરજદાર ઉભો હોય એવો ઢોંગ કરીને ઉભેલા એક યુવાને તેની પાસેની પિસ્તોલમાંથી રાજા ઉપર ગોળી છોડી દીધી. આ યુવાન એવો મુર્ખ હતો કે તેણે તેની પિસ્તોલમાં જે ગોળી ભરી હતી તે તેનો ઈરાદો બર લાવવા સંપૂર્ણપણે અક્ષમ હતી. રાજાને માત્ર થોડી ઈજા થઈ, પરંતુ ક્રોધાવેશમાં આવીને કરેલા આ કૃત્યથી ધર્મના દુશ્મનો અને વિરોધીઓને બાબીઓની વિરૂદ્ધ અકલ્પનીય ઘાતકી કૃત્યો કરવા ઉશ્કેરવાની તક મળી ગઈ.

આ દુર્ભાગી યુવાનને તરત જ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા; તેના શરીરને ખચ્ચરની પુછડી સાથે બાંધીને તહેરાન સુધી ઘસીટવામાં આવ્યું, જ્યાં તેના શરીરના બે ટુકડા કરીને લોકો જોઈ શકે તેના માટે લટકાવી દેવામાં આવ્યા. તેના સાથીદારના ગળામાં સીશાનો ધગધગતો રસ રેડવામાં આવ્યો અને તેના પહેલાં તેને નિર્દય રીતે ત્રાસ આપવામાં આવ્યો, છતાં તેણે તેના મિત્રોના નામ આપવાનો ઈનકાર કરી દીધો. તેના ત્રીજા સાથીદારના કપડા ઉતારી, તેના શરીરમાં છીદ્રો પાડીને તેમાં સળગતી મીણબત્તીઓ પરોવીને લોકોની સમક્ષ ફેરવવામાં આવ્યા, જેને લોકોએ હુરીયો બોલાવીને ગાળો આપી.

પછી જે કંઇ બન્યું તેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. સરકાર, ધર્મગરૂ અને તેના અજ્ઞાની સમર્થકો બાબીઓનો ધરમૂળથી નાશ કરવા ઉભા થઈ ગયા. શહેરના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા, અને કોઈને પૂછપરછ કર્યા વગર બહાર જવા દેવામાં આવ્યું નહિં. ઘેર ઘેરથી બાબીઓને શોધીને, તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને અનહદ ઘાતકી રીતે મોતને ઘાત ઉતારી દેવામાં આવ્યા, જેનું આ પૃષ્ઠોમાં વર્ણન કરવું ભયાનક છે.

જે દિવસે રાજાને મારી નાખવાનો પ્રયાસ થયો તે દિવસે, બહાઉલ્લાહ તહેરાનની નજીકના એક ગામમાં રહેતા વડાપ્રધાનના ભાઈના મહેમાન હતા. આ હોનારતના સમાચાર તરત જ તેમના સુધી પહોંચી ગયા, અને જ્યાં સુધી તોફાન શાંત નહી થાય ત્યાં સુધી તેમને છુપાઈને રહેવાની સલાહ આપવામાં આવી. રાજાની માતા, તેના પુત્રને મારી નાંખવા માટે કરવામાં આવેલા પ્રયત્ન માટે, બહાઉલ્લાહને દોષિત માનતી હતી અને તેમની ધરપકડની માંગણી કરવા લાગી. પરંતુ બહાઉલ્લાહે છુપાઈ રહેવાની ના પાડી; તેનાથી વિપરિત, બીજે દિવસે તેમના ઘોડા પર સવાર થઈને રાજાના મુખ્ય કાર્યાલય તરફ જવા રવાના થયા. રાજા અને તેના દરબારીઓ બહાઉલ્લાહના આગમનથી વિસ્મય પામ્યા. જેના ઉપર આવા ભયંકર ગુનાનું તહોમત છે તે નાસી છુટવાને બદલે આત્મવિશ્વાસથી આ જોખમ તરફ કેવી રીતે સવારી કરી શકે ? રાજાએ તરત જ બહાઉલ્લાહની ધરપકડ કરવાનો હુકમ કર્યો. વડાપ્રધાનમાં ઘરમાં તેમને આસરો આપવાના તેમના કેટલાક મિત્રોના પ્રયત્નો નિષ્ફળ નિવડયા. રાજધાનીથી ત્રીસેક કિલોમીટર દૂર આવેલા સિમિરન નામના ગામમાં તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને સાંકળથી બાંધવામાં આવ્યા.

મધ્ય ઉનાળાના બળબળતા તાપમાં પગે ચલાવીને બહાઉલ્લાહને સિમિરનથી તહેરાન લાવવામાં આવ્યા. જે લોકોના ટોળા, જેમને કહેવામાં આવ્યું હતું કે બહાઉલ્લાહ રાજાના દુશ્મન હતા, તે લોકોએ આખા રસ્તામાં બુમો પાડીને તેમને ગાળો આપી. એક વૃદ્ધ મહિલા જેની બહાઉલ્લાહને પથ્થર મારવાની તીવ્ર ઈચ્છા હતી, તેની વાર્તા ટોળાની ઘેલછા દર્શાવે છે અને આવી ભયંકર આફતોનો સામનો કરતી વખતે પણ બહાઉલ્લાહના હૃદયમાં કેટલો પ્રેમ હતો તેનું વર્ણન કરે છે.

બહાઉલ્લાહ અંધારી કોટડીની નજીક આવતા હતા ત્યારે એક વૃદ્ધ અને કમજોર મહિલા તેના હાથમાં પથ્થર લઈને ટોળામાંથી ધસી આવતી દેખાઈ. તેની નજર દૃઢ નિશ્ચયી અને ઝનુની લાગતી હતી, જે તેની ઉમરની અમુક સ્ત્રીઓ જ દાખવી શકતી હતી. આગળ આવીને હાથ ઉંચો કરીને પત્થર મારવા જતી હતી ત્યારે ક્રોધાવેશમાં તેનું આખુ શરીર ધ્રુજતું હતું. બહાઉલ્લાહને જે લોકો અંધારી કોટડી તરફ લઈ જતા હતા તેની પાછળ દોડીને તેણે બુમ પાડીને કહ્યું : "હું તમને વિનંતિ કરૂં છું." મને એક વાર તેના ચહેરા પર પત્થર મારવા દો !" જ્યારે તે બાઈ ધસી આવી ત્યારે બહાઉલ્લાહે તેના રક્ષકોને કહ્યું કે તેને નિરાશ કરીને દુ:ખી કરશો નહીં. "ઈશ્વરની નજરમાં જે કાર્યને તે પ્રશંસનીય ગણે છે તે કાર્ય કરતાં તેને નહિં રોકો."[૨૩]

૧. ૧૮૪૮માં ઈરાનની રાજગાદી ઉપર બેસનાર રાજાનું નામ શું હતું ? ________________

______________________________________________

૨. નાસિરુદ્દીન શાહે રાજગાદી સંભાળી તેની બાબીઓ સાથેના વર્તન પર કેવી અસર થઈ ?

______________________________________________

______________________________________________

૩. બાબની શહાદત પછી બાબીઓએ સામાન્ય રીતે કેવો અનુભવ કર્યો ?________________

______________________________________________

૪. રાજાની હત્યા કરવાનો નિશ્ચય કરનાર બાબીઓની માનસિક સ્થિતિ કેવી હતી ? ________

______________________________________________

૫. બહાઉલ્લાહને જયારે તેમના ઈરાદાની જાણ થઈ ત્યારે તેમણેં તેમના નેતાને શું કહ્યું ?

______________________________________________

______________________________________________

૬. કઈ તારીખે રાજા ઉપર હુમલાનો પ્રયાસ થયો હતો ? ________________________

૭. હત્યાનો પ્રયાસ કરનારાઓનું ભાવિ શું હતું ? ____________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૮. હુમલાના પ્રયાસનું બાબી સમાજ ઉપર શું પરિણામ આવ્યું ?

૯. રાજાના જીવન પરના હુમલાના સમાચાર મળ્યા ત્યારે બહાઉલ્લાહ કયાં હતા ?

૧૦. રાજા ઉપરના હુમલાના સમાચાર મળ્યા ત્યારે બહાઉલ્લાહે શું કર્યું ?

૧૧. કયા ગામમાં બહાઉલ્લાહની ધરપકડ થઈ હતી ?

૧૨. ધરપકડ થયા પછી આપત્તિ આવશે તેમ જાણતા હોવા છતાં અને દુશ્મનોની સામે તેઓ અસમર્થ નહિ હોવા છતાં, તમારા મતે શા માટે બહાઉલ્લાહે તેમની ધરપકડ કરવા દીધી હતી ?

૧૩. બહાઉલ્લાહને કઈ પરિસ્થિતિમાં સિમિરનથી તહેરાન લાવવામાં આવ્યા ?

૧૪. જ્યારે બહાઉલ્લાહને તેના રક્ષકો અંધારી કોટડી તરફ લઈ જતા હતા ત્યારે વૃદ્ધ મહિલા તેમને પત્થર મારવા માંગતી હતી તે ઘટનાનું તમારા શબ્દોમાં વર્ણન કરો. આ વાત શું દર્શાવે છે ?

## વિભાગ ૧૦

બહાઉલ્લાહ તેમના જીવનભર દુશ્મનોથી ઘેરાયેલા હતા જેઓ હંમેશા તેમને નુકશાન પહોચાડવાનો પ્રયત્ન કરતા હતા. છતાં તેમણેં કયારેય પણ પોતાની જાતને છુપાવવાની કે બચાવવાની કોશિશ કરી હતી નહિ. તેનાથી ઉલ્ટુ, તેઓ હંમેશા લોકોની નજર સમક્ષ રહ્યા અને જે લોકોએ તેમનો વિરોધ કર્યો તેમના હુમલાઓનો નિર્મળ તથા શાંત ભાવથી સામનો કરતા રહ્યા. તેઓ તેમની જ્યોતિ બુઝાવી દેવા દૃઢનિશ્ચયી હોવા છતાં, તેઓ તેમ કરવા અસમર્થ હતા, અને તેમની મહિમાનો પ્રકાશ દિવસે દિવસે વધતો ગયો.

> **"આ મજલૂમે તેની જાતને એક ક્ષણ માટે પણ છુપાવી નથી. તેનાથી વિપરીત તેઓ હંમેશા લોકોની નજર સમક્ષ અડગ તથા સ્પષ્ટપણે મક્કમ રહ્યા છે. અમે કોઈ દિવસ પાછી પાની કરી નથી કે નહિ અમે કદી ભાગી જઈશું. સત્યત: જેઓ અમારી હાજરીમાંથી ભાગી જાય છે તેઓ મુર્ખ છે... ઈશ્વરની સ્તુતિ હો! આ મજલૂમ જે ધર્મના સંદેશવાહક છે તે ધર્મ સ્વર્ગની ઉંચાઈઓમાં તથા સૂર્યના પ્રકાશની જેમ પ્રકાશિત રહે. વેશપલ્ટો આ સ્થાન સુધી પહોંચી શકતો નથી કે ભય તથા મૌન માટે પણ અહીં કોઈ અવસર નથી"**[૨૪]

> **"આ મજલૂમે ખુલ્લેઆમ અને કોઈપણ જાતનો પડદો રાખ્યા વગર દુનિયાના લોકો સમક્ષ જેની ઘોષણા કરી છે તે વિજ્ઞાન, કળા, જ્ઞાન, કલ્યાણ, ઉત્કર્ષ અને સમૃધ્ધિના દ્વાર ખોલવાની ચાવી સમાન પૂરવાર થશે. અત્યાચારીઓના દુષ્કર્મ પરમ મહાન કલમના તીવ્ર અવાજને શાંત પાડવા સફળ થઈ થકતા નથી કે નહિ કુટીલ અને વિદ્રોહીઓની શંકાઓ પરમ પાવન શબ્દો પ્રગટ કરવામાં આવરોધ બની શકે છે."**[૨૫]

બહાઉલ્લાહના ધર્મને વિજયી બનાવવા માટે કાર્ય કરતાં, આપણે કેવી રીતે મુશ્કેલીનો સામનો કરવો જોઈએ તેનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો:

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## વિભાગ ૧૧

૧૮૫૨ માં તે ભયાનક આફતના દિવસે બહાઉલ્લાહને જે કારાવાસમાં લઈ જવામાં આવ્યા હતા તેનું નામ શિયાચાલ હતું, તેનો અર્થ છે "કાળ કોટડી". મૂળ સ્વરૂપે તે જગ્યા તહેરાનમાં એક જાહેર સ્નાનાગાર માટે પાણીનું સંગ્રહસ્થાન હતું, અને તે સમયે તે એક ભૂગર્ભ અંધારી કોટડી હતી જેમાં સૌથી ગંભીર ગુનેગારોને કેદ કરવામાં આવતા હતા.

કારાવાસ સુધી પહોંચવા માટે, એક વ્યક્તિને ઘોર અંધકારમય રસ્તેથી લઈ જવામાં આવતા અને તેના પછી ત્રણ સીધી સીડીઓ ઉતરવી પડતી. ઘોર અંધકારમય કોટડી બરફ જેવી ઠંડીગાર હતી, તેનું ભોંયતળીયું ગંદકી અને મેલથી ઘેરાયેલું હતું અને તેમાં કિડાઓનો સળવળાટ હતો. બહાઉલ્લાહને જે ભયંકર પરિસ્થિતિમાં કેદ કરવામાં આવ્યા હતા, તેનું તેઓ સ્વયં વર્ણન કરે છે :

> **"અમારા આગમન પર અમને સૌપ્રથમ એક અંધકારમય રસ્તેથી લઈ જવામાં આવ્યા, જયાંથી અમે ત્રણ સીધી સીડીઓ ઉતરીને અમારા માટે નિર્ધારિત કોટડીમાં ગયા. કાળ કોટડીમાં ગાઢ અંધારૂં હતું, અને અમારા સાથી કેદીઓની સંખ્યા લગભગ એકસો પચાસ હતીઃ જેમાં ચોર, ખુની અને ડાકુઓ સામેલ હતા. એટલી ભીડ હોવા છતાં, અમે અંદર દાખલ થયા હતા તેના સિવાય બહાર જવાનો બીજો કોઈ માર્ગ હતો નહિ. કોઈ કલમ તેનું વર્ણન કરી શકતી નથી, કે કોઈ જીભ તેની ભયંકર દુર્ગંધનું વર્ણન કરી શકતી નથી. તેમાંથી મોટાભાગના લોકો પાસે નહિ તો કપડા હતા કે નહિ સૂવા માટે પથારી. આ અત્યંત દુર્ગંધવાળી અને અંધકારમય જગ્યાએ અમારા પર શું આવી પડયું તે માત્ર ભગવાન જ જાણે છે !"**[૨૬]

આવી નિદર્ય સ્થિતિમાં બહાઉલ્લાહ અને સંખ્યાબંધ બાબીઓને રાજાએ કેદ કર્યા હતા. બહાઉલ્લાહના પગમાં લાકડાના ચોકઠામાં બાંધવામાં આવેલા અને તેમના ગળામાં લગભગ પચાસ કિલો વજનની સાંકળો બાંધવામાં આવેલી. પહેલા ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી તેમને કશું ખાવાનું કે પીવાનું આપ્યું નહિં. બહાઉલ્લાહના કુટુંબીજનો તેમના માટે ખાવાનું તૈયાર કરતા અને સૈનિકોને તેમને આપવાનું કહેતા. જો કે પહેલા તો તેમણે ના પાડી પણ પછી ધીમે ધીમે તેમણે લઈ જવાનું સ્વીકાર્યું. આમ છતાં, તે ભોજન બહાઉલ્લાહ સુધી પહોંચે છે કે કેમ અને પહોંચે તો બહાઉલ્લાહ જ્યારે અન્ય સાથીદારો ભુખ્યા હોય ત્યારે પોતે ખાવાનું સ્વીકારે છે કે કેમ તે વાતની કોઈ ખાત્રી થતી ન હતી.

લાકડાના ચોકઠા અને સાંકળોથી બાંધેલા બહાઉલ્લાહ અને તેમના સાથીદારોને એક કોટડીમાં ખૂબ જ સાંકડી જગ્યામાં એક સાથે રાખવામાં આવેલા. તેમને બે હરોળમાં એવી રીતે રાખવામાં આવ્યા હતા કે તેઓ એકબીજાની સામસામે બેઠા હતા. બહાઉલ્લાહે તેમને કેટલાક શ્લોકનું પુનરાવર્તન કરવાનું શીખવ્યું હતું, જેનું તેઓ રોજ રાત્રે ઉત્સાહથી ગાન કરતા. "ઈશ્વર મારા માટે પર્યાપ્ત છે, તે ખરેખર સર્વ પર્યાપ્ત છે." એક હરોળ પ્રથમ ગાન કરે અને બીજી હરોળ તે ઝીલે, "તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ રહેવા દો." વહેલી પ્રભાતે તેઓના ખુશીથી ભરપૂર ગાનનો નાદ સાંભળી શકાતો. આ ગાનનો નાદ એટલો મધૂર હતો કે શિયાચાલની નજીક આવેલા રાજાના મહેલમાં રાજાના કાને પહોંચ્યા. "આ શેનો અવાજ છે ?" તેમને કહેવામાં આવ્યું, "જેલમાં બાબીઓ એક સાથે પ્રાર્થનાના શ્લોક ગાઈ રહ્યા છે તેનો આ અવાજ છે." [૨૭] રાજા ચૂપ થઈ ગયા.

દરરોજ, જેલર કોટડીમાં આવીને એક બાબીનું નામ બોલે અને તેમને ઉભા થઈને તેની પાછળ ફાંસીના માચડા પાસે આવવાનો હુકમ કરે. જેનું નામ બોલાય તે ઉત્સુકતાથી હુકમનું પાલન કરતો. તેની બેડીઓ ખોલતાની સાથે જ, તેના બે પગે અદમ્ય ઉત્સાહથી કુદીને, તેઓ બહાઉલ્લાહ પાસે જતા અને તેમને ભેટી પડતા. તેના પછી તેઓ દરેક સાથી કેદીઓને ભેટીને દિલમાં આશા અને આનંદ ભરીને તેની રાહ જોતા મૃત્યુને ભેટવા આગળ વધતો. આવા વીર આત્માઓની શહાદત પછી, તરત જ જલ્લાદ, જે બહાઉલ્લાહનું સન્માન કરવા લાગ્યો હતો તે બહાઉલ્લાહ પાસે જઈને મરનારનું કયા સંજોગોમાં મૃત્યું થયુ અને તેણે છેલ્લા શ્વાસ સુધી તેના પર આવી પડેલી બધી યાતનાઓ કેટલા આનંદથી સહન કરી તેની જાણ કરતો.

૧. બહાઉલ્લાહને કેદ કરવામાં આવ્યા તે જેલનું નામ શું હતું ? ______________________

______________________________________________________________

૨. ‘‘સિયાચાલ’’નો અર્થ શું થાય છે ? ______________________________________

૩. સિયાચાલનો મુળભૂત રીતે શેના માટે ઉપયોગ કરવામાં આવતો હતો ? ______________

______________________________________________________________

૪. સિયાચાલની પરિસ્થિતિનું વર્ણન કરો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

૫. બહાઉલ્લાહને સિયાચાલમાં લઈ જવામાં આવ્યા પછી તેની ગરદનની આસપાસ શું બાંધવામાં આવ્યું હતું ? ____________________________________________________

૬. તેમના પગમાં શું બાંધવામાં આવ્યું હતું ?____________________________________

૭. બહાઉલ્લાહ અને તેના સાથીદારોને કોટડીમાં કેવી રીતે રાખવામાં આવ્યા હતા ? _________

______________________________________________________________

૮. બહાઉલ્લાહએ તેમને શું કરવાનું શીખવ્યું હતું ? ______________________________

______________________________________________________________

૯. આખી રાત બાબીઓની એક હરોળ શેનું ગાન કરતી રહેતી ? ____________________

______________________________________________________________

૧૦. બીજી હરોળ કેવો પ્રતિભાવ આપતી ? ___________________________________

______________________________________________________________

૧૧. તેમના ગાનની રાજા ઉપર શી અસર થઈ ? ____________________

____________________

૧૨. જ્યાં બહાઉલ્લાહ અને તેના સાથીદારેને કેદ કરવામાં આવ્યા હતા ત્યાં દરરોજ જેલર કોટડીમાં એક બાબીનું નામ બોલતા અને તેમને ઉભા થઈને તેની પાછળ ફાંસીના માચડા પાસે આવવાનો હુકમ કરતા. ત્યાર પછી શું થતું હતું, તેનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો.

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

૧૩. તમારા મતે, કારાવાસની આટલી ભયંકર પરિસ્થિતિ હોવા છતાં, બાબીઓ કેમ આનંદથી ભરેલા હતા. ____________________

____________________

____________________

## વિભાગ ૧૨

એક એવો ગહન ખ્યાલ છે જેના વિશે બહાઈ ઈતિહાસના દરેક વિદ્યાર્થીએ સમજવું જોઈએ -કે ઈશ્વરનો ધર્મ કટોકટી અને વિજયની શ્રેણી દ્વારા પ્રગતિ કરતો રહે છે. જયારે પણ અજ્ઞાનતા, અન્યાય કૃરતા અને કટ્ટરવાદની તાકાતો બહાઈ સમાજ ઉપર સતત પ્રહાર કરતા જ રહ્યા છે અને તેનાથી કટેકટીનો ઉદય થયો છે, ત્યારે તેને અનુરૂપ તેમાં વિદ્યમાન શક્તિ મુક્ત થઈ છે, અને તેનાથી આ તાકાતો પર વિજય પ્રાપ્ત કરવામાં આવ્યો છે, તેનાથી પ્રભુધર્મએ નવીન વિજયો પ્રાપ્ત કર્યા છે, જેણેં વિરોધના નવીન ઉભરોને જન્મ આપ્યો છે, જેની પહેલાં કલ્પના કરવામાં આવતી નથી, જે બદલામાં, તેની શક્તિને વધુ પ્રમાણમાં મુક્ત કરવાનું કારણ બને છે.

બાબના ટૂંકા ધાર્મિક કાર્યકાળે આવા જ ઈતિહાસનું અનુસરણ કર્યું છે. પરંતુ સામાન્ય નિરિક્ષકોએ ધારણા કરી હશે કે આ તાજેતરની કટોકટીઃ જેમાં બાબને શહીદ કરી દેવામાં આવ્યા હતા, તેના પર વિજય પ્રાપ્ત કરી શકાશે નહિ. તેમના હજારો અનુયાયીઓને અકથનીય કૃરતાથી મારી નાંખવામાં આવ્યા હતા. તેમના સૌથી વિશિષ્ટ શિષ્યોને શહીદ કરી દેવામાં આવ્યા હતા, એવી એકમાત્ર વ્યક્તિ જે આશાને પુનર્જીવિત કરી શકતા હતા તેઓ કાળકોટડીમાં બેડીઓમાં બંધાયેલા હતા. આ યાતના ખરેખર ભયંકર હતી, પરંતુ તેના પછી જે વિજય પ્રાપ્ત થયો તે અતિ મહિમાવંત હતો.

સિયાચાલમાં, ઈશ્વરે બહાઉલ્લાહને તેમના મહાન સ્થાન વિશે માહિતગાર કર્યા. અંધકારથી ઘેરાયેલા, અતિ દુર્ગંધ હવા શ્વાસોશ્વાસમાં લેતા, લાકડાના ચોકઠામાં બાંધેલા પગ, અને જેની ગરદન

ભારેખમ સાંકળોના ભારથી વળી ગઈ હતી તેવા, બહાઉલ્લાહએ ઈશ્વરીય પ્રગટીકરણનો પહેલો સંકેત પ્રાપ્ત કર્યો. આવી ભયાનક પરિસ્થિતિમાં “પરમ મહાન ચેતના” તેમની સમક્ષ પ્રગટ થઈ, તેમને ઉભા થઈને ઈશ્વરના વચનોની ઘોષણા કરવાનો આદેશ આપ્યો.

ઘડી ભરતો જાણે કે કોઈ ઉંચા પર્વત પરથી પાણીનો પ્રચંડ શક્તિશાળી ધોધ ધરતી પર પડતો હોય એવી રીતે તેમના માથાના તાજ માંથી નિકળી અને છાતી ઉપરથી કંઈક વહી રહ્યું હોય એવી તેમને અનુભૂતિ થઈ. તેમણે તેમની સમક્ષ હવામાં સ્વર્ગની પરી જોઈ, તે તેમના આંતરિક તથા બાહ્ય અસ્તિત્વ સાથે વાર્તાલાપ કરતાં, તેમના તરફ નિર્દેશ કરતાં તેમને વિશ્વના પરમ પ્રિયત્તમ, ઈશ્વરનું સૌદર્ય, તથા ઈશ્વરની સર્વોપરિતાની શક્તિ જેવા સંદર્ભ આપીને સંબોધિત કર્યું. તેમને એવી ખાત્રી આપવામાં આવી કે તેને સ્વયં તેનીજાત તથા તેની કલમ, અને જેમને ઈશ્વર જાગૃત કરશે તેમના દ્વારા વિજયી બનાવવામાં આવશે.

આવી રીતે, કાળ કોટડીના અંધકારમાંથી સત્યના સૂર્યનો ઉદય થયો. બાબનું વચન પરિપૂર્ણ થયું. બહાઈ પ્રગટીકરણનો જન્મ થયો. પરંતુ બહાઉલ્લાહે જે કંઈ ઘટીત થયું હતું તેની કોઈને જાણ કરી નહિ, તેમના જીવનધ્યેયની ઘોષણા કરવા માટે, ઈશ્વર દ્વારા નિર્મિત, શુભ ઘડીની તેઓ રાહ જોતા હતા.

૧. બહાઉલ્લાહના કારાવાસના સમય દરમિયાન બાબી સમાજ જે કટોકટીમાં સપડાયો હતો તે કેટલી ભયાનક હતી તેનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૨. આ કટોકટી પછી કયો વિજય થયો ?

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

## વિભાગ ૧૩

માનવજાતનું સૌભાગ્ય છે કે ધર્મના ઈતિહાસની આ સૌથી મહત્વપૂર્ણ ઘટનાનું બહાઉલ્લાહના પોતાના શબ્દોમાં વર્ણન કરવામાં આવ્યું છે. તેમના લખાણોમાંથી લેવામાં આવેલા આ અવતરણો વાંચો અને તેના પછી આપવામાં આવેલા વાક્યોમાં ખાલી જગ્યા પૂરો.

ઈશ્વરીય પ્રગટીકરણે જે રીતે સૌપ્રથમ તેમના આત્માને તરબોળ કરી દીધું હતું તેનું સ્મરણ કરતાં બહાઉલ્લાહ કહે છે :

> **"એક રાત્રે, સ્વપ્નમાં દરેક દિશાએથી આ સ્તુત્ય શબ્દો સંભળાયા: 'ખરેખર અમે તને તારી પોતાની જાત તથા તારી કલમ દ્વારા વિજય અપાવીશું. તારા ઉપર જે વીતી રહ્યું છે તેનાથી તું દું:ખી થઈશ નહિ, કે ગભરાઈશ નહિ, કારણ કે તું સુરક્ષામાં છે. થોડા જ વખતમાં પ્રભુ ધરતીના ખજાનાઓ ઉભા કરશે-એવા મનુષ્યો જેઓ તારીજાત અને તારા નામ વડે તારી સહાયતા કરશે, જેનાથી ઈશ્વર એવા લોકોના હૃદયોને નવજાગૃત કરશે જેમણેં તેનો સ્વીકાર કરી લીધો હશે.'"**[૨૮]

ઉપરોક્ત અવતરણમાં, બહાઉલ્લાહ આપણને કહે છે કે, એક રાત્રે, સ્વપ્નમાં દરેક દિશાએથી આ સ્તુત્ય શબ્દો સંભળાયા: "ખરેખર અમે તને __________________ તથા ________________ દ્વારા ______________ અપાવીશું. તારા ઉપર જે ________________ છે તેનાથી તું દું:ખી થઈશ નહિ, કે _______________ નહિ, કારણ કે તું ______________ છે. થોડા જ વખતમાં પ્રભુ ધરતીના _______________ _______________ -એવા ______________ જેઓ ________________ અને ________________ વડે તારી સહાયતા કરશે, જેનાથી ઈશ્વર એવા લોકોના હૃદયોને ________________ કરશે જેમણેં ____________________ હશે."

બીજા એક ફકરામાં બહાઉલ્લાહ ઈશ્વરીય પ્રગટીકરણની તેમના અસ્તિત્વ પર પડેલી અસરનું વર્ણવે છે :

> **"જે દિવસોમાં હું તહેરાનના કારાવાસમાં હતો તે દિવસોમાં ભારે સાંકળો તથા અસહ્ય દુર્ગંધને લીધે સૂવાનું અસક્ય થઈ ગયું હતું, ત્યાં અચાનક મને ઝોકું આવ્યું, આ અદ્‌ભૂત ક્ષણોમાં મારા માથા ઉપરથી ઉંચા પર્વતના ઉત્તુંગ શિખર ઉપરથી પ્રચંડ ધોધ ધરતી પર ધસી પડતો હોય તેવું કંઈક વહી રહ્યું હોય એવો મને અનુભવ થયો. તેના પરિણામે, મારા શરીરના દરેક અંગમાં અગ્નિની ધારા વહેવા લાગી. આ ઘડીએ મારી જીભે જેનું ગાન કર્યું તેને ગ્રહણ કરવા કોઈ પણ મનુષ્ય અસમર્થ હતો."**[૨૯]

બહાઉલ્લાહ કહે છે કે, જે દિવસોમાં હું તહેરાનના _____________ માં હતો તે દિવસોમાં _______________ તથા ______________ ને કારણે __________________ થઈ ગયું હતું, ત્યાં અચાનક મને _____________ આવ્યું, આ અદ્‌ભૂત ક્ષણોમાં મારા માથા ઉપરથી ______________ ના ________________ ઉપરથી ______________ ધરતી પર _____________ હોય તેવું કંઈક વહી રહયું હોય એવો મને અનુભવ થયો. તેના પરિણામે, મારા શરીરના દરેક અંગમાં

_______________ વહેવા લાગી. આ ઘડીએ બહાઉલ્લાહે જેનું ગાન કર્યું તેને _____________ _____________________હતો.

બીજા એક અવતરણમાં તેઓ કેવી રીતે સ્વર્ગની પરી તેમની સમક્ષ પ્રગટ થઈ હતી તેનું વર્ણન કરે છે, જે "પરમ મહાન ચેતના"નો સંકેત આપે છે.

> **"મહાવ્યથામાં ગરકાવ હતો ત્યારે મેં મારા માથા ઉપરથી અતિ અદ્‌ભુત અને અતિ મધૂર અવાજ સાંભળ્યો. જ્યારે મેં મારૂ મુખ ફેરવ્યું, તો સ્વર્ગીય પરી -મારા સ્વામીના નામના સ્મરણનું મુર્તરૂપ હતું - મારી સમક્ષ હવામાં ઉભી હતી. તેના આત્માથી તે એટલી આનંદ-વિભોર હતી કે તેનું મુખારવિંદ ઈશ્વરની સુપ્રસન્નતાના આભૂષણથી સુશોભિત હતું, તેના ગાલ સર્વદયામયના તેજથી ચમકતા હતા. પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે એ બધાને પોકારી રહી હતી જેણે મનુષ્યના દિલ અને દીમાગને મોહિ લીધું હતું. તે મારા આંતરિક અને બાહ્ય અસ્તિત્વને એવો સંદેશ આપી રહી હતી જેણેં મારો આત્મા તથા ઈશ્વરના સન્માનિત સેવકોના આત્માઓને પ્રફુલ્લિત કરી દીધા હતા. મારા મસ્તક તરફ આંગળી ચિંધતા, તેણે જેઓ પૃથ્વી તથા સ્વર્ગમાં છે તે બધાને સંબોધિત કરતા કહ્યું: ઈશ્વરની સોગંધ, આ વિશ્વના સર્વાધિક પ્રિયતમ છે અને છતાં હજુ તમે તેને સમજી શકતા નથી. તમારી વચ્ચે આ ઈશ્વરનું સૌદર્ય છે અને તમારી વચ્ચે રહેલી તેના સાર્વભૌમત્વની શક્તિ છે, જો તેને સમજી શકતા હોય તો સમજી લો. આ ઈશ્વરનું રહસ્ય અને તેનો ખજાનો છે, પ્રગટીકરણ અને સૃષ્ટિના સામ્રાજયમાં જે કોઈ છે તેમની સમક્ષ આ ઈશ્વરનો ધર્મ અને તેની મહિમાં છે, જો તમે તેમના પૈકી હોય જે સમજે છે."**[૩૦]

બહાઉલ્લાહ કહે છે કે, મહાવ્યથામાં ગરકાવ હતો ત્યારે તેમણેં તેમના માથા ઉપરથી _______________ અને ______________ અવાજ સાંભળ્યો. જ્યારે તેમણેં તેમનું મુખ ફેરવ્યું, તો બહાઉલ્લાહે હવામાં ઊભેલી ______________ જોઈ. સ્વર્ગની પરીનું મુખારવિંદ _______________________________ થી સુશોભિત હતું અને તેના ગાલ _____________________ થી ચમકતા હતા. તેણેં તેમના __________________________ ને એવો સંદેશ આપ્યો જેણેં તેનો આત્મા તથા ઈશ્વરના _________________ ના આત્માઓને પ્રફુલ્લિત કરી દીધા હતા. તેમના મસ્તક તરફ આંગળી ચિંધતા, તેણે જેઓ ____________ તથા ____________ માં છે તે બધાને સંબોધિત કરતા કહ્યું: "ઈશ્વરની સોગંધ, આ _____________ ______________ છે અને છતાં હજુ તમે તેને સમજી શકતા નથી. તમારી વચ્ચે આ _____________________ છે અને તમારી વચ્ચે રહેલી તેની ______________ ની ___________ છે, જો તેને સમજી શકતા હોય તો સમજી લો. આ ________________ અને તેનો ______________ છે, ______________ અને ___________ ના સામ્રાજયમાં જે કોઈ છે તેમની સમક્ષ આ ____________ નો ____________ અને તેની ____________ છે, જો તમે તેમના પૈકી હોય જે સમજે છે.

## વિભાગ ૧૪

કટોકટી અને વિજયનો ખ્યાલ એટલો મહત્વપૂર્ણ છે કે આ ઘડીએ થોડી વાર થોભીને પ્રભુધર્મની શક્તિ વિશે ચિંતન કરવું તમારા માટે મૂલ્યવાન રહેશે, જે તેના માર્ગમાં આવતી દરેક બાધાને દૂર કરવા સક્ષમ છે. આમ કરવામાં તમારી મદદ કરવા માટે, સૂચન કરવામાં આવે છે કે તમે નીચેના અવતરણો વાંચો અને તેના પછી આપેલા પ્રશ્નનો જવાબ આપો -અવતરણો પૈકી એક બહાઉલ્લાહના પવિત્ર લખાણોમાંથી તથા બીજુ શોઘી એફેન્દી વતી લેખિત એક પત્રમાંથી છે.

**"જુઓ, કેવી રીતે આ યુગમાં મૂલ્યહિન તથા મૂર્ખ લોકોએ ઘેલી કલ્પના કરી લીધી છે કે કત્લેઆમ, લૂંટફાટ અને દેશનિકાલ જેવા માધ્યમો દ્વારા તેઓ તે દિપક બુઝાવી શકશે જેને દિવ્ય શક્તિના હાથ વડે પ્રગટાવવામાં આવ્યો છે અથવા તે વસંત કિરણના અનંત પ્રકાશને ઢાંકી દેશે. તેઓ કેટલા અજ્ઞાની લાગે છે કે તેઓ તે સત્ય સમજી શકતા નથી કે આવી મુસીબતો એવા દિવેલનું કાર્ય કરે છે જે દિપકની જ્યોતને સળગતી રાખે છે. ઈશ્વરની પરિવર્તનકારી શક્તિ આવી જ છે. તે જે કંઈ ઈચ્છે છે તે મુજબ તેમાં બદલાવ લાવે છે. ખરેખર બધી વસ્તુઓ પર તેની સત્તા છે."**[૩૧]

**"આ પ્રભુધર્મ, બીજા દિવ્ય ધર્મની જેમ, જ્યાં સુધી વિરોધી તાકાતોનો સામનો કરી વીરતાથી વિજયી ન થયા ત્યાં સુધી અસરકારક રીતે સ્થાપિત થઈ શકે નહિ. પ્રભુધર્મનો ઈતિહાસ સ્વયં તેનો પુરાવો છે. પરીક્ષાઓ અને જુલમ હંમેશા ઈશ્વરના પસંદગી પામેલાઓનું ભાવિ રહ્યું છે અને રહેશે. પરંતુ તેને તેમણે છૂપો આશીર્વાદ ગણવો જોઈએ કારણ કે તેના દ્વારા જ તેમના વિશ્વાસમાં ચેતના આવશે, શુધ્ધ અને દ્રઢ બનશે. બહાઉલ્લાહ આવી યાતનામય કસોટીઓની તૂલના એવા દિવેલની સાથે કરે છે જે પ્રભુધર્મના દિપકને હંમેશા પ્રકાશિત રાખે છે."**[૩૨]

પ્રભુધર્મ કટોકટી અને વિજયની શ્રેણી દ્વારા પ્રગતિ કરતો રહે છે, તેનું જ્ઞાન કેવી રીતે તમને પ્રભુધર્મ અને માનવતાની સેવાના માર્ગે દૃઢપણે ચાલવામાં તમારી મદદ કરે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## વિભાગ ૧૫

બહાઉલ્લાહ જ્યારે શિયાચાલમાં સાંકળે બંધાયેલા હતા, ત્યારે તેમના દુશ્મનો રાજા પાસેથી તેમના મૃત્યુંદંડની સજાનો હુકમ મેળવવાની કોશીશ કરતા હતા. પરંતુ બહાઉલ્લાહ ઉચ્ચ તથા નિમ્ન વર્ગના લોકોના પ્યારા હતા એટલે તેમને એટલી શરળતાથી મૃત્યુદંડ મળી શકે તેમ ન હતો. એવા પુરાવાની જરૂર હતી કે જે તેમને રાજા ઉપર થયેલા હુમલા સાથે સાંકળી શકે. પરંતુ પુરાવો શોધવા જેટલા વધુ પયત્નો તેમણે કર્યા તેટલા જ પ્રમાણમાં એ સ્પષ્ટ થતું હતું કે બહાઉલ્લાહ સંપૂર્ણપણે નિર્દોષ હતા. દેહાંતદંડ અપાવવામાં નિષ્ફળ ગયેલા કઠોર દુશ્મનોએ તેમના ભોજનમાં ઝેર આપવાનું નક્કી કર્યું. ઝેર એટલું ઘાતક હતું કે તેની પ્રારંભિક અસર તરત જ જોવા મળી હતી અને બહાઉલ્લાહએ ઝેરી ભોજન લેવાનું બંધ કરી દીધું. અંતે અધિકારીઓ પાસે તેમને જેલમાંથી મુક્ત કરવા સિવય બીજો કોઈ વિકલ્પ ન હતો; પરંતુ તેમને એવી શરતે મુક્ત કરવામાં આવ્યા કે તેઓ દેશ છોડી અને બીજા દેશમાં જાય.

બહાઉલ્લાહએ ચાર મહિના સુધી કારાવાસમાં યાતના સહન કરી. તેઓ હવે બીમાર અને થાકેલા હતા. જેલની અમાનુષી પરિસ્થિતિ, તેમના ગળામાં બાંધેલી પચાસ કિલો વજનની સાંકળો અને છેવટે ઝેર આપવાને લીધે તેઓ એટલા બધા કમજોર થઈ ગયા હતા કે તેમને વિશેષ દેખરેખ હેઠળ પથારીવશ રાખવા પડેલા. સાંકળની કડીઓને લીધે તેમના ગળામાં ઊંડા ઘા પડી ગયા હતા અને સમય જતાં તે સાજા થઈ ગયા હોવા છતાં, તેના નિશાન તેમના જીવનના અંત સુધી રહ્યા હતા. આ બધાની વચ્ચે, તેમના પરિવારે એક મહિનાના સમયમાં તેમની કપરી મુસાફરી માટે તૈયારી કરવાની હતી. દેશનિકાલનું સ્થળ નક્કી કરવા માટે બહાઉલ્લાહને સ્વતંત્રતા આપવામાં આવી હતી. તેમણે બગદાદની પસંદગી કરી, જે તે વખતે તુર્કી સામ્રાજ્યનું એક શહેર હતું અને આજે ઈરાકની રાજધાની છે.

૧૨ જાન્યુઆરી ૧૮૫૩થી એજ વર્ષની ૮મી એપ્રિલ સુધી મુસાફરી ચાલી. તે મધ્ય શિયાળાનો સમય હતો અને તેમના પરિવારે ઈરાનના પશ્ચિમ ભાગમાં થઈને મુસાફરી કરવાની હતી જે વિસ્તારમાં શિયાળાની ઠંડી ખૂબ જ કાતિલ હોય છે. મુસાફરીમાં જે કંઈ તેમને આપવામાં આવેલું તે પૂરતું ન હતું અને તેમને ઓછા ખોરાકથી સંતોષ માનવો પડતો. પરંતુ પ્રવાસીઓની આ નાની ટુકડીનો રખેવાળ ખુદ સર્વશક્તિમાન ઈશ્વર હતો અને તેની અચૂક સહાયતાથી તેઓ સહીસલામત બગદાદ પહોચ્યા.

બહાઉલ્લાહને ઈરાન છોડવાની અને કદી પાછા પોતાના વતનમાં નહિ આવવાની ફરજ પાડીને બહાઉલ્લાહની હાજરીની કૃપાથી ઈરાને પોતે જ પોતાને વંચિત કરી લીધુ હતું. ઈરાક હવે પૃથ્વી પર સૌથી અણમોલ વિભૂતિનું ઘર હતું. બહાઉલ્લાહનો ઈરાનમાંથી થયેલા દેશ નિકાલ વિશે એક વિશિષ્ટ બહાઈ ઈતિહાસકાર નીચે મુજબ કહે છે :

> "બહાઉલ્લાહ સરહદની નજીક પહોંચ્યા ત્યારે, એક કાળખંડ સમાપ્ત થઈ ગયો. શું ઈરાનના લોકોએ શું ગુમાવ્યું હતું તેનાથી તેઓ પરિચિત હતા? અજ્ઞાનતાના અંધકારમાં ગરકાવ, ધર્માંધતામાં ડુબેલા, પૂર્વગ્રહોથી આંધળા થઈ ગયેલા, સ્વાર્થી લોકો દ્વારા દોરાયેલા, જુઠાણાથી પ્રેરિત લોકો કંઈ જોઈ કે જાણી શકતા ન હતા. અને તેથી વિશ્વના મુક્તિદાતા તેમની વચ્ચેથી જતા રહ્યા. તે જેને એક વખત ગરીબ અને તવંગર, ઉચ્ચ અને નિમ્ન, રાજકુવર અને ખેડુત બધા પ્રેમ કરતા અને આદર આપતા, એજ લોકોએ હવે તેમને જાકારો આપ્યો, જે લોકો પર તેમણેં હંમેશા ભરપૂર કૃપા, પ્રેમ, ન્યાય અને ઉદારતા વરસાવી હતી. ઈરાને બહાઉલ્લાહનું સાંનિધ્ય ગુમાવી દીધું, પરંતુ શું તેમનો આત્મા, તે કે અન્ય ભુમિથી અળગા રહી શકે ?"[૩૩]

૧. શા માટે બહાઉલ્લાહના વિરોધીઓ તેમના દેહાંતદંડની સજાનો હુકમ મેળવવા અસમર્થ હતા ?

________________________________________

________________________________________

________________________________________

૨. બહાઉલ્લાહના દુશ્મનો બહાઉલ્લાહને રાજા ઉપર થયેલા હુમલા સાથે સાંકળવા અસફળ થયા. તેના પછી તેમણે શું કર્યું ? ____________________

________________________________________

________________________________________

૩. બહાઉલ્લાહ સિયાચાલમાં કેટલા મહિના હતા ? ____________________

________________________________________

૪. કઈ શરતે તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા ? ____________________

________________________________________

૫. બહાઉલ્લાહે દેશનિકાલ માટે કયા શહેરની પસંદગી કરી ? ____________________

૬. તે વખતે બગદાદ કયા સામ્રાજયનો એક ભાગ હતો ? આજે તે કયા દેશની રાજધાની છે ?

________________________________________

________________________________________

૭. બહાઉલ્લાહ અને તેમના પરિવારે કઈ તારીખે બગદાદની મુસાફરી શરૂ કરી ? કઈ તારીખે અને લગભગ કેટલા મહિના પછી તેમની મુસાફરી પૂરી થઈ ? ____________________

________________________________________

૮. મુસાફરીની પરિસ્થિતિનું વર્ણન કરો :

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## વિભાગ ૧૬

બહાઉલ્લાહ દ્વારા પ્રગટીત નીચેની પ્રાર્થના, તેમણેં શિયાચાલમાં જે યાતનાઓ સહન કરી હતી અને તેના પછીના મહિનાઓમાં જે મુશ્કેલીઓ વેઠી હતી તેની ઝલક આપે છે.

> **"મારા ઈશ્વર, મારા સ્વામી, મારી અભિલાષા!... તારા સામર્થ્યની સંપુર્ણ શક્તિ દ્વારા તેં આ ધૂળના કણનું સર્જન કર્યું છે, અને જેનો તારા એવા હાથે ઉછેર કર્યો છે જેને કોઈ બંધન બાધી શકતું નથી ... તેના માટે તેં એવી કસોટીઓ અને વિપત્તિઓ નિર્ધારિત કરી છે જેનું કોઈ જીભ વર્ણન કરી શકતી નથી, કે તારી કોઈ પાતીઓ તેનું યોગ્ય વર્ણન કરી શકતી નથી. જે ગળાને રેશમના સ્પર્ષની આદત હતી તેને તેં અંતે મજબૂત બેડીઓમાં બાંધી દીધી, અને જે શરીરને તેં મખમલી અને સુવાળા વસ્ત્રોનું સુખચેન આપ્યું, તેને અંતે અંધારી કોટડીને હવાલે કરી દીધું. તારા હુકમના લીધે મને અસંખ્ય બેડીઓ પહેરાવવામાં આવી, અને મરી ગરદનની ફરતે કોઈ અલગ ન કરી શકે તેવી સાંકળો બાંધવામાં આવી. દયાના વરસાદની જેમ ઘણા વર્ષો સુધી મારા ઉપર આપત્તિઓનો વરસાદ વરસ્યો છે... કેટલીય રાત્રી દરમિયાન સાંકળોની બેડીના વજને મને ઉંઘવા દીધા નથી, માનવીની જીભ તથા હાથ વડે મને યાતનાઓ આપવામાં આવી, તેને લીધે કેટલા એવા દિવસો હતા જ્યારે શાંતિ અને સુખ મારાથી દુર રહ્યા! તેં તારી સર્વવ્યાપી દયા વડે સૃષ્ટિ ઉપરના સર્વ જીવો માટે ખોરાક અને પાણી પ્રદાન કરેલ છે, કેટલી વખત તારા આ સેવકને આપવાની મનાઈ કરવામાં આવી છે, અને તારા ધર્મમાંથી ચલાયમાન થયા હોય તેને જે સજા થવી જોઈએ તે સજા અંત સુધી મને તેમના દ્વારા આપવામાં આવી, તારો હુકમ અફર હતો અને તારા હુકમની બજવણીને પરિણામે આ સેવકને ઘણા કમજોર શરીરવાળા લોકો અને કુમળી વયના બાળકો સાથે એવા સમયે ઈરાન છોડવાનું કહેવામાં આવ્યું જયારે એટલી કાતિલ ઠંડી હતી કે કોઈ માણસ બોલી પણ શકતો ન હતો, તેમજ હિમ અને બરફ એટલો પૂષ્કળ હતો કે આગળ ચાલવાનું અસક્ય હતું."**[૩૪]

તમે ઉપરોક્ત પ્રાર્થના મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો. પરંતુ, જો તમે તેનું કેટલીક વાર વાંચન પણ કરશો તો, બહાઉલ્લાહની યાતનાઓ વિશેના ઘણા વિધાનો તમારા મનમાં અંકિત થઈ જશે. એવા કેટલાક વિધાનો કયા છે ?

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

## વિભાગ ૧૭

બગદાદમાં, બહાઉલ્લાહે શહરેના જૂના વિસ્તારમાં એક મહાન ભાડે રાખ્યું હતું. તેમના આગમન પછીના મહિનાઓમાં વધતી જતી સંખ્યામાં બાબીઓ બગદાદમાં આવવા લાગ્યા. કમનસીબે, ઘણા દયનીય સ્થિતિમાં ડુબી ગયા હતા; તેઓ મુઝવણમાં અને દ્વિધામાં હતા, અને ઘણા તો બાબના અનુયાયીઓ માટે અયોગ્ય વર્તન કરતા હતા. જેઓ આવ્યા તે બધાને બહાઉલ્લાહે અપાર પ્રેમથી આવકાર્યા અને તેમના હૃદયને શુધ્ધ કરવામાં તથા તેમની ચેતનાને નવજીવન પૂરૂં પાડવામાં મદદ કરી. તેમના પ્રભાવ હેઠળ બાબી સમાજનું ભાવિ બદલાવા લાગ્યું અને આશાઓ ફળીભુત થવા લાગી. પરંતુ, અફસોસ, નવી કટોકટીઓ આકાર લઈ રહી હતી. આ વખતે તેનો સ્ત્રોત બહાઈ સમાજમાં જ હતો, આ કટોકટીનું કારણ બીજું કોઈ નહીં પણ ખુદ બહાઉલ્લાહના સાવકા ભાઈ મીર્ઝા યાહ્યા હતા, જે પોતે બાબના ઉત્તરાધિકારી હોવાનો દાવો કરતા હતા.

હકીકતમાં, બાબને ઉત્તરાધિકારીનું નામ આપવાની જરૂર જણાયી ન હતી, કારણ કે તેઓ જાણતા હતા કે બધા યુગોનું વચન ટૂંક સમયમાં જ પ્રગટ થવાનું હતું. તેમણે બહાઉલ્લાહ અને બીજા અનુયાયીની સલાહ પ્રમાણે મીર્ઝા યાહયાને નામ પૂરતા નેતા તરીકે નિયુક્ત કર્યા હતા. જે બહાઉલ્લાહને પૂરતી સલામતી સાથે ધર્મનો વિકાસ કરવા સક્ષમ બનાવી શકે. મીર્ઝા યાહયાને જીવનભર બહાઉલ્લાહ તરફથી અપાર પ્રેમ અને સમર્થન મળ્યું હતું, પરંતુ તે બહુ મહત્વાકાંક્ષી અને ડરપોક પૂરવાર થયા. બાબની શહાદતથી તે એટલા શોકમાં ડૂબી ગયા કે તેણે પોતાનો વિશ્વાસ ગુમાવી દીધો. થોડા સમય માટે તે માઝીનદરાંનના ડુંગરોમાં ફકીર તરીકે ભટકતા રહ્યા, તેનું વર્તન એટલું શરમજનક હતું કે તેણે તે વિસ્તારના કેટલાક બાબીઓને પ્રભુ ધર્મથી વિમુખ કરી દીધા. એક પછી એક બહાના બતાવીને, છેવટે તે બગદાદ આવ્યા અને વેપારમાં જોડાવા માટે બહાઉલ્લાહ પાસેથી થોડા નાણાં મેળવીને, પોતાનું નામ બદલાવીને શહેરના એક મહોલ્લામાં રહેવા લાગ્યા.

બાબના અનુયાયીઓ તરફથી બહાઉલ્લાહ પ્રત્યે વધતો જતો આદરભાવ અને પ્રેમ તથા શહેરના અમલદારોમાં બહાઉલ્લાહની વધતી જતી પ્રતિષ્ઠિાની મીર્ઝા યાહયા ઉપર ભયંકર અસર પડી. તેનામાં ઈર્ષા જાગી અને ઈર્ષાની આગ એટલી ભડકી ઉઠી કે શિષ્ટાચારના દરેક અંશને ભરખી ગઈ. પોતાના કરતા વધારે બેશરમ એવા સાથીની સાથે મળીને, મીર્ઝા યાહયા બાબીઓમાં બહાઉલ્લાહના ઈરાદાને લઈને શંકાના બીજ વાવવા ઉભા થયા. ફરી એક વાર બાબી સમાજ ઉપર શંકા, ભય અને વ્યર્થ કલ્પનાઓના વાદળો ઉતરી આવ્યા. સુખ શાંતિના ટૂંકા સમયનો અંત આવ્યો અને દિવસે દિવસે બહાઉલ્લાહની યાતનાઓની તીવ્રતા વધતી ગઈ.

૧૦ એપ્રિલ ૧૮૫૪ની વહેલી સવારે બહાઉલ્લાહના કુટુંબીજનો જાગ્યા ત્યારે જોયું કે, તેઓ ચાલ્યા ગયા હતા. તેમની મંઝીલ કે ઉદ્વેશની કોઈને પણ જાણ કર્યા વિના તેઓ શહેર છોડીને કયાંક જતા રહ્યા હતા. મીર્ઝા યાહયાની પ્રવૃત્તિઓ આગળ વધતી જોઈને બહાઉલ્લાહે બગદાદની ઉત્તર-પૂર્વમાં આવેલા કુર્દીસ્તાનના જંગલોમાં રહેવાનું પસંદ કર્યું. "મારા એકાંતવાસનો એક ઉદ્દેશ," તેમણે જ આગળ કહ્યું હતું કે, "વિશ્વાસુઓ વચ્ચે મતભેદનું કારણ, અમારા વચ્ચે વિમાસણનો સ્ત્રોત, કોઈપણ આત્માને હાની પહોચાડવાનું માધ્યમ કે કોઈપણ હૃદય માટે દુ:ખનું કારણ નહિ બનવાનો હતો."[૩૫]

સુલેમાનીયા નગરથી થોડે દૂર એકાંતમાં, બહાઉલ્લાહ એકલા, ઈશ્વરના સંપર્કમાં રહ્યા. તેઓ અલ્પ-આહારથી સંતુષ્ટ હતા. આજુબાજુના ભરવાડો પાસેથી તેમને થોડું દુધ મળતું અને કયારેક તેઓ લઘુત્તમ જીવન જરૂરીયાતો માટે નગરમાં જતા. ત્યારે આવા ટૂંકા સંપર્ક દરમ્યાન પણ તે પ્રદેશના લોકોની

નજરથી બહાઉલ્લાહની મહાનતા છુપાઈ શકતી ન હતી. તેમના પ્રેમ અને બુધ્ધિમતાથી સુલેમાનીયાના રહેવાસીઓ આકર્ષિત થયા અને તેમની ખ્યાતિ પડોશના પ્રદેશમાં પણ પ્રસરવા લાગી. અસાધારણ બુધ્ધિમતા અને વાક્ચાતુર્યવાળી એક વ્યક્તિ કુર્દીસ્તાનના પ્રદેશમાં રહે છે તે સમાચાર છેવટે બગદાદ પહોંચ્યા. આ વ્યક્તિ બહાઉલ્લાહ સિવાય બીજી કોઈ હોઈ શકે નહિં તેવી ખાત્રી થતા તેમના કુટુંબીજનોએ એક વિશ્વાસુ શ્રધ્ધાળુને તેમને પાછા આવવા વિનંતિ કરવા મોકલ્યા. બહાઉલ્લાહે તેમની વિનંતીનો સ્વીકાર કર્યો, અને એવી રીતે તેમના બે વર્ષના સ્વેચ્છિક એકાંતવાસના સમયનો અંત આવ્યો.

૧. બગદાદમાં બાબીઓની પરિસ્થિતિ કેવી હતી જેઓ તે શહેરમાં બહાઉલ્લાહના આગમન પછી આવ્યા હતા ? ________________________________________

________________________________________

૨. શા માટે તેઓ આવી સ્થિતિમાં સપડાઈ ગયા હતા ? ____________________

________________________________________

________________________________________

૩. બહાઉલ્લાહના પ્રભાવ હેઠળ બાબી સમાજમાં શું થવા લાગ્યું ? ______________

________________________________________

________________________________________

________________________________________

૪. શું બાબે તેમના ઉત્તરાધિકારીનું નામ આપ્યું હતું ? કેમ નહિ ? ______________

________________________________________

________________________________________

૫. બાબે  નામ પૂરતા નેતા તરીકે કોનું નામ આપ્યું હતું ? ____________________

૬. મીર્ઝા યાહયાનો બહાઉલ્લાહ સાથે શું સંબંધ હતો ? ____________________

૭. મીર્ઝા યાહયાના ચરિત્ર્યનું વર્ણન કરો : ____________________________

________________________________________

________________________________________

૮. બાબની સહાદત પછી મીર્ઝા યાહયાએ શું કર્યું  હતું ? ____________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૯. બાબના અનુયાયીઓનો બહાઉલ્લાહ પ્રત્યેનો વધતો જતો આદર અને પ્રેમ તેમજ શહેરના અમલદારોમાં તેમની વધતી જતી પ્રતિષ્ઠાની મીર્ઝા યાહયા ઉપર શું અસર થઈ ?

________________________________________

________________________________________

૧૦. જયારે બહાઉલ્લાહે જોયું કે મીર્ઝા યાહયાની પ્રવૃત્તિઓ કઈ દિશામાં લઈ જઈ રહી છે, ત્યારે બહાઉલ્લાહે શું કર્યું ? ________________________________

________________________________________

૧૧.બહાઉલ્લાહ કયા પ્રદેશમાં એકાંતવાસ માટે ગયા હતા ? ____________________

૧૨.બહાઉલ્લાહ આપણને કહે છે કે, તેમના એકાંતવાસનો એક ઉદ્દેશ ________________ નું કારણ, અમારા વચ્ચે ____________ નો સ્ત્રોત, કોઈપણ આત્માને _________________ નું માધ્યમ કે કોઈપણ _____________ નું કારણ નહિ બનવાનો હતો.”

૧૩. કુર્દિસ્તાનના જંગલોમાં બહાઉલ્લાહે શું કર્યું હતું ? ________________________

________________________________________

________________________________________

________________________________________

૧૪. બહાઉલ્લાહ કેટલા સમય માટે બગદાદથી દૂર રહ્યા હતા ? ____________________

________________________________________

૧૫. એવા કયા સંજોગો હતા જેનાથી બહાઉલ્લાહને પાછા આવવું પડયું ? ______________

________________________________________

________________________________________

## વિભાગ ૧૮

ઈશ્વરના દરેક અવતાર તેમના અનુયાયીઓ સાથે સંવિદા (કરાર) કરે છે. બાબના અનુયાયીઓએ તેને જેને ઈશ્વર પ્રગટ કરશે તેની શોધ કરી અને તેનો સ્વીકાર કરવાનો બાબ સાથે કરાર કર્યો હતો. બહાઉલ્લાહે હજુ કોઈને કહ્યું ન હતું કે, તેઓ બાબ દ્વારા પ્રતિક્ષિત અવતાર હતા આમછતાં, દરેક દિવસ પસાર થવાની સાથે તેમની મહાનતા વધુને વધુ સ્પષ્ટ થતી હતી અને કેટલાકે તો તેમના સ્થાનને ઓળખવાની શરૂઆત પણ કરી દીધી હતી. મીર્ઝા યાહયા, જેઓ બહાઉલ્લાહના પ્રતાપ અને મહિમાથી આંધળા ન હતા, છતાં તેમણેં બાબીઓ વચ્ચે ષડયંત્રો રચવાનું ચાલુ રાખ્યું. તમે જોશો તે

મુજબ, આગામી વર્ષોમાં, અંતે તેમણેં બાબની સંવિદાનો જાહેરમાં ભંગ કર્યો ત્યાંસુધી, બહાઉલ્લાહ વિરૂદ્ધના તેમના ષડયંત્રોના પ્રમાણમાં સતત વધારો થયો હતો. જે ખળભળાટ અને વિપતિ આવી રહ્યા હતા તેનો સંદર્ભ આપતાં, બહાઉલ્લાહે તેમના વિશ્વાસુ સાથીઓને ચેતવણી આપી હતીઃ

> **"પરીક્ષાના દિવસો હવે આવી ગયા છે. મતભેદ અને વિપત્તિના મહાસાગરો ઉમટી રહ્યા છે, તોફાનો જગાવવામાં અને મનુષ્યોને વિનાશ તરફ લઈ જવામાં વ્યસ્ત એવા શંકાના ધ્વજો ખૂણે ખાચરે ફરકી રહ્યા છે.... કેટલાક વિરોધીઓના સૈનિકોના અવાજને તમારી વચ્ચે શંકાના બીજ રોપવા ન દો, કે તમારી જાતને તેમના પ્રત્યે બેદરકાર નહિ થવા દો જે સત્ય છે, કારણ કે દરેક યુગમાં આવા વિવાદો ઉભા થયા છે. આમછતાં, ઈશ્વર તેના ધર્મની સ્થાપના કરશે, અને વિદ્રોહનો તિરસ્કાર હોવા છતાં તેનો પ્રકાશ પ્રગટ કરશે....પ્રભુધર્મ માટે તમે દરરોજ નજર રાખો.. બધા તેની મુઠ્ઠીમાં બંદીવાન જ છે. કોઈ પાસે કંયાય પણ ભાગી છૂટવાની જગ્યા નથી. પ્રભુધર્મને હળવાસથી લઈ શકાય તેવી ચીજ સમજો નહિ કે જેમાં હરકોઈ પોતાના તરંગોની તૃપ્તિ મેળવી શકે. વિવિધ ક્ષેત્રમાં સંખ્યાબંધ લોકોએ અત્યારે આ પ્રકારનો દાવો કર્યો છે. સમય આવી રહ્યો છે જ્યારે તેઓ બધા નાશ પામશે અને ખોવાઈ જશે, એટલું જ નહીં પરંતું ધૂળની જેમ, તેઓ હતા ન હતા એવા થઈ જશે અને યાદ કરવા યોગ્ય રહેશે નહિ.** [૩૬]

૧. નીચેના વાક્યો પૂરા કરોઃ

ક. બહાઉલ્લાહે તેમના સાથીઓને કહ્યું હતું કે, તેઓ કેટલાક __________ ના __________ ના અવાજને તેમની વચ્ચે __________ રોપવા ન દે.

ખ. તેમણેં તેમને ચેતવણી આપી કે તેઓ તેમની જાતને તેમના પ્રત્યે __________ નહિ થવા દે જે __________ છે.

ગ. તેમણે તેમના સાથીઓને આશ્વાન આપ્યું કે ઈશ્વર તેના __________ કરશે અને વિદ્રોહનો તિરસ્કાર હોવા છતાં તેનો __________ કરશે.

ઘ. કોઈએ પ્રભુધર્મને __________ થી લઈ શકાય તેવી __________ સમજવી જોઈએ નહિ કે જેમાં હરકોઈ પોતાના __________ ની __________ મેળવી શકે.

ઈ. સમય આવશે ત્યારે જેઓ ધર્મના વિરોધી બન્યા છે તેઓ બધા __________ અને__________, એટલું જ નહિ પરંતુ ધૂળની જેમ, તેઓ __________ નહિ.

૨. બહાઉલ્લાહ "વિરોધીઓના સૈનિકો"નો સંદર્ભ આપે છે જેઓ શંકાના બીજ રોપવાનો પ્રયત્ન કરે છે. તેઓ શેનો વિરોધ કરે છે ?

## વિભાગ ૧૯

બહાઉલ્લાહની ગેરહાજરીમાં, પ્રભુધર્મનું ભાવિ તેના ઈતિહાસમાં બિલકુલ નિમ્ન કક્ષાએ પહોંચી ગયું હતું. અપેક્ષા મુજબ, મીર્ઝા યાહયા બગદાદમાં નાના સમાજને પણ નેતૃત્વ પૂરૂ પાડવામાં અસમર્થ પૂરવાર થયા હતા. ઘણે ઠેકાણે, બાબીઓ એવી પ્રવૃત્તિઓ કરતા હતા જે બાબના અણમોલ ધર્મ માટે લાંછનરૂપ હતી. તેથી, બહાઉલ્લાહે ફરીથી સમાજનો પુનરોધ્ધાર કરવાનું કાર્ય ઉપાડી લીધું. માર્ચ ૧૮૫૬ માં તેમના પુનરાગમનની શ્રધ્ધાળુઓને જાણ કરવામાં આવી, અને તેમના ઘરના દરવાજા એવા બધા લોકો માટે ખૂલ્લા હતા જેઓ સત્યને ઝંખતા હતા. તેઓ જે વિશિષ્ટ નિવાસ્થાને તેમના પરિવાર સાથે રહેતા તે એક કેન્દ્ર બની ગયું જ્યાં જીજ્ઞાસુઓ અને મુલાકાતીઓ ભેગા થતા. દરેક વ્યક્તિ જે તેમના સાંનિધ્યમાં આવ્યા તે તેમના મીઠાશ ભર્યા અને પ્રેમાળ શબ્દોથી પરિવર્તન પામ્યા. જે કોઈને તેમના ગાઢ સંપર્કમાં રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું તે જાણે કે સ્વર્ગમાં હોય તેવું તેને લાગતું. તેઓ એક નવું સર્જન બની ગયા જેઓ આ દુનિયાની ચીજોથી અનાસક્ત હતા. શરૂઆતના બહાઈ યુગના મહાન ઈતિહાસકાર નબીલ આવા આત્માઓની પરિસ્થિતિનું નીચે મુજબ વર્ણન કરે છે.

> "અનેક એવી રાત્રીએ, થોડા ખજૂર દ્વારા જ દશ વ્યક્તિએ ગુજરાન ચલાવ્યું. કોઈ જાણતું ન હતું કે જોડા, ઝબ્બા કે અંગરખાઓ જે તેમના ઘરમાં હતા, તે ખરેખર કોના હતા. જે કોઈ બજારમાં જતી વખતે જોડા પહોરીને જતા તે સમજતા કે તેમણે પોતાના જ જોડા પગમાં પહેર્યા હતા અને જે કોઈ બહાઉલ્લાહના સાંનિધ્યમાં આવતા તે વખતે તેમણે પોતે પહેરેલો ઝબ્બો કે અંગરખો તેમનો જ છે અમ તે ચોક્કસ પણે માનતો. તેઓ પોતાના નામ પણ ભૂલી ગયા હતા, તેમના હૃદયોમાં તેમના પ્રિયતમની ભક્તિ સિવાય બીજું કશું હતુ નહિ.. .અરે, કેટલી ખુશીના તે દિવસો હતા, તે ઘડીનો આનંદ કેટલો આશ્ચ્ર્યર્યજનક હતો."[૩૭]

સુલેમાનિયાથી પાછા ફર્યા પછી બહાઉલ્લાહ બગદાદમાં સાત વર્ષ રહ્યા. તે સમય દરમિયાન તેમણેં આ યુગના ઈશ્વરના અવતાર તરીકેના તેમના સ્થાને ગુપ્ત જ રાખ્યું. પરંતુ તેમના તરફથી એટલા પ્રમાણમાં દિવ્ય પ્રેમ વરસાવવામાં આવ્યો કે ગ્રહણશીલ હૃદયો તેના સ્પર્શનો અનુભવ કર્યા વગર રહી શક્યા નહિ. તેમણેં વાર્તાલાપો તેમજ લેખિત શ્લોક અને પાતીઓમાં જે માર્ગદર્શન પ્રગટ કર્યું હતું તેનાથી જે બાબીઓ વર્ષો સુધી તેમના ભરવાડ વગરના થઈ ગયા હતા તેમના ચરિત્ર્યમાં પરિવર્તન થયું. આ વર્ષોમાં તેમણે 'યકીનનો ગ્રંથ' (કિતાબ-એ-ઈકાન) પ્રગટ કર્યું, જેમાં તેમણે એવા સ્પષ્ટ શબ્દોમાં ઈશ્વરીય પ્રગટીકરણની પ્રકૃતિનું વર્ણન કર્યું કે માનવ-સર્જિત ભૂતકાળની માન્યતાઓના પાયાનો નાશ થઈ ગયો. આજ સમયગાળા દરમિયાન, ટીગરીસ નદીના કિનારે ધ્યાન મગ્ન થઈને તેઓ ચાલતા હતા ત્યારે તેમણે આજે આપણા દરેકના આધ્યાત્મિક વિકાસ માટે પથ-દર્શક તરીકે મદદરૂપ થતા "ગૂઢ વચનો" પ્રગટ કર્યા. તેમની કલમ દ્વારા, જે ઝડપથી શ્લોકોનો પ્રવાહ વહેતો હતો તે આશ્ચ્ર્યર્યજનક હતો. તેઓ પોતે આ અસાધારણ શક્તિનો સંદર્ભ આપતા કહે છે :

> **"ઈશ્વર અને તેની દિવ્ય કૃપા તથા દયાની સહાયતાથી, અમે અમારા શ્લોક, ધોધમાર વરસાદની જેમ પ્રગટ કર્યા, અને તેને વિશ્વના વિભિન્ન ભાગોમાં મોકલી દીધા. અમે બધા લોકો અને ખાસ કરીને આ લોકોને અમારી વિવેકપૂર્ણ સલાહ તથા પ્રેમાળ ચેતવણી દ્વારા ઉપદેશ આપ્યો અને તેમને વિદ્રોહ, ઝઘડા, વાદ-વિવાદ તથા સંઘર્ષમાં પડવાની મનાઈ કરી. તેના પરિણામ સ્વરૂપે અને ઈશ્વરની કૃપાથી, પથભ્રષ્ટતા તથા મુખાર્મીનું ધર્મનિષ્ઠા અને સમજદારીમાં પરિવર્તન થયું, અને હથિયારો શાંતિના સાધનોમાં ફેરવાઈ ગયા."**[૩૮]

બગદાદમાં બહાઉલ્લાહના જીવનના સાત વર્ષ મહાન સિધ્ધિઓનો સમયગાળો રહ્યો હતો. ત્યારે એવી અપેક્ષા રાખવાની હતી કે વહેલી-મોડી કટોકટી આવશે, જે તેના બદલામાં તેના પછી મહાનતર વિજય પણ લાવશે. બહાઉલ્લાહની વધતી જતી કિર્તીથી પ્રભુધર્મના દુશ્મનો અજાણ ન હતા. તેમના પૈકી સૌથી વધુ સક્રિય એવા એક શૈખ હતા, તેમણે ઈરાન તથા તુર્કી સામ્રાજ્યના અધિકારીઓ તેમજ ધર્મગુરૂઓને બહાઉલ્લાહની વિરૂધ્ધમાં તૈયાર થવા માટે સમજાવવાના શક્ય એટલા બધા પ્રયત્નો કર્યા.

પરંતું વર્ષો સુધી બહાઉલ્લાહની બુધ્ધિમતા અને તેમના શબ્દો તથા કાર્યોની કુલીનતા દ્વારા શૈખના પ્રયત્નો નિષ્ફળ ગયા. એક વખત આ શૈખે તે વિસ્તારના પ્રતિષ્ઠિત ધર્મગુરૂઓને બહાઉલ્લાહને સર્વાનુમતે ગુનેગાર ઠેરવવાના ઈરાદાથી ભેગા કર્યા. પ્રભુધર્મને તેના કેન્દ્રમાંથી જ નાશ કરવા માટે બગદાદમાં દેશનિકાલ પામેલા આ નાના જૂથ પર હુમલો કરવા માટે તેઓ બધા તૈયાર થઈને આવ્યા હતા. આમ છતાં, તેમને આશ્ચર્ય થયું કે, તેમના પૈકી ઉચ્ચ સ્થાન ધરાવતા અને ન્યાય તથા ધર્મનિષ્ઠા માટે જાણીતા એવા માણસે, બાબીઓની વિરૂધ્ધ પગલાં લેવાની ના પાડી દીધી. તેમણે સમુહને કહ્યું કે તેમની જાણ મુજબ બાબી સમાજે એવું કોઈ કાર્ય કર્યું નથી જે તેમની વિરૂદ્ધ એવું પગલું લેવાને ન્યાયી ઠેરવી શકે અને તેઓ સમુહ છોડીને જતા રહ્યા.

તેમની મૂળ યોજના નિષ્ફળ ગઈ હોવાથી, વિરોધીઓના જૂથે બહાઉલ્લાહના જ્ઞાનની કસોટી કરવા માટે એક વિદ્વાન માણસને સંખ્યાબંધ પશ્નો તેમની સમક્ષ રજુ કરવા મોકલવાનું નક્કી કર્યું. જ્યારે બહાઉલ્લાહે બધા સવાલોના જવાબ આપ્યા ત્યારે આ સંદેશો લાવનાર માણસે, ધર્મગુરૂઓના જૂથ વતી, તેમના જ્ઞાનની વિશાળતાનો સ્વીકાર કર્યો. પરંતુ, પછી તેણે કહ્યું કે તમારા ઉદ્દેશની સત્યતાની બધાને ખાત્રી કરાવવા તમારે કોઈ ચમત્કાર કરી બતાવવો જોઈએ. બહાઉલ્લાહે કહ્યું, ‘‘જો કે તમને આવુ કહેવાનો અધિકારી નથી, કારણ કે ઈશ્વરે તેના સર્જનની કસોટી કરવી જોઈએ અને સર્જનને ઈશ્વરની કસોટી કરવી જોઈએ નહીં, છતાં હું આ વિનંતીનો સ્વીકાર કરૂં છું.’’[૩૯] તેમણે સંદેશો લાવનારને કહ્યું કે : પહેલાં ધર્મગુરૂ એક ચમત્કાર પસંદ કરે અને એવું લખી આપે કે ચમત્કાર બતાવ્યા પછી તેમને મારા વિશે કોઈપણ જાતની શંકા રહશે નહિં અને બધા તેમનો સ્વીકાર કરશે અને તેમના ધર્મના સત્યને કબુલ કરશે. તેમણે આ દસ્તાવેજ એક પરબીડીયામાં સીલબંધ કરીને તેમની પાસે લાવવાનો રહેશે.

આ સ્પષ્ટ અને પડકારયુક્ત જવાબનો સંદેશો લાવનાર ઉપર ઉંડી અસર થઈ. તે એકદમ ઉભો થયો, બહાઉલ્લાહના ચરણ ચુમ્યા અને ચાલ્યો ગયો. તેણે બહાઉલ્લાહનો સંદેશો ધર્મગુરૂઓના જૂથને આપ્યો. તેના ઉપર તે લોકોએ ત્રણ દિવસ સુધી ચર્ચા કરી, પરંતુ કોઈ નિર્ણય ઉપર આવી શકયા નહિ. છેવટે, આ વિષયને પડતો મુકવા સિવાય તેમની પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો.

પરંતુ આ નિર્દયી દુશ્મનોએ બહાઉલ્લાહ સામે કાવતરા રચવાનું છોડયું નહિ. તેમણે ષડયંત્રો રચવાનું અને બહાઉલ્લાહના ઉદ્વેશો અંગે સત્તાધીશોમાં ગેરસમજ ફેલાવવાનું ચાલુ જ રાખ્યું. અંતે ૧૮૬૩ ની વસંત ઋતુમાં, તેમના પ્રયાસો ફળભૂત થયા અને બીજી કસોકટી સર્જાઈ.

૧. બહાઉલ્લાહ બગદાદ પાછા આવ્યા ત્યારે બાબી સમાજ કઈ સ્થિતિમાં હતો ? ___________

_______________________________________________________________

_______________________________________________________________

૨. શું મિર્ઝા યાહયાએ સમુદાયને નેતૃત્વ પુરૂ પાડવા તેનીજાતને સમક્ષ પુરવાર કરી શકયો હતો ?

૩. બહાઉલ્લાહના બગદાદમાં પુનરાગમનની બાબીઓ ઉપર શું અસર થઈ ?______________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

૪. જે લોકો બહઉલ્લાહના ગાઢ સાંનિધ્યમાં હતા તેમની સ્થિતિનું નબીલે જે વર્ણન કર્યું છે તેનું તમારા પોતાના શબ્દોમાં સ્પષ્ટ કરો :

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

૫. સુલેમાનિયાથી પાછા આવ્યા પછી બહાઉલ્લાહ બગદાદમાં કેટલા વર્ષ રહ્યા હતા ?

________________________________________________

૬. બહાઉલ્લાહ બગદાદમાં સાત વર્ષ રહ્યા તે સમય દરમ્યાન તેમણે પ્રગટ કરેલી બે કૃતિઓના નામ આપો : ________________________________________

________________________________________________

૭. 'યકીનનો ગ્રંથ' (કિતાબ-એ-ઈકાન)નો મુખ્ય વિષય શું છે ? ______________________

________________________________________________

૮. ગુઢ વચનોમાં કયા વિષયોની ચર્ચા કરવામાં આવી છે ? __________________________

________________________________________________

________________________________________________

૯. નીચેના વાક્યો પુરા કરો :

ક. બહાઉલ્લાહ આપણને કહે છે કે ઈશ્વર અને તેની ________________ તથા __________ ની __________ થી અમારા શ્લોક ____________________ જેમ પ્રગટ કર્યા.

ખ. તેમણે આ શ્લોકને ______________________________માં મેકલી દીધા.

ગ. આ શ્લોકમાં બધાને તેમની ____________________ તથા ____________________ દ્વારા ____________________આપ્યો.

ઘ. તેમણે તેમને _______________,_______________,_______________ તથા ____________________માં પડવાની મનાઈ કરી.

ચ. તેના પરિણામ સ્વરૂપે, અને ઈશ્વરની કૃપાથી ________________ તથા ______________ નું _______________ અને ________________ પરિવર્તન થયું.

૧૦. બહાઉલ્લાહની વધતી જતી પ્રતિષ્ઠાની ધર્મના દુશ્મનો ઉપર કેવી અસર થઈ ?____________

________________________________________________________________

________________________________________________________________

૧૧. ''સર્વાનુમતે ગુનેગાર ઠરાવવા''નો અર્થ શું થાય છે ? ____________________________

________________________________________________________________

________________________________________________________________

૧૨. ધર્મગુરૂઓનું જૂથ તથા તેમણે બગદાદમાં બહાઉલ્લાહ પાસે મોકલેલા દૂતની વાર્તાનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

## વિભાગ ૨૦

પ્રભુધર્મના તમારા અભ્યાસ દરમિયાન તમે 'યકીનનો ગ્રંથ' (કિતાબ-એ-ઈકાન) નો અભ્યાસ કરશો અને તેની ઘણી વિષયવસ્તુઓના ગૂઢ અર્થો ઉપર ચિંતન કરશો. હાલ સુધીમાં તમે ગૂઢ વચનોથી સુપરિચિત છો. આ સંકલન જીવનભર હંમેશા તમારા સાથી બનશે અને તેમાં સામેલ દિવ્ય માર્ગદર્શનની તમારા આધ્યાત્મિક વિકાસ ઉપર મોટી અસર પડશે. આ ક્ષણે, જ્યારે તમે બગદાદમાં બહાઉલ્લાહના જીવનના સમયગાળા પર ચિંતન કરો છો ત્યારે, તે સમય દરમિયાન આ બે અગત્યના ગ્રંથો પ્રગટ થયા હતા, તમે તેના શરૂઆતના ફકરા મોઢે કરવાની ઈચ્છા રાખી શકો છો. બુક આફ સટીટયુડ (યકીનનો ગ્રંથ)ની આ શબ્દોથી શરૂઆત થાય છે.

> **"કોઈ પણ મનુષ્ય સ્વર્ગ અને પૃથ્વીમાં જે કંઈ છે તેનાથી અનાસક્ત ન થાય ત્યાં સુધી તે સાચી સમજદારીના સમુદ્રના કિનારે પહોંચી શકે નહિં. તમારા આત્માને પવિત્ર કરો, હે દુનિયાના લોકો, જેથી કદાચ તમે એવું સ્થાન પ્રાપ્ત કરી શકો જે ઈશ્વરે તમારા માટે નિયત કર્યું છે અને એવા મંડપવિતાનમાં પ્રવેશ કરી શકો જે, વિધાતાના ધર્મકાળ મુજબ, બયાનના આકાશમાં ઉભો કરવામાં આવ્યો છે."**[૪૧]

અને ગૂઢ વચનોનોના શરૂઆતનું અવતરણ આ પ્રમાણે છે :

> **"આ તે છે જે મહિમાના સામ્રાજ્યમાંથી અવતર્યું છે, શક્તિ અને સામર્થ્યની વાણી દ્વારા ઉચ્ચારાયું છે અને પ્રાચીન અવતારો સમક્ષ પ્રગટ કરાયું છે. સદાચારીઓ પર અમારી કૃપાની નિશાની રૂપે અમે તેનું આંતરિક સત્ત્વ લઈને તેને સંક્ષિપ્તના આભૂષણથી સજાવ્યું છે, કે જેથી તેઓ ઈશ્વરની સંવિદાને વફાદાર રહે, તેમના જીવનમાં તેનો વિશ્વાસ ફળીભૂત કરે અને ચેતનાના લોકમાં દિવ્ય ગુણનું રત્ન પ્રાપ્ત કરે."**[૪૨]

## વિભાગ ૨૧

બહાઉલ્લાહ બગદાદામાં રહેતા હતા તેના અંતમાં, તેઓ તેમની સામે આવનારી કસોટીઓ તથા મુશ્કેલીઓનો પ્રસંગોપાત સંદર્ભ આપવા લાગ્યા હતા. મિત્રો સાથે એક વાર તેમના સાથીઓ સાથે તેમણેં એક સપનાની વાત કરી જે મોટા દુ:ખનું કારણ બન્યુ. તેમણેં એક પાતીમાં લખ્યું, "મે જોયું કે, "પૈગંબરો તથા અવતારો ભેગા મળીને નિસાસો નાખતાં, આસુ સારતા અને મોટેથી રૂદન કરતાં મારી આસપાસ

બેઠા હતા. આશ્ચર્યચકિત થઈને મેં તેમને કારણ પૂછયું તો તેઓ મોટેથી રૂદન કરવા લાગ્યા અને તેમણે મને કહ્યું: 'હે પરમ મહાન રહસ્ય, હે અમરત્વના આશ્રયસ્થાન! અમે તારા માટે રૂદન કરીએ છીએ!' તેઓ એવી રીતે રૂદન કરવા લાગયા કે હું પણ તેમની સાથે રડયો. ત્યારબાદ સ્વર્ગના રહેવાસીઓએ મને સંબોધન કરતા કહ્યું: '... કોઈ પૈગંબરે નથી જોયું તે હવે તું તારી પોતાની આંખે જોઈશ.. ધીરજ રાખ, ધીરજ રાખ.'... આખી રાત, સવાર સુધી તેમણે મને સંબોધન કરવાનું ચાલુ રાખ્યું.[૪૨]

૧૮૬૩ની વસંતઋતુની શરૂઆતમાં તેમણે (હોલી મેરીનર) પવિત્ર નાવિકની પાતી પ્રગટ કરી જેમાં તેમણે રહસ્યમય ભાષામાં ભાવિ ઘટનાઓની ઘોષણા કરી તેમજ વિશ્વાસઘાત અને જુદાઈની વાત કરી. તેમની હાજરીમાં ભેગા થયેલા મિત્રો સમક્ષ આ પાતીનું વાંચન કરવામાં આવ્યું. તેમના હૃદયોમાં દુ:ખના મહાસાગરો ઉમટી પડયા, જ્યારે તેમને એહસાસ થયો કે બહાઉલ્લાહને તેમની પાસેથી દૂર લઈ જવામાં આવશે. તે જ દિવસે, પછીથી, સંદેશવાહકે બહાઉલ્લાહને સંદેશ આપ્યો કે બગદાદના રાજયપાલ મળવા માંગતા હતા. તેના બીજા દિવસે, મુલાકાત દરમિયાન તુર્કી સામ્રાજયના વડાપ્રધાને લખેલો પત્ર બહાઉલ્લાહને આપવામાં આવ્યો, જે ખૂબ વિનમ્ર ભાષામાં લખાયેલો હતો અને તેમાં બહાઉલ્લાહને તુર્કીસ્થાનની રાજધાની, કોન્સ્ટેન્ટિનોપલનો પ્રવાસ કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમની સુરક્ષા માટે સુસજ્જ સેનાને તેમની સંગાથે જવાનો આદેશ આપ્યો હતો. બહાઉલ્લાહએ તરત જ આ વિનંતીનો સ્વીકાર કર્યો પરંતુ તેમની મુસાફરી માટે જે ખર્ચ સરકાર આપવાની હતી તે લેવાની ના પાડી. જો તેઓ મુસાફરી ખર્ચની રકમ નહિં સ્વિકારે તો સત્તાધિશો નારાજ થશે તેમ કહીને તેના પ્રતિનિધિએ ખર્ચની રકમ સ્વીકારવાનો આગ્રહ રાખ્યો. છેવટે તેમણે ઉદાર રકમ સ્વીકારી અને તરત જ તે શહેરના ગરીબોમાં વહેંચી દીધી.

બગદાદમાંથી બહાઉલ્લાહની વિદાયના સમાચાર બાબી સમુદાયને આઘાત લાગ્યો. એવા સમર્પિત આત્માઓ, જેમના હૃદયોને તેમની તેજસ્વી હાજરીનો એટલો લગાવ થઈ ગયો હતો કે, તેઓ શોકમાં ગરકાવ થઈ ગયા, શરૂઆતમાં કોઈ કશું ખાઈ શકતું ન હતું કે ઉંઘી પણ શકતું ન હતું. ધીમે ધીમે બહાઉલ્લાહના માયાળુ અને વિનમ્ર શબ્દોથી તેઓ શાંત પડયા અને સ્વીકારી લીધું કે મોટાભાગના મિત્રો બહાઉલ્લાહના દેશનિકાલના હવે પછીના મુકામે તેમની સાથે જવાની કૃપાથી વંચિત રહેશે. તેમના પ્રેમના પ્રતિક રૂપે, શહેરમાં રહેતા સ્ત્રી, પુરૂષ અને બાળક -દરેક માટે તેમણે પોતાના હાથે એક એક પાતી લખી.

બગદાદની નજીક, ગુલાબના ફૂલોથી ભરેલો એક સુંદર બગીચો હતો અને ગુલાબ બહાઉલ્લાહનું મનગમતું ફૂલ હતું. ૨૨મી એપ્રિલના રોજ બપોરે, તેઓ શહેર છોડી અને બગીચામાં ગયા. શ્રધ્ધાળુઓ અને વાસ્તવમાં બગદાદના સંખ્યાબંધ લોકો શોક-મગ્ન હતા. બાબી સમુદાય જે હવે બહાઉલ્લાહની સુકોમળ દેખરેખ હેઠળ પુન:જીવન પામ્યો હતો તે ફરીથી બીજી કટોકટીમાં સપડાઈ ગયો હતો. આ નવીન ધર્મની એક માત્ર આશા, બહાઉલ્લાહને તેમના મોટાભાગના અનુયાયીઓથી ખૂબ જ દૂરના સ્થળે દેશનિકાલ કરવામાં આવતાં આ ધર્મના ભાવિનું શું થશે ? જે ઉત્તર બહાઉલ્લાહને વિદાય આપવા એકત્રિત થયેલા બાબીઓની રાહ જોતો તે અદ્‌ભૂત હતો. બહાઉલ્લાહ એવો પડદો ચીરી નાંખવાના હતા જેણે તેમના સાચા સ્થાનને માનવીની આંખોથી છુપાવ્યું હતું અને જાહેરમાં ઘોષણા કરવાના હતા કે તે બધા જ યુગોના પ્રતિક્ષિત અવતાર હતા.

કોન્સ્ટેન્ટીનોપલ માટે રવાના થતા પહેલાં બહાઉલ્લાહ જે બગીચામાં બાર દિવસ સુધી રહ્યા હતા, તે આજે રિઝવાનનો બગીચો તરીકે ઓળખાય છે. તેમના દુશ્મનોએ તેમને તેમના મોટા ભાગના અનુયાયીઓથી છૂટા પાડીને પ્રભુધર્મ ઉપર પ્રાણઘાતક પ્રહાર કરવાની કોશીષ કરી હતી. પરંતુ ઈશ્વરે આ વિદાય સમારંભને અતિ આનંદમય ઉત્સાહના પ્રસંગમાં ફેરવી નાખ્યો. તેમના જીવનધ્યેયની

ઘોષણાએ તેમના સાથીદારોના આત્માઓમાં નવીન જીવનનું સર્જન કર્યું. આ યુગોનો એવો દિવસ હતો જેના માટે બાબે તેમને તૈયાર કર્યા હતા. સ્વયં બહાઉલ્લાહ કહે છે કે તે દિવસ, "સમસ્ત સૃર્જિત ચીજો શુધ્ધિકરણના મહાસાગરમાં ડુબી ગઈ હતી."[૪૩]

બગીચામાં તેમને મળવા આવતા મુલાકાતીઓના પ્રવાહ સાથે તેમણે જે વાતચિત કરી હતી તે વિગતોની ખૂબ જ ઓછી માહિતી છે. ઈતિહાસકાર નબીલના નીચેના શબ્દો આપણને તે દિવસોની મહિમાની માત્ર એક ઝલક આપે છે :

> "દરરોજ સવાર પડે તે પહેલાં, માળી બગીચામાં ચાર હરોળમાં ઉગેલા ગુલાબના ફૂલો તોડીને તેમના આશીર્વાદિત તંબુની વચ્ચે ઢગલો કરતો. આ ઢગલો એટલો મોટો થતો કે તેના સાથીઓ તેમની હાજરીમાં સવારની ચા પીવા ભેગા થતા ત્યારે તેઓ ઢગલાની સામ-સામે એકબીજાને જોઈ શકતા ન હતા. આ બધા ગુલાબો બહાઉલ્લાહ તેમના પોતાના હાથે તે બધાને આપતા જેઓ દરરોજ સવારે તેમને મળીને પાછા જતા, તથા આરબ અને ઈરાની મિત્રોને તેમના વતી આપવા માટે આપતા. એક રાત્રે, ઉગતા ચંદ્રમાંની નવમી રાત્રે, હું પણ તેમના પૈકી એક હતો જેમણે તેમના આશીર્વાદીત તંબુને નિહાળ્યો હતો. મધ્યરાત્રીનો સમય નજીક આવ્યો ત્યારે, મે તેમને તેમના તંબુમાંથી બહાર નિકળતા જોયા, તેમના કેટલાક સાથીઓ ઉંઘતા હતા તેમની નજીકથી પસાર થઈને ફૂલોથી ભરાયેલા બગીચાની લાઈનો વચ્ચે આમ તેમ ટહેલવા લાગ્યા. દરેક દિશાએથી બુલબુલોનાં કલરવનો અવાજ એટલો વધારે હતો કે જેઓ તેમની નજીક હતા તેઓ જ તેમનો અવાજ સ્પષ્ટ રીતે સાંભળી શકતા હતા. તેઓ ટહેલતા જ રહ્યા, લાઈનોની મધ્યમાં થોભી અને કહ્યું: 'આ બુલબુલ વિશે વિચાર કરો. તેમનો આ ગુલાબ પ્રત્યેનો પ્રેમ એટલો અગાધ છે કે સમી સાંજથી છેક સવાર સુધી તેઓ મધુર ગીતો ગાઈને સંપૂર્ણ ઉત્સુકતાથી તેમની આરાધનાના કેન્દ્રબિંદુ સાથે વાતચિત કરે છે, તો પછી જેઓ ગુલાબના ફૂલોના સૌંદર્ય જેવા પરમ સૌદર્ય સાથેના પ્રેમથી પ્રકાશિત છે તેઓ ઉંઘવાનું કેવી રીતે પસંદ કરી શકે છે ? સતત ત્રણ રાત સુધી હું જાગ્યો અને તેમના આશીર્વાદીત તંબુની ફરતે પરિભ્રમણ કરતો રહ્યો. દર વખતે તેઓ ઉંઘતા હતા તે બીછાના પાસેથી હું પસાર થયો ત્યારે હું તેમને જાગૃત અવસ્થામાં જ જોતો અને દરરોજ સવારથી સાંજ સુધી બગદાદથી પ્રવાહના રૂપમાં આવતા મુલાકાતીઓ સાથે વાર્તાલાપમાં વ્યસ્ત નિહાળતો. તેઓ જે શબ્દ ઉચ્ચારતા તેમાં કદી દંભનો અણસાર સુધ્ધા આવતો ન હતો."[૪૬]

આજે, બહાઉલ્લાહના જીવનધ્યેયની ઘોષણાની ઉજવણી માટે, દર વર્ષે આખા વિશ્વમાં રિઝવાનના ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. બાર દિવસ સુધી ચાલતો, આ બધા બહાઈ ઉત્સવોમાં સૌથી પાવન અને સૌથી મહત્વપૂર્ણ ઉત્સવ છે.

૧. બગદાદમાં રોકાણના અંતમાં બહાઉલ્લાહને જે સપનું આવેલું તેનું તમારા શબ્દોમાં વર્ણન કરો :

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૨. સપનાનું મહત્વ શું હતુંઃ ______________________________________________

______________________________________________

______________________________________________

૩. બહાઉલ્લાહે પવિત્ર નાવિકની પાતી કયારે પ્રગટ કરી હતી? ______________________

______________________________________________

૪. પવિત્ર નાવિકની પાતીએ શેની આગાહી કરી હતી? ____________________________

______________________________________________

૫. બહાઉલ્લાહની હાજરીમાં ઉપસ્થિત મિત્રો સમક્ષ પાતીનું વાંચન કરવામાં આવ્યું તે દિવસે સરકારના દૂત બહાઉલ્લાહ માટે શું લાવ્યા હતા? ______________________________

______________________________________________

૬. બહાઉલ્લાહને બીજે દિવસે શું આપવામાં આવ્યું? ______________________________

______________________________________________

______________________________________________

૭. સરકારે બહાઉલ્લાહને કયાં મોકલવાનું નક્કી કર્યું? ___________________________

______________________________________________

૮. સરકાર તરફથી તેમની મુસાફરી માટે આપવામાં આવેલી રકમનું બહાઉલ્લાહે શું કર્યું?

______________________________________________

______________________________________________

૯. બહાઉલ્લાહથી વિદાયના સમાચાર પર અનુયાયીઓના સમુદાયે શું પ્રતિક્રિયા આપી?

______________________________________________

______________________________________________

______________________________________________

૧૦. બગદાદમાં શ્રધ્ધાળુઓ માટેના તેમના પ્રેમના પ્રતિક રૂપે બહાઉલ્લાહે શું કર્યું? _________

______________________________________________

______________________________________________

૧૧. જે બગીચામાં બહાઉલ્લાહે તેમના જીવનધ્યેયની ઘોષણા કરી તે બગીચો કયા નામથી ઓળખાય છે? ______________________________________________

૧૨.તેઓ આ બગીચામાં કેટલા દિવસ રહ્યા હતા? ______________________________

૧૩. બહાઉલ્લાહે જે મહિમામય દિવસો આ બગીચામાં વિતાવ્યા તેના સંબંધમાં, નબીલ આપણને કહે છે :

ક. દરરોજ સવાર પડે તે પહેલાં, માળી ______________________________ ને તેમના ______________________________ કરતો.

ખ. આ ઢગલો એટલો મોટો થતો કે બહાઉલ્લાહના સાથીઓ ____________________ ______________________________ તેઓ ____________________ ____________________ ન હતા.

ગ. આ બધા ગુલાબો બહાઉલ્લાહ તેમના પોતાના હાથે તે બધાને આપતા હતા જેઓ દરરોજ સવારે તેમને મળીને પાછા જતા હતા તથા ______________________________ તેમના વતી આપવા માટે આપતા.

ઘ. એક રાત્રે, નબીલ પણ તેમના પૈકી એક હતો જેમણે ____________________ ______________________________

ચ. મધ્યરાત્રીનો સમય નજીક આવ્યો ત્યારે, નબીલે બહાઉલ્લાહને ______________________________ ____ જોયું, તેમના કેટલાક સાથીઓ ______________________________ ______________________________.

છ. ______________________________અવાજ એટલો વધારે હતો કે જેઓ તેમની નજીક હતા તેઓ જ ______________________________.

જ. બહાઉલ્લાહ ટહેલતા જ રહ્યા ______________________________, લાઈનોની મધ્યમાં થોભીને કહ્યુંઃ આ ______________________________ તેમનો ____________________ એટલો અગાધ છે કે____________________ છેક ____________________સુધી તેઓ ______________________________ અને ____________________ તેમની ______________________________ કરે છે, તો પછી જેઓ ______________________________સાથેના ____________________છે, તેઓ ______________________________ કેવી રીતે ____________________ શકે છે.

ઝ. સતત ત્રણ રાત સુધી નબીલ ______________________________ ______________________________.

ટ. દર વખતે બહાઉલ્લાહ ઉંઘતા હતા તે બીછાના પાસેથી નબીલ પસાર થતો ત્યારે ______________________________ અને દરરોજ સવારથી સાંજ સુધી ______________________________
______________________________

ઠ. બહાઉલ્લાહ જે શબ્દો ઉચ્ચારતા ______________________________
______________________________ ન હતો.

૧૪. પ્રભુધર્મના શત્રુઓ બહાઉલ્લાહને મોટા ભાગના શ્રધ્ધાળુઓથી વિખૂટા પાડીને શું હાંસલ કરવાનો પ્રયત્નો કરતા હતા અને તેના બદલે ઈશ્વરની ઈચ્છા શું હતી?

______________________________
______________________________
______________________________
______________________________

૧૫. બહાઉલ્લાહના જીવનધ્યેયની ઘોષણાની વર્ષગાંઠ તરીકે આજે આપણે કયા તહેવારની ઉજવણી કરીએ છીએ? ______________________________

૧૬.રીઝવાનનો તહેવાર કેટલા દિવસ ચાલે છે અને તેની કયારે ઉજવણી કરવામાં આવે છે?

______________________________

૧૭. હવે તમે બહાઉલ્લાહના ઈરાનમાંથી ઈરાક સુધીના દેશનિકાલનો અભ્યાસ પૂરો કર્યો છે ત્યારે, તેમના જીવનના આ સમયગાળા પર આધારિત એક વક્તવ્ય તૈયાર કરીને તેની રજુઆત કરો.

## વિભાગ ૨૨

બહાઉલ્લાહ દ્વારા પ્રગટીત પાતીઓમાંથી કેટલાક ફકરાઓ નીચે આપેલા છે. તમારા જૂથમાં તેનું વાંચન કરો. આમ કરતાં રિજવાનના બગીચામાં બહાઉલ્લાહની ઘોષણાને મનમાં યાદ કરો અને તેના શબ્દો દ્વારા તમારા હ્રદયને આનંદથી ભરાઈ જવા દો.

> “દિવ્ય વસંત આવી ગઈ છે, હે પરમ પાવન કલમ! સર્વ-દયાળુનો મહાપર્વ ઝડપથી નિકટ આવી રહ્યો છે. તારી જાતને તૈયાર કર અને આખી સૃષ્ટિ સમક્ષ ઈશ્વરના નામનો જયઘોષ કર અને એવી રીતે તેનાં ગુણગાન કર કે સમસ્ત સર્જિત વસ્તુઓ પુન:જીર્વિત અને નવીન થઈ જાય. બોલો, અને તમે ચુપ નહિ રહો. ઈશ્વરીય નામનું સામ્રાજ્ય સ્વર્ગોના નિર્માતા એવા તારા સ્વામીના નામના આભૂષણથી સુશોભિત છે તેવી જ રીતે અમારા નામની ક્ષિતિજ પર કૃપાનું જ્યોતિ-નક્ષત્ર ચમકી ઉઠયું છે. ધરતીના બધા રાષ્ટ્રો સમક્ષ ઉત્થાન કરીને તારી જાતને પરમ મહાન નામની શક્તિથી સુસજ્જ કર અને તેમાનો ન બન જેઓ પ્રતિક્ષા કરે છે.
>
> “હે સર્વશ્રેષ્ઠ કલમ, આ યુગમાં શું મારા સિવાય અન્ય કોઈને તું શોધી શકે છે? સર્જન અને તેના અવતારોનું શું થયું છે? શું થયું છે નામો અને તેના સામ્રાજ્યનું? બધી સર્જિત ચીજો, દ્રશ્ય હોય

કે અદ્દશ્ય, કયા ગઈ? બ્રહ્માંડના ગુઢ રહસ્યો અને તેના પ્રગટીકરણોનું શું થયું? જુઓ, સંપૂર્ણ સર્જન સમાપ્ત થઈ ગયું છે! મારા ચિર-સ્થાઈ, દૈદિપ્યમાન, પરમ મહિમામય મુખ સિવાય કશુ જ રહેતું નથી.

“આ એ યુગ છે જ્યારે તમારા સર્વદયાળુ, સર્વકૃપાળુ સ્વામીના મુખારવિંદમાંથી ઝળહળતા પ્રકાશનું તેજ સિવાય કશુંજ નિહાળી શકાશે નહિં. ખરેખર, અમે અમારી અપ્રતિબાધિત તથા સર્વવિજયી એવી પ્રભુસત્તા દ્વારા બધા આત્માઓને મૃતપાય બનાવી દીધા છે અને પછી માનવીઓ પ્રત્યેની અમારી દયાની નિશાની તરીકે એક નવી સૃષ્ટિનું સર્જન કર્યું છે. હું ખરેખર, સર્વદયાળુ, સર્વકૃપાળુ છું.

“કહો: આ સ્વર્ગ છે જેના પર્ણ-સમુહ પર વાણી રૂપી મદીરાનું પ્રમાણ અંકિત કર્યું છે: તે જે માનવીય દૃષ્ટિથી છુપાયેલો હતો તે પ્રભુસત્તા અને શક્તિથી સુસજ્જ પ્રગટ થયા છે! આ સ્વર્ગ છે જેના પર્ણોનો સળવાળાટ ઘોષિત કરે છે: ‘હે પૃથ્વી અને સ્વર્ગના નિવાસીઓ! જે પહેલા કદી પ્રગટ થયું નથી તે પ્રગટ થયું છે, અનંતકાળથી જે મનુષ્યોની આંખોથી અદ્દશ્ય હતા તે હવે પ્રગટ થયા છે!’ શાખાઓ પરથી ફુંકાતી મંદ વાયુ લહેરો ગુંજી રહી છે: ‘તે જે બધાનો સર્વોચ્ચ સ્વામી છે તે પ્રગટ થઈ ગયો છે, “સામ્રજ્ય ઈશ્વરનું છે,’ આ શબ્દો ઝરણાના વહેતા પાણીના ગણગણાટમાંથી સંભાળાય છે. બધી આંખો આનંદિત છે, કારણ કે જેને કોઈએ જોયા ન હતા, જેનું રહસ્ય કોઈએ શોધ્યું નથી, તેણે કિર્તીનો પડદો ઉઠાવી લીધો છે અને સૌંદર્યની મુખાકૃતિને અનાવરીત કરી દીધી છે.

“આ સ્વર્ગીય ભૂમીમાં અને તેમના સૌથી પવિત્ર ખંડોની ઉંચાઈઓથી સ્વર્ગની દાસીઓ બૂમ પાડીને ઘોષિત કરી રહી છે! ખુશ થાઓ, હે સર્વોચ્ચ સામ્રાજ્યના રહેવાસીઓ, કારણકે અનંતકાળના સ્વામીની આંગળીઓ સ્વર્ગોના કેન્દ્રમાંથી પરમ મહાન ઘંટ વગાડી રહી છે, ઔદાર્યના હાથે શાશ્વત જીવનનો પ્યાલો પકડયો છે. આગળ વધો અને તમારો હિસ્સો પ્રાપ્ત કરો. હે ઝંખના કરવાવાળા અને તીવ્ર ઈચ્છાના મુર્ત-સ્વરૂપ સમા! આરોગ્યદાયી પીણાનું પાન કરો.[૪૫]

## વિભાગ ૨૩

બહાઉલ્લાહ, તેમનો પરિવાર અને અને તેમની સાથે આવેલા શ્રધ્ધાળુઓનો નાનો સમુહ કોન્સ્ટેન્ટિનોપલમાં માત્ર ચાર મહીના રહ્યા. ઈરાનની સરકારે જેને, બાબી ચળવળના નેતા તરીકે તેમણે ઓળખી લીધા હતા તેના પર અત્યાચાર કરવાનું ચાલું જ રાખ્યું. તુર્કીસ્તાનના રાજવી સુલતાનના દરબારમાં રહેલા ઈરાનના રાજદૂતે બહાઉલ્લાહ સામે સુનિયોજિત ષડયંત્ર શરૂ કર્યું. સુલતાન, તેના મંત્રીઓ અને તેના સાથીઓ જે વાતાવરણમાં રહેતા હતા તે કપટયુક્ત, પ્રપંચી અને દંભી હતું. બહાઉલ્લાહે દરબારના સભ્યો અને તેમના અયોગ્ય હેતુઓ સાથે કોઈ પ્રકારનો વ્યવહાર કરવાનો ઈનકાર કરી દીધો. તેનાથી ઈરાનના રાજદૂત માટે સ્થાનિક સત્તાવાળાઓના મનમાં આરોપો અને જુઠાણા ઠસાવવાનું વધારે સહેલુ બનાવી દીધુ. તેના અવિરત પ્રયત્નો સફળ નિવડયા અને છેવટે બહાઉલ્લાહને ઈરાનની સરહદથી હજી વધારે દૂર એડ્રીયાનોપલ નામના શહેરમાં દેશનિકાલ કરવાનો હુકમ કરવામાં આવ્યો.

આ હુકમ પ્રત્યેનો બહાઉલ્લાહનો પ્રતિભાવ અસાધારણ હિંમતનું કાર્ય હતું. તેમણે તરત જ એક લાંબી પાતી પ્રગટ કરી જે ખુદ સુલતાનને સંબોધિત હતી, જેમાં તેને તથા મંત્રીમંડળને ઠપકો આપવામાં આવ્યો અને તેમની અપરિપક્વતા અને અણઆવડત ઉઘાડી પાડી હતી. આ પાતી સીલબંધ પરબીડીયામાં સુલતાનના વડાપ્રધાનને પહોંચાડવામાં આવી. એમ કહેવાય છે કે જ્યારે તેણે પત્ર ખોલીને વાંચવાનું શરૂ કર્યું ત્યારે તે ફીકકો પડી ગયો અને કહ્યું: "આ તો, જાણે કે રાજાઓના રાજા તેના વિનમ્ર એવા પરાધિન રાજાને તેની વર્તણૂંક સુધારવા હુકમ કર્યો હોય, એવું લાગે છે."[૪૬]

બહાઉલ્લાહ અને તેમના પરિવાર માટે કોન્સ્ટેન્ટિનોપલથી એડ્રિયાનોપલ સુધીની બાર દિવસની મુસાફરી ખૂબ જ કઠીન હતી, જેઓ હવે તેમના ત્રીજા દેશનિકાલ માટે નિકળી પડયા હતા. તે ડિસેમ્બર મહીનો હતો, અને હવામાન અતિશય ઠંડુ હતું. એટલે સુધી કે રસ્તામાં ઝરા માંથી પાણી લેવા માટે બરફ પીગળાવવા માટે આગનો ઉપયોગ કરવો પડતો. મોટાભાગના દેશનિકાલ પામેલા મિત્રો પાસે આવા સખત વાતાવરણ સામે તેમનું રક્ષણ કરવા પૂરતા કપડા પણ ન હતા.

બહાઉલ્લાહે ૧૨ ડિસેમ્બર ૧૮૬૩ ના રોજ એડ્રિયાનોપલમાં પ્રવેશ કર્યો અને ત્યાં તેઓ સાડા ચાર વર્ષ રહ્યા. આ સમય પણ દુઃખદ કટોકટીઓ અને ભવ્ય વિજયોનો હતો. બહાઉલ્લાહનો પ્રભાવ જેમ જેમ વધતો ગયો તેમ તેમ મીર્ઝા યાહયાના હૃદયમાં ઈર્ષાની આગ વધારે પ્રચંડ બનતી ગઈ. તે તેના વિરોધી વલણમાં વધુને વધુ નિર્ભય બનતો ગયો અને બાબીઓને આ યુગના યુગાવતારને સ્વીકારતા અટકાવવા માટે તેનાથી બનતી બધી કોશીષ કરી. તેણે ઉભી કરેલી તકલીફોની અસર સમુદાયમાં જ નહિ પરંતુ ધર્મના બાહ્ય દુશ્મનોને પણ બહાઉલ્લાહ અને તેમના અનુયાયીઓ સામે વધારે મોરચો માંડવાના હથીયાર સમાન પૂરવાર થઈ. મીર્ઝા યાહયાની વિશ્વાસઘાતની કોઈ સીમા ન હતી. તેણે બહાઉલ્લાહને ઝેર આપવાનું પણ નક્કી કર્યું અને ત્યાં સુધી કાવતરા અને પ્રયત્નો ચાલુ રાખ્યા જયા સુંધી તેનો ઈરાદો સફળ ન થયો. બહાઉલ્લાહને ઝેરની ઘણી માઠી અસર થઈ, જો કે તેઓ બચી ગયા હતા પરંતુ તેમના હાથમાં કંપારી રહી ગઈ, જે જીવનભર રહી હતી.

એડ્રિયાનોપલને મીર્ઝા યાહયાના શરમજનક કૃત્યો માટે યાદ કરવામાં આવશે નહિ પરંતું બહાઉલ્લાહે તે શહેરમાં જે મહાન વિજયો પ્રાપ્ત કર્યા હતા તેના માટે યાદ કરવામાં આવશે. બહાઉલ્લાહે આ શહેરમાંથી જ તેમના ઘણા પત્રો વિશ્વના શાસકો અને રાજાઓને લખ્યા અને તેમના ધર્મની દૂર દૂર સુધી ઘોષણા કરી.

આ સાર્વજનિક ઘોષણા ક્રમિક પ્રક્રિયાનો ત્રીજો તબક્કો હતો જેના દ્વારા માનવજાતને બહાઉલ્લાહના જીવનધ્યેયની જાણ કરવામાં આવી. પ્રથમ તબક્કો તહેરાનની શિયાચાલની અંધારી કોટડીમાં શરૂ થયો જ્યારે દૈવી ચૈતના સ્વયં બહાઉલ્લાહ સમક્ષ પ્રગટ થઈ અને જાહેર કર્યું કે તેઓ આ યુગ માટે ઈશ્વરનો સંદેશો લાવનાર અવતાર હતા. જો કે તેમના પ્રગટીકરણના જન્મની વાત એક દાયકા સુધી ગોપનીય રહી, પણ જેમ સવારનો સમય સુતેલા આત્માઓને જગાડે છે તેમ ધીરે ધીરે જે લોકો ગ્રહણશીલ હતા તેઓ બહાઉલ્લાહને ઓળખવા તૈયાર થવા માંડયા. બીજો તબક્કો રીઝવાનના બગીચામાં શરૂ થયો જ્યાં તેમણે તેમને વિદાય આપવા ભેગા થયેલા કેટલાક મિત્રો સમક્ષ તેમના જીવનધ્યેયની ઘોષણા કરી. હવે પ્રિય આત્માઓનો એક નાનો સમુહ તેમના સ્થાનથી વાકેફ હતો. ત્રીજો તબક્કો તેમના જીવનધ્યેયની સાર્વત્રિક ઘોષણાનો હતો. તે એડ્રિયાનોપલમાં શરૂ થયો, એડ્રિયાનોપલમાં તેણેં નોંધપાત્ર સંવેગ પ્રાપ્ત કર્યો અને અક્કામાં મહાનતમ ઉંચાઈઓ હાંસલ કરી, જે તેમના દેશનિકાલનું હવે પછીનું અને અંતિમ સ્થળ હતું.

૧. બહાઉલ્લાહ કોન્સ્ટેન્ટિનોપલમાં કેટલો સમય રહ્યા હતા ? ______________________

૨. શા માટે તેઓ કોન્સ્ટેન્ટિનોપલમાં એટલો ઓછો સમય શા માટે રહ્યા હતા ? __________

____________________________________________________________

____________________________________________________________

૩. શા માટે બહાઉલ્લાહ રાજધાનીમાં તેમના રહેઠાણ દરમિયાન સુલતાનના દરબારમાં સામેલ થયા ન હતા ? ______________________________________________________

____________________________________________________________

૪. દરબારના સભ્યો અને તેમના અયોગ્ય હેતુઓ સાથે કંઈ કરવાના બહાઉલ્લાહના ઈનકારનો ફારસી રાજદૂતે કેવી રીતે લાભ લીધો હતો ? ______________________________

____________________________________________________________

____________________________________________________________

૫. તેના પછી તેમને કયાં દેશનિકાલ કરવામાં આવ્યા ? __________________________

૬. શા માટે ઈરાનની સરકાર બહાઉલ્લાહને તેમની સરહદથી વધારે દૂર મોકલવા ઈચ્છતી હતી ?

____________________________________________________________

____________________________________________________________

૭. કોન્સ્ટેન્ટિનોપલમાં તેમના દેશનિકાલના સમાચાર મળ્યા ત્યારે બહાઉલ્લાહે શું કર્યું ?

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

૮. સુલતાનના વડાપ્રધાને જયારે બહાઉલ્લાહનો પત્ર વાંચ્યો ત્યારે તેણેં શું કહ્યું ? _________

____________________________________________________________

____________________________________________________________

૯. બહાઉલ્લાહ એડ્રિયાનોપલ કયારે પહોંચ્યા ? ________________________________

૧૦. તે શહેરમાં તેઓ કેટલો સમય રહ્યા ? ___________________________________

૧૧.એડ્રિયાનોપલમાં થયેલો સૌથી નોંધપાત્ર વિકાસ કયો હતો ? _____________________

____________________________________________________________

____________________________________________________________

૧૨.માનવજાત માટે બહાઉલ્લાહના જીવનધ્યેયની ઘોષણા કેટલા તબક્કામાંથી પસાર થઈ ?

________________________________________

૧૩. પ્રથમ તબક્કો કયો હતો ? ________________________________________

________________________________________

૧૪. બીજો તબક્કો કયો હતો ? ________________________________________

________________________________________

૧૫. ત્રીજો તબક્કો કયો હતો ? ________________________________________

________________________________________

## વિભાગ ૨૪

એડ્રિયાનોપલમાં બહાઉલ્લાહ સામેના મીર્ઝા યાહયાના ખુલ્લા બળવાએ દેશનિકાલ પામેલા શ્રધ્ધાળુઓના નાના સમૂહમાં ભારે ખળભળાટ મચાવી દીધો, જેમાંથી ઘણાખરાએ તો હજી બહાઉલ્લાહનું સ્થાન સમજવાની શરૂઆત જ કરી હતી. ઈરાન અને તુર્કીસ્તાનની સરકારનું જેને પીઠબળ હતું એવા ધર્મના વિરાધીઓને નવા જન્મેલા પ્રભુધર્મ પર પ્રહાર કરવાની તેમને તેનાથી જોઈતી તક મળી ગઈ. અચાનક એક સવારે બહાઉલ્લાહના ઘરને લશ્કરી જવાનો ઘેરી વળ્યા અને દરેકને તુરંત ત્યાંથી નીકળી જવા માટે તૈયાર થવાનો આદેશ આપવામાં આવ્યો. ઘડી ભરતો કોઈને ખબર ન પડી કે હવે તેમનું ભાવિ શું હશે. મોટા ભાગનાને તેમના પ્રિયતમના વિયોગની બીક હતી, કારણકે એવી અફવા હતી કે બહાઉલ્લાહ અને તેમના પરિવારને કોઈ એક જગ્યાએ દેશનિકાલ કરવામાં આવશે અને બાકીનાને વિખેરાઈ જવાની ફરજ પડશે. છેવટે એવું સ્પષ્ટ થયું કે બહાઉલ્લાહને અક્કામાં દેશનિકાલ કરવામાં આવશે અને મીર્ઝા યાહયાને સાઈપ્રસના ટાપુ પર. મીર્ઝા યાહયાના બે અતિ દુષ્ટ સહાયકો સહિત ઘણાખરા, એટલે કે લગભગ સીતેર દેશનિકાલ થયેલાઓને અક્કામાં મોકલવામાં આવ્યા. બીજી બાજુ બહાઉલ્લાહના ચાર સાથીઓને મીર્ઝા યાહયાના જુથ સાથે સાઈપ્રસમાં દેશનિકાલ કરવામાં આવ્યા હતા.

બહાઉલ્લાહ અને તેમના પરિવારે ૧૨ ઓગષ્ટ ૧૮૬૮ ના રોજ એડ્રિયાનોપલ છોડયું અને ભુમિ તથા દરિયાની મુશ્કેલ મુસાફરી કરીને ૩૧ ઓગષ્ટે અક્કામાં આવી પહોચ્યાં. અક્કાના રહેવાસીઓ કેદીઓના આગમનથી ટેવાયેલા હતા, કારણકે તુર્કીઓ આ શહેરનો ઉપયોગ ગુનેગારો અને વિરોધીઓના દેશનિકાલ માટે કરતા. આ વખતે, તેમને કહેવામાં આવ્યું હતું કે નવા આવતા કેદીઓ રાજયના, પરમેશ્વરના અને ધર્મના દુશ્મનો હતા. સુલતાનો હુકમ હતો કે તેમને કડક કેદમાં રાખવામાં આવે, તેમને વિશ્વાસ હતો કે અક્કાની સખત પરિસ્થિતિ અંતે તેમનો જડમૂળથી નાશ કરશે. સુલતાનના હુકમનું મસ્જીદમાં જાહેર વાંચન કરવામાં આવ્યું અને તે બધા સમજી ગયા હતા કે આ બધા ઈરાનીઓ કાયમી કેદી હતા અને તેમની સાથે કોઈપણ જાતનો સંબંધ રાખવાની મનાઈ હતી.

અક્કાના દરિયા કિનારે પહોચ્યાં પછી દેશનિકાલ પામેલા બધાને લશ્કરી છાવણીમાં લઈ જવામાં આવ્યા, જે તેમનું કેદખાનું હતું. પહેલી રાત્રે તેમને ખાવા-પીવાનું આપ્યું નહિ, ત્યારબાદ દરેકને દરરોજ

હલકી ગુણવત્તાની ત્રણ પાંઉ-રોટી આપવામાં આવતી. થોડા જ સમયમાં બે વ્યક્તિ સિવાય બધા માંદા પડી ગયા અને પછી તેમના પૈકી ત્રણ મૃત્યું પામ્યા. જરૂરી ખર્ચ આપ્યા વગર તેમની દફનક્રિયા કરવાની રક્ષકોએ પણ ના પાડી. બહાઉલ્લાહ દ્વારા પ્રાર્થના માટે ઉપયોગ કરવામાં આવતું એક આસન વેચી અને તેના પૈસા રક્ષકોને આપ્યા. પાછળથી ખબર પડી કે તેમણે કહ્યા મુજબ કર્યું ન હતું અને મૃતકને સ્નાન કરાવ્યા વગર, કફન ઓઢાડયા વગર તથા સંદુકમાં મુકયા વગર દફનાવી દીધા હતા. ખરેખર તો દફનક્રિયા માટે જેટલી રકમ જરૂરી હતી તેના કરતા તેમને બમણી રકમ આપવામાં આવી હતી.

કારાવાસની પરિસ્થિતિમાં ધીમે ધીમે સુધારો થયો હોવા છતા, શરૂઆતના વર્ષોનો સમય બહાઉલ્લાહ માટે કઠોર યાતનાઓનો સમય હતો. શિયાચાલમાં તેમણે જે કંઈ સહન કર્યું તે ધર્મની બહારના દુશ્મનોના લીધે હતું. એડ્રિયાનોપલનો ખળભળાટ આંતરિક ચરિત્રને લીધે હતો. જયારે અક્કાની શરૂઆતની કટોકટી ધર્મના આંતરીક અને બાહ્ય એમ બંને પ્રકારના દુશ્મનોના કારસ્તાનનું પરિણામ હતું. તેઓ સ્વયં નીચેના શબ્દોમાં આ સમયનો સંદર્ભ આપતાં કહે છે :

> **“તું સમજ કે આ જગ્યાએ આવ્યા પછી અમે તેની “પરમ મહાન કારાગૃહ”ના નામ માટે પસંદગી કરી. આમ તો પહેલા અન્ય ભૂમિ (તેહરાન)માં સાંકળો તથા બેડીઓમાં જકડયાયેલા હતા, છંતા અમે તેને આ નામથી ઓળખવાનો ઈનકાર કરી દીધો. કહો : હે સમજદારી ધરાવતા લોકો, તેના પર વિચાર કરો.”**[૪૭]

કોઈએ બહાઉલ્લાહ અને તેના કુટુંબીજનો મળવું નહિ એવો સુલતાનનો હુકમ હોવા છતાં, ઈરાનના કેટલાક શ્રધ્ધાળુઓ લાંબી યાત્રા કરીને અને ઘણીવાર તો પગે ચાલીને કદાચ તેમને બહાઉલ્લાહ પાસે જવા દેવામાં આવશે એવી આશા સાથે અક્કામાં આવ્યા. આ સમર્પિત આત્માઓ અક્કા તો આવ્યા પણ બહાઉલ્લાહને મળી ન શકવાથી અંતે તેઓ તેમના કારાગૃહથી થોડે દૂર બારીના સળીયામાંથી પણ બહાઉલ્લાહના દર્શનની ઝાંખી થાય તો તેનાથી સંતોષ પામવા ઉભા રહેતા. તેમના આશીર્વાદિત હાથનો સંકેત માત્ર તેમની મહિનાઓની યાત્રાનું પૂરતું ઈનામ હતું, અને મોટા ભાગના, તેમને જે કૃપા પ્રાપ્ત થઈ તેનો આભાર માનીને, તેમના ઘર તરફ પાછા ફરતા.

આ સમયગાળા દરમિયાનની અતિ કરૂણ ઘટના બહાઉલ્લાહના પુત્ર મિર્ઝા મેંહદીનું અચાનક અવસાન હતું, જે પવિત્ર શાખા તરીકે ઓળખાય છે. એક સાંજે, તે સૈનિકગૃહની છત ઉપર હતા, જ્યાં તે પ્રાર્થના અને ધ્યાનમાં આમથી તેમ ટહેલતા હતા, ત્યારે તે અજવાશિયામાંથી નીચે જમીન પર લાકડાના ખોખા પર પડી ગયા. તેની પાસંળીઓ તૂટી ગઈ અને ડોકટરને બોલાવવામાં આવ્યા હોવા છતાં કંઈ કરી શકે તેમ ન હતું. બાવીસ કલાકમાં તેઓ મરણ પામ્યા. તેમના મૃત્યુ પહેલા બહાઉલ્લાહે પવિત્ર શાખાને પૂછયું કે તેમની અંતિમ ઈચ્છા શું હતી. તેમણે જવાબ આપ્યો : “હું ઈચ્છુ છું કે બહાના લોકો તમારૂં સાંનિધ્ય પ્રાપ્ત કરે.” “એમ જ થશે,” બહાઉલ્લાહે કહ્યું. “ઈશ્વર તારી ઈચ્છા પૂરી કરશે”[૪૮]

પરમ મહાન કારાગૃહમાં બહાઉલ્લાહની યાતનાઓ ખૂબ જ કઠીન હતી, એ યાદ રાખવું જોઈએ કે અક્કામાં તેમનો દેશનિકાલ ભૂતકાળમાં થયેલી આગાહીઓની પરિપૂર્ણતા હતી. તે અક્કા જ હતું કે જ્યાં સત્યનો સૂર્ય ચોવિસ વર્ષ સુધી સંપૂર્ણ તેજથી પ્રકાશિત થવાનો હતો. હાઈફા નજીક આવેલા કાર્મેલ પર્વતની મુલાકાત દરમિયાન બહાઉલ્લાહે અબ્દુલબહાને તે સ્થળ બતાવ્યું જ્યાં પછીથી બાબની સમાધિ બનાવવાની હતી. તેમની પોતાની સમાધિનું સ્થાન પણ અક્કાની બહાર, બહજીમાં નક્કી કરવામાં આવ્યું હતું, જે આ ધરતી પર સૌથી પવિત્ર સ્થાન, જેના તરફ આખા વિશ્વના અનુયાયીઓ તેમની દૈનિક પ્રાર્થનામાં મુખ ફેરવશે. વિશ્વ ન્યાય મંદિરના કાર્યાલયની પણ બાબની પવિત્ર સમાધિની નજીકમાં

સ્થાપના થવાની હતી. હાઈફા અને અક્કાના જોડિયા શહેરો બહાઈ ધર્મના આધ્યાત્મિક અને વહીવટીય વિશ્વ કેન્દ્ર બની રહેશે. એડ્રિયાનોપલમાં પસાર કરેલા પહેલા વર્ષ દરમિયાન પ્રગટીત એક પાતીમાં, બહાઉલ્લાહે આ શબ્દોમાં અક્કામાં તેમના દેશનિકાલનો સંકેત આપ્યો હતો :

> **"અમારા આગમન વખતે પ્રકાશની ધજાઓથી અમારૂ સ્વાગત કરવામાં આવ્યું, ત્યારે ચેતનાનો સાદ પોકારી ઉઠયો અને કહ્યું: 'ટૂંક સમયમાં જેઓ ધરતી પર નિવાસ કરે છે તેમને આ ધ્વજના છત્ર તળે આવરી લેવામાં આવશે."**[૪૯]

૧. એડ્રિયાનોપલમાં મીર્ઝા યાહયાએ સર્જેલી મુસીબતોનો ધર્મના બાહ્ય દુશ્મનોએ તેમના લાભ માટે કેવી રીતે ઉપયોગ કર્યો હતો ? ______________________________

______________________________

૨. બહાઉલ્લાહને તેના પછી કયા સ્થળે દેશનિકાલ કરવામાં આવ્યો ? ______________

૩. મીર્ઝા યાહયાને કયાં મોકલવામાં આવ્યા ? ______________________

૪. અક્કામાં બહાઉલ્લાહ સાથે કેટલા લોકો ગયા હતા ? ____________________

૫. બહાઉલ્લાહના કેટલાક અનુયાયીઓને મીર્ઝા યાહયા સાથે સાઈપ્રસ મોકલ્યા અને યાહયાના બે સહયોગીને અક્કા મોકલ્યા તેના કારણો વિશે તમે શું વિચારો છો ? ______________

______________________________

______________________________

૬. બહાઉલ્લાહ એડ્રિયાનોપલથી કઈ તારીખે રવાના થયા ? ____________________

૭. કઈ તારીખે તેઓ અક્કા પહોંચ્યા ? ______________________

૮. બહાઉલ્લાહ અને તેમના સાથીદારોના કારાવાસના સંદર્ભમાં સુલતાને કયા પ્રકારના હુકમો કર્યા હતા ?______________________________

______________________________

______________________________

૯. અક્કાના લોકોને આવા હુકમોની કેવી રીતે જાણ થઈ ? ____________________

______________________________

૧૦. બહાઉલાહ અને તેમના સાથીદારો અક્કા આવ્યા ત્યારે તેમને કયાં લઈ જવામાં આવ્યા હતા ?

______________________________

૧૧. કારાવાસના શરૂઆતના દિવસોની તેમની પરિસ્થિતિનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો :

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૧૨. અક્કાને બહાઉલ્લાહે કયા નામની ઉપાધિ આપી ? ____________________

૧૩. અક્કામાં શરૂઆતના વર્ષોમાં કઈ અતિ કરૂણ ઘટના બની ? ____________________
________________________________________

૧૪. કઈ પરિસ્થિતિમાં શરૂઆતના યાત્રાળુઓ અક્કામાં આવતા હતા ? ____________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૧૫. પવિત્ર શાખાના મૃત્યુની પરિસ્થિતિનું તમારા પોતાના શબ્દોમાં વર્ણન કરો.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૧૬. બહાઉલ્લાહ અક્કા અને તેની આસપાસના વિસ્તારમાં કેટલા વર્ષ રહ્યા ? ____________

૧૭. હાઈફામાં કાર્મેલ પર્વતની મુલાકાત દરમિયાન બહાઉલ્લાહે અબ્દુલબહાને શું બતાવ્યું હતું ? ________________________________________

૧૮. આ ધરતી પરનું સૌથી પવિત્ર સ્થાન શું છે અને તે કયાં આવેલું છે ? ____________________
________________________________________

૧૯. વિશ્વ ન્યાય મંદિરનું કાર્યાલય કયાં છે ?______________________________

______________________________________________________________

૨૦. બહાઈ ધર્મનું આધ્યાત્મિક અને વહિવટીય વિશ્વ કેન્દ્ર કયાં છે ? ____________

______________________________________________________________

૨૧.શું તમે જાણો છો કે યાત્રાળુઓ હાઈફા અને અક્કાની મુલાકાતે જાય છે ત્યારે તેઓ શું કરે છે ? તમારા સમુદાયમાંથી કોઈ મિત્ર પવિત્ર ભૂમિની યાત્રાએ ગયા હોય તો તમે તેને તેના વિશે પૂછી શકો છો.

## વિભાગ ૨૫

અક્કામાં બહાઉલ્લાહે તેમની સાર્વત્રિક ઘોષણા ચાલુ રાખી. તેમણે અક્કા અને એડ્રિયાનોપલથી વિશ્વના રાજાઓ અને શાસકોને સંબોધિત લખાણોના કેટલાક ફકરા અહિં આપેલા છે :

ફ્રાન્સના સમ્રાટ નેપોલીયન ત્રીજાને :

**"હે પરિસના સમ્રાટ, પાદરીને કહો કે હવેથી ઘંટ નહિ વગાડે. એક સત્ય, ઈશ્વરના સોગંધ! પરમ મહાન નામના રૂપમાં પરમ શક્તિશાળી ઘંટ પ્રગટ થઇ ગયો છે..."**[૫૦]

રશિયાના સમ્રાટ, નિકોલેવિચ અલેકઝાંડર બીજાને :

**"આ સર્વ-બાધ્યકારી પ્રભુધર્મના નામે તું મનુષ્ય વચ્ચે ઉભો થા અને પછી, રાષ્ટ્રોને સર્વોત્કૃષ્ટ અને સર્વમહાન ઈશ્વર તરફ આવવા માટે આહ્વાન કર"**[૫૧]

ઈંગ્લેન્ડની મહારાણી વિકટોરીયાને :

**"તારી ઈચ્છાઓને બાજુએ મુક, અને પછી તારૂ હૃદય તારા સ્વામી પરમેશ્વર તરફ કેન્દ્રિત કર, જે યુગોના પ્રાચિનત્તમ છે. ઈશ્વરને ખાતર અમે તારા નામનો ઉલ્લેખ કરીએ છીએ, અને ઈચ્છીએ છીએ કે ઈશ્વના સ્મરણથી તારા નામની સ્તુતિ ગવાય, તે ધરતી અને સ્વર્ગના સર્જનહાર છે."**[૫૨]

જર્મનીના રાજા વિલીયમ ૧ ને :

**"ધ્યાન રાખ કે ઘમંડ દિવ્ય પ્રગટીકરણના દિવા-સ્ત્રોતને ઓળખવાથી તને દૂર નહિ રાખે, દુન્યવી ઈચ્છાઓ, એક પડદાની જેમ, જે ધરતીની ઉપર અને નીચે છે તેના સિંહાસનના સ્વામીથી તને દૂર નહિ રાખે."**[૫૩]

ઓસ્ટ્રીયાના શહેનશાહ ફ્રાંસીસ જોસેફને :

**"તારી આંખો ખોલ કે જેથી તું આ અદ્ભૂત દ્રશ્ય જોઈ શકે અને જેને તમે દિવસના સમયમાં અને રાત્રીની ઋતુમાં આહ્વાન કરો છો તેને ઓળખી શકો, તે પ્રકાશ ઉપર દ્દષ્ટિ કેન્દ્રિત કરી શકો જે આ તેજસ્વી ક્ષિતિજ પરથી ચમકે છે."**[૫૪]

તુર્કી સામ્રાજ્યના સુલતાન અબ્દુલ અઝીઝને :

**"ઈશ્વરના ડરને બાજુ પર નહિ રાખો, અને તેમાના બનો જેઓ પ્રમાણિકતાથી વર્તે છે. એવા અધિકારીઓ સાથે તું એકત્રિત થા જેમની પાસેથી તું આસ્થા અને ન્યાયની ખુશ્બુ મેળવી શકે, અને તેમની સાથે તું મસલત કર અને એવું પસંદ કર જે તારી નજરમાં સૌથી ઉત્તમ હોય, અને તેમના પૈકી બન જે ઉદારતાથી વર્તે છે." ૫૫**

ઈરાનના નાસિરૂદ્દિન શાહને :

**"અમે પ્રાર્થના કરીએ છીએ કે -ઈશ્વરનો જય હો- ઈશ્વરની કૃપા દ્વારા તે આ કારાગૃહના લોકોની ગરદાનને સાંકળો અને બેડીઓથી મુક્ત કરે, અને નિષ્ઠાવાન ચહેરા સાથે તેમને તેમના મુખ તેના તરફ વાળવા દે જે સર્વશક્તિમાન અને કૃપાળુ છે. જે કોઈ તેને પોકારે છે તેનો ઉત્તર આપવા માટે તેઓ તૈયાર જ છે, અને જેઓ તેની સાથે વાર્તાલાપ કરે છે તે તેમની નજીક છે. ૫૬**

અમેરિકાના શાસકો અને પ્રજાસત્તાક રાજયના પ્રમુખોને :

**"ન્યાયના હાથે તૂટેલા લોકોને તમે એકત્રિત કરો અને આદેશકર્તા, સર્વ-બુધ્ધિમાન એવા તારા સ્વામીના આદેશોની છડી દ્વારા અત્યાચારીઓને કચડી નાખો."૫૭**

પોપ પાયશ ૯ ને :

**"જે શબ્દને ઈશ્વરના પુત્રએ ગૃપ્ત રાખ્યા હતા તેને પ્રગટ કરવામાં આવ્યા છે. આજના સમયમાં માનવ-મંદિરના રૂપમાં તેને મોકલવામાં આવ્યા છે. ધન્ય છે તે સ્વામી જે પિતા છે ! ખરેખર, તે તેની પરમ મહાન પ્રભુસત્તા સાથે આવ્યા છે."૫૮**

ખ્રિસ્તી દેવળના સમગ્ર પાદરી સમાજને :

**"હે પાદરીઓના સમુહો, તમારી જાતને દેવળો અને મઠોના એકાંતમાં ન રાખો. મારી અનુમતિથી આગળ આવો, અને તમારી જાતને તેમાં વ્યસ્ત રાખો જે તમારા અને અન્ય લોકોના આત્મા માટે લાભદાયી બને."૫૯**

## વિભાગ ૨૬

પવિત્રત્તમ શાખાના અચાનક મૃત્યુના ચાર મહીના પછી, બહાઉલ્લાહ અને તેમના સાથીઓને લશ્કરી છાવણીમાં સૈન્યની કેટલીક ટુકડીઓ માટે જગ્યા કરવાની હોવાથી, ત્યાંથી સ્થળાંતર કરવામાં આવ્યું. બહાઉલ્લાહ અને તેમના કુટુંબીજનોને થોડા સમયગાળા માટે કેટલાક મકાનોમાં રાખવામાં આવ્યા અને અંતે તેમને એક મકાનમાં લઈ જવામાં આવ્યા જે આજે અબુદનું ઘર તરીકે ઓળખાય છે. તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા હતા અને તેઓ એવા લોકો વચ્ચે હતા જેઓ સુલતાનના હુકમોથી પ્રભાવિત હતા અને તેમની સાથે દુશ્મનાવટ ભર્યું તથા વિરોધી વર્તન રાખતા હતા.

આમ છતાં, સમયની સાથે અક્કાના લોકોને ઈરાનમાંથી દેશનિકાલ થયેલા આ નાના જૂથની નિર્દોષપણાની જાણ થવા લાગી અને તેમના કારાવાસની પરિસ્થિતિ થોડી શરળ થતી ગઈ. મોટા ભાગના આ ફેરફારો અબ્દુલબહાના કારણે થયા કારણ કે તેઓ શહરના નિવાસીઓ સાથે નજીકથી સંર્પકમાં હતા

અને તેઓ બહાઈઓનો સાચો આશય તથા તેમના પિતાના ઉપદેશોની સાચી ચેતનાનું પ્રદર્શન કરવા સમર્થ રહ્યા હતા. અંતે બહાઉલ્લાહ અક્કા શહેર છોડી અને નજીકના સ્થળોની મુલાકાત લઈ શકતા હતા. એટલો લાંબો સમય નિર્જન શહેરની દિવાલો વચ્ચે બંધ રહ્યા પછી, હવે બહાઉલ્લાહ તેમનો સમય શહેરની આજુબાજુ પ્રકૃતિનું સૌદર્ય અને લીલોતરી જે તેમને ખૂબ પ્રિય હતી તેનો આનંદ માણી શકતા હતા.

બહાઉલ્લાહે તેમના જીવનના અંતિમ વર્ષો અક્કાની બહાર બહજી નામના ભવનમાં પસાર કર્યા. તેઓ જ્યારે શહેરની દિવાલો વચ્ચે કેદ હતા ત્યારે બંધાયેલું આ મકાન તેના માલિકે શહેરમાં રોગચાળો ફાટી નીકળતા, તેને છોડી દીધુ હતું. અબ્દુલબહાએ તે મકાન તેમના વ્હાલા પિતા માટે પહેલાં ભાડેથી અને ત્યારબાદ હંમેશ માટે ખરીદી લીધું હતું.

હમણાં સુધી તો બહાઉલ્લાહ અને તેમના અનુયાયીઓ પ્રત્યેનું અક્કાના લોકોનું જ નહિ પરંતુ સીરિયા અને લેબનન જેવા પડોશી રાજયોના લોકોનું વર્તન પણ સાવ બદલાઈ ગયું હતું. સુલતાનનો હુકમ હજી અમલમાં હતો અને પહેલાં તેઓ સખત કારાવાસમાં હોવા છતાં વાસ્તવમાં તેમને એક રાજાની જેમ આદર અને સન્માન પ્રાપ્ત થયું હતું. એટલે સુધી કે રાજયના અમલદારો પણ તેમની પાસે સલાહ - સુચન માટે આવતા. આવી રીતે બહાઉલ્લાહના પ્રગટીકરણની શક્તિ માનવ હૃદયોનું પરિવર્તન કરે છે.

અક્કા અને બહજીમા રહ્યા તે વર્ષો દરમ્યાન બહાઉલ્લાહની કલમે માર્ગદર્શન પુરૂં પાડતાં અનેક ગ્રંથો પ્રગટ કર્યા જે માનવજાતને મહિમામય વિશ્વ સંસ્કૃતિની રચના કરવા સુવિધા પૂરી પાડશે. તેમની કલમ દ્વારા પ્રવાહિત કૃતિઓમાંથી સર્વાધિક શક્તિશાળી રચના છે, આ યુગનું પરમ પાવન પુસ્તક, કિતાબ-એ-અકદસ જે લગભગ ૧૮૭૩માં અબુદના ઘરમાં પ્રગટ થયું હતું. પવિત્ર ભૂમિમાં બહાઉલ્લાહના પવિત્ર લખાણોના સંદર્ભમાં શોઘી એફેન્દી કહે છે :

> **આ સમયગાળા દરમિયાનના બહાઉલ્લાહના લખાણો, જે વિશાળ ક્ષેત્રને આવરી લે છે તેનું સર્વેક્ષણ કરતાં તે ત્રણ અલગ વિભાગોમાં વિભાજિત થતા હોય એવું લાગે છે. પ્રથમ વિભાગમાં તે લખાણોનો સમાવેશ થાય છે, જે એડ્રિયાનોપલમાં તેમના જીવનધ્યેગ પર આધારિત હતા. બીજા વિભાગમાં તેમના યુગના કાયદા-કાનુનોનો સમાવેશ થાય છે, જેનો મોટો હિસ્સો તેમના પરમ પાવન પુસ્તક, કિતાબ-એ-અકદસમાં સામેલ છે. ત્રીજા વિભાગમાં તે પત્રો (પાતીઓ)નો સમાવેશ થાય છે, જે અમૂક અંશે આ યુગની મુળભુત માન્યતા અને સિધ્ધાંતો રજુ કરે છે અને પ્રતિપાદિત કરે છે.**[૬૦]

બહાઉલ્લાહના જીવનકાળ દરમિયાન તેમના ધર્મનો પાશ્ચાત્ય જગતમાં વધારે વિકાસની શરૂઆત થઈ ન હતી; અને તેના માટે અબ્દુલબહાના સમયગાળા સુધી રાહ જોવી પડી હતી. આમ છતાં, તેમના શિક્ષણોનો પશ્ચિમના દેશોમાં પરિચય થઈ ગયો હતો તથા કેટલાક લોકો જેઓ તેમના સંપર્કમાં આવ્યા હતા તેઓ અક્કાના કેદીથી પરિચિત હતા અને તેમના પર તેની નોંધપાત્ર અસર પડી હતી. ઈ.સ. ૧૮૯૦ની વસંતઋતુ દરમિયાન, એટલે કે બહાઉલ્લાહના જીવનના અંતિમ સમયમાં કેમ્બ્રિજ, ઈંગ્લેન્ડના સુપ્રસિધ્ધ વિદ્વાન એડવર્ડ ગ્રાનવીલ બ્રાઉન તેમની મુલાકાતે આવ્યા. નીચેના ફકરાઓ તેમની ઐતિહાસિક મુલાકાતની નોંધમાંથી છે :

> "...જ્યારે હું મારા બુટ ઉતારતો હતો ત્યારે મને ત્યાંથી લઈ જવા વાળા થોડો સમય ઉભા રહ્યા. પછી તરત જ તેમણે પડદો હટાવ્યો અને વિદાય લીધી. હું દાખલ થયો, પડદો સરખો કર્યો અને મે મારી જાતને એક વિશાળ ખંડમાં નિહાળ્યો જેની એક બાજુએ દિવાલ સાથે જમીનથી થોડે ઉપર

દિવાન પડયો હતો. અને દરવાજાની સામે બે-ત્રણ ખુરશીઓ રાખવામાં આવી હતી. આમ તો મને સહેજ શંકા હતી કે હુ કયાં જઈ રહ્યો હતો અને કોને મળવાનો હતો (મને કોઈ ખાસ માહિતી આપવામાં આવી ન હતી), એક-બે ક્ષણ પછી આશ્ચર્ય અને પ્રભાવની સ્ફુરણા સાથે હું નિશ્ચિતપણે સભાન થયો કે રૂમ બિલકુલ ખાલી ન હતો. ખૂણામાં જ્યાં દિવાલને અડીને દિવાન રાખવામાં આવ્યો હતો, ત્યાં માથા ઉપર ફકીરો પહેરે તેવી તાજ જેવી (અસાધારણ ઉંચાઈ અને બનાવટની) ટોપી જેની નીચે સફેદ પાઘડી જેવી નાની પટ્ટી હતી. ત્યાં આદરણીય આકૃતિ ધરાવતી વ્યક્તિ બેઠેલી હતી, જેનો ચહેરો મે જોયો તેને હું કદી ભૂલી શકતો નથી તેમજ તેનું વર્ણન પણ કરી શકતો નથી. તેમની વેધક આખો, દરેકના આત્માને વાંચી શકે તેવી હતી; શક્તિ અને સત્તા તેમના વિશાળ ભ્રમર પર બિરાજમાન હતી; જ્યારે તેમના કપાળ અને ચહેરા ઉપરની કરચલીઓ તેમની ઉંમર બતાવતી હતી; જ્યારે તેમના ઘેરા કાળા ચમકતા વાળ અને તેમની અનોખી ભવ્ય કમર સુધી પહોંચતી દાઠી તેમની ઉમર અંગેની અટકળ ખોટી ઠરાવતી હતી. હું કોની સમક્ષ ઉભો હતો તે કહેવાની જરૂર નથી કારણ કે, જે ઉપાસના કરવા જેવી અને પ્રેમ કરવા યોગ્ય હતી એવી વિભૂતિ સમક્ષ હું નમન કરી રહ્યો હતો કે જેના માટે રાજાઓને પણ ઈર્ષા થાય અને સમ્રાટો પણ વ્યર્થ નિસાસા નાંખે!

“ગૌરવશાળી અવાજે મને બેસવાનું કહ્યું અને પછી આગળ કહ્યું: **‘ઈશ્વરની સ્તુતિ હો કે તમે પ્રાપ્ત કર્યું છે!... તમે એક કેદી અને દેશનિકાલ થયેલાને મળવા આવ્યા છે... અમે દુનિયાનું ભલું તથા રાષ્ટ્રોની ખુશી સિવાય બીજુ કશુંજ ઈચ્છતા નથી, છતાં તેઓ અમને કલહ અને બળવો ફેલાવવાવાળા સમજે છે જેઓ ગુલામી અને દેશનિકાલને યોગ્ય છે... સમસ્ત રાષ્ટ્રોની આસ્થા એક બને અને બધા લોકો એકબીજાને ભાઈ સમજે; જેથી માનવ આત્માઓ વચ્ચેના સ્નેહ અને એકતાના બંધનો મજબૂત બને; ધાર્મિક તફાવતો દૂર થાય, અને જાતિભેદ નાબૂદ થાય તેમાં શેનું નુકશાન છે? ... આવુ જ થશે; આ નિરર્થક ઝઘડા, આ વિનાશકારી યુધ્ધો સમાપ્ત થઈ જશે, અને “પરમ મહાન શાંતિ” આવશે... શું યુરોપમાં તમને તેની જરૂર નથી? શું આ તે નથી જેની આગાહી ઈસુખ્રિસ્તે કરી હતી? છતાં, આપણે જોઈએ છીએ કે તમારા રાજાઓ અને શાસકો જે માનવજાતની સુખ-સગવડોમાં વધારો કરે છે તેની પાછળ નહિ પરંતુ માનવજાતના વિનાશના સાધનો પાછળ તેમના ખજાનાઓનો છૂટથી ઉપયોગ કરે છે... આ ઝઘડાઓ અને આ રક્તપાત અને કુસંપ દૂર થાય અને બધા માનવીઓ એક જ રાષ્ટ્રના અને એક જ કુટુંબના બની રહે... માનવીને તેમાં ગર્વ નહિ કરવા દો કે તે તેના દેશને ચાહે છે, પરંતુ તેમાં ગર્વ કરવા દો કે તે માનવજાતને ચાહે છે...”**[૬૧]

૧. કયા સંજોગોમાં બહાઉલ્લાહ અને તેમના સાથીઓનું લશ્કરી છાવણીમાંથી સ્થળાંતર કરવામાં આવ્યું હતું? ______

૨. બહાઉલ્લાહ અને તેમના કુટુંબીજનોને અંતે અક્કામાં જે ઘરમાં રાખવામાં આવ્યા હતા તે ઘરનું નામ શું છે? ______

૩. અક્કામાં તેમના જીવનની પરિસ્થિતિઓમાં કેવી રીતે બદલાવ થયો? ______

______

૪. કયા કારણથી તેમાં બદલાવ થયો ? ____________________

____________________

____________________

૫. બહાઉલ્લાહે જ્યાં તેમના જીવનના અંતિમ વર્ષો વિતાવ્યા તે ભવનનું નામ શું છે ?

____________________

૬. કયા સંજોગોમાં અબ્દુલબહાએ બહજીનું ભવન મેળવ્યું હતું ? ____________________

____________________

૭. બહાઉલ્લાહે અક્કાના વર્ષો દરમિયાન કયુ સૌથી મહત્વનું પુસ્તક પ્રગટ કર્યું હતું ? ________

____________________

૮. તે કયાં અને કયારે પ્રગટ થયું ? ____________________

____________________

૯. શોધી અફેન્દીના મત મુજબ, આ સમય દરમિયાનના બહાઉલ્લાહના લખાણોને કયાં ત્રણ વિભાગોમાં વિભાજિત કરી શકાય છે ?

અ. ____________________

____________________

____________________

બ. ____________________

____________________

____________________

ક. ____________________

____________________

____________________

૧૦. બહાઉલ્લાાહના ધર્મયુગના કેટલાક કાયદાઓ કયા છે ?

____________________

____________________

____________________

____________________

____________________

____________________

૧૧.તેમના ધર્મયુગની કેટલીક માન્યતાઓ અને સિધ્ધાંતો કયા છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૧૨.એડવર્ડ ગ્રેનવીલ બ્રાઉન કોણ હતા ? ________________________

________________________________________

૧૩. એડવર્ડ ગ્રેનવીલ બ્રાઉન જયારે બહાઉલ્લાહની હાજરીમાં તેમને નમન કરે છે ત્યારે તેને જે અનુભવ થાય છે તેનું વર્ણન કરવા માટે તેઓ કયા શબ્દોનો ઉપયોગ કરે છે ?________

________________________________________

________________________________________

૧૪. એડવર્ડ ગ્રેનવીલ બ્રાઉન દ્વારા નોંધવામાં આવેલા શબ્દો મુજબ :

- બહાઉલ્લાહ તેમની ઈચ્છા વિશે શું કહે છે ? ________________________

- તેમના કહેવા મુજબ બધા રાષ્ટ્રોએ શું કરવું જોઈએ ? ____________________

________________________________________

- શાને મજબૂત થતું જોવાની તેમની ઈચ્છા છે ? ________________________

________________________________________

- તેમના કહેવા મુજબ શું દૂર થઈ જશે ? ________________________

________________________________________

- તેઓ શું નાબૂદ કરવા આહ્વાન કરે છે ? ________________________

________________________________________

- તેઓ શું સમાપ્ત થવાની આગાહી કરે છે ? ________________________

________________________________________

- બહાઉલ્લાહના કહેવા મુજબ આપણે શેમાં ગર્વ કરવો જોઈએ ? ________________

________________________________________

## વિભાગ ૨૭

કિતાબ-એ-અકદસ મોટો ગ્રંથ નથી; તેમા માત્ર ૧૯૦ ફકરા છે. તેમ છતાં તેમાં ભાવિ વિશ્વ સંસ્કૃતિના આધારભૂત કાયદાઓ અને આદેશો સામેલ છે. શોઘી એફેન્દીએ તેનો બહાઉલ્લાહના યુગના માતૃગ્રંથ તથા નવી વિશ્વ વ્યવસ્થાના મૂળભૂત બંધારણ તરીકે ઉલ્લેખ કર્યો છે. જેમ તમે તમારા વિચારો અને કાર્યોને ઈશ્વરના આદેશને અનુરૂપ ઢાળવાનો પ્રયત્નો કરશો, તેમ તમે તમારા જીવન દરમિયાન કિતાબ-એ-અકદસમાંથી ફકરાઓનું વારંવાર અધ્યયન કરતા રહેશો. હમણાં તમને સૂચન કરવામાં આવે છે કે તમે તેના શરૂઆતના પાંચ ફકરા મોઢે કરવાનો ઉત્તમ પ્રયત્ન કરો.


> **“ઈશ્વર દ્વારા તેમના સવકો માટે નિર્ધારિત સર્વપ્રથમ કર્તવ્ય આ છે કે તેઓ તેને ઓળખે જે તેના પ્રગટીકરણનો અરૂણોદય અને તેના નિયમોનો સ્ત્રોત છે, જે તેના ધર્મનું સામ્રાજ્ય અને આ સર્જનની દુનિયા, બન્નેમાં ઈશ્વરની સત્તાનો પ્રતિનિધિ છે. જે કોઈએ આ કર્તવ્યનું પાલન કરી લીધું છે તેણે બધુ શુભ પ્રાપ્ત કરી લીધું છે અને જે આ કર્તવ્યથી વંચિત છે તે માર્ગ ભટકી ગયો છે, પછી ભલે તે દરેક સદ્‌કાર્યનો પ્રણેતા જ કેમ ના હોય. જે કોઈએ આ મહાન સ્થાન, આ સર્વોચ્ચ ગરીમાનું શિખર હાંસલ કરી લીધુ છે, તે દરેકનું કર્તવ્ય છે કે તેઓ તેના દરેક આદેશનું પાલન કરે જે વિશ્વની અભિલાષા છે. આ દ્વિકર્તવ્ય અવિભાજય છે, એક વિના બીજુ સ્વીકાર્ય નથી. તેણે એવોજ આદેશ આપ્યો છે જે દિવ્ય પ્રેરણાનો સ્ત્રોત છે.**
>
> **“જેમને ઈશ્વરે અંત:દૃષ્ટિ પ્રદાન કરી છે તેઓ તરત સમજી લેશે કે ઈશ્વર દ્વારા આપેલા વિધાનો વિશ્વની સુવ્યવસ્થા અને તેના લોકોની સુરક્ષા માટે સર્વોચ્ચ માધ્યમોની રચના કરે છે. જે કોઈ તેનાથી વિમુખ થાય છે તેની અધમ અને મુર્ખાઓમાં ગણના થાય છે. અમે, સત્યત: તમને આદેશ આપ્યો છે કે તમે તમારી દુષ્ટ લાલસા અને ભ્રષ્ટ ઈચ્છાના પ્રલોભનનો ઈન્કાર કરો અને એવી મર્યાદાનું ઉલ્લંઘન ના કરો જે પરમ મહાનની કલમે નિર્ધારિત કરી છે, કારણકે તે સમસ્ત સર્જિત વસ્તુઓનો પ્રાણવાયુ છે. સર્વદયાળુની શીતળ હવાની લહેરોના શ્વાસથી દિવ્ય ડહાપણ અને દિવ્ય વાણીના સાગરોમાં ભરતી આવી છે. તમારા હિસ્સાનું પાન કરવા માટે શીઘ્રતા કરો, હે સમજદાર લોકો! તેઓ જેમણે તેના આદેશોનું ઉલ્લંઘન કરીને ઈશ્વરની સંવિદાનો ભંગ કર્યો છે અને તેનાથી વિમુખ થઈ ગયા છે, તેમણે સર્વસંપન્ન, પરમોચ્ચ ઈશ્વરની નજરમાં ગંભીર ભૂલ કરી છે.**
>
> **“હે દુનિયાના લોકો! નિશ્ચિતપણે જાણો કે મારા આદેશો મારા સેવકો વચ્ચે મારી સ્નેહિલ કલ્યાણ-ભાવનાના દિપકો છે અને મારા સર્જિત જીવો માટે મારી કરૂણાની કુંચી છે. આવી રીતે તેને તમારા સ્વામી, પ્રગટીકરણના પ્રભુની ઈચ્છાના સ્વર્ગમાંથી મોકલવામાં આવ્યું છે. જો કોઈ મનુષ્ય સર્વદયાળુ ઈશ્વરના મુખેથી નિકળેલા શબ્દોની મધૂરતાનો સ્વાદ ચાખી શકે તો, ભલે તે ધરતીના સમસ્ત ખજાનાનો માલિક હોય, તો પણ તે બધાનો પરિત્યાગ કરી દેશે, કે જેથી તે કદાચ ઈશ્વરની ઉદાર સંભાળ અને પ્રેમાળ-કરૂણાના દિવાસ્ત્રોત ઉપર ચમકતા તેના એકાદ આદેશની પણ સચ્ચાઈ પૂરવાર કરી શકે.**
>
> **“કહો: મારા વિધાનોમાંથી મારા પરિધાનની મધૂર સુરભી માણી શકાશે અને તેની સહાયતાથી વિજય ધ્વજ સર્વોચ્ચ શિખરે લહેરાવી શકાશે. મારી શક્તિશાળી મહિમાના સ્વર્ગમાંથી, મારી સત્તાની જીભે મારા સર્જનને આ શબ્દોમાં સંબોધન કર્યુ... “મારા સૌંદર્યના પ્રેમને ખાતર મારા**

**આદેશોનું પાલન કર." આનંદિત છે તે પ્રેમી જેણે આ શબ્દોમાંથી તેના પરમ-પ્રિયત્તમની દિવ્ય સુવાસ માણી છે, જે એવી કૃપાની સુંગંધથી લદાયેલી છે કે કોઈપણ જીભ તેનું વર્ણન કરી શકતી નથી. મારા જીવનની સોગંદ ! જેણે મારી ઉદાર કૃપાના હાથે ન્યાયની દિવ્ય મદિરાનું પાન કરી લીધું છે તે મારા આદેશોની પરિક્રમાં કરશે જે મારા સર્જનના દિવાસ્ત્રોત ઉપર ચમકે છે.**

**"એવું ન વિચારો કે અમે તમારી સમક્ષ માત્ર વિધાનોનો એક સંગ્રહ પ્રગટ કર્યો છે. નહિ, પરંતું અમે સામર્થ્ય અને શક્તિની આંગળીથી દિવ્ય મદિરાનું પાત્ર ખોલી દિધું છે. એનો સાક્ષી છે તે જેને પ્રગટીકરણની કલમે પ્રગટ કર્યું છે. એના પર ચિંતન કરો, હે અંત:દૃષ્ટિવાળા માનવી!"[૬૨]**

## વિભાગ ૨૮

બહાઉલ્લાહનો ક્રમિક દેશનિકાલ, ભ્રષ્ટ ધાર્મિક અધિકારીઓની સાથે મળીને, બે તાનાશાહના આદેશ પર હાથ ધરવામાં આવ્યો હોવા છતાં, કહીકતમાં, તે સર્વશક્તિમાન ઈશ્વરના હાથે નિર્દેશિત હતો. ઈશ્વરી અવતાર એક જગ્યાએથી બીજી જગ્યાએ ગયા તેમ તેમ આધ્યાત્મિક શક્તિઓ પ્રગટ થતી ગઈ -અંતે તેઓ પવિત્રભૂમિમાં આવ્યા જ્યાં તેમના ધર્મનું આધ્યાત્મિક અને વહિવટીય કેન્દ્ર પ્રસ્થાપિત થવાનું હતું - આ સ્થળો અગણિત છે. નીચે એક નકશો આપ્યો છે જે તેમના દેશ નિકાલનો માર્ગ બતાવે છે, જેના વિશે તમે તમારા પુસ્તક ૨ ના અભ્યાસથી પરિચિત છો. આ એકમમાં તમે જે અંત:દૃષ્ટિ મેળવી છે તેના પ્રકાશમાં, સૌથી નોંધપાત્ર એવા દરેક સ્થળે જે ઘટના બની હતી તેના આધ્યાત્મિક મહત્વ પર ધ્યાન આપવા માટે થોડો સમય કાઢો. અને જેમ જેમ તમે તેમના જીવન સાથે સંકળાયેલી અસંખ્ય ઘટનાઓનું ચિંતન કરશો અને તેમની મહાનતા અને મહિમા, તેમની શક્તિ અને પ્રતાપની વધારે ઝલક મેળવતા જશો ત્યારે, તમે તેમના આ શબ્દો યાદ રાખો: "તે જે મનુષ્યની નજરથી સદાકાળ છુપાયેલા છે તેને તેના અવતાર સિવાય બીજી કોઈ રીતે જાણી શકાતું નથી, અને તેના અવતારો તેમના પોતાના વ્યક્તિત્વની સાબિતી સિવાય બીજી કોઈ રીતે તેના મિશનના કહીકતની વધારે મોટી સાબિતી આપી શકે નહિં."




## વિભાગ ૨૯

ઈશ્વરના અવતારો આપણી વચ્ચે હોય છે તે સમય દરમિયાન, તેની અસાધારણ શક્તિઓ વિશ્વમાં ચોમેર ફેલાય છે, જે બધી સર્જિત ચીજોની વાસ્તવિકતામાં ગહન ફેરફારોનું કારણ બને છે. આ કિર્તિમાન યુગમાં, લગભગ ચાળીસ વર્ષો સુધી બહાઉલ્લાહે માનવજાત માટે ઈશ્વરના શબ્દો પ્રગટ કર્યા, અસ્તિત્વ જગતને અસિમિત શક્તિઓ પ્રદાન કરી, તેનું અનાવરણ અકલ્પનીય સૌંદર્યવાન સંસ્કૃતિને જન્મ આપશે. આ ચાર દાયકાના એકધારા દિવ્ય પ્રગટીકરણનો ૨૯ મે ૧૮૯૨ ના રોજ અંત આવ્યો.

બહાઉલ્લાહે તેમના સ્વર્ગારોહણના નવ મસ પહેલાં, આ દુનિયામાંથી વિદાય લેવાની તેમની ઈચ્છા વ્યક્ત કરેલી. તે સમયથી જ, તેઓ જે કંઈ કહેતા તેના ભાવાર્થમાં પૃથ્વી ઉપર તેમના જીવનનો અંત નજીક આવી રહ્યો હતો તેવું વધુને વધુ સ્પષ્ટ થયું. ૮ મે ની રાત્રે તેમને થોડો તાવ આવ્યો. બીજે દિવસે તાવ વધ્યો પણ પછી તે ઉતરી ગયો હોય એવું લાગ્યું. તેમણે કેટલાક મિત્રો અને યાત્રાળુઓને તેમને મળવા આવવા દેવાનું ચાલુ જ રાખ્યું. પરંતું તેઓ એકદમ સારા ન હતા તે તરત જ દેખાઈ આવતું હતું. તેમના તાવે ઉથલો માર્યો, આ વખતે તેની તીવ્રતા પહેલાં કરતાં વધારે હતી અને ધીરે ધીરે તેમની પરિસ્થિતિ વણસી. ૨૯ મે ની પરોઢીએ તેમના જીવનના ૭૫ માં વર્ષે તેમના આત્માનું આ દુનિયામાંથી સ્વર્ગારોહણ થયું.

તેમના મૃત્યુના છ દિવસ પહેલાં, તેમણે બહજી ભવનમાં એકઠા થયેલા બધા શ્રધ્ધાળુઓને તેમની પાસે બોલાવ્યા, જે બહાઉલ્લાહની તેમની સાથેની છેલ્લી મુલાકાત હતી. તેઓ પથારીવશ સ્થિતિમાં તેમના એક દિકારાના ટેકાથી જરા ઉભા થયા અને તેમણે કહ્યું. ‘‘હું તમારા બધાથી ખૂબ ખુશ છું’’ તેમણે કહ્યું ‘‘તમે ઘણી સેવાઓ આપી છે અને તમે ખંતથી મહેનત કરી છે. તમે અહિં રોજ સવારે અને સાંજે આવ્યા

છો, ઈશ્વર તમારી સહાયતા કરે કે તમે એક થઈને રહો. મનુષ્યોના સ્વામીના ધર્મને ઉન્નત કરવામાં તે તમને સહાય કરે.''[૬૩] જેઓ તેમની આસપાસ ભેગા થયા હતા તેમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી.

તેમના અવસાનના સમાચાર સુલતાનને તાર દ્વારા તાત્કાલિક મોકલવામાં આવ્યો. તે સંદેશો આ શબ્દોથી શરૂ થયો, ''બહાનો સૂર્ય આથમી ગયો છે'' અને તેમના પવિત્ર અવશેષોને બહજી ભવન પાસે દફનાવવાની યોજના છે તેમ જણાવ્યું. ભવનની પશ્ચિમે આવેલો એક નાનો ખંડ તેના માટે પસંદ કરવામાં આવ્યો હતો, અને તેમના સ્વર્ગારોહણના દિવસે સૂર્યાસ્ત પછી, તેમના શરીરને ચિર નિદ્રાંમાં સુવડાવી દેવામાં આવ્યું. નબીલ તે દિવસોની વ્યથા આ શબ્દોમાં વર્ણવે છે: ''મારા મતે આ દુનિયામાં જે આધ્યાત્મિક ખળભળાટ સર્જાયો તેણે ઈશ્વરની બધી જ દુનિયાઓમાં હલચલ મચાવી દીધી... અમે જે સ્થિતિમાં હતા તે સ્થિતિનું વર્ણન કરવા આંતરિક અને બાહ્ય જીભ શક્તિહિન છે. આ પ્રવર્તમાન મુંઝવણ સાથે અક્કાના અસંખ્ય રહેવાસીઓ અને આજુબાજુના ગામડાઓના લોકો ભવનની આસપાસ ભીડ જમાવીને ઉભા હતા, તેઓ રડતા, માથુ કુટતા અને દુ:ખભરી ચીસો પાડતા.''[૬૪]

એક અઠવાડિયા સુધી શોકાતુર લોકોનો સતત પ્રવાહ આવતો રહ્યો, જેઓ બહાઉલ્લાહના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા આવતા. સમાજના દરેક વર્ગમાંથી અગ્રણી લોકો, મુસલમાન, ખ્રિસ્તી, યહુદીઓ, કવિઓ, ધર્મગુરૂઓ, અને સરકારી અમલદારો તેમના જવાથી પડેલી ખોટનું દુ:ખ વ્યક્ત કરવા સાથે જોડાયા, અને તેમના ગુણો અને મહાનતાના વખાણ કર્યા. કેટલાકે તો લેખિત શ્રધ્ધાંજલી પણ આપી. તેજ રીતે અબ્દુલબહા કે જે હવે બહાઉલ્લાહના ધર્મનું પ્રતિનિધિત્વ કરવાના હતા તેમના માટે સમગ્ર પ્રદેશના શહેરોમાંથી શુભકામનાઓ મળી. શોઘી એફેન્દીના શબ્દોમાં આ શોકની અભિવ્યક્તિઓ આ પ્રમાણે હતી, ''શોકમગ્ન અભિવ્યક્તિઓ તે સંવેદનાઓના સાગરની તુલનામાં ટીંપા જેવી હતી જે સત્યના સૂર્યના અસ્ત થવાના સમયે એવા અસંખ્ય લોકોના હૃદયોમાં પ્રવર્તતી હતી, જેમણે તેમના ધર્મનો સ્વીકાર કર્યો હતો અને તેમના નામનો ધ્વજ ઈરાન, ભારત, રસિયા, ઈરાક, તુર્કી, પેલેસ્ટાઈન, ઈજીપ્ત, સીરિયા જેવા દેશોમાં ફરકાવવાનો સંકલ્પ કર્યો હતો.

હવે, ઉપરોક્ત ફકરાઓ પર એક ક્ષણ માટે ચિંતન કર્યા પછી, તમારા જૂથના બીજા એક સભ્ય સાથે જોડી બનાવો અને તેમની સાથે વારાપ્રમાણે બહાઉલ્લાહના સ્વર્ગારોહણની વાર્તા રજુ કરો.

## વિભાગ ૩૦

બહાઉલ્લાહના સ્વર્ગારોહણ પછી અબ્દુલબહાએ એવા લખાણો પસંદ કરવા માટે નબીલની પસંદગી કરી જેનાથી મુલાકાતની પાતી તૈયાર થાય. આ પાતીનું પઠન બાબ અને બહાઉલ્લાહની સમાધિઓમાં કરવામાં આવે છે. તેમની સંવત્સરીની ઉજવણી વખતે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. બહાઉલ્લાહના સ્વર્ગારોહણની સંવત્સરીની ઉજવણી ૨૯ મે ના રોજ વહેલી સવારે કરવામાં આવે છે. જયારે તમે તમારા સમુદાયમાં આવા સમારંભોમાં ભાગ લેશો ત્યારે, જો તમે પહેલાંથી પરિચિત ન હોવ તો, આ અત્યંત સુંદર પાતીના શબ્દોથી સુપરિચિત થશો. તેથી, આ સુયોગ્ય હશે કે, જયારે આપણેં બહાઉલ્લાહના જીવનના ઈતિહાસનો અભ્યાસ પૂરો કરીએ છીએ ત્યારે, તમે આ પાતી વાંચો અને તેના પર ચિંતન કરો:

> **''જે પ્રસંસા તારા દિવ્ય આત્મામાંથી ઉદ્‌ભવી છે, અને કિર્તી જે તારા અતિ તેજસ્વી સૌદર્યમાંથી પ્રકાશી છે તે તને સમર્પિત હો. હે તું જે ભવ્યતાના અવતાર, અનંતતાના સમ્રાટ અને સ્વર્ગ અને પૃથ્વીમાં જે કંઈ છે તે બધાનો સ્વામી છે! હું સાક્ષી પુરૂ છું કે તારા દ્વારા જ ઈશ્વરની સર્વોપરિતા**

અને તેનું આધિપત્ય, ઈશ્વરની પ્રભુસત્તા અને તેની ભવ્યતા પ્રગટ થઈ છે અને અનંત વૈભવનું દિવા-નક્ષત્ર તારા અફર આદેશોના સ્વર્ગમાં તેજ ફેલાવે છે અને અદૃશ્ય સૌંદર્ય સૃષ્ટિના ક્ષિતિજેથી પ્રકાશે છે. હું ફરી શાક્ષી પુરૂં છું કે તારી કલમના આદેશ માત્ર, "તું થા" અને બધુ અસ્તિત્વમાં આવ્યું અને ઈશ્વરનું ગૂઢ રહસ્ય પ્રગટ થયું અને દરેક સર્જિત ચીજો અસ્તિત્વમાં આવી અને બધા પ્રગટીકરણો પૃથ્વી પર મોકલવામાં આવ્યા.

હું એ વાતનો પણ સાક્ષી છું કે તારા સૌંદર્ય દ્વારા જ આરાધનાના કેન્દ્રનું સૌંદર્ય ખુલ્લું થયું છે અને તારા ચહેરા દ્વારા જ અપેક્ષિત અવતારનો ચહેરો ચમકયો છે અને એક તારા શબ્દ દ્વારા જ સમગ્ર સર્જિત ચીજો વચ્ચે એ નિર્ણય કર્યો છે કે જે પણ તારા ભક્તો હશે તેઓ કિર્તીના શિખરે પહોંચશે અને જેઓ નાસ્તિક હશે તેઓ પતનની ખાડીમાં પડશે.

હું સાક્ષી પુરૂં છું કે જેણે તને ઓળખ્યો છે તેણે ઈશ્વરને ઓળખ્યો છે અને જેણે તારૂં સાંનિધ્ય પ્રાપ્ત કર્યું છે તેણે ઈશ્વરનું સાંનિધ્ય પ્રાપ્ત કર્યું છે. તેથી સૌભાગ્યપૂર્ણ છે તે જેણે તારામાં અને તારા ચિન્હોમાં વિશ્વાસ મુકયો છે અને તારી પ્રભુસત્તા સમક્ષ પોતાની જાતને વિનમ્ર બનાવી છે, અને તને મળવાથી સન્માનિત થયો છે, અને તારી ઈચ્છાની સુપ્રસન્નતા પ્રાપ્ત કરી છે અને તારી આજુબાજુ પરિક્રમા કરે છે અને તારા સિંહાસન સામે ઉભો છે. દુર્ભાગ્ય છે તેમનું જેમણે તારી મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે અને તારો અસ્વિકાર કર્યા છે, અને તારા ચિન્હોનો ઈન્કાર કર્યો છે અને તારી સર્વોપરીતા સામે પડકાર કર્યો છે અને તારી સામે ઉભા થાય છે, અને તારા મુખ સમક્ષ તેમનો અહંકાર વ્યક્ત કર્યો છે અને તારા પુરાવાઓ માટે દલીલ કરી છે, તારૂ શાસન તથા તારા સામ્રાજ્યથી નાસી છુટયા છે અને જેમની ગણતરી એવા નાસ્તિકોમાં થઈ છે, જેમના નામો તારા આદેશની આંગળીઓ દ્વારા તારી પવિત્ર પાતીઓમાં કોતરાયેલા છે.

"મારા પર વરસાવ, હે મારા ઈશ્વર  અને મારા પ્રિયત્તમ, તારી દયા અને પ્રેમાળ મમતાના હાથમાંથી તારા પવિત્ર શ્વાસની લહેર મારા પર વરસાવ, તેથી તે મને મારી જાત અને દુનિયાથી દૂર ખેંચી અને તારી સમીપતા અને સાંનિધ્યના દરબાર સુધી લઈ જાય. તને ગમે તે કરવા તું સમર્થ છે. ખરેખર તું બધાથી સર્વોપરી છે."

ઈશ્વરનું સ્મરણ તથા ઈશ્વરની કિર્તી અને તેની ભવ્યતા તારા ઉપર બિરાજમાન છે, હે તું જે તેનું સૌંદર્ય છે ! હું સાક્ષી પુરૂં છું કે દુનિયાની નજરે તારા જેવા મજલૂમને કદી જોયો નથી. તારી જીંદગીના બધા જ દિવસોમાં તું દુ:ખોના મહાસાગરમાં ડુબેલો રહ્યો છે. એક વખત તું સાંકળ અને બેડીથી જકડાયેલો હતો. તો બીજી વખતે તેન તારા દુશ્મનોની તલવારથી ધમકી આપી હતી, આવું બધુ હોવા છતાં તેં માનવીઓને પાલન કરવા માટે આદેશો આપ્યા જે સર્વક્ષ, સર્વપક્ષ દ્વારા તને મળ્યા હતા."

મારી ચેતના તે સહન કરેલા અન્યાય માટે બલીદાનને પાત્ર બને અને મારો આત્મા તેં જે દુ:ખ સહન કર્યું તે માટે સમર્પિત થાય. હું ઈશ્વરને આજીજી કરૂં છું, તારા અને તે બધાના નામ પર જેમના ચહેરા તારા મુખચંદ્રના પ્રકાશથી પ્રકાશિત થયા છે અને તેમણે તારા પ્રેમ ખાતર બધીજ આજ્ઞાઓનું પાલન કર્યું છે, કે તું તારા અને તારા સર્જન વચ્ચે પડદાને દૂર કરી દે અને મને આલોક અને પરલોકનું શુભ પ્રદાન કર. ખરેખર તું સર્વશક્તિમાન, અતિ ઉન્નત અને સર્વ-મહિમાવંત, સદા ક્ષમાવાન તથા સર્વદયામય છે.

**હે સ્વામી, મારા પરમેશ્વર, સદ્દતુલ-મુન્તહા અને તેના પર્ણો, અને તેની ડાળીઓ અને ઉપશાખાઓ, તેનું થડ અને તેના ફણગાઓ, જ્યાં સુધી તારા સર્વોચ્ચ નામો છે અને તારા પરમ પાવન ગુણો રહે ત્યાં સુધી તે ટકી રહે તેવા તું આશીર્વાદ આપ. તેથી તેને વિરોધીઓના તોફાનો અને અત્યાચારીઓના જુલમોથી તેનું રક્ષણ કર. ખરેખર, તું શક્તિશાળી અને અતિ સામર્થ્યવાન છે. હે ઈશ્વર, મારા સ્વામી તારા સેવકો અને તારી દાસીઓ જે તારા સુધી પહોંચી શક્યા છે તેમને પણ તું આશીર્વાદ આપ. ખરેખર તું પરમ કૃપાળુ છે જેની દયા અસિમ છે. તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. સદા-ક્ષમાશીલ, પરમ ઉદાર"**[૬૫]

## વિભાગ ૩૧


તમારા પોતાના અનુભવમાંથી, તમે જાણો છો કે હવે પછી આવનારા વર્ષોમાં બહાઉલ્લાહની જીવનગાથાનું વર્ણન કરવા તમને અસંખ્ય તકો મળશે. પુસ્તક ૨, જે તમને તેમના જીવનનો ટૂંકો પરંતુ વ્યાપક માહિતી પૂરી પાડે છે, તેનો અભ્યાસ પૂરો કર્યા પછી, મિત્રો અને પડોશીઓના ઘરની મુલાકાતોની શ્રેણી દરમિયાન તેમની સાથે ચર્ચા કરવાના દૃઢિકરણના વિષયો પૈકી એક વિષય તરીકે, તમે ઘણાં પ્રસંગોએ તેમની વાર્તાની આપ-લે કરી હશે. હમણાં તમે જે ઈતિહાસનો અભ્યાસ કર્યો છે તે પુસ્તક ૨ માં પ્રસ્તુત ઈતિહાસ કરતાં વધુ વિગતવાર છે, અને સંજોગો અનુમતિ આપે તે મુજબ, બહાઉલ્લાહના જીવનના સંદર્ભમાં તમે પ્રાપ્ત કરેલ નવીન જ્ઞાનનો તેમના વ્યક્તિત્વ વિશેની તમારી ચર્ચામાં ઉપયોગ કરવા સમર્થ બનશો. આમછતાં, આવી ઘટનાઓમાંથી તેમના પ્રગટીકરણનું સ્વરૂપ, તેમના મિશનનું ચરિત્ર, તેમના અવતરણ દ્વારા મુક્ત થયેલી શક્તિઓની તીવ્રતા અને માનવ ઈતિહાસમાં આ સમયગાળાના મહત્વ વિશે જે અંતઃદૃષ્ટિઓ તમે પ્રાપ્ત કરી છે તે સૌથી મહત્વપૂર્ણ છે. સંજોગો ગમે તે હોય -પછી તે પ્રભુધર્મ માટે કોઈ નવી વ્યક્તિ સાથેનો ટૂંકો વાર્તાલાપ હોય અથવા તમારા ગામ કે મહોલ્લામાં એક કુટુંબની મુલાકાત દરમિયાન કરવામાં આવેલી પ્રસ્તુતિ હોય- આ અંતઃદૃષ્ટિઓ છે જે, અંતિમ વિશ્લેષણમાં, તમે બહાઉલ્લાહના વ્યક્તિત્વ વિશે કેવી રીતે બોલો છો અને શ્રોતાને શું જણાવો છો તેના પર અસર કરશે. નિઃશક, એવો સમય આવશે જયારે સરળ પ્રસ્તુતિ આપવાની જરૂર પડશે, અને તેના સંદર્ભમાં નીચેના પૃષ્ઠો તમારી સહાયતા કરી શકે છે.

# બહાઉલ્લાહ

## ઈશ્વરની મહિમા




૧૨ નવેમ્બર ૧૮૧૭ ના રોજ ઈરાનના પાટનગર તહેરાનમાં બહાઉલ્લાહનો જન્મ થયો હતો, બાળપણથી જ તેમણે મહાનતાના ચિન્હો પ્રગટ કર્યા હતા. તેમણે ઘરે જ થોડુ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું, પરંતુ તેઓ કદી શાળામાં ગયા ન હતા, કારણ કે તેઓ ઈશ્વર દ્વારા જન્મજાત જ્ઞાનથી સંપન્ન હતા.



એક રાત્રે, તેમના પિતાને સપનું આવ્યું જેમાં તેમણેં બહાઉલ્લાહને એક સમુદ્રમાં તરતા જોયા. તેમના શરીરના તેજની રોશનીએ સમુદ્રને પ્રકાશિત કરી દીધો હતો. તેમના લાંબા કાળા વાળ બધી દિશાઓમાં પાણી ઉપર તરતા હતા, અને માછલીઓનું ઝુંડ તેનું અનુસરણ કરતી હતી, તેમાંથી દરેક માછલી એક એક વાળના છેડાને પકડીને તેનું અનુસરણ કરતી હતી. તેઓ મુક્તપણે અને કોઈ અવરોધ વિના તેઓ પાણી ઉપર તરતા રહ્યા. આ સ્વપ્ન મહાન ભવિષ્યનો એક સંકેત હતો જે બહાઉલ્લાહની રાહ જોઈ રહ્યું હતું.



પછીથી, જયારે તેઓ યુવાન હતા ત્યારે તેમની બાદશાહના દરબારમાં એક ઉચ્ચ પદવી માટે પસંદગી કરવામાં આવી, પરંતુ તેમણે તેનો અસ્વિકાર કર્યો. તેઓ પીડિતો, બીમાર અને ગરીબોની મદદ કરવા તથા ન્યાયના ધર્મની સ્થાપના માટે તેમનો સમય સમર્પિત કરવા ઈચ્છતા હતા.



જ્યારે તઓ ૨૭ વર્ષના હતા ત્યારે, જેઓ બધા યુગોના પ્રતિક્ષિત અવતારની આગમન માટે લોકોને તૈયાર કરી રહ્યા હતા તે ઈશ્વરના નવા અવતાર બાબ તરફથી બહાઉલ્લાહને પવિત્ર લખાણોનો એક લેખ મળ્યો, બહાઉલ્લાહે બાબના સંદેશનો સ્વીકાર કર્યો અને તેમના એક ઉત્સાહી સમર્થક બની ગયા.



બાબ દ્વારા ઘોષિત સત્યને સ્વીકારવા નહિ ઈચ્છતા અધિકારીઓએ બાબમાં વિશ્વાસ ધરાવનારાઓ પર જુલમ ગુજારવાનું શરૂ કર્યુ અને એવી રીતે બહાઉલ્લાહની યાતનાઓ શરૂ થઈ. ઈ.સ. ૧૮૫૨ માં તેમની ધરપકડ કરવામાં આવી અને સાંકળોથી બાંધીને તહેરાનના સૌથી ભયાનક કારાવાસમાં કૈદ કરી દેવામાં આવ્યા.



આ કારાવાસમાં ઈશ્વરે બહાઉલ્લાહ સમક્ષ પ્રગટ કર્યું કે તેઓ એવા પ્રતિક્ષિત અવતાર હતા જેની ભૂતકાળના બધા અવતારો દ્વારા ભવિષ્યવાણી  કરવામાં આવી હતી. આ કાળકોટડીમાંથી વિશ્વને પ્રકાશિત કરતા સત્યના સૂર્યનો ઉદય થયો, અને માનવ જીવનમાં એક નવા યુગને જન્મ આપ્યો.



ચાર મહિનાના કારાવાસ બાદ, સરકારે તેમની માતૃભૂમિમાંથી બહાઉલ્લાહનો દેશ નિકાલ કર્યો. શિયાળાની કડકડતી ઠંડીમાં બહાઉલ્લાહ અને તેમના કુટુંબીજનોએ તહેરાનથી બગદાદ સુધીની લાંબી મુસાફરી કરી.



બગદાદમાં, બહાઉલ્લાહના શાણપણની ખ્યાતિ બધી દિશાઓમાં ફેલાઈ ગઈ. દરેક પ્રકારના લોકોની ભીડ તેમની પાસેથી મદદ અને માર્ગદર્શન માટે તેમના ઘરે જમા થવા લાગી. સરકાર જે બહાઉલ્લાહના પ્રભાવથી ભયભીત થઈ ગઈ હતી, તેમણે બહાઉલ્લાહની માતૃભૂમિથી તેમને હજુ વધારે દૂર દેશનિકાલ કરવાનો નિર્ણય કર્યો.



# રિઝવાનનો બગીચો

## એપ્રિલ ૧૮૬૩

બગદાદ છોડતા પહેલાં, બહાઉલ્લાહે શહેરની બહાર આવેલા એક બગીચામાં બાર દિવસો વિતાવ્યા, જ્યાં મુલાકાતીઓનો પ્રવાહ તેમને વિદાય આપવા આવતો હતો. આ બગીચામાં, બહાઉલ્લાહે ઘોષણા કરી કે તેઓ આ યુગના ઈશ્વરના અવતાર હતા. આવનાર સદીઓ સુધી, એપ્રિલ મહિનામાં આ બાર દિવસના  સમયગાળાની રિઝવાનના તહેવાર તરીકે, બહાઉલ્લાહના જીવનધ્યેયની તેમની વિશ્વ વ્યાપી ઘોષણાની સંવત્સરી ઉજવણી કરવામાં આવે છે.



તુર્કી સામ્રાજયના
શુલતાન અબ્દુલ અઝીઝ



રશીયાના સમ્રાટ નિકોલેવિચ
અલેકઝાંડર બીજો



ઓસ્ટ્રીયાના શહેન્શાહ
ફાંસીસ જોસેફ



ફ્રાન્સના સમ્રાટ
નેપોલીય ત્રીજો




ઈરાનના નસીરૂદ્દિન



પોપ પિયુશ ૯




ઈંગલેન્ડની મહારાની
વિકટોરીયા



જર્મનીના રાજા
વિલીયમ-૧


બહાઉલ્લાહના દેશનિકાલનું આગળનું સ્થળ કોન્સ્ટેન્ટિનોપલ હતું અને તેના પછી એડ્રિયાનોપલ - બંને શહેરો આજે તુર્કીમાં છે. એડ્રિયાનોપલમાંથી બહાઉલ્લાહે એક કૈદી અને દેશનિકાલ પામેલા તરીકે દુનિયાના રાજાઓ તથા શાશકોને પત્રો મોકલ્યા અને આદેશ આપ્યો કે તેઓ ન્યાયનું પાલન કરે અને દુ :ખ અને યુધ્ધ સમાપ્ત કરવા માટે તેમની સત્તાનો ઉપયોગ કરે.



એડ્રિયાનોપલમાં, બહાઉલ્લાહની ખ્યાતિ તે વિસ્તારના નિવાસીઓમાં ફેલાવા લાગી અને સરકારે તેમને તેનાથી પણ દૂર આવેલી કારા-નગરી, અક્કામાં દેશનિકાલ કરવાનું નક્કી કર્યું, આ એવો કારાવાસ હતો જ્યાં તે વિસ્તારના ગંભીર ગુનેગારો તથા વિદ્રોહીઓને મોકલી દેવામાં આવતા હતા, જેમના વિશે કદી કોઈ સમાચાર નહિ મળે.



કારાવાસની પરિસ્થિતિઓ ખૂબ જ કઠીન હતી. બહાઉલ્લાહના કેટલાક અનુયાયીઓ ખૂબ જ દૂર દૂરથી યાત્રા કરીને અને અક્કામાં આવતા હતા પરંતુ તેમને બહાઉલ્લાહને મળવા દેવામાં આવતા ન હતા. તેઓ દૂરથી જેલની બારીમાંથી બહાઉલ્લાહના હાથ હલાવવાની એક ઝલક માત્ર જોઈ શકતા હતા.



ધીરે ધીરે, જેમ જેમ વધતી જતી સંખ્યામાં લોકો બહાઉલ્લાહની શક્તિ અને મહિમાને ઓળખવા લાગ્યા તેમ તેમ પરિસ્થિતિમઓમાં સુધારો થતો ગયો. તેમના જીવના અંતિમ વર્ષોમાં તેઓ શહેરના કોટ વિસ્તારની બહાર બહજી ભવનમાં રહ્યા. અક્કામાં બહાઉલ્લાહે પરમ પાવન પુસ્તક, કિતાબ-એ-અકદસ સહિત, માનવજાતના માર્ગદર્શન માટે અનેક ગ્રંથો પ્રગટ કર્યા.



મે ૧૮૯૨ માં બહાઉલ્લાહનો સ્વર્ગવાસ થયો. બહજીમાં સુંદર બગીચાઓની વચ્ચે આવેલું  તેમનું સમાધિ સ્થળ ધરતી પરનું સૌથી પવિત્ર સ્થળ છે. દર વર્ષે, આખી દુનિયામાંથી હજારો લોકો તેમનો આદરભાવ વ્યક્ત કરવા અને આ પ્રશાંત વાતાવરણમાં ચિંતન કરવા માટે, તેમના સમાધિ સ્થળના દર્શન કરવા જાય છે.

## સંદર્ભસૂચિ


૧. અબ્દુલબહા, પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસમાંથી
૨. બહાઉલ્લાહ, સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસ્ટ્સ, બહાઉલ્લાહની પાતીઓ
૩. બહાઉલ્લાહ, સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસ્ટ્સ, બહાઉલ્લાહની પાતીઓ
૪. શહિદોની ગાથામાંથી
૫. શહિદોની ગાથામાંથી
૬. બહાઉલ્લાહ, એપિસ્ટલ ટૂ ધસન ઓફ ધ વુલ્ફ
૭. અબ્દુલબહા, અબ્દુલબહા ઓન ડિવાઈન ફિલોસોફી
૮. શહિદોની ગાથામાંથી
૯. શહિદોની ગાથામાંથી
૧૦. શહિદોની ગાથામાંથી
૧૧.શહિદોની ગાથામાંથી
૧૨.શહિદોની ગાથામાંથી
૧૩. શહિદોની ગાથામાંથી
૧૪. શહિદોની ગાથામાંથી
૧૫. શહિદોની ગાથામાંથી
૧૬. બાબ, સિલેકસન્સ ઓફ ધ રાઈટિંગ્સ ઓફ ધ બાબ
૧૭. બાબ, સિલેકસન્સ ઓફ ધ રાઈટિંગ્સ ઓફ ધ બાબ
૧૮.બાબ, સિલેકસન્સ ઓફ ધ રાઈટિંગ્સ ઓફ ધ બાબ
૧૯. શહિદોની ગાથામાંથી
૨૦. બાબ, સિલેકસન્સ ઓફ ધ રાઈટિંગ્સ ઓફ ધ બાબ
૨૧.બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ
૨૨.અબ્દુલબહા, પ્રમોલગેશન ઓફ યુનિવર્સલ પીસમાંથી
૨૩. શહિદોની ગાથામાંથી
૨૪. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી પ્રગટીત પાતીઓમાંથી
૨૫. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ પછી પ્રગટીત પાતીઓમાંથી
૨૬. બહાઉલ્લાહ, એપિસ્ટલ ટૂ ધસન ઓફ ધ વુલ્ફ
૨૭. શહિદોની ગાથામાંથી
૨૮. બહાઉલ્લાહ, એપિસ્ટલ ટૂ ધસન ઓફ ધ વુલ્ફ
૨૯. બહાઉલ્લાહ, એપિસ્ટલ ટૂ ધસન ઓફ ધ વુલ્ફ
૩૦. બહાઉલ્લાહ, સમન્સ ઓફ ધ લોર્ડ ઓફ હોસ્ટ્સ, બહાઉલ્લાહની પાતીઓ
૩૧. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ
૩૨. શોઘી એફેન્દી તરફથી લેખિત તા. ૨૪ જુન ૧૯૩૬ ના એક પત્રમાંથી
૩૩. એચ. એમ. બલુયચી, બહાઉલ્લાહ : ધ કિંગ ઓફ ગ્લોરી
૩૪. બહાઉલ્લાહ, ગોડ પાસીસ બાય માં આપેલ સંદર્ભમાંથી
૩૫. બહાઉલ્લાહ, કિતાબ-એ-ઈકાનમાંથી
૩૬. બહાઉલ્લાહ, ગોડ પાસીસ બાય માં આપેલ સંદર્ભમાંથી
૩૭. નબીલ-એ-આઝમ, ગોડ પાસીસ બાય માં આપેલા સંદર્ભમાંથી
૩૮. બહાઉલ્લાહ, એપિસ્ટલ ટૂ ધસન ઓફ ધ વુલ્ફ

૩૯. બહાઉલ્લાહ, ગોડ પાસીસ બાય માં આપેલ સંદર્ભમાંથી
૪૦. બહાઉલ્લાહ, કિતાબ-એ-ઈકાનમાંથી
૪૧. બહાઉલ્લાહ, ગૂઢ વચનો
૪૨. બહાઉલ્લાહ, ગોડ પાસીસ બાય માં આપેલ સંદર્ભમાંથી
૪૩. બહાઉલ્લાહ, કિતાબ-એ-અકદસ માંથી
૪૪. નબીલ-એ-આઝમ, ગોડ પાસીસ બાય માં આપેલા સંદર્ભમાંથી
૪૫. બહાઉલ્લાહ, ગ્લીનિંગ્સ ફ્રોમ ધ રાઈટિંગ્સ ઓફ બહાઉલ્લાહ
૪૬. શોઘી એફેન્દી, ગોડ પાસીસ બાય
૪૭. બહાઉલ્લાહ, ગોડ પાસીસ બાય માં આપેલ સંદર્ભમાંથી
૪૮. એચ. એમ. બલુયચી, બહાઉલ્લાહ : ધ કિંગ ઓફ ગ્લોરી
૪૯. બહાઉલ્લાહ, ગોડ પાસીસ બાય માં આપેલ સંદર્ભમાંથી
૫૦. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૧. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૨. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૩. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૪. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૫. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૬. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૭. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૮. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૫૯. બહાઉલ્લાહ, પ્રોકલેમેસન ઓફ બહાઉલ્લાહ ટૂ ધ કિંગ્સ એન્ડ લીડર્સ ઓફ ધ વર્લ્ડ
૬૦. શોઘી એફેન્દી, ગોડ પાસીસ બાય
૬૧. એડવર્ડ ગ્રેનવીલ બ્રાઉન, એચ. એમ. બલુયચી દ્વારા લેખિત બહાઉલ્લાહ : ધ કિંગ ઓફ ગ્લોરી માંથી
૬૨. બહાઉલ્લાહ, બહાઈ પ્રાર્થનાઓમાંથી